# સૌરાષ્ટ્રની રસધાર

ભાગ
5



ઝવેરચંદ મેઘાણી

folkstories

**Saurastrani Rasdhār (Part-5)**
*tales of folklore of Saurastra* by Jhaverchand Meghāṇi
Ahmedabad : Gurjar Grantharatna Karyalaya
Ed. 5 : 1980, reprinted 2006

**: આવૃત્તિઓ :**

પહેલી 1927, બીજી 1933, ત્રીજી 1942, ચોથી 1944
સુવર્ણજયંતી (પાંચમી) આવૃત્તિ 1980
પુનર્મુદ્રણ : 1982, 1991, 1994, 2003, 2005, 2006

સ૧:૩૫૧.૨૩૧૯૬૩
મેઘાણી
૨૯૪૩૧૨

પાનાં : 12+224=236

નકલ : 1250

**કિંમત : રૂ. 85**

ISBN 81-89166-21-2

: પ્રકાશક :

અમરભાઈ ઠાકોરલાલ શાહ
**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ
અમદાવાદ-380 001

: કમ્પ્યૂટર અક્ષરાંકન :

અપૂર્વ આશર, ઇમેજ સિસ્ટમ્સ, અમદાવાદ-3980058
ફોન : 98252 55249

: મુદ્રક :

ભગવતી ઑફસેટ
સી/16, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004

## અર્પણ

સદા મૂંગા હેતથી ભરેલી

**મારી બહેન સમજુને**

# નિવેદન

[પહેલી આવૃત્તિ]

**આ** પાંચમા ભાગની તૈયારી અંગે વડિયા તાબાના વહીવટદાર અને મારા સ્નેહી શ્રી હાથીભાઈ વાંકનો, અકાળા ગામના ઠા. વાલજીભાઈનો, આસોદરના ગઢવી દાદાભાઈનો, ચારણ મિત્ર દુલા ભગતનો ને ભાઈ ધીરસિંહજી ગોહિલનો હું ઋણી છું.

'રસધાર'નો આ છેલ્લો જ ભાગ રજૂ થાય છે. સોરઠી જીવનના સંસ્કાર વિશે આંદોલન ઉત્પન્ન કરવાના પ્રયત્નોમાં પોતાનો બન્યો તેટલો ફાળો ઉમેરવાનો જે યશ પ્રજાએ 'રસધાર' ને આપેલ છે તે ગનીમત છે; એટલી બધી કમાઈની આશા નહોતી. ગુજરાતની ગુણબૂજકતાને વંદન કરું છું.

'રસધાર' બંધ થાય છે. છતાં સોરઠી જીવનનો સર્વદેશીય પરિચય આપવાના મારા કાર્યક્રમ પૈકી આટલા મનોરથ હજુ બાકી છેઃ સોરઠના બહારવટિયા, સંતો, શાયરો, સોરઠનું નર્મ-સાહિત્ય, ભજન-સાહિત્ય.

આ પૈકી કેટલીક સામગ્રી લગભગ તૈયાર છે અને એ જેમ બને તેમ સત્વરે પ્રગટ થશે.

જન્માષ્ટમીઃ 1983 [ઈ.સ. 1926] — ઝવેરચંદ મેઘાણી

[બીજી આવૃત્તિ]

સોરઠી સાહિત્યને અંગે બે મહત્ત્વનાં કાર્યો પણ કરવાનાં રહે છે; એક તો સુવાંગ સોરઠી કથાઓનો જ સિનેમાઃ ને બીજું, આ સાહિત્યને અંગ્રેજી ભાષામાં ઉતારવાનું સાહસઃ 'લાખો વણઝારો' કે "'રા' કવાટ" જેવી છૂટીછવાઈ કોઈ ફિલ્મો અત્યારે ઊતરી રહી છે. પરંતુ એ પ્રયાસ, એક જીવન-કાર્ય તરીકેના જોશથી, સતત, સુવ્યવસ્થિત, શુદ્ધ ઇતિહાસ

તેમજ શુદ્ધ સોરઠી સંસ્કાર પ્રતિની વફાદારી ધ્યાનમાં રાખીને થવાની જરૂર છે. પરંતુ આ વાતની શક્યતા વિચારવાનો અધિકાર મારો ન હોવાથી કેવળ અંગુલીનિર્દેશ જ કરું છું.

અંગ્રેજી અનુવાદોનું કાર્ય વધુ મહદ્ છતાં ઓછું કઠિન છે. યુરોપની અંદર લોકસાહિત્યની ખૂબીઓ પ્રીછવાની જે દૃષ્ટિ ખીલી નીકળી છે, તેની સન્મુખ અપણું આ સાહિત્ય મારી પેઠે આદર પામશે એ નક્કી છે. બંગાળી વગેરે અન્ય પ્રાંતોમાં આ પ્રયાસ યુનિવર્સિટી જેવી સંસ્થા તરફથી  થઈ રહ્યો છે.

આ જહેમત ઉઠાવવા માટે અસાધારણ શક્તિની નહિ. પણ ફક્ત અખંડિત પરિશ્રમની જ જરૂર છે. મારા મિત્ર-મંડળના મનોરથના ક્ષિતિજ ઉપર આ ઉમેદ થઈ રહ્યો છે. બીજા ભાઈઓ પણ ઇચ્છે તો મેદાન ઘણું વિશાલ છે. ભીડાભીડ થવાનો ભય નથી.

1933

[ત્રીજી આવૃત્તિ]

આ વાર્તાઓનું બન્યું તેટલું સંસ્કરણ કર્યું છે.

દુહાવાળી જે પાંચ-છ કથાઓ આમાં મૂકી છે, તેના જેવી અન્ય કથાઓનો સંગ્રહ 'સોરઠી ગીતકથાઓ' નામે પ્રસિદ્ધ છે. તેમાં એકંદરે આવા સાડા ચારસો દુહા છે.

'રસધાર'ના પાંચ ભાગોએ એક ચોક્કસ પ્રકારનું બળવાન સોરઠી સાહિત્ય સજીવન કરવાની જે પ્રતિષ્ઠા બાંધી છે તે આટલાં વર્ષે પણ અણઝંખવાયેલી રહી છે એ મારું સદ્ભાગ્ય છે.

રાણપુર: 26-3-'42 ઝ૦મે૦

[પાંચમી આવૃત્તિ]

આ કથાઓમાં આવતા દુહા-છંદોમાં કેટલીક ભૂલો અગાઉનાં મુદ્રણો વખતે શિથિલ પ્રૂફવાચનને કારણે ઉત્તરોત્તર દાખલ થઈ ગઈ હશે અને કેટલાક મૂળ પાઠો જ ક્ષતિવાળા હશે એ વાત તરફ ડિંગળી

સાહિત્યના અભ્યાસી શ્રી રતુભાઈ રોહડિયાએ અમારું ધ્યાન દોર્યું અને આવી ભૂલો તારવી આપી. આ પછી પહેલાથી છેલ્લા પાના સુધીના તમામ કાવ્યાંશોની શુદ્ધિ તપાસી લેવાનું અમે યોગ્ય ધાર્યું. શ્રી રતુભાઈ રોહડિયા ઉપરાંત શ્રી તખતદાન રોહડિયાએ સૂચવેલાં ક્ષતિઓ-પાઠાન્તરો શ્રી મકરન્દ દવેની વિવેકવંતી સરાણે ચડીને પાર ઊતર્યાં એ આ આવૃત્તિમાં સમાવી લીધાં છે. આ દરમિયાન કેટલીક શંકાઓ ઊભી થઈ એ અંગેની સ્પષ્ટતાઓ શ્રી બળદેવભાઈ નરેલાએ અને શ્રી જયમલ્લ પરમારે પૂરી પાડી છે. 'રસધાર'ના ત્રીજા ભાગને છેડે (અને ચોથા ભાગની ત્રીજી આવૃત્તિને અંતે) તળપદા સોરઠી શબ્દો અને રૂઢિપ્રયોગોના અર્થો આપ્યા છે. કથાઓમાં આવતા બીજા અનેક શબ્દો અને રૂઢિપ્રયોગોના અર્થો આટલા કાળાન્તરે ઉમેરવા જેવા લાગ્યા એ શ્રી ખોડીદાસ પરમારે તૈયાર કરી આપ્યા; એનો ઉપયોગ કરીને આ અર્થસારણી વિસ્તારી છે. આ ઉમેરણને પણ શ્રી મકરન્દ દવેની ચકાસણીનો લાભ મળ્યો છે. 'રસધાર'ની આ આવૃત્તિ હવે આમ વિશેષ પ્રમાણભૂત બને છે એમાં આ સહુ મિત્રો-સ્નેહીઓના ઝાઝા હાથ રળિયામણા નીવડ્યા છે. એમાં એમનો 'રસધાર' અને તેના લેખક પ્રત્યેનો ઊંચો પ્રેમાદર જોઈએ છીએ અને અમારો આભાર વ્યક્ત કરીએ છીએ.

28 ઑગસ્ટ 1980: 84મી મેઘાણી-જયન્તી *જયંત મેઘાણી*

'સોરઠી બોલીનો કોશ' અને 'કાઠી અને ચારણી બોલીની ખાસિયતો' એ બેઉ પરિશિષ્ટો 'સૌરાષ્ટ્રની રસધાર'ની અગાઉની આવૃત્તિઓમાં ત્રીજા ભાગમાં હતા. એ સામગ્રી હવે પાંચમા ભાગના અંતમાં મૂકી છે. પાંચેય ભાગની કથાઓની સંકલિત સૂચિ પણ હવે પાંચમા ભાગમાં ઉમેરી છે.

2003 *જયંત મેઘાણી*

# ભલેં ઊગ્યા ભાણ!

[સૂર્યસ્તવન]

નિત્ય પ્રભાતે નદીને તીરે ઊભા રહી, ઉગમણી દિશાએ ઉદય પામતા સૂર્યદેવનાં વારણાં લેતા લેતા, ભુજાઓ અને મસ્તક લડાવતા લડાવતા ચારણો એની કાલી મીઠી વાણીમાં નીચેના દુહાથી સૂર્યદેવને સંબોધે છે:

*ભલેં ઊગા ભાણ,*
*ભાણ તુંહારાં ભામણાં,*
*મરણ જીયણ લગ માણ,*
*રાખો કાશપરાઉત!*

હે ભાનુ! તમે ભલે ઊગ્યા. તમારાં વારણાં લઉં છું. હે બાપ! હે કશ્યપ મુનિના કુમાર! એટલી જ યાચના છે કે મૃત્યુ સુધી અમારાં માન-આબરૂનું જતન કરજો.

*કાશપ જેહડો ન કોય,*
*(જ`ને) દણીઅણ જેહડા દીકરા,*
*લખદળ ભાંગે લોય,*
*ઊગે ને અંજવાળા કરે.*

અહો! કશ્યપ મુનિ જેવો બીજો કયો ભાગ્યવંત કહેવાય! સૂર્ય સરખા તો જેને ઘેર દીકરા છે: અને કેવો એ દીકરો! પ્રભાતે લાખો અસુરોનાં સૈન્યને સંહારીને ઊગી અજવાળાં ફેલાવે છે.

*ઊગેવું અચૂક,*
*ઊગાનું આળસ નહીં,*
*ચળુ ન પડે ચૂક,*
*કમણે કાશપરાઉત!*

હે કશ્યપના કુમાર! તમારે કંઈ ઊગવામાં આળસ છે! આજ

કોટિ કોટિ વર્ષો વીત્યાં, પણ કદીયે તમારા ઉદય-કાળમાં એક ઘડીનીયે ચૂક નથી પડી. સદાયે અચૂક ક્ષણે ઊગતા આવ્યા છો.

*તેજ-પુંજર, તિમ્મર-ટળણ,*
*ભયા કાશપકુળ-ભાણ,*
*અમલાં વેળા આપને,*
*રંગ હો, સૂરજરાણ!*

કશ્યપકુળના હે ભાનુ! તેજના પુંજ! હે તિમિરના ટાળણહાર! હે રાજા! કસુંબાની અંજલિ લેવાને આ સમયે અમે આપને જ રંગ દઈએ છીએ. આપના નામનો ધન્યવાદ ગજાવી અમે અફીણ પીએ છીએ.

*સામસામા ભડ આફળે,*
*ભાંગે કેતારા ભમ્મ,*
*તણ વેળા કાશપ તણા*
*(તમે) સૂરજ રાખો શરમ્મ.*

સામસામા શૂરવીરો લડી રહ્યા હોય, ભલભલા વીર પુરુષોની આબરૂ પણ ધૂળ મળતી હોય, તેવે યુદ્ધને ટાણે, હે સૂરજ! હે કશ્યપના (પુત્ર)! તમે મારી ઇજ્જત રાખજો. મને મરદની રીતે મરવાની સુબુદ્ધિ દેજો. પીઠ દેખાડવાનો પાપી વિચાર કરવા ન દેજો.

*તું ઊગાં ટળિયાં તમ્મર,*
*ગૌ છૂટા ગાળા,*
*તસગર ભે ટાણા,*
*દન કર કાશપદેવાઉત!*

હે કશ્યપદેવના કુંવર! તું ઊગતાં તો તિમિર ટળ્યાં, ગાયોની ડોકેથી ગાળા છૂટ્યા અને ચોરનો ભય ભાગ્યો. દિવસ થયો.

*અળ પર ઊગંતાં અરક,*
*ઓસડ તું અંધાર,*
*થે ઝાલર ઝણકાર,*
*દીઓળે કાશપદેવાઉત!*

હે અર્ક! પૃથ્વી ઉપર તારો ઉદય થતાં તો અંધકાર ઊતરી જાય છે. અને દેવાલયોમાં ઝાલરના ઝંકાર થાય છે.

*તારાં અજવાળાં તણો*
*મે'મા કાંઉ મા'રાજ,*
*અયણું ચારણ આજ,*
*કીં રે' કાશપરાઉત!*

હે મહારાજ! તારા પ્રકાશનો મહિમા તે હવે મારે કેટલોક ગાવો? તું આવો મહિમાવંત છતાં શું આજ આ ગરીબ ચારણ એક ભેંસ વિનાનો રહેશે? અરે, રહે કદી?

*સૂરજ સાંભળતલ થિયો,*
*જગની રાવ જકે,*
*ચારણ છાશ પખે,*
*કીં રે' કાશપરાઉત!*

આખા જગતની રાવ સાંભળવા જ્યારે સૂર્ય જેવો દાતાર બેઠો છે ત્યારે ચારણ છાશ વિના રહે કદી? ચારણને છાશ ખાવા જરૂર એક દુઝાણું સૂરજ દેશે.

*સવારે ઊઠેં કરેં,*
*કરે સૂરજની આશ,*
*(એને) ગોરસ રસ ને ગ્રાસ!*
*દેશે કાશપદેવાઉત!*

સવારે ઊઠીને જે સૂર્યની આશા કરશે તેને ગોરસ, બીજાં રસવાળાં ખાદ્યો અને ગરાસ એ કશ્યપનો કુમાર બક્ષશે.

*ચોખા મગ તલ જવ ચણા*
*બાજ ઘઉં બોળા,*
*સૂરજ સવરોળા,*
*દેજો કાશપદેવાઉત!*

હે કશ્યપદેવના કુમાર! હે સવરોળા (કૃપાવંત) સૂર્ય! અમને ચોખા, મગ, તલ, ગોળ, ચણા ને બહોળા ઘઉં-બાજરા દેજો.

*સૂરજથી ધન સાંપડે,*
*સૂરજથી ધણ્ય હોય,*
*સૂરજ કેરે સમરણે,*
*દોખી ન લંજે કોય.*

સૂર્યની મહેરથી દ્રવ્ય મળે, સ્ત્રી મળે; એનું સ્મરણ કરીએ એટલે દુશ્મન પણ ઇજા ન કરી શકે.

*સૂરજ ને શેષનાગ,*
*બેય ત્રોવડ કે'વાય*
*એકે ધરતી સર ધરી,*
*એકે ઊગ્યે વાણું વાય.*

સૂર્ય અને શેષનાગ બંને સરખા શક્તિમાન કહેવાય; કેમકે શેષનાગ ધરતીને શિર પર ઉપાડે છે, તો સૂર્ય ઉદય થાય છે ત્યારે જ સવાર પડી શકે છે.

*કે' દાદર કે' ડાકલાં*
*કે પુંજે પાખાણ,*
*રાત ન ભાંગે રાણ,*
*કમણેં કાશપરાઉત!*

કોઈ મનુષ્યો કાળજી કરીને અમુક દેવતાનું આરાધન કરે; કોઈ વળી ડાકલાં વગાડીને વિકરાળ દેવદેવીઓને ઉપાસે; કોઈ પથ્થરોને પૂજે. પણ હે કશ્યપના કુમાર! તમારા વિના અન્ય કોઈ દેવીની મગદૂર નથી કે રાત્રિને ભાંગી શકે.

*સૂરજ પ્રત્યક્ષ દેવ હે,*
*નર વંદે પખાણ,*
*ઇસર કે ઉમૈયા સૂણો,*
*એતાં લોક અજાણ.*

શંકર કહે છે કે હે ઉમિયાજી! સાંભળો, સૂરજ સરખા પ્રત્યક્ષ દેવને છોડીને પથ્થરને પૂજનારાં મનુષ્યો તો અજ્ઞાન છે.

## ક્રમ


*નિવેદન* . . . . . . . . . *[5]*
*ભલેં ઊગ્યા ભાણ!* . . . . . . . *[8]*

કરિયાવર . . . . . . . . . 3
બાપનું નામ . . . . . . . . 10
બહારવટિયો . . . . . . . . 19
દીકરાનો મારનાર . . . . . . . 26
હીપો ખુમાણ . . . . . . . . 32
ભીમો ગરણિયો . . . . . . . 56
રખાવટ . . . . . . . . . 69
શેત્રુંજીને કાંઠે . . . . . . . 75
રતન ગિયું રોળ! . . . . . . . 93
બાળાપણની પ્રીત . . . . . . . 109
દેહના ચૂરા . . . . . . . . 125
ભૂત રુવે ભેંકાર . . . . . . . 140
સુહિણી-મેહાર . . . . . . . . 156
મલુવા . . . . . . . . . 170

*સોરઠી બોલીનો કોશ* . . . . . . *188*
*કાઠી અને ચારણી બોલીની ખાસિયતો* . *214*
*કથા-સૂચિ* . . . . . . . . *216*
*ઝવેરચંદ મેઘાણી : સાહિત્યજીવન* . . *218*
*મેઘાણી-સાહિત્ય* . . . . . . *221*

# સૌરાષ્ટ્રની રસધાર

ભાગ 5

# કરિયાવર

**"આ** માંડ્યું-છાંડ્યું ને ચાકળા-ચંદરવા કોના સારુ રાખી જાછ, બેટા હીરબાઈ? બધુંય ઉતારીને તારા ઘર ભેળું કરી દે, બાપ!"

"ના, બાપુ, ભીંત્યું અડવી ન કરાય."

"અરે બેટા, હવે વળી મારે ભીંત્યું અડવી શું ને ભરી શું? ઉતારી લે, બાઈ! એકેએક ચીજ ઉતારી લે. મેંથી એ નહિ જોયું જાય, બેટા! મને એ માંડ્યછાંડ્ય કરનારી સાંભરશે ને ઠાલું મારું મન બળશે."

નિસરણી માંડીને દીકરી દીવાલો ઉપરથી શણગાર ઉતારી રહી છે, અને બુઢ્ઢો બાપ એને ઘરની તમામ શોભાસંપત્તિ કરિયાવરમાં લઈ જવા આગ્રહ કરે છે. માનું ઘણાં વર્ષથી અવસાન થયું છે. સાત ખોટની એક જ દીકરી હીરબાઈને ઉછેરી ઉછેરી બાપે આજ અઢાર વર્ષની ઉંમરે એને પરણાવી છે. આજ ભાણેજ (જમાઈ) તેડવા આવેલા હોવાથી બાપ દીકરીને દાયજો દેવા લાગ્યો છે. બેડાં, ત્રાંબાકૂંડીઓ, ડબરાં, ગાદલાં, ગોદડાં, ધડકીઓ, તોરણ, ચાકળા, ચંદરવા, સોનારૂપાના દાગીના – જે કાંઈ પિતાના ભર્યાભાદર્યા ઘરમાં હતું, તે તમામ પિતા દીકરીને દેવા આગ્રહ કરે છે. ગાડાં ને ગાડાં ભરાઈ રહ્યાં છે.

"હાંઉ બાપુ! હવે બસ કરી જાઓ." હીરબાઈએ આડા હાથ દીધા.

"પણ હું રાખી મેલું કોના સાટુ, બાપ? હું તો હવે બે ચોમાસાં માંડ જોઈશ. અને મારું ગામતરું થયે તો આ પિતરાઈઓ આંહીં તને થોડા ડગલુંય ભરવા દેવાના છે?"

દીકરી મોં છુપાવતી જાય છે, પાલવડે આંસુડાં લૂછતી જાય છે અને બાપુના ઘરના શણગાર ઉતારતી જાય. છે.

"હીરબાઈ," ડોસો પોતાની પાઘડીને છેડે ચીંથરામાં બાંધેલા

વાઘનખ લઈને આવ્યો. "આ લે, બેટા, અમારો ભાણેજ થાય એને ગળે પહેરાવજે. મેં તો કૈંક વરસો થયાં દીપડો મારીને કાઢી રાખેલ – તારે ભાઈ થાય એની ડોકે બાંધવાની આશાએ; પણ સૂરજે એ સાવઝના નખ પહેરનારો નહિ સરજ્યો હોય... હશે! હવે પ્રભુ તારું મીઠું મોં કરાવે ત્યારે પે'રાવજે, હો!"

માનો જણ્યો ભાઈ એ વખતે હીરબાઈને સાંભરી આવ્યો: આજ ભોજાઈ વગર નણંદનું માથું ઓળી મીંડલા ગૂંથી દસેય આંગળીએ ટાચકા ફૂટે એવાં મીંઠડાં લઈ સાસરીયે વળાવનાર કોઈ ન મળે! અને બાપનું ભાણું દસ વરસથી પોતે સાચવેલું તેનું હવે જતન રાખનાર કોઈ ન રહ્યું. હીરબાઈએ એકાંતે આંસુ ઠાલવ્યાં.

પચીસેક ગાડાંની હેડ્યો ભરાઈ ને કરિયાવર તૈયાર થયો. હીરબાઈએ નાહીધોઈ, આણાતને અરઘે તેવાં વસ્ત્રાભૂષણો સજી, રૂપનીતરતાં અંગને જાણે સોનેરૂપે મઢી લીધું. માવતરના ઘરને છાંયડે ફરી વાર કદી બેસવું નથી એવું જાણીને છેલ્લી મીટ માંડી બહાર નીકળી. ગાયો-ભેંસો એને બહુ વહાલી હતી, એટલે જઈને પશુડાંને ગળે બાઝી પડી; પશુ જાણે જુદાઈની ઘડી પારખી ગયાં હોય તેમ મોમાંથી ખડનાં તરણાં મેલી દઈ હીરબાઈના હાથપગ ચાટવા લાગ્યાં.

"બાપુ, આ વોડકી વીંયાય ત્યારે મને બળી ખાવા બોલાવજો, હો! નીકર બોઘરું ભરીને ખીરું મોકલજો." હીરબાઈએ પોતાની માનીતી ગાય સામે આંગળી ચીંધીને બાપને ભલામણ દીધી.

"અરે બેટા, બોલાવવાની વળી કોને ખબર છે? તારા ભેળી ગાડાને ઠાઠે બાંધતી જ જા ને, બાઈ!"

એમ કહીને બાપુએ વોડકી પણ પુત્રી ભેળી વળાવી.

આગળ દીકરીનું વેલડું: પડખે લાકડી લઈને ડગુમગુ વળાવવા જતો બુઢ્ઢો બાપ: અને પાછળ કરિયાવરનાં પચીસ ગાડાં: એવી આખી અસવારી ચાંપરડા ગામના દરબારગઢમાંથી અમૃત ચોઘડિયે ચાલતી થઈ. હીરબાઈ તો ચાંપરડાનો હીરો હતી, એટલે અરધું ગામ એને વળાવવા હલક્યું છે. એક બાજુ અઢાર વરસની યૌવનમસ્ત કાઠી કન્યા રેવાળ ચાલે ઘોડી

ખેલવતા પોતાના કંથને નિહાળીને આવતી કાલથી મીઠો ઘરસંસાર માંડવાના મનોરથને હીંડોળે હીંચે છે... અને બીજી બાજુ બુઢ્ઢા, બોખા બાળક જેવા બાપને પોચો પોચો રોટલો ઘડી, એના ગરભને ઘીમાં ચોળી, તાણ કરી કરી કોણ ખવરાવશે એની ચિંતા જાણે કે એના મનોરથ-હીંડોળાને છેદી રહી છે.

*દાદાને આંગણે આંબલો,*
*આંબલો ઘોર ગંભીર જો!*

*એક તે પાન દાદા તોડિયું,*
*દાદા, ગાળ નો દેજો જો!*

*અમે રે લીલા વનની ચરકલી,*
*ઊડી જાશું પરદેશ જો!*

*આજ રે દાદા કેરા દેશમાં,*
*કાલે જાશું પરદેશ જો!*

એમ કરતાં આખી અસવારી ચોરે પહોંચી, એટલે હીરબાઈનો કાકો અને તેના બે જુવાન દીકરા ચોરેથી હેઠા ઊતર્યા. હીરબાઈએ જાણ્યું કે મળવા આવે તો મળીને બાપુની ભરભલામણ પણ દઈ લઉં. એવી ઈચ્છાથી એણે જમણે પડખે વેલડીના માફાનો પડદો ઊંચો કર્યો. આંખો ભીની હતી છતાં ઓશિયાળું હાસ્ય આણીને એણે પોતાના કાકા-પિતરાઈ ભાઈઓનાં છેટેથી ઓવારણાં લીધાં.

"કાકા, મારા બાપને સાચવ –"

એટલું વેણ પૂરું નથી થયું તો બન્ને જુવાનો બોલ્યા: "ગાડાં પાછાં વાળો."

"કાં, શીદ પાછાં વળાવો છો?" બુઢ્ઢાએ પૂછ્યું.

"તું નિર્વંશ છો, ડોસા! અમે કાંઈ નિર્વંશ નથી. અમે કાંઈ મરી નથી પરવાર્યા, તે આખો દરબારગઢ દીકરીના દાયજામાં ઠાલવીને પારકે પાદર મોકલી રિયો છો!"

"અરે ભાઈ, મારે એકનું એક પેટ, એને આજ નથી મા કે નથી

ભાઈ, એને હું કરિયાવર પણ ન દઉં? અને હવે તો હું મૂએ મારો ગરાસ ને દરબારગઢ તો તમારા જ છે ને?"

"તું તો ઘણુંયે લુંટાવી દે! પણ અમે નાના ગીગલા નથી. પાછાં વાળો ગાડાં, નીકર કાંઈક સાંભળશો!"

હીરબાઈએ આ દેખાવ નજરોનજર દીઠો: બુઢ્ઢો બાપ બે હાથ જોડી કરગરે છે અને પિતરાઈઓ ડોળા ફાડી ડાંગો ઉગામે છે. દીકરીને રૂંવાડે રૂંવાડે ઝાળ લાગી ગઈ. માફાનો પડદો ઉછાળી ઘૂમટો તાણી ઠેકડો મારીને હીરબાઈ નીચે ઊતરી અને બાપુનો હાથ ઝાલી કહ્યું: "બસ બાપુ, પતી ગયું; હાલો, પાછા વળો. ભાઈ ગાડાખેડુઓ, ગાડાં તમામ પાછાં વાળો. આજ શકન સારાં નથી."

"પાછાં શીદ વળશે?" એવી હાક દેતો હીરબાઈનો વર ઘોડીને મોખરે હાંકી લાવ્યો; એનો પંજો એની તરવારની મૂઠ ઉપર પહોંચ્યો.

"કાઠી!" હીરબાઈ એ ઘૂમટો આડો કરીને હાથ ઊંચો કર્યો: "કાઠી, આજ કજિયાનું વેળુ નથી; અને તું મૂંઝા મા. સૌ પાછા વળો."

ગાડાં પાછાં વળ્યાં. હીરબાઈ અડવાણે પગે પાછી ઘેર આવી. ડેલીમાં આવીને જોયું તો બાપુ હજુ પાછળ દૂર ચાલ્યા આવે છે; ઘોડી પર બેઠેલ ધણી વિચારમાં પડી ગયો છે. એને જોઈને હીરબાઈ બોલી: "કાઠી, તારે હૈયે ધરપત રાખ; તને સંતાપવો નથી."

એમ કહી પોતાના હેમે મઢ્યા ગળામાંથી ઝરમર કોટિયું, કાંઠલી, ચંદનહાર વગેરે દાગીના કાઢી ધણીને આપતાં આપતાં બોલી: "આ લે કાઠી, તું બીજું ઘર ગોતી લેજે – અને મારી વાટ્ય જોવી મેલી દેજે."

"કાં?"

"કાં શું? હવે તો બાપને ઘેર દીકરો ન જન્મે ત્યાં સુધી મારે સંસાર વાસવો નથી. મારા બાપના ઘરમાં પીંગલે ભાઈ ન મળે, એટલે જ ભરી બજારમાં જીવતર બગડે ને! હવે તો પારણામાં ભાઈને હીંચોળીને જ આવીશ, નીકર જીવતરભરના જુહાર સમજજે, કાઠી ને તું વાટ્ય જોઈશ મા; તને રાજીખુશીથી રજા છે: ઘર કરી લેજે. આ લે, આ ખરચી."

એટલું કહીને બાઈએ દાગીનાની અને રૂપિયાની પોટલી પોતાના

ધણીના હાથમાં દીધી. કરિયાવરનો સામાન પાછો ઠલવાઈ ગયો.

વળતા દિવસથી હીરબાઈએ બાપના ઘરમાં આખું ખાડું હતું તેમાંથી ડુંગરની ટૂંક તોડી નાખે એવી, દેવળના થંભ જેવા પગવાળી ત્રણ ત્રણ આંટાળાં શીંગે શોભતી, ફાંટફાંટ જેટલાં આઉવાળી સાત કૂંઢી ભેંશોને નોખી તારવી ગોવાળોને આજ્ઞા દીધી કે "ભાઈ આયડુ, આપણી સીમના ઊભા મોલમાં આ સાતેયને પહર ચારવા મંડો અને – મારો બાપ કરું! – ડિલે ક્યાંય માખી નામ ન બેસવા દેજો; અને એને મન હોય ત્યાં સુધી માંદણે બેસવા દેજો."

ભરવાડો એ રીતે ભેંસોને સાચવવા મંડ્યા. ભેંસોના દૂધના ફગર ચડવા લાગ્યા. બબે જણા બદલાય ત્યારે તો દોવાઈ રહે એવાં તો આઉ ભરાતાં થયાં. એક ભેંસનું દૂધ બીજીને પવાય, બીજીનું ત્રીજીને, ત્રીજીનું ચોથીને... અને એ રીતે છેક છઠ્ઠીનું દૂધ સાતમીને પિવરાવવા લાગી. છેવટે સાતમીના દૂધમાં સાકર, કેસર ને એલચી-જાયફળ નાખી, અંદર સળી ઊભી રહે એવો ઘાટો કઢો કરી સગી જનેતા જેમ પેટના બાળકને પિવાડે તેમ દીકરી બાપુને પિવડાવવા લાગી.

બાપને તો એક હસવું ને બીજી હાણ જેવું થઈ પડ્યું છે. શરમિંદો બનીને પિતા કન્યાની સામે કાલાવાલા કરે છે કે, "ગગી બેટા, મને આ અવસ્થાએ કેસર ને આ કઢા તે કાંઈ શોભે? અને તું તારી આ ધારણા મેલી દે, બા! મા' મહિનાનું તો માવઠું કે'વાય."

"કાંઈ બોલશો મા, બાપુ." એટલું કહીને પુત્રી પિતાને દૂધના કઢા પાવા લાગી. દીકરી હતી તે માતા બની ગઈ.

એક મહિનો, બે મહિના ને ત્રણ મહિના – ત્યાં તો સાઠ વરસના ડોસાને જુવાનીના રંગ ફૂટવા લાગ્યા. કાયાનું અણુયે અણુ કિરણો કાઢતું થયું. ધોળા વાળને કાળપ ચડી. ઘોડે સવારી કરીને સવાર-સાંજ બાપ સીમાડાની બહાર દોડતાં હરણ સાથે હોડ કરવા લાગ્યો.

અને મોંમાગ્યાં મૂલ ચૂકવીને દીકરીએ બાપને કાઠીની એક જુવાન કન્યા વેરે પરણાવ્યો.

એક વરસ અને એક દીકરો: બીજું વરસ, બીજો દીકરો; દેવના

ચક્કર જેવા બે ભાઈઓ બહેનના ખોળામાં ઘુઘવાટ કરવા લાગ્યા; અને હીરની દોરીએ હીંચોળતી બહેનને હાલરડાં ગાતી ભાયાતોએ સાંભળી.

રાત ને દિવસ બહેન તો પોતાના ભાઈઓને નવરાવવા-ધોવરાવવામાં, ખવરાવવા-પિવરાવવામાં ને એનાં બાળોતિયાં સાફ કરવામાં તલ્લીન બની ગઈ છે.

એમ કરતાં તો ત્રણ વરસની રૂંઝ્યો વળી ગઈ અને ચોથે વરસે સીમાડા ઉપર ખેપટ ઊડતી દેખાણી. જોતજોતામાં કોઈ રોઝી ઘોડીનો અસવાર ઝાંપામાં દાખલ થયો. ગામની પનિહારીઓ ઠાલાં બેડાં લઈ ને દરબારગઢમાં દોડી: "બા, વધામણી! ધાધલ આવી પહોંચ્યા છે!"

આવીને કાઠીએ ઘરાણાં-રૂપિયાની પોટલી પડતી મેલી.


રવિશંકર પંડિત

"બાપુ," હીરબાઈએ બાપને કહ્યું: "હવે આ વખતે તો ગઢની ખીલી પણ નહિ રહેવા દઉં, તમે નવી વસાવી લેજો!"

એમ બોલીને હીરબાઈએ ગાડાં ભર્યાં; દરબારગઢમાં એક ખીંટી પણ ન રહેવા દીધી. ફરી વાર વેલડું જોડાણું: ગામ વળાવવા હલક્યું: ચોરો આવ્યો: માફાની ફડક ઊંચી થઈ: હીરબાઈએ ગલગોટાના ફૂલ જેવું ડોકું બહાર કાઢ્યું, અને ચોરે પ્રેત જેવા નિર્જીવ બની બેઠેલા ભાયાતોને પડકારી સંભળાવ્યું: "આવો, કાકા અને ભાઈઓ! હવે ફરો આડા!"

"ના...રે, બેટા, અમે ક્યાં કહીએ છીએ?"

"શેના કહો? પારણે એકને સાટે બે રમે છે. અને હવે તો ગાડાંની હેડ્યું ગણ્યા જ કરજો!"

*[આ ઘટના જૂનાગઢ નજીક ચાંપરડા ગામે બની છે. કાઠીનું નામ વાઘો વાળો અથવા ઊગો વાળો બોલાય છે. કોઈ વળી આ બનાવ આયરોમાં બન્યો હોવાનું ભાખે છે.]*

# બાપનું નામ

ગોહિલવાડમાં બગડાણા ગામની બગડ નદીની વેકૂરમાં એક ચીંથરેહાલ આદમી હાથ વતી ખાડો ખોદી રહ્યો છે. ખોદતો ખોદતો દાંત કચકચાવતો જાય. મનની ઊંડી દાઝ કાઢતો હોય તેવા ચાળા કચકચાવતો જાય છે. મોંએથી બડબડાટ પણ કરે છે. અને પડખે થઈને ચાલ્યું જતું નદીનું વહેણ જાણે એ મૂરખા ભિખારીની મૂર્ખાઈની મશ્કરી કરતું હોય તેવો 'ખળ! ખળ! ખળ! ખળ!' અવાજ કાઢી રહ્યું છે. પાસે એક ઊજળાવરણો ઘાટીલો જુવાન હાથમાં કળશિયો લઈને આ ગરીબ માણસનું ખોદકામ જોતો જોતો મલકાતે મોંએ ઊભો છે.

"શું કરો છો, ભાઈ?" જુવાને પૂછ્યું. પણ ખોદનારને તો આંખ, કાન ને નાકનું તમામ જોર ખોદવામાં જ કામે લાગી ગયું હોય એવું થવાથી કોણ શું પૂછે છે કે કોણ ઊભું છે તેનું ભાન જ નથી, માથાની પાઘડીના આંટા ગળામાં પડવા મંડ્યા તેટલી હદ સુધી ભાનભૂલ્યો બનીને બસ ઊંડે ઊંડે હાથ નાખીને એ તો ગાળ કાઢતો જ જાય છે.

"એ... શું ખોદો છો? ત્યાં કાંઈ માયાનું ચરુનું કડું તો હાથમાં નથી આવી ગયું ને?" જુવાને એ ખોદનારના કાનમાં મોં નાખીને જોરથી આ વેણ સંભળાવ્યાં. બાઘોલા જેવા ભિખારીએ માથું ઊંચું કરીને આ જુવાન સામે જોયું.

"શું કરો છો?" ફરી વાર જુવાને પૂછ્યું.

"એ... દાટું છું." એટલું એક જ વેણ બોલીને જાણે કે પોતાને મોડું થઈ જતું હોય તેમ પાછો એ માણસ ખોદવામાં લાગી ગયો. આ માણસ ગાંડો હોય એવો વહેમ જુવાનને પડ્યો.

"પણ આંહીં નદીમાં શું દાટો છો?"

ગૂજરાત વિદ્યાપીઠ
ગ્રંથાલય
અમદાવાદ - ૧૪



"નામ!" આગળના જેટલો જ ટૂંકો જવાબ મળ્યો.

"નામ? કોનું નામ?"

268392

"એ... ઓલ્યા કાળમુખાનું!"

એટલું કહીને ખોદનારે નદીની ભેખડ ઉપર ઊભેલા ઘર સામે હાથ ચીંધાડ્યો.

"એણે તમારું શું બગાડ્યું તે પ્રભાતના પો'રમાં ફૂલડે વધાવવા મંડ્યા છો?"

"પ્રભાતને પો'રે એ કાળમુખે મને જાકારો દીધો. ડેલીએ હું ટંકબપોર આશરો લઈ ને બહુ તો ફડશ રોટલો ખાઈ જાત. પણ એમાં તો એ સૂમના પેટનાનો જીવ ટૂંપાઈ ગયો! તો પછી એવડી મોટી તાબૂત જેવી ડેલી શીદને ઊભી કરી છે? મે'માનને આદરમાન ન દઈ શકતો હોય તો મેલે ને એની મો'લાત્યુંમાં લાલબાઈ!"

આ ફૂલડાંનો વરસાદ ગામના કયા માણસને માથે વરસી રહ્યો છે એની જુવાનને ખાતરી થઈ. ખોદનારની જીભ તો વાળા આયરને ગાળો ચોપડવા લાગી પડી છે. અને એક પછી એક વેણ સાંભળીને એ જુવાન મોં આજે ફાળિયું દેતો હસી રહ્યો છે.

"ગઢવા લાગો છો!" જુવાને પૂછ્યું.

"હા, ગઢવી મૂઓ છયેં એટલે જ ના!"

"હા જ તો! નીકર તો જીભે આવી સાક્ષાત્ સરસ્વતી ક્યાંથી હોય?"

"દાટી દઉં કાળમુખાના નામને!"

"હા, હા, ગઢવા, સાચી વાત; દાટી દ્યો એના નામને. ખૂબ ઊંડું દાટજો, હો! કેમ કે ઈ પાતાળમાંથીય નીકળી જાય એવો છે. એની વાંસે એવા પડ્યા છે કે એને પાતાળમાંથી પણ બહાર કાઢશે; માટે સારી પેઠે ઊંડો દાટજો, હો કે ગઢવા!"

"એમાં તમારે કે'વું ન પડે, ભા!"

"લ્યો, હુંયે ખોદવા લાગું; તમથી એકલાથી નહિ ખોદાય ગઢવા!" એમ બોલીને જોધારમલ આયર કળશો બાજુએ મેલી, બાંયો ચડાવી, ગોઠણભર થઈ, ખાડાને વધુ ઊંડો કરવા લાગ્યો.

"લ્યો, હવે નાખો એને આમાં એટલે દાબીદાબીને દાટી દઈએ."

એક ગોળ પથરો લઈને ચારણે એ ખાડામાં પડતો મેલ્યો: "લ્યો, આ પાણકા ને એના દિલમાં કશો ફેરફાર નથી: બેય સરખા જ કઠણ! દાટી દ્યો પાણકાને."

"હં... મારો બાપો, ગઢવા! વાળી દ્યો વેકૂર અને મંડું ખૂંદવા."

ખૂંદીખૂંદીને પથ્થર દાટ્યો. 'હા...શ!' કહીને ચારણે શ્વાસ હેઠે મેલ્યો.

"ના, ગઢવા, મને તો બીક લાગે છે કે નીકળી જાશે, હો! દરરોજ આંહીં આવીને ખબર કાઢી જાજો. હમણાં આ ગામ છોડ્યા જેવું નથી. ઈ મડું તો મસાણથી પાછું આવે એવું છે!"

"અરે મારો બાપ! છોકરાં ધાન વગર ભાંભરડાં દઈ રહ્યાં છે, ને હું શે સુખે આંહીં રહું! આ ગામમાં મને આવે શુકને ઊભોય કોણ રાખે?"

"ગઢવા, હાલો આપણે ખોરડે, જાર-બાજરીનું જે ધાન ખાતાં હશું એ તમારા ભાણામાં પણ હાજર કરશું."

ચારણને કાંડે ઝાલીને જુવાન આયર પોતાની ડેલીએ તેડી ગયો.

ધતૂરાનાં ફૂલ સરખી સોહામણી ડેલીની બન્ને બાજુની ચોખ્ખી અરીસા જેવી ચોપાટોમાં ચારણે તો પચાસેક પરોણાઓને હિંગળોકિયા ઢોલિયા માથે બેઠેલા જોયા. ડેલીનાં કમાડ, ગોખલા, જાળિયાં ને થાંભલીઓનું અમૂલખ જુનવાણી કોતરકામ ભાળીને પરોણાનું દિલ, આંબાની કુંજે મોરલો રમે તે રીતે રમવા લાગ્યું. થોડીવાર થઈ ત્યાં જુવાન આયરને દાતણ કરવા માટે સોનાની ઝારી ને રૂપાના કળશા હાજર થયા. માણસો એનો પડતો બોલ ઝીલવા મંડ્યાં. અને અંદરથી નોકરો એક પછી એક દસ જાતવંત ઘોડીઓને દોરીને જેમ એ જુવાનની સામે આણતા ગયા તેમ તેમ ઘોડીઓને રુંવાટી માથે અને કાનની અંદર આંગળી ફેરવી, ભાતભાતની અતલસોની કુમાશ તપાસતા કોઈ મોટા સોદાગરની માફક પોતાનાં પ્રાણપ્યારાં પશુઓને તપાસવા લાગ્યો. 'ખમા રાઘવભાઈ!' 'ખમા રાઘવભાઈ!' એમ ખેડુઓ ખમકારા કરતા સાંતીડાં લઈ લઈ નીકળ્યા. જુવાનનો પડતો બોલ ઝિલાતો જોઈને ચારણે જાણ્યું કે પોતાનું કાંડું ઝાલીને લઈ આવનાર બગડાણા ગામનો જાણીતો આયર રાઘવ ભમ્મર જ છે.

એક દિવસ... બે દિવસ... ચાર દિવસ થયા ત્યાં ચારણે ઊભા થઈ રાઘવ ભમ્મરનાં ઓવરણાં લઈ, હાથ જોડી રજા માગી: "બાપ, એનાં જમણ ભાંગી ગ્યાં; છોકરાં ઘરે ભાંભરડાં દેતાં હશે ને હું આંહીં સવા મણની તળાઈમાં કેમ સૂઉં? રાજી થઈને રજા દ્યો."

"અધીરા થાઓ મા, ગઢવા! ઘેર દાણા પહોંચતા કરું છું," એમ કહી તરત ચારણને ગામડે એક કળશી લીલવણી બાજરો ગાડું ભરીને મોકલાવી દીધો.

ચારણ રોકાયો, જીભ આળવીતરી, એટલે ભરદાયરા વચ્ચે ચારણે પથ્થર જેવડા બોલ મોંમાંથી પડતા મેલ્યા: "જોજો આ મારા નાથની જુક્તિ: પડખોપડખ બે ડેલિયું; બેય ડેલિયે હાથણિયું જેવી બસો બસો કૂંઢિયું ટલ્લા દ્યે છે; બેયને ઘરે નવે નધ હાથ જોડી ઊભી છે; પણ બે ડેલિયું વચ્ચે મારે નાથે કેટલું આભ – જમીનનું અંતર દીધું! એકનું મોં પ્રભાતે જોવાઈ ગયું હોય તો લાંઘણ પડે, ને બીજાને દીઠ્યે દાળદર દરિયાને સામે કાંઠે જઈ પડે!"

રાઘવ ભમ્મરે સૌ માણસને ઈશારત કરી દીધી હતી કે કોઈએ ચારણને ફોડ પાડવાનો નથી; ભલે બોલે.

❁

બરાબર બપોરનું ટાણું છે તે વખતે બસો ઘોડે ઠાકોર વજેસંગજીએ ભાવનગરથી આવીને બગડાણાના પાદરમાં વડલા હેઠળ વિસામો લીધો, અને પોતાના અમીરોને હુકમ કર્યો કે "રાઘવમામાને ઝટ સાબદા થઈ બહાર નીકળવા કહો. બીજી કાંઈ તરખડમાં પડે નહિ એમ કહેજો. મેં બધો સરંજામ ભેળો લીધેલ છે."

અસવારોનાં ઘોડાં મહારાજ વજેસંગજીને વીંટીને પાદરનાં ઝાડવાંની ઘટામાં હમચી ખૂંદવા મંડ્યાં. મહારાજને મોંએ પવનની ટાઢી લેરખી વારણાં લેવા લાગી. અને આ બાજુથી અમીરે આયરની ડેલીએ જઈ તપાસ કરી તો રાઘવ ભમ્મર અંદરને ઓરડે આરામ લેતા હોવાની જાણ થઈ. અમીરે રાઘવભાઈની માતાને ખબર દીધા.

"કોણ મે'માન છે?" ડોશીએ પુછાવ્યું.

"ભાવનગરથી મહારાજ વજેસંગજી."

"કેમ અટાણે?"

"બસો ઘોડે દુવારકાની જાત્રાએ જાય છે અને રાઘવમામાને ભેળા સોંઢાડવા છે."

"તે ક્યાં છે મહારાજ? ડેલીએ લઈ આવો."

"મહારાજ રોકાવાની ના કહે છે, અને મામાને ચોંપેથી સાથે ચડી આવવા કહેવરાવે છે."

"પણ, બાપ, મારો રાઘવ તો ઝોલે ગ્યો છે. ભલા થઈને એને કોઈ કાચી નીંદરે ઉઠાડશો મા."

"અરે પણ, ફુઈ, ઠાકોર..."

"ઠાકોરને મોરલીધર કરોડ્યું વરસના કરે! પણ મેં કોઈ દી મારા રાઘવને કાચી નીંદરે નથી જગાડ્યો. મહારાજને વીનવો કે ઘોડાં જોગાણ ખાય તેટલી વાર પેઘડું છાંડી ડેલીએ બિરાજે; ત્યાં હમણાં ભાઈ જાગશે."

"અરે પણ, ફુઈ, બસો ઘોડાને જોગાણ..."

"કાંઈ વાંધો નહિ, બાપ આંહીં મહારાજને પ્રતાપે કોઠિયુંમાં બાજરો અભર ભર્યો છે."

મહારાજને ખબર પહોંચ્યા કે મામો પોઢ્યા છે અને કાચી નીંદરે જગાડાય નહિ! માટે મામો ઊઠે ત્યાં સુધી ઘોડાં તોફાન કરે નહિ એટલા સારુ જોગાણ ચડાવવાનું આઈએ ઓરડેથી કહેવરાવ્યું છે!

"સાચું, સાચું, મામાને કાચી નીંદરે ન જગાડાય!" એમ બોલી, હસતા હસતા અઢારસો પાદરના ધણી રાઘવ ભમ્મરની ડેલીએ જઈ ઊતર્યા. ઢોલિયા ઉપર ફૂલવાડીઓ જેવી ધડકીઓ પથરાઈ ગઈ: દૂધના ફીણ જેવા ઓછાડ ઢંકાયા; અને મહારાજ મામાના ઊઠવાની વાટ જોતા જંજરી પીતા પીતા બેઠા. બસો ઘોડાં હાવળો કરતાં કરતાં જોગાણ બુકડાવવા લાગ્યાં. બીજી બાજુથી આખા ગામની આયરાણીઓને બોલાવી આઈએ ભાતલાં તૈયાર કર્યાં. સાજણી ભેંસો દોવાઈ ગઈ: ગોરસડાં ભેળાં થયાં: ખાવાનું તૈયાર ટપે થઈ ગયું ત્યારે રાઘવભાઈ જાગ્યા.

"અરે, રંગ રે મામા!" કહેતાં મહારાજ ઢોલિયેથી ઊભા થઈ રાઘવને

બથોબથ મળ્યા.

"મારા બાપ, મને ભોંઠામણ ચડ્યું; મને જગાડ્યો નહિ?"

"કાચી નીંદરે ..."

"અરે, હાં – હાં! બાપ! હું ઘરધણી માણસ: મારે વળી નીંદર કાચી શું, ને પાકી શું?"

"નીંદર તો, મામા, સૌની સરખી – શું રા'ની કે શું રંકની."

એમ વાતો કરી ભાતલાં જમ્યાં. રાઘવ ભમ્મર મહારાજની સાથે દ્વારકાજીની જાત્રાએ ચાલ્યા. પેલા ચીંથરેહાલ ચારણને પણ બનાવી-ઠનાવી સાથે લઈ લીધો.

❁

પ્રભાતને પહોરે પોતાના હજાર માણસોનો દાયરો કરીને મહારાજા વજેસંગ ગોમતીજીને તીરે બેઠા છે. ઊગતા સૂરજની ચંપકવરણી જ્યોત ગોમતીજીના હૈયા ઉપર હેમનો કોઈ નવલખો હાર પહેરાવી રહી છે. રણછોડજીના સોનેરી ઈંડા ઉપર ધજાઓ ફડાકા મારે છે અને ચારણના મોમાંથી કાવ્યધારા છૂટે છે કે –

*ગાજે ગોમતી જી કે ગાજે સાગરં,*
*રાજે શામળા જી કે બાજે ઝાલરં,*
*સોહે એરસા જી કે સ્વામી સુંદરં,*
*મણજાં ઝળહળ જી કે દીપક મંદરં.*

*મણજ ઝળળળ દીપક મણિમે, કરાં ગૌ નર કેક,*
*પોહપ-માળા ચડે પૂજા, અસા જુગપત એક,*

*વીણા મરદંગ શંખ બાજે, ધરે સેવક ધ્યાન,*
*છપન કુળ જાદવાં માઝે કરે લીલા કાન.*

*ભગવત રાજિયા જી કે મુજ પર ભૂપતિ,*
*અહનશ ઊતરે જી કે ઉપર આરતી,*

*ગામ દુવારકાં જી કે સરિતા ગોમતી,*
*કંથડ લીળિયા જી કે ભાખે કીરતિ.*

"લ્યો, મહારાજ, ગોમતી-સ્નાનની સાબદાઈ કરો."

ડોકું ધુણાવીને મહારાજ બોલ્યા: "ના બા, એમ ગોમતીજીમાં ડિલ પલાળીને નથી ભાગવું."

"ત્યારે ફરમાવો."

"જુઓ, ભાઈ, આપણા સૌમાંથી જે પહેલવહેલો ગોમતીજીમાં નાય એણે દ્વારકાની ચોરાશી જમાડવી પડે."

દ્વારકાની ચોરાશી! સાંભળીને સહુ અમીરો ચૂપ થઈ ગયા.

"સાચેસાચ, મહારાજ?" રાઘવ ભમ્મરનો અવાજ આવ્યો.

"સાચેસાચ! ગોમતીજીને કાંઠે તો સહુ સરખા. જેને અંગડે ઊલટ આવતી હોય એ પહેલો નાય. પહેલા નાવાનું પુણ્ય કાંઈ રાજાને જ કપાળે નથી લખી દીધું."

"ત્યારે હવે વેણે પળજો, હો મહારાજ!" કહેતો રાઘવ ઊભો થયો. અમીરો એકબીજાનાં મોં સામે જોઈ રહ્યા, અને ઠાકોર હસવા લાગ્યા: "અરે મામા, તમે?"

"હાં, બાપા, હું. લ્યો ત્યારે, જે મોરલીધર!" કહીને રાઘવ ભમ્મર પહેરેલ લૂગડે અને પગરખાં સોતો દોડ્યો. કાંઠેથી ગોમતીજીને ખોળે કાયાનો ઘા કર્યો. અને કાંઠે બેઠાં બેઠાં મહારાજ 'ખડ! ખડ!' દાંત કાઢીને પડકારા દેવા લાગ્યા.

કાંઠા ઉપર અમીરો કોચવાઈને અંદરઅંદર વાતો કરવા મંડ્યા: "વાહ! આટલો બધો અબુધ આયર! મહારાજનીયે મરજાદ નહિ!'

"મહારાજે વિવેકમાં જરાક કહ્યું ત્યાં જ જશ લેવા દોટ દીધી!"

"મૂઢ જાત ખરી ને!" રાઘવ ભમ્મરને બાવડાં ઝાલીને મહારાજે ગોમતીજીમાંથી બહાર કાઢ્યા. પંજો લગાવીને વાંસો થાબડ્યો. પોતાના રાજના એક ઘરધણી માણસને પણ આટલો પોરસ આવ્યો ભાળીને મહારાજ રાજી થયા.

ખૂણે બેઠો બેઠો ચારણ મોં વકાસીને નીરખી રહ્યો.

બીજે દિવસે ગૂગળી બ્રાહ્મણોનાં જૂથ હલક્યાં. છાણાંના આડ મંડાઈ ગયા. ખાખરા શેકાઈ, ખારણીએ ખંડાઈ; ઘી-ગોળ ભેળાઈ, લાડવા વળાવા

લાગ્યા. લાડવાના તો જાણે મોટા ડુંગરા ખડક્યા.

અમીરો આયરની જડતા ઉપર હસે છે અને મહારાજ એની ઉદારતા ઉપર મોહી મોહીને મલકે છે. આડ બળતા હતા અને ધુમાડાના ગોટેગોટા નીકળતા હતા તે જોઈને મહારાજે આંખો ચોળતાં ચોળતાં મીઠો મર્મ કર્યો: "મામા, હવે તો આંખ્યું બહુ બળે છે, હો! આવડો બધો ધુમાડો?"

"બાપા, આપની આંખ્યુંમાંથી પાણીડાં નીકળે એટલે જ ધુમાડે મને હજી ધરપત નથી!'

"કાં મામા? હજી વળી શું બાકી રહ્યું છે?"

"હજી તો, બાપ, દાટ્યું છે તે બહાર નીકળતું નથી!"

'દાટ્યું' શબ્દ સાંભળીને ચારણના કાન ચમક્યા.

"શું વળી દાટ્યું છે, મામા?"

"બાપ, દુનિયાની અમૂલખ ચીજ: ત્રિલોકમાં ન મળે એવું નાણું." સાંભળીને ચારણને મોઢે મેશ ઢળી ગઈ.

"'ક્યાં દાટ્યું છે."

"બાપ, બગડ નદીની વેકૂરમાં ધરબીને દાટ્યું છે, એ ન નીકળે ત્યાં સુધી જીવવું ધૂળ બરાબર છે."

"નીકળી ગયું! મારા વા'લા, નીકળી ગયું!" બોલતો ચારણ દોડ્યો; જઈને રાઘવનાં વારણાં લેવા મંડ્યો, અને ફાટતી છાતીએ દુહા બોલ્યો:

*સંચીઅલ ધન સુમા તણું, નાણું નોંધ-પખે,*
*ફોળ્યું લે ફાંટે, રામાવાળું રાઘડા!*

[હે રાઘવ ભમ્મર, કંજૂસ પિતા રામા ભમ્મરનું સંચેલ દ્રવ્ય તે ફાંટે ફાંટે કાઢીને ખરચી નાખ્યું.]

અને –

*તળ ગોમતી તણે, તેં લઈ ચરુ ચડાવિયા,*
*(એમાં) ઢાંક્યા ધૂંવાડે, રાજાને તેં રાઘડા!*

"મારા વા'લા! તેં આજ બાપનું નામ ઊંડે દટાણું હતું તે બહાર કાઢી નાખ્યું. અને એમાં અચંબો કેવો? રાઘવ જેવો દીકરો બાપને ચાર જુગ

જીવતો ન રાખે તો તો બીજો કોણ રાખશે?"

કહીને ચારણ ઓછો ઓછો થઈ ગયો. મહારાજને આખી વાતને જાણ થઈ. રાઘવ ભમ્મરની પીઠ મહારાજના પંજાની પ્રાછટો ખાઈ ખાઈ ને રાતીચોળ થઈ ગઈ, અને ગોમતીજી નાહવાનું પુણ્ય પોતાના પ્રજાજનને અપાવી મહારાજ બસો ઘોડે પાછા વળ્યા.

# બહારવટિયો

ઈડર શહેરમાં કાઠિયાવાડના અમરેલી ગામથી કોઈ જ્યોતિષ જાણનારો બ્રાહ્મણ આવ્યો છે. રાજા કલ્યાણમલજીને આ જોશીના સામર્થ્યની જાણ થઈ છે. એણે બ્રાહ્મણને રાજકચેરીમાં બોલાવ્યો.

બાહ્મણ આવ્યો. અને મહારાજે એને પ્રશ્ન કર્યો: "મારું મોત કહી દેશો, જોશી?"

"મારવું-જિવાડવું એ તો પ્રભુના હાથની વાત છે, રાજાજી! હું તો ફક્ત જન્મોત્રીના આંકડા માંડીને ભવિષ્ય ભાખું છું."

"મારું ભવિષ્ય જોશો?"

"આટલાં બધાં માણસોની વચ્ચે કહેવરાવવું રહેવા દ્યો, મહારાજ! ફરમાવો તો હું આપને એકાંતે મળું."

"ના, ના, જોશી! આ તમામ મારા સાટે જીવ દેનારા રજપૂતો છે; એનાથી મારે અંતરપટ ન હોય. કહો, જે કાંઈ મારી જન્મકુંડળીમાંથી નીકળતું હોય તે."

"ઠીક ત્યારે, બાપુ! આજથી ઓગણત્રીસમે દિવસે તમારે માથે વીજળીની ઘાત છે."

મધ્ય ચૈત્ર માસ ચાલતો હતો. આભમાં વાદળાંનું ધાબું પણ નહોતું. રાત પડતાં નક્ષત્રો નિર્મળ તેજે ચળકે છે. આભને આઘે આઘેને ખૂણે વરસાદના વાવડ નથી. કલ્યાણમલજી જોશીની વિદ્યા ઉપર મીઠું મીઠું હસ્યા.

"મહારાજ!" જોશીએ જમદૂતની મક્કમ વાણીમાં કહ્યું: "આ આંકડાની ગણતરી છે – વિધાતાના લેખ જેવી. ઓગણત્રીસમે દિવસે જતન રાખજો."

"અને ગણતરી ખોટી પડે તો?"

"તો જનોઈ બાળીને પી જાઉં."

"એમ નહિ, મા'રાજ, જુઓ: તમારું ભાખ્યું જૂઠું પડે, તો જન્મકેદ દઈશ; અને સાચું પડશે તો ઈડર રાજ્યનું એક ગામ આપીશ. લાવો ત્રાંબાનું પતરું."

ત્રાંબાનું પતરું મંગાવી કલ્યાણમલે એક ગામનો પટ્ટો કરી કારભારીને સોંપ્યો; આજ્ઞા દીધી કે "ઓગણત્રીસમો દિવસ ઊતરીને ત્રીસમો દિવસ ઊગે, અને જો વીજળી પડી હોય તો આ બ્રાહ્મણને લેખ સુપરત કરજો."

બ્રાહ્મણને નજરકેદ રાખવામાં આવ્યો. અને ઓગણત્રીસ દિવસની અવધિ ઓરી ને ઓરી આવવા લાગી. થતાં થતાં બાવીસ દિવસ ઊગ્યા ને આથમ્યા, ત્યારે રાજનાં ચતુર માણસોનાં મનમાં વિચાર ઊગ્યો કે વખત છે ને કદાચ બ્રાહ્મણની વાણી સાચી પડે, માટે કોઈ વીજળીનો પછાડ ઝીલીને જતન કરે તેવી જગાએ ઓથ લેવો ભલો.

બ્રાહ્મણે કહ્યું: "બરાબર છે. હું નથી કહેતો કે રાજાનું મોત છે; હું તો કહું છું કે મહારાજને માથે વીજળીની ઘાત છે. કોઈ સારો ઓથ લઈને તમે એ ઘાત મોળી પાડી શકશો."

"ઓથ લેવાય એવું તો આપણા જોધપરિયા ડુંગરાનું ભોંયરું છે." એમ જાણકારોએ જાણ દીધી. જોધપરિયાના ભોંયરામાં છેલ્લું અઠવાડિયું વિતાડવાનું નક્કી થયું. ભોંયરામાં સાફસૂફી થઈ, અને સરંજામ પહોંચ્યો.

વાદળની સાથે વાતો કરતો, જુગજુગથી વીજ-વરસાદના ને તોફાનના ઘા ઝીલતો કાળો જોધપરિયો; કાળના હૈયામાં ખટકતી ખીલી સરીખો, ઈડરની ધરતી ઉપર પડછાયા નાખતો અને ગરુડ પંખીઓને આશરો દેતો ઊભો છે. એની ભૈરવી ટૂંકને માથે કાળનો એક પણ ઘા ફૂટ્યો નથી: કોઈ વ્રતધારી જોદ્ધો જાણે કવચ પહેરીને આઠેય પહોરની આલબેલ દેતો ઊભો છે.

એવા અટંકી ડુંગરાની પલોંઠી નીચે મોટી દરબાર-કચેરી સમાય તેવડું પોલાણ પથરાયેલું છે. એ પોલાણની અંદર બાવીસમા દિવસની સંધ્યાને સમયે રાવ કલ્યાણલજીએ, પોતાની થાળીમાંથી કોળિયો લેનાર તેવતેવડા ને બુઝર્ગ મળી પાંચસો સંગાથીઓ સાથે રહેઠાણ આદર્યું, રોજ રાતે ગાણાં-બજાણાંના રંગરાગ રેલાવા લાગ્યા.

સાત દિવસમાંથી એક દિવસ વીત્યો... બીજો દિવસ ઊગીને આથમ્યો... ત્રીજા દિવસની ઝડ લાગી... તેમ તેમ તો રાવ કલ્યાણમલજીની નજર ખેંચાતી જાય છે કે જે પાંચસો સાથી સોનાની મૂઠે તરવાર લઈને પોતાની ચોગમ વીરાસને ઝૂકતા હતા તેમાંથી રોજરોજ થોડા થોડા સરકીને ઘરભેળા થવા લાગ્યા છે. કાળના મોઢામાં ઓરવા માટે જે રાખી મૂકેલા તે જ જોદ્ધાઓ આમ ઓછા થાય છે, તેથી રાવને તો કંઈયે વહેમ નથી આવતો. 'કંઈક કામે જતા હશે,' 'કંઈક મારા રક્ષણનો ઉપાય વિચારવા જતા હશે', એવો અર્થ કરીને રાવ મન વાળે છે.

પણ એમ જોતાં જોતાં ઓગણત્રીસમા દિવસનું પ્રભાત પડ્યું અને આભને આરે કાળના કાફલા નાંગરતા હોય તેવાં વાદળાંની આવ-જા મંડાઈ ગઈ. એક પહોર... બે પહોર... અને ત્રીજે પહોરે તો દોવળા ને ચોવળા થર બાંધીને વાદળાંએ આભમાં ટપોટપ જમાવટ કરી દીધી. કાળનાં ડમરું બાજતાં હોય તેવી ધણેણાટી એ ઘઘૂંબેલા ગગનમાંથી ઊઠવા લાગી. પ્રલયનાં નગારાં માથે કાળભેરવો વજ્રની ડાંડી વડે ધોંસા દેવા લાગ્યા. કોઈ મંત્ર જાણનારે મંત્ર છાંટીને મોતની સેનાને જગાડી મૂકી છે.

કલ્યાણમલજીના હાથમાં હોકાની નળી રહી ગઈ છે, અને એને વીંટીને હવે એકસો જ સાથી બેઠા છે. એમાંથી તો એક પણ ઓછો થવાની બીક નથી. પણ જેમ જેમ તોફાનનાં મંડાણ જામતાં ગયાં, અને આભનાં ગડેડાટથી જોધપરિયો ડુંગર ગુંજવા લાગ્યો, તેમ તેમ કલ્યાણમલે દીઠું કે પોતાની હજૂરમાંથી એક પછી એક સાથી નોખનોખાં બહાનાં બતાવી લપાતો લપાતો સરતો જાય છે. એમ થાતાં થાતાં બપોરટાણું થયું ત્યાં તો પાંચસોમાંથી ચારસો-પંચાણું ફટકિયાં મોતી વિણાઈ વિણાઈને બહાર નીકળી પડ્યા, અને બાકી રહ્યા એંશી-એંશી વરસના પાંચ બુઢ્ઢાઓ. એ પાંચ ડોસા કઠણ છાતી કરીને રહ્યા તો ખરા, પણ રાવ કલ્યાણમલથી આઘેરા જઈને ભોંયરાના છેટા ખૂણામાં લપાતા બેઠા: પોતાના અન્નદાતાની પાસે બેસવાથી તો એને પણ વીજળી પડવાની બીક હતી!

'દુનિયા! વાહ દુનિયા! વાહ દુનિયા!' એવા ત્રણ નિ:શ્વાસ રાવના હૈયામાંથી નીકળી પડ્યા. મરક - મરક - મરક મુખ મલકાવીને રાજા

પોતાના ઓલવાતા હોકામાંથી જોર કરી કરી ઘૂંટો તાણવા લાગ્યા. બીજી બાજુ ગગનની પ્રલયકારી અસુર સેનામાં વીજળીનો વધારો થયો.

ઘડી આભનાં અંતર ભેદતી ને ઘડી ધરતીને માથે ગડથોલાં ખાતી વીજળીએ મહાઘોર નાટારંભ માંડ્યો: કડડ! કડડ! ત્રણ કટકા થઈને ડુંગરાને હલમલાવવા લાગી. પીળા, લાલ અને આસમાની રંગે ડુંગરો રંગાવા લાગ્યો. હમણાં ડુંગરનાં શિખર ખડેડીને ભુક્કો બની જશે, એવી ઘડીઓ ગણાતી થઈ. ઈડર શહેરને ગઢે, કોટે, કાંગરે ઝાડવે ને ઝરૂખે હજારો માનવી ચડીચડીને જોધપરિયા ડુંગરા માથે મોતની આતશબાજી મંડાણી હતી તે નીરખી રહ્યા: ઘડીક જળળળ અજવાસ: ઘડીક ઘોર અંધારું: કડેડાટ અને પવનના સુસવાટા: હમણાં ડુંગર તૂટશે... એ તૂટ્યો... એવા ફફડાટ: મહેલમાં માળાઓ લઈને 'હર! હર! હર!' કરતી બેસી ગયેલી રાણીઓ: અને હૈયે હૈયું દળાય તેવી મેદની: એની વચ્ચે કલ્યાણમલ હોકાની ઘૂંટો તાણતા, મોંમાં આંગળી નાખીને અચળ બેઠા છે.

એવે સમયે ઈડરના સીમાડા માથે એક સાંઢિયો પોતાની પીઠ ઉપર બે બોકાનીદાર પડછંદ અસવારોને ઉપાડીને ચાલ્યો આવે છે. જમીન ઉપર લા બળતી હોય એવા છબ્યા ન છબ્યા પગ માંડતો, ડિલને નીડોળીને પંદર-પંદર હાથ માથે ઝાંફો ભરતો, પોતાની ડોકને છેક અસવારના ખોળામાં નાખી દેતો, કટકા કરી નાખે તોપણ કણકે નહિ એવો, અને પા ગાઉ માથેથી પણ માનવીનાં પગલાં કળીને ખેતરવા જેટલે આઘે તરી જનારો, બા'રવટાંની રીતનો જાણનારો અસલ થરનો ઊંટ એ ડુંગરિયા પંથ કાપતો આવે છે.

માથે બેઠેલ અસવારો દૂધમલિયા જુવાનો જ છે. એમાંના એકનું નામ કલ્યાણસંગ અને બીજાનું નામ ઉમેદસંગ છે. બેયની કમ્મરે તલવારો લટકે છે, અને બેયના ખોળામાં લાંબી નાળીવાળી અક્કેક બંદૂક છે.

"ઉમેદા!" મોટા અસવારે યાદ કીધું.

"બોલો, ભાઈ!"

"ઉમેદા, જોજે હો, થડકારો થાય નહિ! આજ નાનકડી લૂંટમાં કોક બિચારા નવાણિયાને કૂટવામાં નથી રોકાવું. બહુ વાર બાપડા નિર્દોષોનાં માથાં ઉતાર્યાં છે. આજ તો ઈડર રાજનો મૂછનો વાળ હોય તેવાને જ ફૂંકી

દેવો છે, હો! ભલે ત્યાં કટકા થઈ જઈએ!"

"મોટાભાઈ! મૂંઝાઓ મા. આ વખત છેલ્લી વારના જુવાર કરીને જ નીકળ્યો છું અને અબળખા નથી રહી. ગળોગળ આવી ગયા છીએ. આજ તો એને મારીને એના રુધિરમાં આપણી દાઢી-મૂછોના કાતર્યા ભીંજવવા છે."

"ટીંટોઈની જાગીરનું એક છોકરું પણ જીવતું રહે ત્યાં સુધી ઈડરના ધણી નીંદર ન કરી શકે, એવી રીતે આજ મરી જાણવું છે, હો ભાઈ!"

"બહુ સારું, ભાઈ! અહાહાહા! પણ આ શો મામલો? ગઢનો કાંગરે કાંગરો ને ઝાડની ડાળીએ ડાળી આજ સજીવન કાં? કાળી રાતે ક્યાંય નહિ ને જોધપરિયા માથે વીજળી કાં ગડથોલાં ખાય?"

"અરે, પણ સીમાડે ક્યાંય એંધાણ નહિ ને શહેરમાં આ મેઘાડમ્બર ને વાવાઝોડું ક્યાંથી?"

બંને જણા અજાયબીમાં ગરકાવ થઈ ગયા. ગગનના કડાકા સાંભળી બંનેની વજ્ર-શી છાતી પણ થડક થડક થઈ વાદળના વાજિંત્ર સાથે તાલ દેવા લાગી ગઈ. અજવાસના ઝબકારામાં બંનેની આંખો અંજાઈ જવા લાગી, થોડી વારમાં તો સાંઢિયો ઈડરના દરવાજા પાસે આવીને ઊભો રહ્યો, અને આગલા અસવારે દરવાનને હાક દઈ પૂછ્યું: "આ બધું શું છે આજ?" ઉઘાડી તરવારે ટહેલતા પહેરેગીરે ટૂંકોટચ ઉત્તર દીધો: "રાવસાહેબને માથે વીજળી પડનારી છે."

"કોણે કહ્યું?"

"અમરેલી ગામના જોશીએ."

"ક્યાં છે રાવ?"

"જોધપરિયાના ભોંયરામાં."

"કોણ કોણ છે સાથે?"

"હતા તો પાંચસો, પણ અટાણે પાંચ રહ્યા – તે પણ આઘેરા જઈ બેઠા છે."

"ઉમેદા! સાંઢિયાને હાંકી લે જોધપરે!" એમ કહી કલ્યાણસંગ પાછલા કાઠામાં ટટાર થઈ ગયો. જોધપરિયા માથે ઊંટ વહેતો થયો. કોટને

કાંગરેથી માનવી જોઈ રહ્યો કે સાંઢિયાના અસવારો જોધપરિયે મરવા માટે જાય છે! વીજળીના અજવાસમાં ઊંટ અનેક રંગે રંગાતો આવે છે. ગડગડાટ કરીને ખાઈ જવા તત્પર થયેલા આભ સામે છાતી કાઢીને મરણિયો ઊંટ ફાળ ભરતો ચાલ્યો જાય છે.

અસવારોએ ડુંગરાની તળેટીમાં ઊંટ ઝોકાર્યો. ઊંટ ઝૂક્યો – ન ઝૂક્યો ત્યાં તો બંને અસવાર સપાટામાં ઠેકડા મારી ઊતર્યા; ભોંયરાને બારણે દાખલ થયા.

"ઉમેદા! જોજે હો, તું કાંઈ કરતો નહિ; હું જ હિસાબ ચૂકવીશ."

એટલું કહીને કલ્યાણસંગ દાખલ થયો. અંદર જઈને જુએ તો હલમલીને તૂટું તૂટું થતા ડુંગરાની નીચે જીવતા માણસનું પ્રેત બેઠું હોય તેવા રાવ કલ્યાણમલને બેઠેલ દીઠા.

એકલો, નિરાધાર અને મરતાની અણી ઉપર.

કલ્યાણસંગના અંતરમાં ઊભરો આવ્યો: "અહાહાહા! મારો ભાઈ, ઈડરનો છત્રપતિ એકલો!"

"મોટાભાઈ, ભારી લાગ મળ્યો! ફૂંકી દઉં છું. જે મોરલી..." એમ કહીને જ્યાં ઉમેદસંગ બંદૂક ઉગામવા જાય છે, ત્યાં તો કલ્યાણસંગે ઉમેદાનો હાથ ઝાલ્યો: "ઉમેદા! જામગરી ઓલવી નાખ!"

બેઉ ભાઈ રાવની પાસે જઈ ઊભા રહ્યા.

"કોણ તમે?" બોલતાં જ રાવનો અવાજ ફાટી ગયો.

"અમે કોણ? નથી ઓળખતો, બાપ? તેં રાન રાન ને પાન પાન કરી નાખેલ તારા ભાઈ! ઓળખ્યા કે નહિ?"

એટલું કહીને બંને જણાએ બુકાની છોડી. સૂસવાતા વાયરામાં બંનેની વાંકડી મૂછો ફરકી રહી.

"આ કોણ? કલ્યાણ! ઉમેદા! તમે આવી પહોંચ્યા?"

"હા, બાપ! અટાણે ન આવીએ તો પછી ક્યારે!" કહીને કલ્યાણસંગ કરડું હાસ્ય કર્યું.

"ભલે આવ્યા, કલ્યાણ – ઉમેદા! બ્રાહ્મણની વાણી સાચી પાડવા ભલે આવ્યા. તમારા મ્યાનમાં પણ વીજળી છે ને! ખેંચો ભાઈ!"

સાંભળીને બહારવટિયાની આંખ પલળતી દેખાઈ. બહારવટિયા કાંઈ બોલી ન શક્યા. ત્યાં તો ક - ડ - ડ - ડ ડુંગરો કડેડ્યો, અને રાવે કહ્યું: "કલ્યાણસંગ! ભાઈ! તું ભાગી જા. હમણાં વીજળી પડશે."

"ભાગી જાવું હોત તો તો આવત જ શા માટે? અને તને બહુ વહાલા હતા તે તો ભાગી ગયા! એની ભંભેરણીથી તો તેં અમારો રોટલો ઝૂંટવ્યો છે!"

ક-ડ-ડ-ડ! બીજી વાર મોતનો સાદ પડ્યો, અને મોટેરા બહારવટિયાએ કલ્યાણસંગ રાવનો હાથ ઝાલ્યો: "ઊઠ, ભાગી જા! બહાર નીકળી જા!"

"અને તું?" રાવે પૂછ્યું.

"હું તારો નામેરી છું. ઊઠ, બ્રાહ્મણની વાણી ભલે સાચી પડે. હું ખાઈ-પી ઊતર્યો છું. તું લાખોનો પાલણહાર –"

"હું ઊઠીને તને મારી ઘાત ઝીલવા દઉં? રામ રામ રામ..." ત્યાં તો કડડડ! ત્રીજો કડાકો થયો... આભ તૂટી પડ્યું... ડુંગરો હલમલ્યો... ઉપરથી શિખર ચિરાણું... બાર સૂરજ ભેળા ઊગ્યા હોય તેવો ઉજાસ થયો... અને એક પળમાં તો બહારવટિયા કલ્યાણસંગે રાવનું બાવડું ઝાલી ઘા કર્યો. રાવ આઘેના ખૂણામાં જઈ પડ્યો, અને ઉપરથી વીજળી પડી. બહારવટિયાના એ લંબાવેલા હાથને ખોટો પાડી, પાછી છલંગ મારી, ગુફાના જાણે ચૂરા કરી નાખશે તેવી કિકિયારી કરતી, તાંડવ રમતી ઈંદ્ર મહારાજની સળગતી સમશેર ગગનમંડળમાં પાછી ચાલી ગઈ.

પલકમાં તો તોફાન સંકેલાઈ ગયું. જાણે સ્વપ્નું આવીને ઊડી ગયું. બ્રાહ્મણના અક્ષર સાચા પડ્યા: 'કલ્યાણ' નામના બે માણસોમાંથી એક ઉપર વીજળી ત્રાટકી અને બરાબર વખતસર રાજા કલ્યાણમલની ઘાત લીધી.

"ભાઈ... મારો ભાઈ...!" એમ બોલતો રાવ આવીને બહારવટિયાના પગમાં પડી ગયો.

ગદ્ગદ્ કંઠે કોઈથી કાંઈ બોલાયું નહિ.

*[એ બ્રાહ્મણનાં સંતાનો તામ્રપત્ર પ્રમાણેની જમીન ખાતાં હતાં એવું કહેવાય છે. બહારવટિયાનું બહારવટું પાર પાડી ટીંટોઈ પરગણું પાછું સોંપ્યું કહેવાય છે.]*

# દીકરાનો મારનાર

*અંબા મોરિયા જી,*
*કે કેસું કોરિયા,*
*ચિત્ત ચકોરિયાં જી,*
*કે ફાગણ ફોરિયા.*

*ફોરિયા ફાગણ, પવન ફરહર, મહુ અંબા મોરિયા,*
*ધણ રાગ ગાવે ફાગ ઘરઘર, ઝટે પવ્વન જોરિયા,*
*ગુલ્લાલ ઝોળી રંગ હોળી રમત ગોપ રમાવણા,*
*આખંત રાધા નેહ બાધા વ્રજ્જ માધા આવણા!*

દેવળિયા ગામના ઝાંપામાં ફાગણ વદ એકમને પ્રભાતે ધૂળેટી રમાઈ રહી છે. વચ્ચે દરબાર મંદોદરખાનનો આઠ વરસનો દીકરો, અને કોરેમોરે ગામ આખાના હેડીહેડીના જુવાનો છે. આગલે દિવસે હુતાશણીનું પરબ હતું એટલે લીલા, પીળા ને કેસરિયા રંગમાં સહુ ગરકાવ હતા. તમામને અંગે પચરંગી છાંટણાં દીપતાં હતાં. પણ આજ તો પડવો એટલે ઘેરૈયા માઝા છાંડી ગયા છે: ગાંડાતૂર બનીને ગારો, માટી, છાણ જેવી ગંદી વસ્તુઓ એકબીજાને રોળવામાં ગુલતાન છે. ધૂળેટીનું તો પરબ જ મૂળ ગાંડું – અને એમાંય ગામડાની ધૂળેટી: કાળો કોપ!

"એલા ભાઈઓ! કો'ક ઊજળે લૂગડે મે'માન વયો આવે." એક ઘેરૈયાએ પાદરમાં નજર નાખીને ચસકો કર્યો. ત્યાં તો સહુ ઘરૈયાની મીટ મહેમાન પર મંડાઈ.

"એલા મે'માનને કોઈ છાંટશો મા!" બીજાએ મર્મમાં કહ્યું.

"અરે, મે'માનને તે કાંઈ રોળ્યા વગર રહેવાય! મે'માન ક્યાંથી હાથ આવે?"

"સાચું! સાચું!... મે'માનને રોળો!... ગોઠ્ય માગો!... રોળો!" એવા રીડિયા ઊઠ્યા, અને ઘેરૈયાએ મુસાફર સામે દોટ દીધી.

ધોળું બાસ્તા જેવું પાસાબંધી કેડિયું: પગને કાંઠે ત્રણ-ત્રણ ડોરણાંવાળી પકતી ચોરણી: ઉપર બગસરાની ગરેડી કોરની પછેડીની ભેટ: અને બગલમાં દબાવેલી એક ફાટેલતૂટેલ મ્યાનવાળી તરવાર: કેડે કોઈક કાળાંતરની જૂની કટારી: એવો દાઢીમૂછના ઘાટા કાતરાવાળો મહેમાન ચાલ્યો આવે છે. વસંત ઋતુમાં વનવગડે આંબાના મૉરમાંથી વછૂટતી ફોરમો લેતો લેતો, કેસૂડાંનાં ફૂલની ચૂંદડી જાણે વનરાઈએ ઓઢી લીધી હોય એવા શણગાર જોતો, છતાં પોતાને તો હુતાશણીનો જરાય હુલ્લાસ નથી એવો એ આદમી જે ઘડીએ ઘેરૈયાની લગોલગ આવ્યો તેવી જ ચીસ પાડી ઊઠ્યો કે "મને રોળશો મા! ભલા થઈને મને છાંટશો મા! તમારે પગે લાગું!"

પરોણે ના પાડી તેમ તો ઘેરૈયાઓને ઊલટાની વધુ ચાનક ચડી. બમણાત્રમણા ચડે ભરાઈને સહુ બોકાસાં પાડવા લાગ્યાં: "હાં ખબરદાર! મે'માનને ઓળખાય જ નહિ એવા વહરા ચીતરી મેલો! લાવો મશ ને ગારો."

જોતજોતાંમાં તો ધૂળ ઊડવા મંડી ઘેરેયાએ એકસામટી ઝપટ કરી. મહેમાન તો 'જાળવી જાવ!' 'જાળવી જાવ!' કરતો પાછો હઠવા લાગ્યો. પણ જુવાનો 'આંબું આંબું!' થઈ રહ્યા, એટલે એ ગાંડા ટોળાને પોતાનાથી છેટું રાખવા મહેમાને પોતાની તરવાર કાખમાં દબાવી હતી તે એમ ને એમ મ્યાન સોતી આડી વીંઝવા માંડી. ઘરૈયા ચસકા કરતા ઉપર પડવા જાય: પોતે બબ્બે કદમ પાછો હઠતો જાય ને 'રે'વા દ્યો!' 'રે'વા દ્યો!' કરતો જાય. ધૂળની ડમરી ઊડે છે એટલે પોતે કાંઈ જોઈ શકતો નથી. એ રીડિયારમણ, એ ચસકા, એ કાલાવાલા, એ તરવારનાં ઝાવાં અને એ ધૂળની આંધીનો કોઈ અનોખો જ મામલો જામી પડ્યો. એમાં અચાનક ધબ દઈને કોઈક પડ્યું.

"અરે, ગઝબ થયો!... કુંવર પડ્યા! કુંવરને વાગ્યું!... કુંવર જોખમાણા!" એવી બૂમ ઊઠી.

"મહેમાને કુંવરને તરવાર મારી!... પકડજો!... ઝાલજો! ઝાલજો!" એવી બીજી ચીસ પડી.

મુસાફર ચોંક્યો. એ ભાન ભૂલી ગયો અને ભાગ્યો. ઊભી વાટે સીમાડે હડી કાઢી. શું થયું એ જોવા કે પૂછવાની વેળા ન રહી. પાછું વાળીને નજર નાખવાની પણ હામ નહોતી. પોતાના હાથમાં તરવાર પકડી છે એની શી દશા થઈ છે તે નીરખવાનું પણ ભાન નથી. ગાંડો માણસ, કોઈ ખૂની જાણે દોડ્યો જાય છે.

આંહીં ઝાંપામાં તો કેર થઈ ગયો છે. મંદોદરખાન દરબારના નવ વરસના કુંવરને બરાબર ગળાની ભૂંગળી ઉપર તરવારનો વાઢ પડ્યો છે. લોહીનું ખાબોચિયું ભરાઈ ગયું, અને ઘડી-બે ઘડીમાં તો એની નાડ રજા લેશે એવું થઈ ગયું.

પણ આ થયું શું? થયું એમ કે ઘેરૈયાથી બચવા માટે એ બધાને પોતાનાથી છેટા રાખવા માટે, મહેમાન જે મ્યાન સોતી તરવાર આડી વીંઝતો હતો તેનું મ્યાન દૈવગતિએ એ ધૂળની આંધીમાં કોણ જાણે ક્યારે નીકળી પડ્યું; કોઈને ખબર નહિ, અને તરવારની પીંછી અકસ્માત્ કુંવરના જ ગળાની ભૂંગળી પર લબરકો લેતી ગઈ. કુંવર એક તો કુમળી વયનો, અને વળી નસીબદારનું બચ્ચું, એટલે તો બગીચાનું ફૂલ: તરત એના પ્રાણ નીકળી ગયા.

પલકમાં તો માણસો ડેલીએ દોડ્યા. કાવા કસુંબામાં આખો દાયરો ઘેઘૂર છે. દરબાર મંદોદરખાન જાતના હતા મોલેસલામ, પણ અસલ તો રાઠોડ રજપૂતની ઓલાદ. એક જ ગામડાનો ધણી; વાટકીનું શિરામણ કહેવાય; પણ પેટ બહુ મોટું; એટલે ફૂલની સુવાસ પામીને જેમ ભમરા વીંટાય, તેમ કારીગરો, નટવાઓ, કવિઓ, ગાવણાં-બજાવણાં કરનારાઓ તમામ મોટી આશાએ આજ વરસ દિવસના ઊજળા પરબ ઉપર દેવળિયાની ડેલીએ સમાતા નથી. ત્યા રંગમાં ભંગ પડ્યો: રાડ ગઈ કે કુંવરને માર્યો.

"અરે કોણે?"

"કો'ક મુસાફરે."

"ખોટી વાત. આજ કોનો દી ફર્યો છે?"

"અરે, બાપુ, આ મારીને જાય ઊભે માર્ગે – ઉઘાડી તરવારે!"

"હાં! લાવો મારી ઘોડી!"

રૂપિયા બે હજારની રોઝડી ઘોડી: હાથીના કુંભાથળ માથે જાતી ડાબા માંડે તેવી: ભાગતાં હરણાની સાથે ભેટા કરનારી.

એને ફક્ત ચોકડાભર મંદોદરખાને રાંગમાં લીધી; સાથળ હેઠે તરવાર દબાવી અને રોઝડીને ડચકારી: જાણે તીર છૂટ્યું.

ઝમ! ઝમ! ઝમ! આંખના ત્રણ પલકારા ભેળી તો ઘોડી સીમાડે પહોંચી. સમથળ ધરતીમાં સામે જુએ ત્યાં તો આદમી ભાગતો ભાળ્યો. હાથમાં ઉઘાડી તરવાર પિયાલા જેવી ચકચકે છે. સમજી લીધું કે એ જ ખૂની. મંદોદરખાને ઘોડીને ચાંપી.

મહેમાન દોડ્યો જાય છે ત્યાં ડાબા સંભળાણા; થંભી ગયો. પાછો ફરીને જોતાંની વાર જ જાણી લીધું કે પોતાનો કાળ આવી પહોંચ્યો. હવે પોતે પગપાળો તે ભાગીને કેટલેક જશે? આમેય મરવું તો છે જ, માટે હવે ચીંથરાં શીદ ફાડવાં?

ઊભો રહ્યો. બોલીને તો કાળને અટકાવાય એવું રહ્યું નથી. ખુલાસો કરવાનો વખત નથી રહ્યો. એટલે સામા ઊભા રહીને આ મુસાફરે પોતાની તરવાર પોતાને જ ગળે માંડી.

અસવાર એ સમસ્યાને સમજી ગયો; જાણ્યું કે કોઈ ત્રાગાળું વરણ લાગે છે અને હું આગળ વધીશ તો એ તરવાર ગળામાં પરોવીને મારે સીમાડે લોહી છાંટશે. એમ સમજી એણે રોઝડીને થંભાવી. આઘેથી પૂછ્યું: "કોણ છો?"

"ચારણ."

"શા માટે આવ્યો'તો?"

"કાળનો બોલાવ્યો. ભેંસ્યું બધી મરી ખૂટી... છોકરું છાશરાબ વગર રોવે છે... નો'તો આવતો. પણ ચારણ્યે ધકેલ્યો – મંદોદરખાનની વાસના માથે." અવાજ તૂટક તૂટક નીકળે છે.

"કુંવરને તેં માર્યો?"

"ઈશ્વર જાણે!" ચારણે આભ સામો હાથ કર્યા: "મને ખબર નથી. હું તો એટલું જ જાણું છું કે મારે ડેલીએ આવવું હતું. ચીંથરાં પહેર્યાં હશે તો ભૂંડો દેખાઈશ એમ માનીને ભેળી લૂગડાંની એક કોરી જોડ્ય હતી તે ગામ બહાર બદલાવી. ઘેરૈયા મને રોળવા આવ્યા. મેં એમાંથી ઊગરવા મ્યાનમાં બીડેલી તરવાર વીંઝી મ્યાન ક્યારે નીકળી પડ્યું તેની મને એ ધૂળની આંધીમાં ખબર નથી રહી."

આટલી વાત થાય છે ત્યાં તો પછવાડે ગોકીરા સંભળાયા. કાળી ચીસો પાડતું ગામ આખું હલકીને ચાલ્યું આવે છે. કોઈના હાથમાં તરવારો, તો કોઈના હાથમાં સાંબેલાં. ઘો! ઘો! ઘો! એવો દેકારો બોલતો આવે છે.

ભાળતાં જ ચારણે ફાળ ખાધી. મંદોદરખાને રોઝડીને માથેથી રાંગ છાંડી, પોતાની તરવાર આઘેરી ફગાવી દીધી અને પછી સાદ કર્યો: "ગઢવા, આંહીં આવ. આ લે."

"શું?"

"આ મારી ઘોડી આપું છું. ચડીને ભાગવા માંડ."

"શું બોલો છો?"

"ગઢવા, વાત કરવાની વેળા નથી. જોયું? આ ગામ હલક્યું છે, અને તેં એના કુંવરને મારી નાખ્યો છે. આવ્યા ભેળા તારી કાયાના રાઈ રાઈ જેવા કટકા જાણજે –"

"અરે, પણ ભાઈ – તમે!"

"હું! મારી ઓળખાણ અટાણે નહિ, પછી. અટાણે તો ભાગી નીકળ, નીકર તારાં છોકરાં રઝળી પડશે અને ગામલોકો તામાં ને તામાં રોક્યાં રહેશે નહિ."

"પણ, બાપ, તારું નામ –"

"અરે નામ ખુદાનું!" કહીને મંદોદરખાન દોડ્યો. ચારણને બાવડે ઝાલીને રોઝડી પર બેસાર્યો ચોકડું હાથમાં આપીને વાંસેથી રોઝડીને ડચકારી.

પૂંછનો ઝુંડો માથે કરતી ઘોડી ગઈ. જોતજોતામાં તો અલોપ થઈ.

મંદોદરખાન અડવાણા પગે પાછા ચાલ્યા આવે છે. રાંગમાં રોઝડી નથી, કાખમાં તરવાર નથી. ગામલોકોએ દોડીને પૂછ્યું: "કાં, બાપુ?"

"માળો લોંઠકો આદમી! મને જીતવા ન દીધો, ને તરવાર ને ઘોડી બેઉ લઈ ગયો!"

"અરે, રાખો રે રાખો, બાપુ!" વસ્તીએ ખિજાઈને કહ્યું: "ફણિધરને માથેથી મણિ લઈ જાય તો જ મંદોદરખાનની રાંગમાંથી રોઝડી લેવાય. ઠાલા મૂરખ શું બનાવો છો અમને? સાત ખોટનો એક દીકરો – એના મારાને ઊલટો ભગવ્યો?"

"લ્યો, હવે જાતી કરો." દરબારે શાંતિથી જવાબ વાળ્યો.

"જાતી શું કરે! એને પાતાળમાંથી પણ ગોતી કાઢશું."

"ભાઈ!" મંદોદરખાન બોલ્યા: "તમે તે કાંઈ દીવાના થયા? એણે શું મારા દીકરાને જાણીબૂજીને માર્યો'તો? એને ઘેર એવા કેટલા દીકરા ભૂખે મરે છે, જાણો છો? કોડભર્યો એ મારે ઉંબરે આવ્યો. અને દૈવગતિએ દીકરો મર્યો એ તો ખુદાતાલાની મરજી! આપણા કિસ્મતમાં નહિ હોય એટલે ખડી ગયો. પણ એટલા સારુ હું આજ ઊજળે દિવસે મારા સીમાડા માથે સામી હત્યા વહોરું? હાલો, બેટાની મૈયત કાઢીએ."

હસતે મુખે બાપે દીકરાને દફનાવ્યો.

# હીપો ખુમાણ

**કો**રી જગન્નાથી જેવા રંગની બે મની ઘોડીઓ ઉપર ચડેલા બે અસવારો ઠેઠ ચોરા સુધી ચડીને ચાલ્યા આવે છે એ જોઈને કરિયાણા ગામને ચોરે બેઠેલ આખા દાયરાને અચંબાનો પાર રહેતો નથી. જીવા ખાચર જેવા આબરૂદાર ગલઢેરાની આઈનું કારજ. અને કાણ્યે આવનાર કાઠી ઠેઠ ચોરા સુધી ઘોડે ચડીને ચાલ્યો આવે! પાદરમાંથી જ ઊતરી જઈને માથે પછેડી ઢાંકી કાણ કરતા પગપાળા આવવું જોઈએ એને બદલે આ બે અસવારો રાંગમાં ઘોડીઓને રમાડતા રમાડતા જાણે વિવાહ વાજને આવતા હોય તેમ ચાલ્યા આવે છે!

"દાયરાને રામરામ છે, બા!" એમ કહીને બેમાંથી બુઢ્ઢા અસવારે પાઘડી સુધી હાથ ઊંચા કરી પાગડું છાંડ્યું. બીજો અસવાર કે જેને હજુ મૂછનો દોરો ફૂટતો આવતો હતો, તેણે પોતાની ઘોડીની રાંગ છાંડી, વૃદ્ધના હાથમાંથી પણ મોટી ઘોડી લઈ લીધી. બંને ઘોડીઓએ જુવાનના બેઉ હાથમાં હમચી ખૂંદવા, હણહણાટી દેવા અને કાનસૂરીની દોઢ્યો ચડાવવા લાગી ગઈ.

"રામરામ, આપા, પધારો માથે." એમ બોલીને જીવા ખાચર ઊભા થયા, અને વૃદ્ધ અસવારને ખભે લાંબા હાથ કરી આદર દીધો.

"હીપા!" વૃદ્ધે જુવાન અસવારને સૂચના કરી: "બેય ઘોડિયુંને સમાયે બાંધીને તું પાસે રે'જે હો. રેઢી મેલતો નહીં."

"અરે, હા હા!" કહી જીવા ખાચરે પોતાના માણસોને હુકમ કર્યો: "જાવ, ભાઈ, આપાની બેય ઘોડિયુંને ઠાણમાં બંધાવો! અને ઘોડિયું પંથ કરીને આવે છે, ઘેર રાતબ દેવાની ટેવ હોય, એટલે ઘી-ગળની રાતબ ખવરાવો; આપણી મોટી કોઠીમાંથી ખાવા સારુ રાખ્યો છે તે લીલો બાજરો

કાઢીને જોગાણના પાવરા ચડાવો; ઊનાં પાણી મેલીને બેય ઘોડિયુંના પગ ઝારો; અને જોજો હો, ભાઈ, પડખે બીજું કોઈ ટારડું બાંધ્યું ન હોય, નીકર આપાની ઘોડીને ચાંચડ બગાં ચોટી પડશે!"

આ રીતે જીવા ખાચરનાં વેણની દોઢ્ય વળતી જાય છે અને આખા દાયરાના મોં ઉપર ઠાવકું સ્મિત ફરકે છે. પણ આ વૃદ્ધ મહેમાન કે જેનું નામ રાવત ખુમાણ હતું, એ પોતાના યજમાનનાં મર્મ વાક્યોને સમજી શક્યો નહિ. એણે તો ખરખરો કર્યો: "આઈને તો સુવાણ થઈ નહિ, આપા!"

"લેણાદેણીની વાત છે, આપા રાવત!"

"પાંચ વરસ બેઠાં હોત તો તમારે ઓથ હતી."

"હા જ તો! ભાઈ, સો વરસે દુકાળ પડે તોય વસમો તો લાગે જ છે ને, બા!"

રાતે સહુએ વાળુપાણી કર્યાં. કારજે આવનાર કાઠીઓએ જીવા ખાચરને પાવલી પાવલી આપીને 'વહેવાર' કર્યો, અને બીજે દિવસે સવારે તો કસુંબા પાણી લઈને મહેમાનો વીખરાઈ ગયા. રાવત ખુમાણ અને એનો દીકરો હીપો ખુમાણ પણ પોતાની ઘોડીઓની પીઠ પર શોભતા નાના રાજકોટને માર્ગે ચાલી નીકળ્યા. પણ ગામની બજારે થઈને જ્યારે એ બેય ઘોડીઓ ડાબા નાખતી નાખતી રેવાળ ચાલે ચાલી ગઈ, ત્યારે માણસો મોંમાં આંગળી નાખીને વાતો કરવા લાગ્યા: "ભાઈ, ઘોડાને મરતલોકના વિમાન કહ્યાં છે, તે આનું નામ!"

"બાપ, ઈ તો જેના ધણીએ આંગળિયું કરડાવીને ઉઝેર્યાં હોય, ને અંજળિમાં પાણી પાયાં હોય એનાં જ ઘોડાં એવાં નીવડે."

સાંભળી સાંભળીને જીવા ખાચરના કોઠામાં ઝાળ ઊપડી.

❁

"એલા, સાલેભાઈ!" પોતાને ઘેર જતનો છોકરો ઉછેરીને મોટો કરેલો, તેને જીવા ખાચરે બોલાવ્યો.

"શું કહ્યું, બાપુ?" સાલેભાઈ આવીને ઊભો રહ્યો.

"એલા તારું તો નામ જ 'સાલે' ને! મલક બધાનો સાળો કે?"

"એમ શા સારુ બોલવું પડે છે, બાપુ?"

"ત્યારે બીજું શું?"

"પણ કાંઈ વાંકગુનો ખોળે નાખશો કે?"

"શું નાખે, કપાળ? ઓલ્યા રાજકોટના બે કાઠી અસવારો મારું નાક વાઢી ગયા! મરેલી માની પણ મરજાદ ન કરી! એવડી બધી ફાટ્ય? બસ, ફક્ત એને ઘેર જ ઘોડાં બંધાય છે? અને ઈ ઘોડિયું હોય ત્યારે જ કાઠીને ફાટ્ય આવે ને?"

"તે બાપુ, એના ઠાણમાં ઘોડિયું સમાતી નહિ હોય."

"તો પછી ઠાલી સાંકડ શા સારુ ભોગવવા દેવી?"

"ભલે, આજથી બે મહિને કાઢી આવું."

કરવતે કપાય એવું જાડું ગરેડી જેવું તો જેનું કાંધ છે, અને જેની એક જ થપાટે માથું ખડી જાય, એવો સાલેભાઈ કોઈ પરદેશીને વેશે નાના રાજકોટ ગામમાં રાવત ખુમાણની ડેલીએ આવ્યો. પોતે રઝળી પડ્યો છે, પેટવડિયે પણ રહેવા રાજી છે, એવું એવું કહીને રાવત ખુમાણની ડેલીએ ચાકર રહ્યો. કામ કરી કરીને આખા ગઢમાં એ એવો તો વહાલો થઈ પડ્યો કે એની છૂપી મતલબનો કોઈને વહેમ રહ્યો નથી. એમ કરતાં બે મહિના વીતવા આવ્યા. જીવા ખાચરને આપેલી અવધિ પૂરી થવા આવી.

એક દિવસ પ્રભાતનો પહોર છે. હીપો ખુમાણ વાડીએ ગયો છે. બુઢ્ઢા રાવત ખુમાણ ઓરડામાં બેઠો બેઠો હોકો પીએ છે. આઈ છાશ ફેરવવામાં રોકાણાં છે. આસપાસ કોઈ પંખીડુંયે ફરકતું નથી તે લાગ જોઈને સાલેભાઈએ ઠાણમાં જઈ બે ઘોડીઓમાંથી જે મા હતી તેને છોડી, છલંગ મારીને ઘોડીને રાંગમાં વાળી અને ડેલી બહાર હાંકી.

બાપ બેટાને પણ ચડવા ન આપે એવી પોતાના ધણીને માનીતી મની ઉપર જેવો આઈએ સાલેભાઈને અસવાર થયેલો જોયો તેમ તો આઈ હાથમાંથી રવાઈનાં નેતરાં મેલી દઈને ઓસરીમાં દોડ્યાં આવ્યાં અને હાકોટો કર્યો: "એલા, ઈ ઘોડીએ કેમ ચડ્યો? અને ક્યાં લઈ જાછ?"

"આઈ, હીપાભાઈએ વાડીએ મંગાવી છે, પોતાને આંહીં ઘર દીમના

ચડી આવવા સારુ.''

ઘોડીની વાત સાંભળતાં જ ડોસો રાવત ખુમાણ હડી કાઢીને બહાર નીકળ્યો, ચસકો કર્યો કે ''એલા, તેં કોઈને પૂછીને ઘોડી છોડી છે? ઊતર હેઠો! હીપોભાઈ ઈ ઘોડીએ ચડે નહિ.''

''એ... આપા, હેઠો ઉતારવા તો હવે કરિયાણે આવજો!'' એટલું બોલીને સાલેભાઈએ ઘોડીને ડચકારી. ડોસો પાછળ દોડ્યો, ગામના લોકોએ રીડિયા કર્યા, પણ મની ઘોડીને કોઈ આંબે એમ નહોતું. ભોંઠા પડીને સહુ ઊભા રહ્યા અને સાલેભાઈ મનીને જાણે કે આકાશને માર્ગે ઉડાડતો ઉપાડી ગયો.

''હવે?'' આઈએ હોઠે આંગળી માંડીને ઉચ્ચાર્યું: ''ઈ ઘોડીના ચોરની વાંસે કોણ જાય? દાંતુંમાં દઈને શું જાતો રિયો?''

''બીજું ઘોડું એને આંબે એમ નથી, વછેરી જ આંબે. બોલાવો ઝટ હીપાને. હીપા વિના બીજો કોણ ચડે એમ છે?''

બાપે હીપા ખુમાણને બોલાવવા વાડીએ માણસ દોડાવ્યું. હીપો દોડતો દોડતો શ્વાસભર્યો ગઢમાં આવ્યો. મની ઘોડીની ભેળા જાણે કે હીપાના પ્રાણ જાતા રહ્યા હતા.

''કઈ દશ્યે ગ્યો?'' હીપે પૂછ્યું.

''બાપ, કરિયાણે, બીજે ક્યાં? તે દી કારજે ગ્યા'તા ને, જીવા ખાચરને ઘોડિયું ગમી ગઈ હશે.''

''ઠીક, હું જાઉં છું.'' કહેતો હીપો વછેરી છોડવા ચાલ્યો.

''માડી, હીપા!'' આઈએ સાદ કર્યો: ''બટકું છાશ પીને પછી જ ચડજે ને, બાપ! કોણ જાણે ક્યાં રોટલા ભેળો થઈશ.''

માએ ખાવાનું કહ્યું, એટલે પછી તો જમવા બેઠા વગર ગામતરું ન જ થાય એવા વહેમથી હીપો ખુમાણ ખાવા બેઠો. ઊનો ઊનો બાજરાનો રોટલો, પળી એક ઘી, દૂધદહીંની ભરેલી તાંસળીઓ અને સાકરનો ભૂકો થાળીમાં પીરસીને હીપાની વહુ લઈ આવ્યાં. બાજઠ ઉપર થાળ મૂકીને એ ઘૂમટાવાળી કાઠિયાણી તો એક બાજુએ બારણાના ટોડલાના ટેકે ઊભી રહી. અને પોતાના સાત ખોટ્યના એક જ દીકરાની સામે બેસીને આઈ

થાળી પરથી માખીઓ ઉડાડવા લાગ્યા. રોટલામાં ઘીની ધાર દેવાણી: ધીંગો રોટલો ઘી પી રહ્યો છે: હીપો દૂધની તાંસળીમાં મૂઠી ભરીને સાકર નાખે છે: સામે મા બેઠી છે ને પાછળ કાઠિયાણી વહુ ઘૂમટો તાણીને પોતાના આછા કસુંબલ મલીરમાંથી ત્રાંસી નજરે બે કમળ જેવી આંખો ખેંચીને પોતાના નાથને નીરખી રહી છે. હજુ બે જ દિવસ થયાં એ વહુ બાપના ઘેરથી આણું વળીને, ફૂલેલ તેલના કૂંપા, હિંગળાની ડાબલીઓ, ડબરો ભરીને સુખડું અને સ્વામીને વાહર ઢોળવાના આભલે જડ્યા, મોતીભર્યા રેશમી વીંઝણા લેતી આવી છે. હજુ તો ગઈ કાલે જ કરિયાવર પાથરેલો તે જોવા ગામ હલક્યું હતું. ને તેવતેવડી સહિયરોએ એની ભરત ભરેલી ચોપાટ ભાળીને ધરાઈ ધરાઈ હાંસી કરી હતી: ને ગામમાં વાતો થતી હતી કે આવો સુગંધી સોંધો તથા આવું આંખ-ઉજાળતું કાજળ તો કે'દીએ ગામમાં આવ્યું નથી જાણ્યું!

એવી કોડભરી કાઠિયાણી, કંકુની લોળ જેવી, એક હાથે આંગળીઓની વચ્ચે ઘૂમટાની કોરને રમાડતી ને બીજે હાથે બારણાનો ટોડલો ઝાલી કોણી સુધીની પોતાના શરણાઈ જેવા હાથની કળા બતાવતી, ફૂલના હાર ઉપર ભમરા બેઠા હોય તેવાં છૂંદણાંથી શોભતી ઊભી છે, અને બીજી બાજુ જ્યાં હીપો રોટલાનું બટકું ભાંગવા જાય છે, ત્યાં વાહર ઢોળતાં આઈ બોલ્યાં: "હેં માડી! અટાણે નોં જા તો? છેટું બહુ ઝાઝું પડી ગયું છે, ને કેણી કોર એ કાળમુખો હાલ્યો તેની થોડી ખબર છે?"

"ત્યારે શું કરવું, માડી?" હીપો નીચું માથું રાખીને બોલ્યો.

"આપણે વાવડ કઢાવીએ. ઈ બાપડો માકડ તે જઈને ક્યાં સંતાશે? વાવડ મળ્યા પછી પાતાળમાં હશે તોય ખોળી કાઢશું. અને આમ ને આમ જાવાથી એક તો ઘોડીને પેટપીડ ઊપડશે અને વળી ઈ પીટ્યો રાખહ તુંને એકલાને પોગવાય કેમ દેશે?"

"ફુઈ!" ઘૂમટામાંથી જુવાન વહુનો અવાજ આવ્યો.

"કેમ, બેટા?"

"તો તો પછી, ફુઈ, હવે ગલઢેરો વછેરી ઉપર બેસીને ગામતરું કરી રિયા!"

સાંભળતાં જ હીપો ચોંક્યો. બટકું હાથમાં જ થંભી રહ્યું. અને રાતીચોળ મુખમુદ્રા કરીને આઈએ પૂછ્યું: "શું છે તે?"

"બીજું શું હોય? વછેરીએ ચડીને ગલઢેરો ગામતરાં કરશે એટલે ગામેગામને ચોરેથી કાઠી-દાયરો મહર કરશે."

"શું મહર કરશે?"

"આંગળી ચીંધાડીને કે'શે કે આની માને ચોર લઈ ગયા." અને ગલઢેરો કજિયો કરવા ઊઠશે, તો કહેશે કે "અમે તો આ વછેરીની માની વાત કરતા હતા." એમ નામ દેશે વછેરીની માનું, અને ગાળ પડશે તમને! માટે જો એવી ગાળ્યું ખાવી હોય તો ભલે હમણે ઘોડીને ગોતવા ગલઢેરો નૉ જાય!"

"રામ!" કહીને હીપાએ હાથમાંથી પહેલું બટકું પડતું મૂક્યું. હાથ ધોઈને એણે માતાને કહ્યું: "માડી! હવે કાંઈ બોલો તો મારું લોહી! હું હવે ખાવા નહિ રોકાઉં. તમારી ભત્રીજીની વાત સાચી છે."

યુવાન કાઠિયાણી ટોડલો ઝાલી અને લાંબા છટાદાર ઘૂમટા આડે એવું ને એવું ગરવું મોં રાખી હેમના ખંભ-શી ઊભી રહી. સાસુજીની બે ભમ્મરો ખેંચાઈને ભેગી થઈ ગઈ. અને અન્નદેવતા સામે હાથની અંજલિ જોડીને અઢાર વરસનો દીકરો ઊભો થઈ ગયો. એણે વછેરીને છોડી, ફક્ત ચોકડાભર રાંગ વાળી, સાથળ નીચે એક તરવાર દબાવી ને ખોળામાં એક કામળો લીધો. અને ખરે મધ્યાહ્ને કરિયાણાને માર્ગે વછેરીને ચડાવી.

સંધ્યાની રૂંઝ્યો વળી તે વખતે હીપો કરિયાણાના ઝાંપામાં દાખલ થયો. ડેલીએ જાય ત્યાં જીવા ખાચર પચીસેક કાઠીઓની વચ્ચે વીંટાઈને બેઠા છે. ઘોડીએથી ઊતરીને હીપાએ દરબારને રામરામ કર્યા.

"આવો, જુવાન, કેવા છો?"

"કાઠી છું."

"ઠીક, કાઠીભાઈ, બેસો."

પોતાની ઘોડીની સરક હાથમાં ઝાલીને હીપો ચોરાની કોરે થાંભલીને ટેકો દઈ બેસી ગયો. જીવા ખાચરે પ્રથમ દાઢ ભીંસીને પ્રશ્ન પૂછ્યો તે પૂછ્યો, પછી પરોણાની સામે પણ ન જોયું. હોકો પિવાતો પિવાતો એક

પછી એક માણસના હાથમાં કૂંડાળે ફરવા લાગ્યો. ફક્ત હીપાનો જ વારો આવ્યો નહિ. ઝંખવાણો પડી ગયેલ જુવાન પોતાની પાંપણો વડે ધરતી ખણતો ચૂપચાપ બેઠો રહ્યો.

રાતે વાળુટાણું થયું. ચાકરે આવીને કહ્યું કે "બાપુ, થાળી પિરસાણી છે."

"ઊઠો, કાઠીભાઈ, વાળુ કરવા." કહીને જીવો ખાચર પોતાની પચીસ માણસની પંગત લઈને ઊઠ્યા. વાંસે વાંસે હીપો ખુમાણ પણ પોતાની ઘોડી દોરીને ઓરડાની ઓસરીએ જમવા ગયો.

ચાકર દૂધની તાંબડી લઈને પંગતમાં પીરસી રહ્યો છે. પીરસતાં પીરસતાં હીપાની થાળી પાસે પહોંચે છે, તે વખતે જીવો ખાચર છેટે બેઠો બોલ્યો: "એલા, ઈ કાઠીભાઈને દૂધ સમાયેં પીરસજે હોં કે! એના મોઢામાં હજી દૂધ ફોરે છે!"

એટલું બોલીને પંગતના તમામ ભાઈબંધોની સામે જીવા ખાચરે આંખનો મિચકારો માર્યો. તમામ હોઠ મરક મરક થઈ રહ્યા.

હીપો આ મર્મવાક્યનો માયલો ભેદ સમજી ગયો. દરબાર જીવો ખાચર મને એમ કહે છે કે હજી તો તું નાનો છે. માતાનું સ્તનપાન છોડ્યાં તને હજુ ઝાઝી અવસ્થા નથી થઈ. એટલે તું પાછો ફરી જા! નહિ તો તું બાળક છે તેથી માર્યો જઈશ!

હાય જીતવા! એક તો ચોરી ને એની ઉપર આ શિરજોરી! દાઝ્યાને માથે ડામ! પણ શું કરું? અટાણે મારો સમો નથી.

ખાવું તો ઝેર થઈ પડ્યું હતું. અન્નના બે-ત્રણ કોળિયા તો મહામહેનતે ગળે ઉતાર્યા. સુખે અનાજ શેં ભાવે? ઘોડીનો પત્તો એ દરબારગઢમાં તો ક્યાંયે ન લાગ્યો, પંગત ઊઠી એટલે પોતે પણ ઘોડીએ ચડીને જીવા ખાચરની રજા લીધી.

પણ જાવું ક્યાં? પૂછવું કોને? એવી મૂંઝવણમાં ગારક બનીને એ તો ચાલ્યો જાય છે. ગામ બહાર નીકળ્યો. ત્યાં પાદરમાં દેખાયો કે તરત જ ઢેઢવાડામાંથી એક બાઈ બોલી: "આ અસવાર તો નવી નવાઈનો લાગે છે! બપોર દીનો ઘોડીએ ચડીને આંટા જ ખાધા કરે છે! આ સોત થઈને ચોથી

વાર નીકળ્યો.''

સૌએ ખડખડ દાંત કાઢ્યા. હીપાને કાને પણ આ શબ્દો પડ્યા. લગામ તાણી હીપો થંભ્યો. ઘોડીને વાળી ઢેઢવાડામાં ગયો. જઈને પૂછ્યું: ''ભાઈ, તમે હમણાં શી વાત કરતા હતા?''

''કાંઈ નહિ, બાપુ, તમે તમારે ચાલ્યા જાવ. આ અમારે એક બાઈ જરા બટકબોલી છે, તે બોલ્યા વિના ન રહી શકી.''

''પણ તમે મને ચાર વાર આવતો દીઠો ખરો?''

''અમને, બાપુ, તમારું મોં તો યાદ નથી, પણ ઘોડી તો આવી ધોળા વાનની જ હતી.''

''હું બપોરે બહાર નીકળીને કયે માર્ગે ગયો હતો?''

''આમ કાળુભાર દીમના.''

''ઠીક, હશે.''

એટલું બોલીને હીપાએ ઘોડી હાંકી. એ સમજ્યો કે ઘોડી લઈ આવીને આંહીંથી પાછો સાલેભાઈ ઊપડી ગયો છે. 'ધીરી, બાપા! ધીરી, બાપા!' કહીને એણે વછેરીને વહેતી મેલી. બરાબર ચંદ્ર આકાશે ચડી ગયો તે વખતે લીંબાળી ગામને માર્ગે એક ચારણનો નેસ પડેલ ત્યાં એ પહોંચ્યો.

જમીન ઉપર પચાસેક ભેંસો દાણો દાણો થઈને ચરી રહી છે અને એક પરજિયો ચારણ લાકડીનો ટેકો દઈને મોટા છત્રપતિ જેવી છટાથી ઊભો છે. એના હાથમાં ત્રીજે કણ્ય કરેલો હોકો છે. કાળી ભમ્મર દાઢીવાળો અને ચળકતી આંખોવાળો આ નેસવાસી ચારણ નવખંડ ધરતીનું રાજ ચલાવીને પછી વિસામો ખાતો હોય તેમ ડૂંઘો પીએ છે. નજીકના નેસમાંથી પાવા વગડે છે તેના સૂર આખી સીમમાં પથરાય છે. ચંદ્રમાની ચાંદની અને પાવાના સંગીત વચ્ચે લહેકાર બંધાઈ ગયેલ, તેમાં ત્રીજો ઉમેરો એકતારા ઉપર વાગતા ભજનનો થતો હતો. ગોળા જેવડા તૂંબડાવાળા તંબૂર પર કોઈ પરજિયાનો ઘેરો રવ ટપકતો હતો:

*એક વાર આવો રે હરિ મારે નેસડે હો જી!*
*એ ના'વો તો તમને નંદબાવાની આણ!*
*એ ના'વો તો તેમને ગોરાંપીરાંની આણ. – એક૦*

*દૂધલડે પખાળું રે હરિ તમારા પાહુલા હો જી!*
*એ તેનાં અમને ચરણામૃતયાં નીમ. – એક૦*

*ભોજનિયાં જમાડું રે હરિ તમને લાપશી હો જી!*
*એ તેમાં પીરસું ખોબલે ખોબલે ખાંડ. – એક૦*

*મુખવાસ આલું રે હરિ તમને એલચી હો જી!*
*એ બીજા આલું પાનનાં બીડલાં પચાસ. – એક૦*

આખા દિવસના લોથપોથ થયેલા હીપાની નસો તૂટતી હતી. મનમાં કરિયાણાની ડેલીએ મળેલી હીણપ ખટકતી હતી. એટલે હોકાની બે ઘૂંટ લઈ લેવાની લાલચ થઈ આવી. ઘોડી થંભાવી એણે ચારણને પૂછ્યું: "ભાઈ, ડૂંઘો પિવરાવશો?"

સાંભળીને ચારણે સામે જોયું. પૂછ્યું: "મામા છો?"

"હા, ભાઈ."

ચારણ હમેશાં કાઠીને 'મામો' કહે છે. અસવાર કાઠી છે એમ જાણીને તરત એણે હોકો અસવારના હાથમાં આપ્યો. હીપો ખુમાણ ફૂંકો ખેંચવા લાગ્યો. ચારણે પૂછ્યું: "અટાણે કેમના?"

"ગઢવા, નાક કપાણું છે તે ગોતવા!"

"ભેંસ કે ઘોડો?"

"ઘોડી."

"બાતમી આપું તો મોરાપું શું દેશો?"

"તો બેય ઘોડિયું તને મોરાપામાં આપી દઉં! આ ચડ્યો છું ઈ વછેરી અને ચોરાણી છે ઈ એની મા, બેય અટાણથી તારી થઈ ચૂકી."

"ના, ના." ચારણે ડોકું ધુણાવીને ના પાડી. એની નજરમાં ઘોડીઓ નહોતી, એની મીટ તો બીજે જ ઠેકાણે મંડાઈ ગઈ છે. ચંદ્રમાને અજવાળે, હીપા ખુમાણના ખોળામાં રંગબેરંગી સાંગરી બાંધેલો, ધોળો ફૂલ એક ધાબળો ઝગમગી રહ્યો છે. એવો રૂડો ધાબળો પોતાને ખભે નાખી ડોબાં ચારવાની હોંશમાં ચારણને હજાર-હજાર રૂપિયાની બે ઘોડીઓ તુચ્છ લાગી, અને એણે ઊંડા કોડથી માગ્યું કે "આ કામળો દઈશ, મામા?"

"આ લે ગઢવા, આ કામળો. ઘોડિયું તો આવે કે ન આવે તોય

કામળો તો તને રિયો.''

એટલું કહેતાં કહેતાં હીપાએ ખોળામાંથી કામળો ઉપાડીને ઘા કર્યો. કામળો ચારણના ખભા ઉપર જઈ પડ્યો અને ઉલ્લાસમાં ગરક બનેલો ચારણ બોલી ઊઠ્યો: ''જો મામા, આંહીંથી આડી એક ધાર છે. આથમણી કોર ધાર તૂટેલ પડી છે ને ત્યાં એક સજીવન વોંકળો હાલ્યો જાય છે. ત્યાં તારી ઘોડી બાંધીને તારો ચોર પડ્યો છે. બહુ વંકી જગ્યા છે. અને તુંને એકલાને ઈ પોગવા નહિ દે, માટે તું ઊભો રે', હું ભેસુંને ભેળિયું કરીને અબઘડી તારી હારે આવું છું.''

એટલું કહીને ચારણ ગોબો લઈને દોડ્યો. ભેંસોને ભેળી કરવા લાગ્યો, અને આ તરફ ઘોડી માથે બેઠાં હીપા ખુમાણનો હોકો હાથમાં થંભી ગયો. એના દિલમાં વિચાર ઊપડ્યો: ''બે જણા જઈને એક શત્રુને જીતશું, એમાં શી મરદાનગી લેખાશે? અને હું આજ પ્રથમ પહેલો નીકળ્યો છું. એમાં જ શું જશના ભાગલા પડશે? એ તો ઠીક, પણ મને મેણું દઈને મોકલનારી કાઠિયાણીને હું કાલ રાતે મળીશ ત્યારે શું જવાબ દઈશ? પછી એ કાંઈ બોલવામાં બાકી રાખશે? હે જીતવા! જાઉં તો એકલો જ જાઉં, નીકર મારે ઘોડી ન ખપે.''

તરત એણે નીચે હાથ લંબાવી વાડ્યને ટેકે હોકો મેલી દીધો અને ઘોડીને ડુંગરમાં ચડાવી.

સાલેમાળ ડુંગરનું જ એ પીછું નીકળ્યું હતું: અંદર મોટાં મોટાં કોતર પડ્યાં છે. ચડ્યે ઘોડે અંદરથી નીકળાય તેમ નથી. ઊતરીને વછેરી ઝાડને થડ બાંધી પોતે પોતાનાં પગરખાં કાઢી નાખ્યાં. ઉપર ચડ્યો ત્યાં તો નજર પડી: ગરુડના ઈંડા જેવી ઘોડી, ચંદ્રમાને અજવાળે દેખાણી: કોઈ દૂધિયાં સરોવરમાં જાણે કમળફૂલ ખીલ્યું છે. ઊભી ઘોડી પૂંછની ચમરી વીંઝે છે, અને પડખે જ બંદૂકનો ટેકો દઈને ચોર સૂતો છે. જરાક ઝોકે લેવાઈ ગયેલો લાગ્યો. પાડાના કાંધ જેવી ગરદન: કરવતે કપાય એવી અને મહિષાસુરના જેવી પડછંદ ફાટેલી કાયા: સામે ભયંકર એકાન્ત: શત્રુના હાથમાં બંદૂક અને પોતાની પાસે ફક્ત તરવાર જ: એક પળે તો કાળજું થડકી ગયું. પણ બીજી જ ઘડીએ કાઠિયાણીને કલ્પનામાં ઊભેલી દીઠી.

તરવાર તાણીને હીપો દોડ્યો. પોતાના ધણીને ભાળતાં જ ઘોડીએ હાવળ દીધી. ડુંગરા ફાટફાટ થઈ રહ્યા. ઝોલે ચડેલો જત જાગી ઊઠ્યો, અને જ્યાં પડખું ફેરવીને નજર કરવા જાય ત્યાં ગરદન ઉપર હીપાના જોરદાર હાથનો ઝાટકો પડ્યો. કોણ જાણે કેવાય મેળની તરવાર પડી કે કરવતે વેરાય તેવું ડોકું એક જ ઝાટકે ઘડથી નોખું થઈ ગયું. એક વાધરી પણ ન વળગી રહી. અને ડુંગરમાળમાં એ ઝાટકાના પડછંદા ઊઠ્યા.

ઘોડીની હાવળ: સામે વછેરીની હણહણાટી: ને ત્રીજો ગરદન પર ગાજેલો ઝાટકો: ત્રણ અવાજ અધરાતને ટાઢે પહોરે ડુંગરાની ગાળીમાં ભયંકર નિર્જનતા વચ્ચે એટલા તો કારમા અને ઘોર લાગ્યા કે ભેંસો ભેળી કરનાર ચારણે નક્કી 'મામા'નું મોત થઈ ગયેલું માન્યું. 'આવી પહોંચ્યો છું! આવ્યો છું!' એવી હાકલ સાથે એણે ડુંગરા ભણી દોટ દીધી. ફાળમાં ને ફાળમાં એનો શ્વાસ ચડી ગયો, પણ જ્યાં અંદર જઈને નજર કરે ત્યાં તો હીપાને હેમખેમ લોહિયાળું ખડગ લઈ ને ઊભેલો દીઠો. જોઈને ચારણની છાતીએથી કસો તૂટવા મંડી. અઢાર વરસના જુવાન કાઠીનો ઝાટકો જોઈને ચારણે બાથ ભરી લીધી. અને મા-દીકરી બેઉ ઘોડીઓના સામસામા હર્ષનાદથી ડુંગરા ડોલવા લાગ્યા. રાતનાં જળ જંપી ગયેલા તે જાગી ઊઠ્યાં.

"અખિયાત કરી! મામા, તેં તો અખિયાત કરી!" એવા પડકારા ચારણના કંઠમાંથી નીકળવા લાગ્યા.

"બાપો! બાપો મારો! બાપો ઘોડી!" એમ બોલીને હીપો ઘોડીને બચ્ચીઓ દેવા લાગ્યો. ઘોડી થનગની ઊઠી.

હીપાએ ચોરના માથાના મોટા વાળનો ચોટલો ઝાલી, નીતરતે લોહીએ લટકતું માથું હાથમાં ઉપાડ્યું, ઘોડી છોડી, વછેરીને પણ લીધી. ચારેય જીવ ચારણને નેસડે આવ્યાં. ત્યાં બાકીની રાત હીપાએ બેઠાં બેઠાં અને બેય ઘોડીઓને પંપાળતાં પંપાળતાં પૂરી કરી. એને નીંદર આવે તેવું તો નહોતું રહ્યું. સવારે ઊઠીને એણે ચારણની ઓસરીએ ઢીંગલનાં દૂધગોરસ અને લીલાકંજાર બાજરાના રોટલાની મહેમાની ચાખી. જમી કરીને એણે બેય ઘોડીઓની સરક ચારણના હાથમાં મૂકી.

"આ લે, ગઢવા આ તારા મોરાપામાં."

"અરે, રામરામ કર, મામા! મારે ઘોડિયું શું કરવી છે?"

"તું ગમે તે કર, પણ મારા નસીબમાં તો હવે એ ઘોડિયું સમાતી નથી."

ઘણી રકઝક કરી, પણ ચારણ પીગળ્યો નહિ. આખરે હીપાએ કહ્યું કે "ભલો થઈ ને હાલ્ય મારી સાથે. એક ભેંસ આપું."

"હમણાં નહિ. મારે તાણ પડશે તે દી આવીશ."

હીપો તૈયાર થયો. ચોરનું માથું ચોટલે ઝાલીને એ ઘોડીએ ચડ્યો. વાંસે વછેરી છૂટી ચાલી આવે છે. વિદાય લેતી વખતે ચારણે હીપાને ચેતવ્યો: "મામા, પાધરો રાજકોટનો મારગ લેજે હો! કરિયાણે થઈને હાલતો નહિ."

"ત્યારે તો હવે કરિયાણાની બજાર વચ્ચોવચ થઈને જ હાલવું જોશે, ગઢવા! તેં ઠીક સંભારી દીધું."

એમ કહીને હઠાળો જુવાન માર્ગે પડ્યો. હૈયે જરાય થડકાર વિના એ કરિયાણાની બજાર સોંસરવો પડ્યો. જીવા ખાચરની ડેલીએ બેઠેલા દાયરાએ એને આવતો ભાળતા જ સહુની આંખ ફાટી રહી. બન્ને ઘોડીઓ એકબીજાનાં મોં ચાટતી ચાટતી રમતી આવે છે. અને હીપાના હાથમાં સાલેભાઈ જતનું લોહી ટપકતું માથું લટકે છે.

"હવે આદમીએ આદમીને માર્યો એમાં લોહી ત્રબકતું માથું લઈને શું હાલ્યો આવ છ?" ખાચરે કહ્યું.

"કોઈની આંખમાં રાઈ આવતી હોય તો એ... આ લ્યો, બા!" કહીને હીપાએ માથાનો ઘા કર્યો. માથું દાયરા વચ્ચે જઈ પડ્યું.

"લ્યો, બા, ઈ માથું, અને ધડ જોતું હોય તો પડ્યું છે સાલેમાળની ધારમાં: બાળો કે દાટો. અને મારું નામ છે હીપો ખુમાણ: બાપનું નામ રાવત ખુમાણ: રહું છું નાને રાજકોટ: વેર વાળવા આવવું હોય તો હાલ્યા આવજો."

બેય ઘોડીઓને નાટારંભ કરાવતો કાઠી ચાલ્યો ગયો, અને ગામ એની પાછળ મીટ માંડીને જોતું રહ્યું.

*હીપો પછાડે હાથિયાં, પટાધર પ્રાંચળ,*
*ગજ ભાંગી લોળા ગળે, લાંઘણિયો લાંકાળ.*

[કમ્મરની પાતળી લાંકવાળા ભૂખ્યા કેસરી સિંહ-શો હીપો ખુમાણ પોતાની ભુજાઓ વડે હાથી સરખા શત્રુઓને પછાડે છે.]

અઢાર વરસના જુવાન હીપાને આજ બીજાં ચાલીસ ચોમાસાં વીતી ગયાં છે. રૂપાનાં પતરાં હોય તેવા રંગની દાઢી, મૂછ ને માથાના મોવાળા જરાવસ્થાએ આવીને રંગી નાખ્યા છે. એને ઘેર બે દીકરા છે: એક સૂરગ અને બીજો ચાંપો. બેય છોકરાને પણ આવતી જુવાની છે. સાવઝના તો સાવઝ જ પાકે એ કહેવત સૂરગ-ચાંપાએ સાચી પાડી છે.

એમાં ઈશ્વરે બુઢ્ઢાને માથે કાળી વાદળીની છાયા ઢાળી. ગારિયાધાર ગામ પાલીતાણા રાજને કબજે છે, એ ગારિયાધારમાં નાના રાજકોટ ગામના સીમાડા ઉપર હીપો ખુમાણ પંદર સાંતીની જમીન ખાતો. એમાં પાલીતાણાના ઠાકોર પ્રતાપસંગજીની નજર પડી. હીપો સમજે છે કે એ જમીન મારી ગરાસની છે.

તે દિવસ અંગ્રેજ સરકારની આવતી જુવાની: સોનગઢની કચારીમાં આ તકરારનો મુકરદમો ચાલ્યો. ગારિયાધારના વાણિયા નરસી પીતામ્બરવાળા, કે જે વરસોવરસ આ જમીનના પાકનો તોલવહીવટ કરી પાલીતાણાને અને હીપા ખુમાણને એ નીપજ વહેંચી દેતા, એ વાણિયાની સાક્ષી પુછાઈ.

"તમે આ જમીનની નીપજનો તોલ કરી પાલીતાણા દરબાર અને હીપા ખુમાણ વચ્ચે વહેંચી દેતા?"

"હા, સાહેબ."

"એ વરસોવરસના વહીવટનો ચોપડો છે?"

"ના, ચોપડામાં હિસાબ મંડાતો નહિ. મોઢેથી જ વેંચી લેવાતું."

વાણિયાએ કૂડી સાખ પૂરી. જાણી જોઈને વાણિયો બનાવટી સાહેદ હોય એવો દેખાણો. અદાલતે એ જમીન પાલીતાણા દરબારની ઠરાવી. હીપા ખુમાણના હાથમાંથી એ જમીન છૂટી ગઈ.

❁

"હીપા ખુમાણ! વિચાર કરો. આ અંગ્રેજ સરકારની આવતી બાદશાહી: એકલું પાલીતાણું જ નથી, પણ આ સૌ રાજાઓની ભીંસ થાશે. અને એ તો સમદરનાં પાણી. ઝીંક ઝલાશે, આપા?"

હેતુમિત્રોએ હીપા ખુમાણને બહારવટે નીકળતાં અટકાવવા માટે આવી રીતે સમજાવવા માંડ્યું.

"હું તો બીજું કાંઈ ન જાણું, મારે તો પાલીતાણા દરબારગઢની દેવડી વચાળે જ મારો રણસગો મંડાવવો છે."

"પણ મરી મટવાથી શો લાભ ખાટવો છે, આપા હીપા?"

"એવો હિસાબ તો આવડ્યો નથી. અને હવે પળિયાં આવ્યાં, હવે આવડશે નહિ. કહો, ભાઈ સૂરગ, ભાઈ ચાંપા, તમારો શો મત છે?"

"અમે તો, બાપુ, જમીન પાછી ન મળે ત્યાં સુધી રાજકોટનું પાણી અગરાજ કરીને જ બેઠા છીએ."

"ત્યારે પછી હવે શીદ તરશે મરવું?"

બેય દીકરાને લઈ બાપ બેઠો થયો. હથિયાર-પડિયાર બાંધી, ઘોડીઓ રાંગમાં લઈ, બહાર નીકળી પડ્યા. પંદર જણાની એક નાની ફોજ ઊભી કરીને પાલીતાણાનાં ગામડાં ધમરોળવા માંડ્યાં. દરબારે હીપા ખુમાણના ગામ ઉપર થાણું બેસાડ્યું.

માહ મહિનો ચાલ્યો જાય છે. પણ પાલીતાણાની સીમમાં ઘઉંની વાડીઓ ઉજ્જડ પડી છે. કોસ જોડવા કણબીનો દીકરો કોઈ આવતો નથી. વાડીએ વાડીના કૂવા સૂનકાર છે.

એ ટાણે હીપા ખુમાણ પોતાની ટુકડીને લઈ ધામળાની સીમમાં ઘોડાં ફેરવે છે. પાસે નાણું નથી રહ્યું.

"ભાઈ સૂરગ, ભાઈ ચાંપા, ખરચીખૂટ બનીને બા'રવટાં નહિ ખેડાય. અને ગારિયાધારને માથે પડ્યા વગર સોનામોરુંના ખડિયા નહિ ભરાય."

"સાચું, બાપુ!" સૂરગ બોલ્યો: "અને નરસી પીતામ્બરવાળાએ જ આપણો રોટલો રઝળાવ્યો છે. એટલે એની પાસે જ ખરચી માગીએ."

સાથે એક શુકન જાણવાવાળો હતો. એણે કહ્યું: "બાપુ, આ ગઈ રાતે મહા મહિનાનું માવઠું થયું છે, અને આપણે માથે અણગળ પાણી પડ્યું છે.

એટલે દેખીપેખીને અપશુકનનાં પગલાં શીદ ભરીએ?''

''અરે ભાઈ, ક્યાં આપણે લગ્ન કરવાં છે તે શુકન-અપશુકન જોવા બેસીએ? અને મારે આટલાં માણસોને ખવરાવવું શું? તેમ ગારિયાધાર વગર ખડિયા પણ ભરાય તેવું નથી.''

તે દિવસ સાંજનો પહોર નમતો હતો. બીજે દિવસે ગારિયાધાર લૂંટવાનું નક્કી થયું. હીપા ખુમાણે નાનેરા દીકરાને હુકમ દીધો કે ''ભાઈ ચાંપા, તું રાજકોટ જઈને ઘેર ખરચી દઈ આવીશ?''

''એક શરતે, બાપુ!''

''શું?''

''કે મારા આવ્યા પહેલાં ગારિયાધાર ઉપર જો તમે જાઓ તો અમને આપા દેવાનું દેવસું!'' દીકરાએ સંત દેવાના સોગન દીધા.

''ભલે, બા, જા, વે'લો વળી નીકળજે.''

રૂપિયા આપવા ચાંપો બરાબર દીવાટાણું વીત્યા પછી ગામમાં પહોંચ્યો. અઢાર વરસના દીકરાના દીકરાને આટલી રઝળપાટ પછી ઘેર આવેલ દેખીને એની મા ને એનાં ફુઈ ઘેલાં ઘેલાં થઈ ગયાં. ફુઈ સમાચાર પૂછવા લાગ્યાં: ''બાપ! તારા બાપુને પંડ્યે સુવાણ છે? મોટો ભાઈ મૂંઝાતો નથી ને?''

એવા એવા સવાલો કરે છે, ત્યાં થાણાવાળો સિપાઈ આવ્યો. આવીને કહે: ''ફુઈ, આ છાલિયામાં કઢી આપજો તો! અને મે'માન કોણ આવેલ છે?''

''ઈ તો મારી બે'નનો દીકરો છે.'' એમ કહીને ચાંપાની માએ ચાંપાની વહુને કહ્યું: ''લે, દીકરી, આ છાલિયામાં જમાદાર સારુ કઢી લઈ આવ્ય.''

ચતુર નારી સમજી ગઈ. ઓરડામાં જઈ ને એણે તાવણામાંથી ડોલરના ફૂલ જેવું ધોળું ઘી તાંસળીમાં ભર્યું. તાંસળી એણે સિપાઈના હાથમાં દીધી: ''લ્યો જમાદાર, કઢી.''

સિપાઈએ અંધારી રાત્રે તાંસળીમાં સફેદ ઘી ચળકતું દીઠું. સિપાઈનું મોઢું ભાંગી ગયું. એણે વગરપૂછ્યે કહ્યું કે ''ફુઈ, જે મે'માન હોય તે રાત ભલે રોકાય, પણ સવારે વે'લું ગામ મેલી દ્યે એટલું કરજો, નીકર અમારો

રોટલો તૂટશે."

"સારું, માડી!"

એમ સિપાઈનું મોં ભાંગીને આઈ દીકરાને સમજાવવા લાગ્યાં કે "ચાંપા, આજની રાત વિસામો લઈને પછી ભળકડે ચડી જાજો, ભાઈ!"

"ના, માડી, હું રોકાઈશ તો નહિ. ઘરનું પાણી મોંમાં મેલાય તેમ નથી, એટલે હવે ચીંથરાં ફાડશો મા."

ઘણું ઘણું મનાવ્યો, પણ ચાંપો બદલ્યો નહિ.

"ઠીક, ભાઈ, પણ ઘરમાં જઈને તારા બાપુની બરછી તો લેતો જા, સજાઈને આવી ગઈ છે."

માતાના મનમાં આશા છે કે ઓરડાની અંદર ચાંપાની આણાત વહુ ઊભી છે, એનો રોક્યો ચાંપો રોકાઈ જશે.

ચાંપો અંદર ગયો. સામે જ હેમના ખંભ સરીખી નવજોબનવંતી નારી ઊભેલી દીઠી.

*કોણ દેવળરી પૂતળી, કોણે તને ઘડી સોનાર?*
*કયા રાજાની કુંવરી, કોણ પુરુષ ઘરનાર?*

અરે

*નૈ દેવળરી પૂતળી, નૈ મને ઘડી સોનાર,*
*અસૂરો રેવત ખેલવે, એ પુરુષ ઘરનાર.*

એવા અસૂરી વેળાએ ઘોડા ખેલવનાર વીરનું ઓઢણું ઓઢનારી કાઠિયાણીએ કંથને ભાળી, બે ઘડી બેસીને વાતો કરવા આવ્યો હશે એમ સમજી ઢોલિયો ઢાળ્યો.

"કાઠીની દીકરી છો?" ચાંપાએ ત્રાંસી આંખે ઠપકાનાં વેણ કાઢ્યાં: "અટાણે ઢોલિયો? ખબર નથી, હું બા'રવટે છું?"

"ભૂલ થઈ. મને એમ કે બે ઘડી બેસશો."

બોલતાં બોલતાં બાઈના બેય ગાલે પ્રીતની લાલ ટશરો ફૂટી નીકળી. પાંપણ જરા પલળી ગઈ.

"ઠીક, કાઠિયાણી! બા'રવટું તો હવે વે'લું પૂરું થાશે તો તો સાત-સાત

જન્મારાની ભૂખ્યું ભાંગશું, નીકર જીવ્યામૂઆના જુવાર...''

એટલું વેણ ચાંપાના ગળામાં ડૂબી ગયું. અને ખોંખારો ખાઈ ચાંપો ઘોડે ચડ્યો. માતા, ફુઈ અને ઘરની નારી નીરખી અસૂરી રાતે અંધારામાં એકલો વળાવીને મા આભનાં ચાંદરડાં સામે શૂન્ય મીટ માંડીને થંભી ગઈ. ઓરડામાં કાઠિયાણીએ ઢોલિયો ઢાળ્યો હતો તે ઉપાડીને પોતે હાથમાં માળા લઈ ખૂણામાં બેસી ગઈ.

સવારે મહારાજે ઉદયાચળનાં શિખર ઉપર કોર કાઢી તે વેળાએ ચાંપો ખુમાણ પિપાવાડીએ પહોંચીને બાપુને જઈ મળ્યો. હેડી હેડીના ભાઈબંધો પોતપોતાનું નોખનોખું કૂંડાળું કરી કાવાકસુંબા લઈ રહ્યા હતા તેમાં પોતાની વડ્યેવડ્ય ગોતીને ચાંપો પણ બેસી ગયો. માટીના થર વળી ગયા છે, બુકાની છોડીને એણે પાણી વતી મોં વીંછળ્યું.

''એ બા! ચાંપાભાઈને જરા કસુંબો સમાયેં લેવરાવજો હો! ઘરે જઈને આવે છે!'' એમ એક ભાઈબંધે મર્મ કર્યો.

''જરા વિચારીને વેણ કાઢજો હો, ભાઈ!'' ચાંપે નીચે મોંએ બોલીને હાંસીને તોડી: ''હું બા'રવટે છું, અને ઘેર તો ખરચી દેવા ગયો હતો, એટલું ભૂલશો મા.''

મિત્રો ચેતી ગયા. મશ્કરી બંધ પડી. દાયરામાં એક ઠરાવ થયો કે સાંજે દીવે વાટ્યો ચડે તે વેળા ગારિયાધારને માથે ત્રાટકવું, કેમ કે બહારવટિયાની ખોટી બાતમી મળવા પરથી તે દિવસે ગારિયાધારની ફોજ બીજી દિશામાં જવાની હતી.

''સૂરગ, તું દસ જણને લઈ નરસી પીતામ્બરની દુકાનો માથે ચડી જા. હડફા તોડીતોડીને ખડિયા ભરવા મંડો અને હું, ચાંપો, અમે બધા દરબારગઢ ઉઘડાવીએ.'' એમ હીપા ખુમાણે માણસો વહેંચી નાખ્યાં ને પોતે દરબારગઢને દરવાજે લટકતી તોતિંગ સાંકળ ખખડાવી.

''મેરજી જમાદાર!''

''કોણ બાપુ, હીપો ખુમાણ?'' અંદરથી ચોકીદારે સાદ ઓળખ્યો: ''આવી પોગ્યો, બાપુ?''

''હા, મેરજી! હવે ઝટ બા'ર નીકળો.''

"એ નીકળું છું, બાપ! હવે કાંઈ થોડો બેઠો રહીશ?"

થોડીક વાર થઈ, બજારમાં લૂંટફાટનો ગોકીરો જાગી ઊઠ્યો. મેરજીને કાંઈક વખત લાગ્યો.

"કાં, મેરજી! જીવ કાંઈ ઓળે છે ગરે?"

"ના, બાપુ, અટાણે મેરજીનો જીવ ઓળે થોડો ગરે?" અંદરથી જવાબ આવ્યો: "અટાણે તો લેખે ચડી જાવાનું ટાણું કે'વાય."

"ત્યારે?"

"આ એક નાનો બાળ્યકો મને ઝાલી રાખે છે, બાપુ! એને ધક્કો દેતાં જીવ પાછો પડે છે."

"એયે ભલે ને બહાર રમવા આવે!"

દરબારગઢનો દરવાજો ઊઘડ્યો, અને બે જણ બહાર નીકળ્યા: એક આઠ વરસનો દીકરો છે, એના હાથમાં નાની એવી તરવાર (નીમજો) છે: અને બીજો એંશી વરસનો બુઢ્ઢો મેરજી જત છે, જેને ખભે બંદૂક છે. દાઢીમૂછ રૂની પૂણી જેવાં સફેદ થઈ ગયાં છે.

છોકરો નાનકડી તરવાર લઈને કૂદ્યો, અને સાંઢિયા તેમ જ ઘોડાને પગે ઝાટકા મારીમારીને ચસકા કરવા લાગ્યો. મેરજીએ ખભેથી બંદૂક ઉતારી.

"મેરજી!" હીપો ખુમાણે હાકલ દીધી: "પે'લો ઘા તમારો."

"બાપુ, મારો ન હોય!"

"બુઢ્ઢા છો, કરો ઘા."

વહેલા એ પહેલા અને ભૂલે એ ઘેલા, એમ વિચારીને મેરજીએ બંદૂકના કાન ઉપર જામગરી ચાંપી. અંધારે હીપા ખુમાણની ઘોડી ઉપર એંધાણ માંડીને ગોળી છોડી.

ગોળી ક્યાં ગઈ? હીપા ખુમાણની ઘોડીના કાઠાની મૂંડકીમાં ભટકાઈ ખણિંગ કરતી ગોળી બીજી બાજુ ગઈ અને ચાંપો ખુમાણ ઊભો હતો તેના પડખામાં પેસી, લોહીમાં નાઈધોઈ, ધ્રોપટ બીજે પડખે થઈને નીકળી ગઈ. ચાંપાને બંને પડખે લોહીનાં પરનાળાં મંડાયાં. તત્કાળ ચાંપે હાથ ઊંચો કરી, પડખે ખોરડું હતું તેને નેવેથી એક નળિયું ખેંચી, તોડી, બે ચીપો બન્ને

બાજુના ઘા ઉપર મૂકી દઈ પોતાનો ફેંટો કસકસાવીને તેની ઉપર બાંધી દીધો. અંધારે કોઈએ દીઠું નહિ.

"મેરજી! ગોળી ખાલી ગઈ!" હીપા ખુમાણે હાસ્ય કર્યું.

"બાપુ! મારી ગોળી ખાલી જાય નહિ. મારો હાથ ઠર્યો છે ને? જિંદગાનીભર કદી ખાલી નથી ગઈ ને આજ છેલ્લી વેળા મને ભોંઠો પાડશે?"

"ફિકર નહિ, મેરજી. ફરી ઘા કરો."

"હોય નહિ, બાપુ! મેરજી બીજો ઘા કોઈ દી ન કરે."

"આ લે ત્યારે, કર સદ્‌ગતિ!" કહીને હીપા ખુમાણે મેરજી જમાદારને ભાલે વીંધ્યો. બીજી બાજુ લૂંટ પૂરી થઈ.

ચાંપો બોલ્યો: "બાપુને ગારિયાધારના ખડિયા ભરવા'તા, તે ભરાઈ ગયા. હવે હાલો ઝટ. અસવાર પાલીતાણે પહોંચી ગયો હશે, અને હમણાં ફોજ આવી પડશે."

બહારવટિયાએ સાણાના ડુંગર ભણી ઘોડાં હાંકી મેલ્યાં.

માર્ગે ખડિયામાં સોનામહોરો અને બાબીશાહી રૂપિયા ખખડતા આવે છે, હવે ક્યાંય લૂંટવા જવું નહિ પડે એવા હરખના દીવા ટમટમતા અદશ્ય થાય છે.

ફક્ત ચાંપો ખુમાણ વારેવારે સૂરગની પાસેથી પાણી માગી માગીને પીતો આવે છે.

બહારવટિયાઓ ધાંતરવડી નદીને કાંઠે, મોટે ભળકડે આવી પહોંચ્યા ત્યારે ચાંપે ફરી કહ્યું: "ભાઈ, પાણી દે ને!"

"એલા, આટલું બધું પાણી કેમ પી છો?"

"અમથો."

"બાપુ! ચાંપોભાઈ વારે વારે પાણી માગતો આવે છે!"

"કેમ, ચાંપા?" હીપાએ પૂછ્યું.

"ઈ તો મારાથી કાલ સાંજે કસુંબો વધુ પડતો લેવાઈ ગયો'તો એટલે." બોલતાં ચાંપાનો સ્વર તૂટતો આવે છે.

એટલું પૂછતાં તો બાપની નજર ચાંપાના શરીર પર બરાબર પડી,

ને બાપ ચમક્યો.

"એલા, આ શું? ફેંટો કેડ્યે બાંધ્યો છે, ને ફાળિયું માથે કાં બાંધ્યું છે?"

"કાંઈ નહિ, બાપુ! હાલો ઝટ સાણા ભેળા થઈ જાવ."

"અરે, કાંઈ નહિ શું – કપાળ? ઓલ્યો મેરજી બોલ્યો'તો કે એનો હાથ ઠર્યો છે! નક્કી એની ગોળી તને ચોંટી. લે, છોડ્ય ફેંટો."

"બાપુ, એમ ફેંટો ન છોડાય. અને ઝટ સાણા ભેળા થાવ. વાંસે વાર પહોંચી સમજજો."

બાપે ન માન્યું ને હઠ પકડી.

"ઠીક લ્યો ત્યારે, બાપુ, કાઢો કમાણી!" એટલું બોલીને ચાંપાએ પેટ ઉપરથી ફેંટાનો બંધ ઉખેળ્યો. ઉખેળતાં જ આંતરડાંનો ઢગલો બહાર પડ્યો અને ત્રણ આંચકા ખાઈને ચાંપાએ બે હાથ જોડતાં જોડતાં પોતાના પ્રાણ છોડ્યા.

*પે'લા જુવાર મારા દાદાજીને કે'જો,*
*હોકલિયાનો ભરનારો દીકરો તારો ત્યાં રહ્યો!*

*બીજા જુવાર મારી માતાજીને કે'જો,*
*ઘડપણનો પાળનારો બેટડો તારો ત્યાં રહ્યો!*

*ત્રીજા જુવાર મારી બેનીને કે'જો,*
*કરિયાવરનો વોરનારો બાંધવ તારો ત્યાં રહ્યો!*

*ચોથા જુવાર મારી ભાભલડીને કે'જો,*
*હાંસીનો હસનાર દેવર તારો ત્યાં રહ્યો!*

*પાંચમા જુવાર મારી પરણેતર કે'જો,*
*ખોળામાં પોઢનારો પરણ્યો તારો ત્યાં રહ્યો!*

એવા અણસાંભળ્યા સૂરો ગાતો ગાતો જાણે એ જુવાન દીકરાનો હંસલો આકાશમાર્ગે ચાલી નીકળ્યો અને બુઢ્ઢો બાપ ફાટી આંખે એ શબની સામે જોઈ રહ્યો.

"બાપુ!" સૂરગે સાદ દીધો: "હવે આંસુ ખેરવા ઊભા રહેવાનું નથી.

તમે આ બધા માણસોને લઈ સાણામાં દાખલ થઈ જાઓ. હું ચાંપાભાઈને ઠેકાણે પાડું છું.''

હીપા ખુમાણે અને બીજા બહારવટિયાઓએ કૂચ કરી મેલી અને આંહીં, સૂરગે ચોફાળની ખોઈ કરી, એમાં ચાંપાની લાશ સુવાડી, અને બેય ઘોડીઓ ઉપર ચાંપાની લાશ નાખી, ઘોડીઓને દોરતો દોરતો જોગીદાસ ખુમાણની આંબરડીએ લઈ ગયો. પાદરમાં જ લાશ ઉતારી, એક કાઠી ઊભેલો હશે તેને કહ્યું: ''ભાઈ, લાખા ખુમાણને કહેજો કે મારા ભાઈ ચાંપાનું મડદું તમને ભળાવી જાઉં છું. બને તો દેન દેજો, નીકર ઓઘામાં નાખીને ફૂંકી દેજો. મારી વાંસે વાર હાલી આવે છે એટલે હું એનો સગો ભાઈ થાઉં છું તો પણ જાઉં છું.''

નાનેરા ભાઈની લાશને પારકે પાદર પ્રભુને ભરોસે મેલીને સૂરગ સાણા તરફ ચાલતો થયો અને બીજી બાજુ સૂરજનાં કિરણો ચડતાં તો આંબરડીનો ખુમાણ દાયરો પાદરે આવીને એંશી માણસે હાજર થયો. સમાચાર સાંભળીને લાખો ખુમાણ બોલ્યો: ''અરે વાત છે કાંઈ? ચાંપા ખુમાણ જેવા કાઠીને ઓઘામાં ફૂંકાય! લ્યો ઝોળી, દરબારગઢમાં ડેલો કરવો છે.''[1]

ઢોલિયા ઉપર ચાંપાના શબને સુવાડી, ઉપર કિનખાબ ઓઢાડી, ચાંપાને દહન કરવા આંબરડી ગામનું નાનુંમોટું પાંચસો માણસ નીકળ્યું. સહુ સ્મશાને પહોંચ્યા છે, ચિતા ખડકાય છે, ચાંપા સરખો વીર મર્યાનો વિલાપ ચાલે છે, ત્યાં પાલીતાણાની વારે સ્મશાનને વીંટી લીધું.

''લાવો અમારા ચોરને!'' જમાદારે પડકારો દીધો.

''ભાઈ જમાદાર!'' લાખા ખુમાણે મક્કમ અવાજે ઉત્તર દીધો: ''તમારો ગુનેગાર તો એનો જીવ હતો, એનો દેહ નહિ. એ ગુનેગાર તો હવે ચાલ્યો ગયો છે. તેમ છતાં પણ જો તમારે મન હોય તો થાવ તૈયાર. અમે છીએ એટલા કપાઈ જઈએ. પછી ખુશીથી તમારા ચોરને પાલીતાણે લઈ જજો.''

1. શબને સ્મશાને લઈ જવાની કાઠી કોમની આ વિધિને 'ડેલો કરવો' કહે છે.

"ના, ના, અમે લડવા નથી આવ્યા, અમારે તો દરબાર સાહેબનો હુકમ છે કે પાલીતાણાને ખરચે ચાંપા ખુમાણને દેન દેવું છે, માટે માગણી કરીએ છીએ."

"તો પછી આંહીં પણ પાલીતાણાનો જ પ્રતાપ છે. આભડવા આવ્યા હો તો ઊતરો હેઠા."

પાલીતાણાની ફોજે પણ ફાળિયાં પહેરી આભડવામાં ભાગ લીધો. એ રીતે ચાંપો ખુમાણ પોતાની આણાત કાઠિયાણીને છેલ્લા જુવાર કરીને પોઢી ગયો.

✿

સાણાને ડુંગરે હીપાને ચિત્તભ્રમ ઊપડ્યો છે. ગારિયાધારની લૂંટનો તમામ માલ વહેંચી દઈને પોતાની સાથેના પગારદારોને હીપા ખુમાણે રજા આપી દીધી છે. બાપ અને દીકરો બે જ, માણસના પ્રેત જેવા, ડુંગરે ડુંગરમાં આથડે છે. બેમાંથી કોઈ કોઈની સાથે બોલતું નથી.

ચોક-હાથસણીના વંકા ડુંગરામાં એક રાતે બાપ-દીકરો છાનામાના સૂતા છે. અંધારે જેટલાં ઝાડવાં એટલા ચાંપા દેખાય છે. જેટલા ડુંગરા એટલી ચિતાઓ બળે છે. ઝાડની ડાળીઓ પવનને સુસવાટે કડકડ અવાજ કરે છે.

એ વખતે હીપો ઊઠ્યો સૂરગની પથારી સામે નજર કરી. લપાતો લપાતો પોતાની ઘોડી છોડી અસવાર થઈ ચાલી નીકળ્યો. સૂરગ પણ ક્યાં સૂઈ ગયો હતો? એ પણ ઊઠ્યો, ચડ્યો ઘોડીએ, અને બાપની પાછળ થોડું થોડું છેટું રાખતો ચાલ્યો.

ચાલ્યા જાય છે, બસ ચાલ્યા જાય છે, આખી રાત ચાલ્યા જ જાય છે. ઘોડીઓ પણ પોતે ક્યાં જાય છે તેની કશી ગમ વગર, ખોંખારો ખાધા વગર ચાલી જાય છે.

ભળકડું થયું ને અસવારો શેત્રુંજાની ઓથમાં પહોંચ્યા. ઘેટી અને પાલીતાણાની વચ્ચે ઘોડીઓ ચાલી જાય છે. પાલીતાણાના ગઢકાંગરા દેખાય છે, તોપણ હીપો અટકતો નથી. એટલે પડખે ચડીને સૂરગે બાવડું

ઝાલ્યું. હાથ હડબડાવીને પૂછ્યું: "આમ ક્યાં જાઓ છો?"

"તું કેમ આવ્યો? તારું કામ નથી. પાછો જા!"

"અરે, બાપુ, પાછો તે શે મોંએ જાઉં? પણ આમ તો જુઓ! પાલીતાણાનો દરબારગઢ કળાય. હમણાં વાર વીંટી લેશે."

"મારે પણ દરબારગઢનું કામ છે."

"શું કામ છે?"

"ગઢની ડેલી વચ્ચે મારો રણસગો મંડાવવો છે."

"ઠીક, હાલો."

અંધારામાં બેઉ અસવારો જઈને પાલીતાણા ગઢના બંધ દરવાજા પાસે ગઢની ઓથ લઈ ઊભા છે. ત્યાં ડેલીએ સવાલ-જવાબ સાંભળ્યા.

"એ ભાઈ દરવાન! ઉઘાડ ને!" બહારથી એક ગાડીવાન મુસાફર આજીજી કરે છે.

"અટાણે નહિ, દી ઊગવા દે." અંદરનો સંત્રી કહે છે.

"ભલો થઈને –"

"ના, ભાઈ, તારો બાપ હીપો ખુમાણ ભાળ્યો છે?"

"આ એક હીપો ખુમાણ સાલો –"

એવી બેચાર ગાળોના શબ્દ સાંભળતાં જ સૂરગે છલંગ દીધી. તરવારનો એક ઝાટકો, અને ગાડીવાળાનું શિર ઉપાડી લીધું. ગોકીરો થયો. દરવાજા ઊઘડ્યા, બીંગલ ફૂંકાણું. ચડો! ચડો! ચડો! એવા ચસકા થયા.

હીપો અને સૂરગ ભાગ્યા.

"સૂરગ! તેં ગજબ કર્યો! મારું મોત બગાડ્યું! મારે આજ મરવું હતું તે સાચું, પણ પાલીતાણાના દરબારગઢની ડેલી વચ્ચે મારો રણસગો મંડાવવો હતો. પાલીતાણાનો ટીંબો તપે ત્યાં સુધી મારે એની છાતી માથે ઊભા રહેવું હતું. બાપ સૂરગ! બહુ અધીરો થઈ ગયો! આજ આપણે કૂતરાને મોતે મરવું પડશે, ભાઈ!"

સૂરગના મનમાં પણ વિમાસણનો પાર ન રહ્યો. બન્ને અસવારો પૂર પાટીએ ઘોડીઓ ફેંક્યે જાય છે અને પાછળ પડકાર કરતી વાર લગોલગ આવી પહોંચી છે. ચાર-પાંચ ગાઉનો પંથ કાપ્યો ત્યાં શેત્રુંજી આડી પડેલી

દીઠી. જ્યાં જુએ ત્યાં બબ્બે ને ત્રણ-ત્રણ માથોડાં ઊંચી ભેખડો! ઊતરવાનો ક્યાંયે આરો ન મળે. પણ રસ્તો શોધવાનો સમય ક્યાં હતો? વાંસે મોત વહ્યું આવતું હતું!

ખબોખબ! બેય ઘોડીઓ કૂદીને નદીના પટમાં પડી. પાછળ વારના અસવારો પણ ખાબક્યા. સૂરગે સામી ભેખડે જઈને ઘોડી ચડાવી. એની ઘોડી તો ભાથામાંથી તીર જાય તેમ ભેખડ ઉપર ચારેય પગે પહોંચી ગઈ. પણ હીપાની ઘોડીના બે ડાબલા કાંઠા ઉપર મંડાતાં જ ભેખડ ફસકી. હીપો પડ્યો. હીપા ઉપર ઘોડી પડી અને ઘોડી ઉપર ભેખડનું મોટું ગાદળું પડ્યું: કચરાઈને હીપાએ ત્યાં ને ત્યાં પ્રાણ છોડ્યા.[1]

અસવારો એની લાશને ઉપાડીને પાલીતાણે લઈ ગયા. ઠાકોર પ્રતાપસંગજીને હીપાના મૃત્યુની ખબર પડતાં પોતે બહુ કલ્પાંત કર્યું: “અરે જમાદાર! મેં બહારવટિયાઓને જીવતા ઝાલવાનું કહ્યું'તું ને તમે બેય વાર બાપ-દીકરાને ઠાર માર્યા?”

“અન્નદાતા! અમારો દોષ નથી. અમે જીવ નથી લીધો. બેય પોતાના મોતે મર્યા છે.”

હીપા ખુમાણનું કારજ બે ઠેકાણે થયું: એક નાને રાજકોટ: બીજું પાલીતાણામાં રાજ્યને ખરચે.

*હીપાની હાકલમાં, ખંભાતી ખખડી જાય,*
*તારું જે રાવતણા, વહરુ વેર કે'વાય.*

[હીપો ખુમાણ એક હાકલ કરે ત્યાં તો શત્રુઓના ઘરના પટારાનાં ખંભાતી તાળાં ખખડી જાય. હે રાવત ખુમાણના પુત્ર, તારું વેર તો વિકરાળ હતું.]

1. બીલા ખૂંટવાડાની સીમમાં વાળાકી ડુંગર છે એનું નામ હીપાનો ડુંગર: એ ડુંગર ઉપર હીપા ખુમાણની દેરી છે.

# ભીમો ગરણિયો

**મ**ચ્છુ નદીને કાંઠે મોરલીધરે આહીરોને વરદાન દીધાં, તે દિવસથી આજ સુધી આહીરોના દીકરાને છાબડે – જો એ છાબડું સતનું હોય તો – મોરલીધર બેસતા આવ્યા છે. આહીર તો ધૂડિયું વરણ: ઘોડે ચડીને ફોજ ભેળો હાલે કે ન હાલે, પણ આયરનો દીકરો ગામને ટીંબે ઊભો રહીને ખરેખર રૂડો દેખાય. એવો જ રૂડો દેખાણો હતો એક ગરણિયો: આજથી દોઢસો વરસ ઉપર: સાતપડા ગામને ટીંબે.

સાતપડાને ચોરે મહેતામસુદી અને પગીપસાયતા મૂંઝાઈને બેઠા છે. શું કરવું તેની ગમ પડતી નથી. પાલીતાણાના દરબાર પ્રતાપસંગજી આજ પોતાના નવા ગામનાં તોરણ બાંધવા આવ્યા છે. એટલે ના પણ કેમ પડાય?

"બીજું કાંઈ નહિ", એક આદમી બોલ્યો: "પણ નોખાંનોખાં બે રજવાડાંનાં ગામ અડોઅડ ક્યાંય ભાળ્યાં છે? નત્યનો કજિયો ઘરમાં ગરશે."

"પણ બીજો ઉપાય શો! એના બાપની જમીન આપણા ગઢના પાયા સુધી પોગે છે, એની કાંઈ ના પડાય છે?" બીજાએ વાંધો બતાવ્યો.

"અરે બાપુકી શું, સાત પેઢીની જૂની જમીન હોય તોય મેલી દેવી જોઈએ; ગામ ગામ વચ્ચેના સંપ સાટુ શું પાલીતાણાનો ધણી આટલો લોભ નહિ છોડે?"

"હા જ તો! હજી કાલ સવારની જ વાત: સધરા જેસંગની મા મીણલદેએ મલાવ સરોવર ખાંડું થાતું'તું તોય વેશ્યાનું ખોરડું નહોતું પાડ્યું."

"અને આપણે ક્યાં જમીનનાં બટકાં ભરવા છે? ફક્ત ગોંદરા-વા જમીન મેલી દિયે, એટલે બેય ગામ વચ્ચે ગોંદરો કરશું. બિચારાં પશુડાં પોરો ખાશે, વટેમાર્ગુ વિસામો લેશે અને વળી કજિયોકંકાસ નહિ થાય."

"પણ ઈ સાવજને કોણ કે'વા જાય કે તારું મોઢું ગંધાય છે?"

"મે'તો જાય, બીજું કોણ?"

લમણે આંગળી મૂકીને બેઠેલા વહીવટદારને શરીરે પરસેવો વળી ગયો. એણે જવાબ દીધો કે "એ મારું કામ નહિ, ભાઈ! તમે સહુ પસાયતાઓ જઈને મારા નામે દરબારને સમજાવો."

"તો ભલે, હાલો!" કહેતા પસાયતા ઊભા થયા; પાદર જાય ત્યાં પ્રતાપસંગજી ઢોલિયો ઢળાવીને બેઠેલા... પાલીતાણાનું ખોરડું ગાંડું કહેવાય છે, તેનું સાક્ષાત્ પ્રમાણ દેતી એની વિકરાળ મુખાકૃતિની સામે કોઈ હાલીમવાલી તો મીટ માંડી શકે નહિ. એવો તાપ ઝરે છે. બેઠા બેઠા દરબાર જરીફોને હાકલ કરે છે: "હાં! ભરતર કરીને નાખો ખૂંટ. અને પછી પાયો દોરી લ્યો ઝટ."

"બાપુ, રામ રામ!" કહીને નીચા વળી સલામ કરતા પસાયતા ઊભા રહ્યા.

"કેમ શું છે?" પ્રતાપસંગજીએ તોરમાં પૂછ્યું.

"બાપ, વહીવટદારે કહેવરાવેલ છે કે જમીન તમારી સાચી, પણ નત્યનો કજિયો નો થાય માટે ગોંદરા-વા જમીન મેલી..."

"મેલી દઉં, એમ ને?" પ્રતાપસંગજીનો પિત્તો ફાટી ગયો: "લીલાંછમ માથાંનાં ખાતર ભર્યાં છે, એ જમીન મેલી દઉં, ખરું કે? જમીનનાં મૂલ ઈ કાછડો શું જાણે? જાઓ ઘરભેળા થઈ જાઓ. કહેજો એને કે સીમાડે તો સરપ ચિરાણો'તો[1], કાછડા!"

ઝાંખાંઝપટ મોં લઈને પસાયતા પાછા ફર્યા. ચોરે જઈ વહીવટદારને વાત કરી. બધા ચોરે સૂનસાન થઈ બેઠા. ભાવનગર આઘું રહી ગયું, એટલે ત્યાં સમાચાર પહોંચતાં પહેલાં તો પ્રતાપસંગજી પાયા રોપી દેશે. સહુના શ્વાસ ઊંચા ચડી ગયાં છે.

"પણ તમે આટલા બધા કાંપો છો શીદ ને? પ્રતાપસંગજી શું સાવઝ-દીપડો છે? માણસ જેવું માણસ છે. આપણે જઈને ઊભા રહીએ,

---

1. જુઓ વાર્તાને અંતે નોંધ.

ફરી સમજાવીએ, ન માને તો પાણીનો કળશો ભરીને આડા ઊભા રહીએ. આમ રોયે શું વળશે?"

સહુની નજર આ વેણ બોલનાર માણસ માથે ઠેરાઈ. આછા-પાંખા કાતરા: એકવડિયું ડિલ: ફાટલતૂટલ લૂગડાં: ખભે ચોફાળનું ઓસાડિયું નાખેલું: કાખમાં તરવાર ને હાથમાં હોકો: ચોરાની પડસાળની કોરે સહુથી આઘેરો એ આદમી બેઠો છે.

"ત્યારે, ભીમા ગરણિયા," માણસોએ કહ્યું: "તમે અમારી હારે આવશો?"

"ભલે, એમાં શું? તમે કહેતા હો તો હું બોલું."

"જે ઠાકર!" કરીને સહુ ઊપડ્યા. મોખરે ભીમો ગરણિયો હાલ્યો. સડેડાટ ધીરે પગલે સીધો પહોંચ્યો, પ્રતાપસંગજીને ગોઠણે હાથ નમાવી બોલ્યો: "બાપુ, રામ રામ!"

"રામ રામ! કોણ છો?" દરબાર આ આયરના વહરા વેશ સામે જોઈ રહ્યા, મોં આડો રૂમાલ રાખીને હસવું ખાળ્યું.

"છઉં તો આયર."

"ખાખરો રૂંઢ ને આયર મૂંઢ!" દરબારે મશ્કરી કરી: "બોલો આયરભાઈ, શો હુકમ છે?"

"બાપુ, હુકમ અમારા ગરીબના તે શિયા હોય! હું તો આપને વીનવવા આવ્યો છું કે ગોંદરા-વા મારગ છોડીને ગામનો પાયો નખાય તો સહુનો પ્રભુ રાજી રે'!"

"આયરભાઈ!" પ્રતાપસંગનું તાળવું તૂટું તૂટું થઈ રહ્યું: "તમે ભાવનગરના કારભારી લાગો છો!"

"ના, બાપ! હું તો પસાયતોય નથી."

"ત્યારે?"

"હું તો મુસાફર છું. અસૂર થયું છે ને રાત રિયો છું."

"તો પછી આબરૂ સોતા પાછા ફરી જાવ!"

"અમારે આયરને આબરૂ શી, બાપ? હું તો એમ કહું છું કે ભાવનગર અને પાલીતાણું બેય એક જ છોડવાની બે ડાળ્યું: એક જ ખોરડું કહેવાય:

ગંગાજળિયું ગોહિલ કુળ બેયનું એક જ, અને એક બાપના બે દીકરા આવી માલ વગરની વાતમાં બાધી પડે એવું કજિયાનું ઝાડ કાં વાવો?"

"હવે ભાઈ, રસ્તો લે ને! ભલે ભાવનગરનો ધણી મને ફાંસીએ લટકાવે."

"અરે બાપ!" જેમ જેમ ઠાકોર તપતા જાય છે તેમ તેમ ગરણિયો ટાઢો રહીને ડામ દેતો જાય છે: "શેત્રુંજાના બાદશાહ! એમ ન હોય. હેડાહેડાનિયું આટકે ત્યારે અગ્નિ ઝરે; વજ્જરે વજ્જર ભટકાય તે વખતે પછી દાવાનળ ઊપડે."

"આયરડા!!!" પ્રતાપસંગની આંખમાંથી તણખા ઝર્યા.

"બાપુ, તમારે આવું તોછડું પેટ ન જોવે, અને ભાવનગર-પાલીતાણા બાખડે –"

"તે ટાણે તને વષ્ટિ કરવા બોલાવશું."

"એ ટાણે પછી તેડાવ્યાનું વેળુ નહિ રહે. ભેંસ્યું જે ઘડીએ માંદણામાં પડે તે ઘડીએ ડેડકાં બિચારાં ઓવાળે ચડે, બાપુ! ઈ ટાણે વષ્ટિનો વખત ન રહે. પછી તો જેના ઘર માથે ઝાઝાં નળિયાં –"

"તો પછી તું અમારાં નળિયાં ઉતરાવી લેજે."

"હું તો અસૂર થયું છે તે રાત રિયો છું. પણ, બાપુ, રે'વા દ્યો."

"નીકર! તું શું બંધ કરાવીશ?"

"ઈ યે થાય!"

"એ–મ!" પ્રતાપસંગજીએ જરીફોને હાકલ દીધી: "નાખો ખૂંટ, ગધેડીઓ ખોદો – આયરડો આવ્યો બંધ કરાવવા!"

ઠાકોરની હાકલ સાંભળીને જરીફો ડગલું માંડે તે પહેલાં તો ભીમાના મ્યાનમાંથી તરવાર ખેંચાણી. ઉઘાડી તરવાર લઈને ભીમો આડો ઊભો અને જરીફોને કહ્યું: "જોજો હો, ટોચો પડ્યો કે કાંડાં ખડ્યાં સમજજો!"

ઘડી પહેલાંનો પામર આદમી ઘડી એકમાં બદલાયો ને બદલાતાં તો તાડ જેવડો થયો. જરીફોના પગ જાણે ઝલાઈ ગયા, ઠાકોરની આંખમાં પોતાની નજર પરોવીને પડકાર્યું: "ત્યાં જ બેઠા રે'જો, દરબાર! નીકર ઓખાત બગડી જશે. હું તો આયરડો છું. મરીશ તો ચપટી ધૂળ ભીંજાશે.

પણ જો તમારા ગળાને આ કાળકા લબરકો લેશે ને, તો લાખ ત્રાંસળિયું ખડખડી પડશે, શેત્રુંજાના ધણી! આ સગી નહિ થાય.''

પ્રતાપસંગજીએ આજ જીવતરમાં પહેલી જ વાર સાચા રંગમાં આવેલા પુરુષને દીઠો. સોળ કળાના હતા, પણ એક કળાના થઈ ગયા. આંખોની પાંપણો ધરતી ખોતરવા મંડી. ત્યાં તો ફરી વાર ભીમો બોલ્યો: ''અમારું માથું તો ઘરધણી માણસનું, દરબાર! ચાળીનો બોકડો મર્યો તોય શું? પણ સંભાળજો. હાલ્યા છો કે હમણાં ઉતારી લઈશ માથું – ચાકડેથી માટીનો પીંડો ઉતારે એમ.''

ભૂવો ધૂણતો હોય એમ ભીમાનું ડિલ ધ્રૂજી ઊઠ્યું. માણસોએ ભીમાને ઝાલી લીધો. પ્રતાપસંગજી ઊઠીને હાલી નીકળ્યા. બીજે દિવસે ભળકડે ઊઠીને પાલીતાણે પહોંચી ગયા.

આ બાજુથી સાતપડાના વહીવટદારે મહારાજ વજેસંગને માથે કાગળ લખ્યો કે આવી રીતે ભીમા ગરણિયા નામના એક આયરે ભાવનગરની આબરૂ રાખી છે. એવી તમામ વિગતવાળો કાગળિયો બીડીને એક અસવારને બીડા સાથે ભાવનગર તરફ વહેતો કરી દીધો અને ગામડે ગામડે ભીમા ગરણિયાની કીર્તિનો ડંકો વાગ્યો.

''દરબાર કેમ દેખાતા નથી?''

''મામા, એ તો ત્રણ દીથી મેડી માથે જ બેઠા છે. બા'રા નીકળતા જ નથી.''

''માંદા છે?''

''ના, મામા, કાયા તો રાતીરાણ્ય જેવી છે.''

''ત્યારે?''

''ઈ તો રામધણી જાણે. પણ સાતપડેથી આવ્યા તે દીથી તેલમાં માખી બૂડી છે. વાતું થાય છે કે કોઈક આયરે બાપુને ભોંઠામણ દીધું.''

''ઠીક, ખબર આપો દરબારને, મારે મળવું છે.''

એનું નામ હતું વાળા શામળો ભા. દાઠા તરફના એ દરબાર હતા:

પાલીતાણા ઠાકોર પ્રતાપસંગજીના એ સાળા થતા હતા: માથા ઉપર ત્રણ મલોખાં મેલીને ફગ બાંધતા હતા. ('ફગ' એ જૂના જમાનાની પાઘડી હતી.) એના ભુજબળની ખ્યાતિ આખી સરવૈયાવાડમાં પથરાઈ ગઈ હતી. મેડી ઉપર જઈને એણે દરબારને હિંમત દીધી: "શેત્રુંજાના ધણી કચારીએ કસુંબા પીવા ન આવે એ રૂડું ન દેખાય, દરબાર! અને, એમાં ભોંઠામણ શું છે?"

"પણ, વાળા ઠાકોર, માળો એક આયર નરપલાઈ કરી ગયો!"

"અરે, સાંજે એના કાતર્યામાં ધૂળ ભરશું. આયરડું શું –"

"રંગ, વાળા ઠાકોર!" કહેતાં દરબારને સ્ફૂર્તિ આવી. પણ તરત પાછો ગરણિયો નજરે તરવા માંડ્યો, અને બોલ્યા: "પણ વાળા ઠાકોર! સાતપડે જાવા જેવું નથી, હો! આયર બહુ કોબાડ માણસ છે, બહુ વસમો છે."

"હવે દોથા જેટલો છે ને?"

"અરે, રંગ! વાળા ઠાકોર! પણ વાળા ઠાકોર, ઈ તરવાર લ્યે છે ત્યારે તાડ જેવો લાગે છે હો! જાળવો તો ઠીક."

"તાડ જેવડો છે કે કાંઈ નાનોમોટો, એ હું હમણાં માપી આવું છું. દરબાર, તમતમારે લહેરથી કસુંબો પીઓ. બાકી એમ રોયે રાજ નહિ થાય."

દોઢસો અસવારે શામળો ભા સાતપડાને માથે ચડ્યા. ઢોર વાંભવાની વેળા થઈ ત્યારે સીમમાં આવી ઊભા રહ્યા. ગોવાળને હાકલ દીધી: "એલા આયડું! કયા ગામનો માલ છે?"

"બાપુ, સાતપડાનો."

"હાંક્ય મોઢા આગળ, નીકર ભાલે પરોવી લઉં છું."

"એ હાંકું છું, બાપા! હું તો તમારો વાછરવેલિયો કે'વાઉં." એમ કહીને ગોવાળે ગાયોભેંસો ઘોળીને પાલીતાણાને માર્ગે ચડાવી. મોખરે માલ ને વાંસે શામળા ભાની સેના.

ધ્રસાંગ! ધ્રસાંગ! ધ્રસાંગ! સાતપડે ઢોલ થયો. પાલીતાણાની વાર સાતપડાનાં ધણ તગડી જાય છે, એમ વાવડ પહોંચ્યા. પણ આયરો બધા

જોઈ રહ્યા કે દોઢસો અસવાર ભાલે આભ ઉપાડતા, તરવારો બાંધીને હાલ્યા જાય છે. એને જિતાશે શી રીતે! સહુનાં મોં ઝાંખાંઝપટ થઈ ગયાં.

ત્યાં તો ભીમાની ઘરવાળી આયરાણી બહાર નીકળી. ચોરે જઈને છૂટે ચોટલે એણે ચસકો કર્યો: "અરે આયરુ! એ ભાઈ પસાયતાઓ! કોઈ વાસ નહિ રાખે હો! અને આજ ગરણિયો ગામતરે ગયેલ છે તે ટાણે ભૂંડા દેખાવું છે?"

એમ વાત થાય છે ત્યાં તો ભીમો ગરણિયો ગામતરેથી હાલ્યો આવતો દેખાણો. ખોભળે ભાલું: ખભામાં ઢાલોતર: કેડ્યે તરવાર: અને હાથીના કુંભાથળને માથે જાતી ડાબા માંડે એવી રાંગમાં ઘોડી. ઝાંપામાં આવતાં જ એણે પૂછ્યું: "શો ગોકીરો છે, ભાઈ?"

"ભીમભાઈ, દુશ્મનો ફેરો કરી ગયા."

"કોણ?"

"પાલીતાણાના દરબારનો સાળો."

સાંભળતાં જ ભીમાનાં રૂંવાડાં અવળાં થઈ ગયાં. હાકલ કરી કે "એલા આયરો, ઊભા થાઓ, નીકર કોઈ વાસ નહિ રાખે."

"અને આયરાણી! મારી સાંગ લાવ્ય." પાણીની તરસે ગળે કાંચકી બાઝી ગઈ હતી, પણ ભીમે પાણી ન માગ્યું, સાંગ માગી; ઘોડાનું પલાણ ન છાંડ્યું. આયરાણીએ દોટ દીધી, ધણીની દેલિયા સાંગ પડેલી તે ઉપાડીને લાંબી કરી. સાંગ દઈને બાઈ પાછી વળી; માથે મોતીભરેલી ઈંઢોણી મેલીને હેલ્ય ચડાવી, ખંભે સાંબેલું લીધું અને આયરાણીઓને હાકલ કરી. ઘરેઘરમાંથી આયરની વહુ-દીકરીઓ હેલ્યો ને સાંબેલા લઈને નીકળી. રણઘેલડી આયરાણીઓનો હેલારો ચડ્યો.

ગામ હલક્યું. ખંપાળી, કોદાળી કે લાકડી ઉપાડી, રીડિયાચસકા કરતું ટોળું નીસર્યું. મોખરે ભીમો પોતે ઘોડી ઉપર, ને બીજા બધા પાળા: ભીમો એકલો છે, પણ એકે હજારા જેવો દેખાય છે. ઘોડીને આઘસોડે લેતો આવે છે. માણસો વાંસે દોડ્યા આવે છે.

આયરાણીઓનો હેલારો ગાજતો આવે છે.

સીમાડે માલ દેખાણો. શામળા ભાએ તો ત્રીજી પાંસળીએ તરવાર

બાંધેલી: કમાડ જેવડી ઢાલ ગળામાં લીધેલી: ને માથે મલોખાં ગોઠવીને ફગ પહેરેલી: વાંસે જોયું તો એક અસવાર વહ્યો આવે છે.

'અરે, એક અસવાર બાપડો શું કરતો'તો?' એમ વિચારીને થોભા માથે હાથ નાખે છે ત્યાં ભીમો આવ્યો. હરણ ખોડાં કરી દે એવી ઘોડીના ડાબા ગાજ્યા, હાથમાં ગણણ...ગણણ...ગણણ સાંગ ફરતી આવે છે. આવતાં જ હાકલ કરી. તાડ જેવડો થયો. "ક્યાં છે દરબારનો સાળો?" હાકલ સાંભળતાં અસવારો ઓઝપાણા. ઘડીમાં તો ભીમાએ ફોજ વચ્ચે ઘોડો ઝંપલાવ્યો, પાડો પાડાને કાઢે એમ એણે ભાના ઘોડાને બહાર કાઢી પાટીએ ચડાવ્યો.

લગાફગ...લગાફગ...લગાફગ કરતા ભા ભાગ્યા; દોઢસો ઉજ્જડ મોઢાં ઊભાં થઈ રહ્યાં. ફરડક-હું, ફરડ! ફરડક-હું, ફરડ! ફરડક-હું, ફરડ! એમ ફરડકારા બોલાવતા ભા'ના ઘોડાને પોણોક ગાઉને માથે કાઢી જઈને પછી લગોલગ થઈ ભીમાએ સાંગ તોળી. બોલ્યો: "જો, મારું તો આટલી વાર લાગે. પણ મને અને ભાવનગરને ખોટ્ય બેસે; તું પાલીતાણા – કુંવરનો મામો કે'વા! પણ જો! આ તો નહિ મેલું."

એમ કહી ભીમાએ સાંગ લાંબી કરી શામળા ભાને માથેથી મલોખાંની ફગ ઉતારી દીધી. સાંગની અણીમાં પરોવાયેલી ફગ લઈને આયર પાછો વળ્યો. કાંધરોટો દેતો નીકળ્યો. દોઢસો અસવારોની ગાંઠ પડી ગઈ છે, પણ કોઈએ તેને છંછેડ્યો નહિ.

શામળો ભા તો પાટીએં ચડી ગયા, તે ઠેઠ ડુંગરામાં દરશાણા.

એક કહે: "અરે, બાપાની ફગ ઉપાડી લીધી."

બીજો કહે: "ઈ તો માથાનો મેલ ગયો."

ત્રીજો કહે: "ઈ તો મોરલીધર બાપાને છાબડે આવ્યા. ફગ ગઈ તો ઘોળી. માથાનો મેલ ઊતર્યો, બાપા! વાંધો નહિ. કેડ્યેથી ફાળિયું છોડીને ફેંટો બાંધી લ્યો."

દીવે વાટ્યો ચડી ત્યારે શામળો ભા પાલીતાણામાં દાખલ થયા. પ્રતાપસંગજી નજર કરે ત્યાં લમણાં ઉજ્જડ દીસ્યાં. મોં પર વિભૂતિનો છાંટોયે ન મળે. ભાએ સલામ કરી.

"ગરાસિયાના પેટનો છો?" દરબારે કહ્યું: "મેં નો'તો ચેતવ્યો?"

"માળો... આયરડો ત્રણ તાડ જેવડો થાય છે! કાઠામાં સમાતો નથી!" ભાની જીભના લોચા વળવા લાગ્યા.

"તે ન થાય? અમથો હું હાલ્યો આવ્યો હોઈશ? જાવ, મને મોઢું દેખાડશો મા."

શામળો ભા પાટીએ ચડી ગયા. તે દિવસથી એવા તો અબોલા રહ્યા કે પ્રતાપસંગજીના મૉતને ટાણે પણ એનાથી અવાયું નહોતું.

પતંગિયા જેવો ભીમો ફગ લઈને સીમાડેથી પાછો વળ્યો. વાંસે ધણ ચાલ્યું આવે છે. ગામલોકોએ એને આવતો ભાળ્યો અને લલકાર કર્યો: "રંગ ભીમા! રંગ ગરણિયા!"

"અરે બા, મને રંગ શેના?" ભીમે કંઈયે પોરસ વગર જવાબ વાળ્યો: "એ તો ભાવનગરના બાદશાહનું નસીબ જબ્બર છે. અને બાકી તો આયર-કાઠીનું કામ છે કે વારે ચડવું."

ભાવનગરના દરબારગઢની મેડીએ કનૈયોલાલ વેજેસંગ મહારાજ કિચડૂક... કિચડૂક... હીંડોળાખાટે હીંચકે છે. સામે દીવાન પરમાણંદદાસ અને મેરુભાઈ બેઠા છે. સાતપડેથી બીડો આવ્યો છે અને ફરી ફરી વાંચી વાંચીને મહારાજ બોલે છે:

"પરમાણંદદાસ, આયરે માળે અખિયાત કરી, હો! એને આંહીં તેડાવીએ. મારે એને જોવો છે."

"ભલે, મહારાજ; અસવાર મોકલીએ."

એમ વાત થાય છે, ત્યાં બીજો અસવાર આવીને ઊભો રહ્યો.

"એલા, ક્યાંનો બીડો?"

"બાપુ સાતપડાનો."

"ઉઘાડો, ઝટ ઉઘાડો, પરમાણંદદાસ!"

પરમાણંદદાસ વાંચે છે તે મહારાજ સાંભળે છે: લખ્યું હતું કે – ભીમા ગરણિયાએ બીજી વાર મહારાજને રૂડા દેખાડ્યા છે. દોઢસો

અસવારને એકલે તગડી, ઘણ પાછું વાળ્યું છે અને શામળા ભાની ફગ સાંગની અણીએ ઉતારી લઈ જીવતા જાવા દીધા છે.'

વજા મહારાજની છાતી પહોળી થવા માંડી. પાસાબંધી અંગરખું પહેર્યું છે તેની કસો તૂટી પડી. "રંગ! ઘણા ઘણા રંગ!" એમ મહારાજના મુખમાંથી ધન્યવાદ વછૂટ્યા અને હુકમ કર્યો: "પરમાણંદદાસ! દાદન શેખને પચાસ ઘોડે સાતપડે મોકલો, ભીમાને તેડી આવે."

"ભલે, બાપુ!'

"પણ કેવી રીતે લાવવા, ખબર છે?"

"ફરમાવો."

"પ્રથમ તો એણે જે ફગ ઉપાડી લીધી છે તે સાથે લેતા આવવી. અને બીજું, સાતપડા ને ભાવનગર વચ્ચે આપણાં જેટલાં ગામ આવે છે એ દરેક ગામને ચોરે વસ્તીને ભેળી કરી, કસુંબા કાઢી, ભીમા ગરણિયાના પરાક્રમને ચર્ચી દેખાડવું. ગામેગામ એ આયરને છતો કરવો."

દાદન જમાદાર ઊપડ્યા. સાતપડા માથે જઈને ભીમા ગરણિયાને બાથમાં લઈ લીધા.

"અરે રંગ ગરણિયા! મહારાજની લાજ વધારી!"

"અરે બાપુ! ઈ તો મહારાજનાં ભાગ્ય જબરાં! હું શું કરી શક્તો'તો?"

"લ્યો, થાવ સાબદા. તમારે ભાવનગર આવવાનું છે."

"અરે બાપા, હું ગરીબ માણસ! મહારાજ પાસે મેંથી કાંઈ અવાય?"

"અને ઓલી ફગ સાથે લેવાની છે."

"હં! હં! ભાઈ, મારી હાંસી કરાવવી છે?"

ભીમો તૈયાર થયો, પણ ફગ લેવાનું ન માન્યો. એટલે દાદન શેખે પટેલને લઈ ભીમાના ઘરમાંથી સાંગમાં પરોવેલી ફગ ગોતી કાઢી, સંચોડી સાંગ જ સાથે લઈ લીધી.

"લ્યો ગરણિયા, નાખો સાંગ પાઘડામાં."

"અરે બાપ! મારું મોત કાં કરાવો?"

"તો અમે લેશું."

મોખરે ફગ સોતી સાંગ, પછી ગરણિયો અને વાંસે અસવારો: એમ અસવારી ચાલી. ગામડે ગામડે સામૈયાં, વધામણાં અને કંકુના ચાંદલાં. ગામડે ગામડે ચોરામાં દાયરો ભેળો થાય છે, ગરણિયાના શૂરાતનની વાત મંડાય છે, શરમાળ આયર નીચે નિહાળીને બેઠો રહે છે. ઘાટા કસુંબાની અંજળીઓ ઉપર અંજળીઓ અપાય છે. એમ થતાં થતાં ભાવનગર આવ્યું.

શરમાતે પગલે ગરણિયો મેડી ઉપર ચડવા માંડ્યો અને જે ઘડીએ દાદર ઉપર તે શૂરવીરનું ડોકું દેખાણું, તે જ ઘડીએ ગાદી ઉપરથી ચારે પલા ઝાટકીને અઢારસેં પાદરના ધણી ઊભા થઈ ગયા.

"અરે બાપ! રે'વા દ્યો! મને ભોંઠામણ દ્યો મા!" એમ ભીમે અવાજ દીધો.

પણ મહારાજની તો છાતી ફાટતી હતી. એ શી રીતે અટકે? આઠ કદમ સામા ચાલ્યા.

"આવો! ગરણિયા, આવો! આવો!" એમ આદર દીધો, પણ મોંમાં શબ્દ સમાતા નથી.

દોડીને ભીમો મહારાજના પગમાં હાથ નાખવા જાય ત્યાં તો મહારાજે બાવડું પકડી લીધું. લઈ જઈને પોતાને પડખે બેઠક દીધી. મરક! મરક! મહારાજ તો હોઠમાં હસતા જાય છે અને દૂબળાપાતળા પરોણાની સામે પગથી તે માથા સુધી નજર કરતા જાય છે. ભીમાની પાંપણો તો નીચે ઢળીને ધરતી ખોતરતી રહી છે, અને મોંએ શરમના શેરડા પડે છે.

આખી વાત માંડીને દાદન શેખે કહી સંભળાવી. સાંભળીને મહારાજ મોંમાં આંગળા નાખી ગયા.

"ગરણિયા!" મહારાજે પૂછ્યું: "શું દરબાર તમને પાળે છે?"

"ના બાપુ, હું તો વડિયા તાબે અકાળા ગામનો વાસી છું. અહીં તો સગાવળોટે આવ્યો'તો."

"ઠીક, મેરુજી! ત્રાંબાનું પતરું મંગાવો." મહારાજે વજીરને કહ્યું.

ત્રાંબાનું પતરું આવ્યું.

"લખો ચાર સાંતીની જમીન: બે વાડીના કોસ: રાજની ગાદીએ દીવો રહે ત્યાં સુધી ભીમા ગરણિયાના વંશના ખાય."

લેખ લખાણો.

"હવે લાવો પહેરામણી."

પોશાક આવ્યો, લાટપાટા શણગારેલી ઘોડી આવી. હીરની સરક બેય બાજુ હીંડોળતી આવે છે; સાચા કિનખાબના આગેવાળ અને જેરબંધ ઘોડીની ગરદને શોભી રહ્યાં છે; કોઈ કુશળ વેપારીએ લેખણ ઘડી હોય એવી કાનોટી ઘોડીને રહી ગઈ છે; અને જેમ કોઈ આણાત કાઠિયાણી લાજના ઘૂમટા તાણતી હોય તેમ ઘોડીની કાનસૂરીની અવળ સવળ દોઢ્ય ચડી રહી છે.

ગરણિયાને પોશાક પહેરાવ્યો અને પછી ઘોડીની સરક હાથમાં આપી મહારાજે આયરનો વાંસો થાબડ્યો; બોલ્યાઃ "ભીમા ગરણિયા! તમારી વૃદ્ધ અવસ્થા છે એટલે તમારે કાંઈ નોકરી નથી કરવાની. ખાવ, પીઓ અને આનંદ કરો."

બાર મહિના ચાલે તેટલું પલાણિયા વીડમાંથી ખડ અને દસ કળશી બાજરો મહારાજે ભેળાં મોકલાવ્યાં. અસવારો જઈને વાજતેગાજતે ભીમાને સાતપડે મૂકી આવ્યા.

આજ પણ એના વંશજો ગરાસ ખાય છે.

## સીમાડે સરપ ચિરાણો

*કથા એવી ચાલે છે કે જૂનાગઢ તાબે માણેકવાડા અને મઘરવાડા નામનાં ચારણ લોકોનાં બે ગામ છે. બન્ને વચ્ચે સીમાડાનો કજિયો હતો. વારંવાર જરીફો માપણી કરવા આવતા પરંતુ ટંટો ટળતો ન હતો. એક દિવસ બંને પક્ષો સીમાડો કાઢવા માટે સીમમાં ઊભા છે. કોઈ એકમત થતો નથી. લાકડીઓ ઊડવા જેટલો ઉશ્કેરાટ થઈ ગયો છેઃ તે વખતે તેઓએ સામેથી એક જબરજસ્ત સર્પને આવતો દીઠો. કોઈકે મશ્કરીમાં કહ્યું કે 'ભાઈ, આ નાગદેવતાને જ કહીએ કે આપણો સીમાડો વહેંચી આપો.' તરત જ બંને પક્ષો હાથ જોડીને સર્પને સંબોધીને એકસામટા બોલી ઊઠ્યાઃ 'હે બાપા! સાચી વાત છે. તમે દેવ-પ્રાણી છો. વહેંચી દ્યો અમારો સીમાડો. તમારા શરીરનો લીટો પડે, એ અમારા સીમાડા તરીકે કબૂલ છે.'*

*સાંભળીને તરત જ એ ફણધર થંભ્યો, વાંકીચૂંકી ચાલ છોડીને એણે સીધું સોટી*

જેવું શરીર કર્યું અને પછી એ ચાલ્યો. એનો લીટો પડતો ગયો, તે પ્રમાણે ખૂંટ નખાતા ગયા અને લીટાથી પોતાની જમીનની બરાબર સરખી વહેંચણી થતી જોઈને બેય પક્ષો 'વાહ બાપા! વાહ મારા દેવતા!' ઉચ્ચારતા ઉચ્ચારતા સર્પની પાછળ ચાલ્યા ગયા. સર્પ ચાલતો ચાલતો બરાબર એક વિકટ સ્થળે આવ્યો. કેરડાના ઝાડનું એક સુકાઈ ગયેલું અણીદાર ઠૂંઠું પોતાના સામે ઊભું છે. બરછી જેવી ઝીણી એની અણી જોઈને નાગ પળભર થંભી ગયો. અને તરત માણસો બોલી ઊઠ્યા: 'હવે શું થાશે? બરાબર આપણા સરખેસરખા સીમાડા ઉપર જ આ કેરડો મોટા બાપુએ વાવેલો. હવે જોઈએ કે દાદો કોને રેહ દેશે.'

આ શબ્દો જાણે કાન માંડીને સર્પ સાંભળતો હોય એમ ફેણ ચડાવીને ઊભો છે. એના અંતરમાં પણ સમસ્યા થઈ પડી કે કઈ બાજુ ચાલું? જે બાજુ ચાલીશ તે બાજુવાળાની એક તસુ જમીન કપાઈ જશે.

એક જ તસુ જમીનનો પ્રશ્ન હતો. છતાં સર્પે નિર્ણય કરી નાખ્યો. પોતે સીધો ને સીધો ચાલ્યો. કેરડાના થડ ઉપર જ ચડ્યો. સીધેસીધો એ ઠૂંઠાની અણી ઉપર ચડ્યો, અણી એની ફેણમાં સોંસરી પરોવાઈ ગઈ. સર્પ જોર કરીને બીજી બાજુ ઊતરવા લાગ્યો. એમ ને એમ પૂંછડી સુધી ચિરાઈ ગયો. લગાર પણ તર્યો હોત તો વહેંચણ અણસરખી કહેવાત.

એનું નામ સીમાડે સર્પ ચિરાણો! આજ એ માણેકવાડા ગામની નદીને સામે તીર એ સર્પની દેરી છે. લોકો 'માલ' નામે ઓળખે છે. અનેક ભિન્ન ભિન્ન કાઠિયાવાડી કુટુંબોના એ કુલદેવતા મનાય છે, વર-કન્યાની છેડાછેડી ત્યાં જઈને છોડાય છે.

# રખાવટ

કુંકાવાવ ગામના અવેડા ઉપર પચીસ ઘોડાં ચહક ચહક પાણી પીએ છે. અસવારે ઢીલી મેલી દીધેલી લગામો પાણીમાં પલળી રહી છે. ઘોડાનાં શરીર પરસેવે રેબઝેબ છે, તેમ જ સવારોના કપડાં પણ ભીંજાઈ ગયાં છે. આખી વહાર કોઈ પંદર-વીસ ગાઉનો લાંબો પંથ કરીને ચાલી આવતી લાગે છે. પ્રાગડના દોરા ફૂટતા હોવાથી કુંકાવાવ ગામના ખેડુઓ સાંતી જોડી વૈશાખ મહિનાને ટાઢે પહોરે ખેતર ખેડવા માટે ઉતાવળે ઉતાવળે ચાલ્યા જાય છે.

"આંહીંથી દેરડી હજી કેટલી રહી?" અસવારોમાં જે મોવડી હતો તેણે થાકેલા અવાજે પોતાના સાથીઓને પૂછ્યું.

"બાપુ, દેરડી હજી ત્રણ ગાઉ આઘી રહી." પાસવાનોએ જવાબ દીધો. દેરડી ગોંડળ રાજનું ગામ છે.

"ઓહોહો! હજી ત્રણ ગાઉ!"

"બાપુ, ઘોડાં દબાવ્યાં એટલે દેરડી આવ્યું સમજો! ને જરા ચોંપથી લીધ્યે જશું."

"પણ, ભાઈ, મને તો ચાર દિ'ની લાંઘણ હોય એવી ભૂખ લાગી છે. હવે રગું ત્રુટે છે." ભૂખ્યા થયેલા જુવાન સરદારે એમ કહીને બગાસું ખાધું. એની આંખમાં અંધારાં આવી ગયાં.

"ખમા બાપુને! હવે દેરડી ઢૂકડી જ છે બાપુ વાટ જ જોતા હશે. જાતાવેંત શિરામણી ઉપર બેસી જઈએ. આંહીં અંતરિયાળ તો બીજું શું થાય?"

આમ વાતો થાય છે અને ઘોડાં પાણી ચસકાવી ચસકાવીને લાદ કરે છે ત્યાં એક ખેડૂતે પોતાનું સાંતી ઊભું રાખ્યું, પાછલા અસવારને પૂછી

લીધું કે "કયા ગામના દરબાર છે?"

"ગોંડળ-ઠાકોર સંગ્રામજીના કુંવર પથુભા છે."

"તે શું છે?"

"ભાઈ ભૂખ્યા થયા છે."

એટલું જાણીને તુરત જ પટેલ કુંવર તરફ ફર્યો; રામ રામ કરીને કહ્યું કે "બાપુ, ભૂખ લાગી હોય તો પછી આ પણ ગોંડળનું જ ગામ છે ને! આંહીં ક્યાં વગડો છે? સહુને ઘેર ગોંડળનો જ પ્રતાપ છે. પધારો ગામમાં."

"પણ બાપુ વાટ જોઈ રહેશે."

"અરે, બાપુ, ધુબાકે રોટલા થઈ જાશે. નાડા-વા સૂરજ ચડે એટલે ચડી નીકળજો ને?"

"સારું, ચાલો ત્યારે."

તરત પટેલે સાંતી પાછું વાળ્યું. મોખરે પોતે ને પાછળ પચીસ અસવારોનો રસાલો: એમ આખી મંડળી પટેલની ડેલીએ આવી. ચોપાટમાં ઢોલિયા ઢાળી, માથે ધડકીઓ પાથરી, ગોંડળના કુંવરને બેસાડ્યા. ચૂલો ચાલતો થયો. ભેંસો દોવાઈ ગઈ. દળેલી સાકરની ડબરીઓ ભરાઈ ગઈ. ગોંડળના કુંવરે બે બગાસાં ખાધાં ત્યાં તો પટેલે સાદ કર્યો કે "લ્યો, પધારો બાપુ, બાજઠ માથે."

કણબીએ ઊલટભેર તૈયાર કરેલી સાદી પણ સાચા અંતરની મીઠપભરેલી મહેમાની માણીને કુંવર ઊભા થયા. કોઠો ઠરીને હિમ થઈ ગયો. પોતાની વસ્તીને આવી હેતાળ અને આવી રસકસભરી જોઈ પોતાને મનમાં મોટી મોજ આવી ગઈ. મનમાં થયું: 'અરે, હું આવતી કાલનો ગોંડળનાં બારસો પાદરનો ધણી આજ જેને ઘરે હાથ એઠા કરું, એની સાત પેઢીનું દાળદર ભુક્કા ન થઈ જાય તો ગોંડળનું બેસણું લાજે ને!'

"પટેલ, ગામના તળાટીને બોલાવો."

તળાટી વાણિયો આવ્યો.

"તળાટી, દોત, કલમ અને દસ્તાવેજનો કાગળ લાવો."

તળાટી કાગળિયો લાવ્યો.

"હવે એમાં લખો કે કુંવર પથુભા ભૂખ્યા થયા હતા તે પટેલને ઘેર

આજરોજ શિરામણ કરવા ગયા તે બદલ કુંકાવાવ ગામને ઓતરાદે પડખે ચાર વાડીના કોસ ચાંદો-સૂરજ તપે ત્યાં સુધીને માટે માંડી દીધાં છે અને તે અમારા વંશવારસોએ પેઢી દર પેઢી પાળવાના છે. ન પાળે એને માથે ચાર હત્યા.''

તળાટી તો લખાવ્યું તેમ લખતો જાય છે. વચ્ચે વચ્ચે માથું ઊંચું કરીને પોતાનાં ભાંગેલ ડાંડલીવાળાં ચશ્માંની અંદરથી પટેલની સામે આંખના મિચકારા મારતો જાય છે. પટેલનું મોં આ બધી મશ્કરી દેખીને ઝંખવાણું પડતું જાય છે. એમ કરતાં દસ્તાવેજ પૂરો થયો. તળાટીએ લીલા અક્ષરો ઉપર રજિયામાંથી રેતી છાંટી ખોંખારો ખાઈ, આગળ ધર્યો અને કહ્યું: ''લ્યો બાપુ, મારો મતું.''

પથુભા કુંવરે પોતાની સહી કરી. દાઢ ભીંસીને તળાટી બોલવા લાગ્યો કે ''વાહ! રંગ છે ગોંડળના ખોરડાને! એ તો એમ જ છાજે ને! જેને પાણીએ બાપુ હાથ વીછળે એનાં દાળદર તો દરિયાને કાંઠે જ વયાં જાય ને! રંગ છે બાપુને!''

વાણિયો બોલે છે અને એને વેણે વેણે પટેલના મુખ પરની અક્કેક કળા સંકેલાતી જાય છે. કુંવરની ભ્રમણા ભાંગવા માટે પટેલ તલપાપડ થઈ રહ્યો છે, પણ સાચી વાતની જાણ થતાં કુંવરને ભારી ભોંઠામણ આવશે એવી બીકે પટેલ મૂંગો જ બેઠો રહ્યો. થોડી વાર રહીને કુંવર ઘોડે ચડ્યા. પહોળાયેલી છાતીએ કુંવરે પટેલને રામ રામ કરી દેરડી ઉપર ઘોડાં હાંકી મૂક્યાં.

''લ્યો, પટેલ, આ ચાર વાડીનો દસ્તાવેજ ઘોળીને પી જજો.'' એમ કહીને તળાટીએ સરખી ઘડચ વાળી કાગળિયો પટેલને આપ્યો. ''લ્યો, સમજ્યા ને, પટેલ, આ દસ્તાવેજ દૂધમાં ડોઈને શિરાવી જાજો.''

પટેલ શું બોલે? પોતે આખી વાતની મૂર્ખાઈ સમજે છે. પટેલ મૂંગા રહ્યા એટલે તળાટીને વધુ શૂરાતન ચડ્યું.

''ડોઈને પી જાજો, સમજ્યા ને? સાત પેઢી સુધી ચાર વાડિયુંના ઘઉં ચાવજો; સમજ્યા ને? હા...હા...હા...! જોજો, ગગો ચાર વાડિયુંના કોસ દઈ ગયો! જાણે બાપાની કુંકાવાવ હશે, ખરું ને? બાપુ જગા વાળાનું ગામ,

અને એની ચાર વાડિયું ગગો ઇનામ દેતો ગયો! લાજ્યો નહિ?"

"અરે પણ, શેઠ, તમે તો આ શું લવરી કરો છો? એને બાપડાને ખબર નહોતી અને ભૂલ કરી તો શું થઈ ગયું? તમે પોતે કેવા મૂરખ કે એને વાતનો ફોડ પણ ન પાડ્યો ને ઊંધું માથું રાખીને મંડ્યા દસ્તાવેજ ઢરડવા!"

"હં...અં! પટેલ! હું સમજું છું. શેર ચોખા વાવર્યા, ને તમારે તો આખું ગામ મળવાની લાલચ હશે!"

"અરે માળા લબાડ! તું તે શું રાળી રહ્યો છો? આપણા ગામને પાદરથી અઢાર વરણનું એક પણ માનવી ખાધા વગર કોઈ દી જાય નહિ, તો પછી આ તો ગોંડળનો ગાદીવારસ હતો! એમાં મને શું લાલચ હતી? જરાક ભગવાનનો તો ભો રાખ!"

"હં... અં! અમે સમજીએં છીએં, પટલ, તમારે ગામ જોતું'તું, તે લ્યો. આ દસ્તાવેજ ડોઈને શિરાવી જાજો, કોઠો ઠરશે, સમજ્યા ને!"

કાળજું કાપી નાખે તેવાં મર્મનાં વચનો કાઢતો કાઢતો વાણિયો તો ચાલ્યો ગયો, અને પટેલ પણ પેટમાં કશા દુ:ખધોખા વગર પાછો સાંતીડું જોડીને કામે વળગ્યો. પરંતુ વાત તો વાએ જેતપુર પહોંચી ગઈ. જેતપુરના ભાગીદાર જગા વાળાને જાણ થઈ કે આપણી કુંકાવાવની અંદર ગોંડળના પાટવી કુંવર પથુભાએ પટેલને ઘેર શિરામણ કર્યાના બદલામાં ભૂલભૂલથી ચાર વાડીઓ પટેલને 'જાવચ્ચંદ્ર દિવાકરૌ' માંડી દીધી. અને તે પછી બાપડા પટેલને માથે ગામના તળાટીએ માછલાં ધોયાં.

ખડ! ખડ! ખડ! ખડ! આખો દાયરો ગોંડળના કુંવરની નાદાની ઉપર દાંત કાઢવા લાગ્યો અને દરબાર જગા વાળાએ પણ જરાક હોઠ મરકાવ્યા.

"પણ, બાપુ, તળાટીએ પટેલને બહુ બનાવ્યા. ગામ આખાને ભારે સુવાણ કરાવી."

"એમ કે, બા! ઠીક, ત્યારે તો આપણેય રમોજ લઈએં. આંઈ બોલાવો ઈ પટેલને અને તળાટીને. ઓલ્યો દસ્તાવેજ પણ સાથે લાવવાનું લખજો."

આ રીતે દરબારે હુકમ દીધો. દરબારના મન ઉપર કાંઈક કોચવણ

પણ દેખાણી.

માણસ કુંકાવાવ ગયો. તળાટીને કહે છે કે "બાપુ તેડાવે છે."

"કાં?"

"ઓલ્યો દસ્તાવેજવાળો સુગલો કરવા."

તળાટી હરખમાં આવી ગયો. પોતાની ગમ્મત ઉપર બાપુ ફિદા થઈ ગયા હોવાની વાત સાંભળીને તરત જેતપુરની તૈયારી કરી. પરંતુ બીજી બાજુ પટેલને તો પોતાની ફજેતી થશે એમ સાંભળીને મરવા જેવું થઈ પડ્યું. પણ શું કરે? ધણીનો હુકમ હોવાથી જવું પડ્યું. રસ્તામાં વાણિયો એનો જીવ લઈ ગયો.

દાયરામાં જઈને બેય જણા ઊભા રહ્યા ત્યાં તો હસાહસનો પાર ન રહ્યો. પટેલ નીચું જોઈ ગયો અને વાણિયાની જીભ તો માણકી ઘોડીની માફક વહેતી થઈ ગઈ.

બાપુએ પૂછ્યું કે "કાં તળાટી, શી હકીકત બની ગઈ?"

"બીજું શું, બાપુ! પટેલને આપણા ગામની ચાર વાડિયું ઇનામમાં મળી."

"કોના તરફથી?"

"ગોંડળના પાટવીકુમાર તરફથી."

"તે હવે શું?"

"હવે પટેલ દસ્તાવેજને ડોઈને શિરાવી જાય, બીજું વળી શું? ક્યાં લીલાંછમ માથાં વાઢીને કુંકાવાવ લેવા પથુભાનો દાદો આવ્યો'તો? માટે, પટલ! ડોઈને પી જાઓ, સમજ્યા ને?"

"જોઉં કાગળિયો!" એમ કહીને દરબારે દસ્તાવેજ લીધો, વાંચ્યો. એની મૂછો ફરકવા મંડી, કહ્યું: "ઠીક, લાવો એક ત્રાંબાનું પતરું."

પતરું હાજર થયું.

"આ દસ્તાવેજનું વેણેવેણ એ પતરામાં કોતરી કાઢો, અને નીચે ઉમેરો કે કુંવર પથુભાએ કરી દીધેલ આ લેખ અમારી પેઢી દર પેઢીએ, જેતપુરની ગાદી તપે ત્યાં સુધી પાળવો છે. ન પાળે એને માથે ચાર હત્યાઉં."

તળાટી કાળોધબ થઈ ગયો. મૂછ માથે હાથ દઈને દરબાર બોલ્યા:

"પથુભા કુંવરને કાગળ લખો કે તું સંગ્રામજીનો દીકરો, ઈ મારોય દીકરો. તું દેતાં ભૂલ્યો. આખી કુંકાવાવ માંડી દીધી હોત તો પણ હું પાળત. ન પાળું તો કાઠીના પેટનો નહિ."

"અને તળાટી! તુંને હિંગતોળને શું કહું? મારા લાખ રૂપિયાના કણબીનું માથું વઢાવવા ઊભો થ્યો છો? યાદ રાખજે, પગ ઝાલીને બે ઊભા ચીરા કરી નાખીશ! એલા, પાદર નીકળેલ પરોણાને એણે રોટલો નીર્યો એમાં તારો ગુનો કરી નાખ્યો એણે? ખબરદાર જો હવે કાંઈ બોલ્યો છો તો!"

ઠાકોર સંગ્રામજી અને પથુભા કુંવર બેઠા છે ત્યાં જગા વાળાનો કાગળ પહોંચ્યો. કુંવરને પોતાની ભૂલ માલૂમ પડી. એણે સામો કાગળ લખ્યો: "શાબાશ, કાકા! રખાવટ તે આનું નામ! બાપુએ લખાવ્યું છે કે પેડલા ગામમાં આપણે જમીનનો કજિયો છે તેનો આજથી અંત આવે છે. પેડલા ગામનો ગોંડળનો ત્રીજો ભાગ આજથી અમે તમને માંડી દઈએ છીએ."

કુંકાવાવના એ કણબીના વારસો હજુ ઘણાં વર્ષો સુધી એ ચાર વાડીનો કપાળ-ગરાસ ભોગવતા હતા. પણ એજન્સીની મૅનેજમેન્ટમાં એ જમીન ખાલસા કરવામાં આવી કહેવાય છે.

# શેત્રુંજીને કાંઠે

શેત્રુંજીના કાંઠા બારેય માસ લીલાછમ રહેતા. ગોઠણ ગોઠણ-વા ઊંચું ખેડવાનું ખડ આઠેય પહોર પવનમાં લહેરિયાં ખાતું, અને બેય કાંઠાની ભેંસો, ડુંગરાના ટૂકને તોડી નાખે તેવાં જાજરમાન માથાં હલાવી, પૂંછડાં ફંગોળી ફંગોળી ઊભે કાંઠે ચારો ચરતી. પાસેની ગીરમાંથી સાવઝની ડણકો સંભળાતી.

બેય કાંઠે પારેવાંના માળા જેવા આહીરોના બે નેસડા પડ્યા છે. સવાર-સાંજ ભેંસોના આંચળની શેડ્યોને ધમોડે અને છાશને વલોણે બેય નેસડા સીમ બધી ગજવી મેલે છે. અંદર સળી ઊભી રહી જાય એવાં ઘાટાં દૂધ દોણાંમાં સમાતાં નથી. વલોણાં ઘુમાવતી આહીરાણીઓ નેતરાં ઉપર આખા અંગને એવી તો છટાથી નીંડોળે છે કે જાણે શરીરમાંથી રૂપની છોળો છલકાઈ ઊઠે છે. કાયાનાં સરોવર જાણે હેલે ચડે છે.

પહોર દિવસ ચડતાં બેય નેસડામાંથી ભેંસો ઘોળીને બે છોકરાં નીકળે છે: એક છોકરો ને એક છોકરી: બેયની દસબાર વરસની અવસ્થા વહી જાય છે. છોકરાને ઉઘાડે માથે વેંતવેંતનાં ઓડિયાં ઓળેલા હોય છે. ને છોકરીનો મીંડલા લઈને વાળેલ મોટો અંબોડો ભાતીગળ લૂગડાની કુચલીમાં ઢંકાયેલો હોય છે. બેયના હાથમાં લાકડી; બેય આંબલીની ઊંચી ઊંચી ડાળીએથી પાકા પાકા કાતરા ગોતી કાઢી, લાકડીને ઘાએ મનધાર્યાં નિશાન આંટીને પાડી નાખે, અને વહેંચી ખાય. વાંદરાં જેવાં રમતિયાળ બે છોકરાં ગોંદરાનાં ઝાડની ઘટામાં ઓળકોળાંબો રમે છે. પણ ઘણી વાર છોકરી એ છોકરાને ઝાલી લે છે. પણ ઘણી વાર તો છોકરો જાણીબૂઝીને જ પોતાને ઝાલવા દે છે. આણલદેને ઝાલવી તે કરતાં એના હાથે ઝલાવું એમાં દેવરાને વધુ આનંદ પડતો. ઘણી વાર તો આ જાણીજોઈને ઝલાઈ જવાની દેવરાની

દાનત દેખાઈ આવતી. આણલદે ખિજાઈને કહેતી કે "તો કાંઈ નહિ, બાઈ! આવી રમતમાં શી મઝા પડે? સાચુકલો તો તું દોડતો નથી ને!"

"તો તો સવારથી સાંજ સુધીય તારે માથેથી દા નહિ ઊતરે, ખબર છે?"

માંહી મોતી પડ્યું હોય તોયે વીણી લેવાય, એવાં નિર્મળ શેતલનાં પાણી ખળભળ નાદે ચાલ્યાં જતાં, અને આણલદે ને દેવરો બન્ને ભેખડ ઉપર બેસીને પાણીમાં પગ બોળતાં. બેય જણાંની દસેય આંગળીએ માછલી ટોળે વળતી અને બેમાંથી કોના પગ ઊજળા તે વાતનો વાદ ચાલતો.

"આમ જો, દેવરા, મારા પગ ઊજળા."

"એમાં શું? કોઢિયાંના પગ તારાથીયે ઊજળા હોય છે. ઊજળાં એટલાં કોઢિયાં!"

"ના, આયરથી ઊજળાં એટલાં કોઢિયાં."

"એમ તો આપણા ગામના ગધેડાંય ધોળા હોય છે!"

ઉનાળાના બપોર થતા ત્યારે આંબલી અને વડલાની છાંયડીમાં નદીની લહેરીઓથી દેવરાની આંખો મળી જતી, વાગોળતી ભેંસનાં શરીરનો તકિયો કરીને દેવરો પોઢી જતો અને આણલદે એકલી ઊભી ઊભી ડોબાંનું ધ્યાન રાખતી, કોઈ કોઈ વાર સમળીઓનાં પીંછાં લઈને દેવરાના ઓડિયાંમાં ઊભાં કરતી. કોઈ વાર દેવરાની પછેડીની ફાંટે બાંધેલ બાજરાનો લીલોછમ રોટલો માછલીઓને ખવરાવી દઈ, પછી ભૂખ્યા છોકરાને પોતાના હાથનો ઘડેલો રોટલો ખવરાવવા બેસતી. ખાતો ખાતો દેવરો બોલતો: "અરેરે, આણલદે! મારી મા બિચારી ગલઢી થઈ ગઈ; એને હાથે હવે તારા જેવા રોટલા થાતા નથી."

"તો હું તુંને દા'ડી રોટલા ઘડીને લાવી દઈશ."

"કેટલા દી? જોજે હો, બોલ્યે પળીશ ને? ખૂટલ નહિ થા?"

"હાં! સમજી ગઈ! તો તો આ લે!" એમ કહીને આણલદે અંગૂઠો બતાવતી.

સાંજે ખાડું ઘોળીને દેવરો પોતાને નેસડે જાતો ત્યારે જાણી-જોઈને એકાદ પાડરું હાંકવું ભૂલી જાતો. પાછળથી આણલદે પાડરું હાંકીને દેવરાને

ઘેર જાતી અને હાકલ કરીને કહેતી કે "એલા દેવરા, રોજ પાડરું હાંકવું ભૂલી જાછ, તે ભાન ક્યાં બળ્યું છે? આયરનો છોકરો થઈને આવો ભૂલકણો કાં થિયો? આ લે, હવે જો ભૂલીશ તો હું મારાં ડોબાં ભેળું હાંકી જઈશ."

દેવરાની રંડવાળ મા આ કુંજના બચ્ચા જેવી છોકરીને ટીકી ટીકીને જોઈ રહેતી અને એને ઊભી રાખીને ધોળા તલનું ગૂંજું ભરાવી કહેતી: "લે, માડી આણલદે, તું રોજ પાડરું મેલવા આવછ તેનું આ મહેનતાણું."

તરત દેવરો બોલતો: "મા, દા'ડી દા'ડી તમે એને તલનાં ગૂંજાં કાં ભરાવો? ઈ તો હેવાઈ થઈ જાશે, હો! પછી નત્ય ઊઠીને ઉંબરા ટોચશે."

દાંત કાઢીને છોકરી પોતાને નેસડે ચાલી જતી.

ડોશી પાડોશીના ઘરમાં જઈને વગર બોલાવી, વગર સાંભળ્યે, વેવલી બનીને કહેતી: "જો તો ખરી, બાઈ! કેવી જોડ્ય મળી જાય છે: આવી છોડી આંગણે આવે તો મારે ભવની ભૂખ ભાંગી જાય ને?"

"પણ ડોશી! તમે રાજા માણસ કાં થાવ? ક્યાં હરસૂર આયરનું ખોરડું ને ક્યાં તમારો કૂબો!"

"ઠીક, માડી! થિયું ત્યારે!" એમ બોલી ડોશી ડુંગર જેવડો નિસાસો મૂકતી.

❁

આણલદેના અંગ ઉપર બાળપણ ઊતરીને હવે તો જોબનના રંગ ચડતા થયા છે. માથા ઉપરથી મોશલો ઊતરીને હવે તો ચૂંદડી ઓઢાઈ ગઈ છે. હવે આણલદે ભેંસો ચારવા આવતી બંધ થઈ છે. પણ સવાર-સાંજ માથે પીત્તળની હેલ્ય મેલી નદીએ પાણી ભરવા નીકળે છે: તે વખતે જ એકબીજાની સાથે ચાર આંખોના મેળાપ થાય છે, અને એમાંય તે, આંખો હજુ મળી ન મળી હોય ત્યાં તો બેય જણાંની પાંપણો, કંજૂસ માણસના પટારાની જેવી તરત નીચી ઢળી પડે છે. બાળપણની એટલી છૂટી જીભ પણ જાણે આજ કોઈ અદીઠ કારણથી ઝલાઈ ગઈ છે ને મોંમાંથી વાચા ફૂટતી નથી. વીરડાને કાંઠે બેસીને પાણી ઉલેચતી પોતાની બાળપણની ભેરુડીની ચૂંદડીના છેડા નદીના વાયરાની અંદર ફરકતા હોય અને એમ

થાતાં માથાનો સવા ગજ ચોટલો બહાર ડોકિયાં કરી જાતો હોય તે જોવામાં પણ એબ છે એવું માનનારો દેવરો આયર, નીચે ઢળેલ પોપચે, ભેખડ ઉપર સૂનમૂન બેઠો રહેતો.

આણલદેનો બાપ માનશે, એ આશા હજુ દેવરે ખોઈ નથી. બરાબર એ જ વખતે હરસૂર આયરના ઘરમાં ધણી-ધણિયાણી વચ્ચે આવી વાતો ચાલી રહી છે:

"ના, ના, મારી સાત ખોટ્યની એક જ દીકરીને એ ડોસલીનાં ગોલાપાં કરવા સારુ ઢોરની જેમ દોરી નથી દેવી. માવતરમાં ખાધાનું ને પહેર્યાઓઢ્યાનું અઢળક સુખ લીધું, અને હવે એને રાંકના ઘરમાં જઈ થીગડાં પેરવાં, ખરું ને?"

"અરે આયરાણી, બેય જણાંને નાનપણની પ્રીત્યું છે, અને શું દીકરીને એ દખી થવા દેશે? વળી આપણને કરિયાવર કરવાની ક્યાં ત્રેવડ નથી?"

"આપણે સોને મઢીએ તોયે પીટ્યાં ઉતારી લેશે. એને બે તો છોડિયું છે. આંકેલ સાંઢ જેવી ઈ બેય નણંદું બાપડી દીકરીનાં ઘરાણાં-લૂગડાં પેરી ફાડશે. મારે ઈ નથી કરવું. હું તો અછોઅછો સાયબીમાં દીકરીને દેવાની છું. અને આપણે ક્યાં ચિંતા છે? સો ઠેકાણેથી આયરો અવાયા પડે છે."

"પણ છોડીનું મન..."

"ઈ તો અણસમજુ કહેવાય. બે દી આંસુડાં પાડશે. પછી વૈભવ ભાળશે ત્યાં બધુંય વિસારે પડી જાશે."

"ઠીક ત્યારે!" કહીને આણલદેનો બાપ ડેલીએ ચાલ્યો ગયો.

❀

નેસને પાદર પરગામની બંદૂકો વછૂટી. ઢોલત્રાંસાં ધડૂક્યાં. શરણાઈઓના મીઠા સૂર મંડાણા. પરદેશી આયરની જાન વાજતે-ગાજતે સામૈયે ગામમાં ગઈ, અને તલવારધારી મોડબંધાએ પોતાના ગોઠણ સુધી ઢળકતા લાંબા હાથે સાસરાની ઊંચી ઊંચી ડેલીએ ઊભા રહીને તોરણનું પાંદડું તોડ્યું. વરરાજાનાં તો બબ્બે મોઢે વખાણ થવા લાગ્યાં, અને આયરોની દીકરીઓએ ઓરડે જઈને આણલદેને વાત કરી: "બેન, આવો આયર કોઈ

દી ગામમાં પરણવા આવ્યો નો'તો. તું તો બહુ ભાગ્યશાળી!"

રાંદલમાના અખંડ બળતા બે દીવલડાની સામે બેઠેલી ડિલ ભાંગી પડે એટલાં સોનાંરૂપાંમાં શોભતી આણલદેનાં બેય નેત્રોમાંથી ડળક ડળક આંસુડાં ચાલવા લાગ્યાં; દીવાની જ્યોત એ પાણીવાળી આંખોમાં ઝળહળી ઊઠી, અને રાંદલમાની મૂર્તિ સામે બે હાથ જોડીને મનમાં મનમાં આણલદે બોલી: 'હે મા! તું સૂરજદાદાની રાણી થઈને મારી ફજેતી થાવા દઈશ? તારા સતના દીવડા બળે છે, ને શું હું ગાય ખાટકીવાડે દોરાય તેમ દોરાઈ જઈશ?'

માંડવા નીચે ગામેગામના આયરો એકઠા મળ્યા છે. નિખારેલ પાણકોરાનાં નવાં લૂગડાં અને માથે પછેડીઓ પહેરી કૈંક જુવાનો કડિયાળી ડાંગ પછાડતા ટલ્લા મારે છે. વરલાડડો ઢોલરો દસેય આંગળીએ વેઢ પહેરીને બાજઠ ઉપર વીરભદ્ર જેવો શોભે છે. સહુ ફૂલગુલાબી થઈને ફરે છે. ફક્ત દેવરાના અંગ ઉપર જ ઊજળાં લૂગડાં નથી કે મોં ઉપર જરીકે તેજી. દેવરો ભાનભૂલ્યો થઈને ભમે છે. બારી ઉઘાડીને આણલદે પછીતે નજર કરે છે, ત્યાં દેવરાને નીચે ઢળેલે માથે ચાલ્યો જતો દેખે છે. આણલદે કહે છે કે –

*આ ભાઠાળા ભમે, (ઈ) રૂપાળાસું રાચું નહિ,*
*(તું) ડોલરિયો થઈને, માણ ને માંડવ દેવરા!* [1]

"અરે દેવરા, આંહીં ભમનારા આયરો રૂપાળા છે, પણ એ નાદાનોનાં રૂપથી હું રાજી નથી. તું માંડવા નીચે શીદ નથી મહાલતો?"

"આણલદે! હવે તો ડોલરિયા થઈને ફરવાના દી વયા ગ્યા. હવે બળતાને શીદ બાળો છો, બાઈ! હવે તો ભૂલી જાવ ને અંજળ-દાણોપાણી લખ્યાં છે તેની સાથે ફેરા ફરો, કંસાર જમો, સંસાર માંડો."

"અરે દેવરા!"

*મળિયા મૂઢ ઘણાય, મનસાગર મળિયા નહિ,*
*(તેની) તરસ્યું રહી તનમાંય, દલ અમારે દેવરો!* [2]

"ને તું મને આજ શે દાવે ઠપકો દઈ રિયો છો? બોલ્ય! બોલી નાખ!

છે તારી હિંમત? છે છાતીમાં જોર? અબઘડી જ આ મીંઢળ તોડીને ચાલી નીકળું!"

દેવરાએ ડોકું ધુણાવ્યું.

"હાઉં ત્યારે. તું જ ઊઠીને મને દોરી દેછ ને!"

*ટોળામાંથી તારવ્યે, ઢાઢું દિયે ઢોર,*
*(એમ) ચિત અમારું ચોર, દોરી દીધું દેવરે!* [3]

"દેવરા, ચોર જેમ પારકા પશુના ટોળામાંથી એક ઢોરને તારવી જઈને બરાડા પાડતું કોઈકને સસ્તે ભાવે વેચી નાખે છે, તેમ તું પણ આજ મને પશુતુલ્ય ગણીને પરાયાને હવાલે કરી રહ્યો છો; રડતી-કકળતીને દોરીને દઈ રહ્યો છો."

વરઘોડિયાંને માયરે પધરાવ્યાં, ચોરીએ ચડી ચાર આંટા ફરવાનો સમય થયો પણ આણલદેની કાયા સ્થિર નથી રહેતી.

*ફરતાં ચડે મું ફેર, મંગળ આંટા મન વન્યા,*
*(મારી) કેમ આંખ્યુંમાં અંધેર, ચિતડું ચગડોળે ચડ્યું.* [4]

વરકન્યા કંસાર જમવા બેઠાં. પણ એ કંસાર તો કન્યાને મન વિષ જેવો છે:

*ચોરી આંટા ચાર, (હું) ફડફડતે દલડે ફરી,*
*(પણ) કેમ જમું કંસાર, દઃખ માને મું દેવરો.* [5]

'શેત્રુંજી કાંઠે ઝાડવે ઝાડવાની ને જળની માછલીઓની સાખે મેં જેની સાથે એક ભાણે બેસીને રોટલા ઘડવાના મીઠા કોલ દીધા, એ પુરુષને ત્યજી હું આજ કોની સાથે કંસારના કોળિયા ભરવા બેઠી છું? અરેરે, આયરાણીના બોલનું શું આટલું જ મૂલ!' વિચારી વિચારીને કન્યા ઝૂરે છે. કુળમરજાદનાં લંગર જેને પગે પડી ગયાં, તેનાથી નાસી છુટાતું નથી.

જાન ઊઘલવાની વેળા થઈ છે. પાનેતરનો ઘૂમટો તાણીને ઓરડાની પાછલી પરસાળે થાંભલી ઝાલીને ઊભી છે. શું કરું? જીભ કરડીને મરું? કે છેડાછેડીની ગાંઠ છોડીને વનરાવનના મારગ લઉં? એવા મનસૂબા કરે છે ત્યાં દેવરો આવીને ઊભો રહ્યો.

"આણલદે! બાળપણનો ભેરુબંધ આજ છેલ્લી આશિષ દેવા આવ્યો છે."

*સિધાવો ભલે સજણાં, લિયો લાખેણા લાવ,*
*દેવરા કેરા દાવ, અમ કરમે અવળા પડ્યા. [6]*

અંતર વલોવાઈ જતું હતું તેને દબાવીને દેવરો કોઈ પ્રેત હસે તેમ હસ્યો.

"હાં! હાં! દેવરા, જાળવી જા!"

*દેવરા, દાંત મ કાઢ્ય, દોખી તારા દેખશે,*
*હસવું ને બીજી હાણ્ય, વાતું બેયની વંઠશે. [7]*

"આણલદે! હવે વળી વાત વંઠીને શી થવાની હતી? હવે હતું એટલું તો બધુંય હારી ગયાં. મારાં નાનપણથી સાચવેલાં રતન આજ રોળાઈ ગયાં. હવે શેની બીક છે? સિધાવો, આણલદે! અને હવે ભૂલી જજો."

"થયું. હવે તો દેવરા!"

*કોથળ કાંધ કરે વાલમ થાજે વૈદ,*
*આવજે તું આહીર, દેશ અમારે દેવરા. [8]*

"કોઈ દિવસ મારી માંદગી તપાસવા વૈદને વેશે ઓસડિયાંની કોથળી ખંભે નાખીને અમારે દેશ આવજે, દેવરા!"

*સામવિયું સગા, (કે' તો) પાલખિયું પુગાડિયે,*
*આવ્યે આષાઢા, ડમ્મર કરીને દેવરા! [9]*

"હે સ્વજન, તું કહે તો તને લેવા માટે હું સામી પાલખી પહોંચાડીશ. આષાઢીલા મેઘ સમ પિયુ, તારો મેઘાડમ્બર કરીને પ્રીતનાં નીર વરસાવવા આવજે!"

આણલદે વેલ્યમાં બેઠી. પૈડાં સિંચાણાં; નાળિયેર વધેરાયાં અને જોતજોતાંમાં તો વેલડું શેત્રુંજી-કાંઠાનાં ઝાડવાં વળોટી ગયું. ઘૂઘરમાળના રણકાર, આઘે આઘેના વગડામાં આણલદે રોતી હોય તેના રુદનસ્વર જેવા, પાદર ઊભેલો દેવરો સાંભળતો રહ્યો.

*સાજણ હાલ્યાં સાસરે, આંસુડાં ઝેરી,*
*પાડોશી હાલ્યાં વોળામણે, માવતર થ્યાં વેરી.*
*માવતર થ્યાં વેરી તે કિયો,*
*સુખદુઃખ મનમાં સમજી લિયો,*
*કે, તમાચી સુમરો ગિયાં સાજણને તજીએ શેરી,*
*સાજણ હાલ્યાં સાસરે, આંસુડાં ઝેરી.*

❁

નદીને તીરે ઝાડ ઊભાં છે. વેલ્યમાં બેઠેલી આણલદે એ ઘટામાં પણ પોતાના વાલમનાં સંભારણાં ભાળે છે. આહાહા! આંહીં આવીને દેવરો રોજ દાતણ કરતો. હું એને તાજાં દોહીને ફીણાળાં દૂધ પાતી:

*(આ) તરવેણીને તીર, (અમે) સાગવનેય સરજ્યાં નહિ,*
*(નીકર) આવતડો આહીર, દાતણ કરવા દેવરો.*

"અરેરે! હું માનવીનો અવતાર પામી, તે કરતાં આ નદીને કાંઠે વનનું ઝાડવું સરજાઈ હોત તો કેવું સુખ થાત! રોજ મારો પ્રીતમ દેવરો મારી ડાળખી તોડીને દાતણ કરત. હું મૂંગૂં મૂંગું ઝાડવું થઈને એનાં દર્શન તો કરત! મારી ડાળીઓ ઝુલાવીને એને વીંઝણો તો ઢોળત! મારી છાંયડી કરીને એનો તડકો તો ખાળત! પણ કર્મની કઠણાઈએ હું તો સ્ત્રીનો અવતાર પામી."

બપોરના તડકા થયા. વૈશાખની લૂ વરસવા લાગી. જાનૈયા ભૂખ્યા થયા. નદીકાંઠો આવ્યો એટલે ટીમણ કરવા માટે ગાડાં છોડવામાં આવ્યાં. સહુએ ખાધું. તે પછી નદીને વીરડે જાનડીઓએ વીરડો ઉલેચ્યો, પણ પાણી આછરે નહિ. જાનડીઓએ અરસપરસ હોડ વદી: "એલી બાઈયું, જેને પોતાનો વર વા'લો હશે, એને હાથે પાણી આછરશે."

રૂપાળાં છૂંદણાંવાળા હાથની સુંવાળી થપાટો વીરડાનાં ડોળાં પાણીને વાગવા લાગી, પણ પાણી તો એકેય આહીરાણીના અંતરની વહાલપની સાક્ષી પૂરતું નથી. થાકીને જાનડીઓ સામસામી તાળીઓ દેવા લાગી. ત્યાં બે-ચાર જણી બોલી: "એલી એય, ઓલી વહુ લાડડીને ઉતારો વેલ્યમાંથી હાથ ઝાલીને હેઠી. જોઈએ તો ખરાં, ઈ નવી પરણીને આવે છે તે વર ઉપર કેવું હેત છે?"

મનની વરાળને પાણી કરીને પાંપણે ટપકાવતી આણલદે વીરડાને કાંઠે આવી. આવીને મંત્ર બોલે તે રીતે મનમાં બોલી:

*(આ) વેળુમાં વીરડો, ખૂંદ્યો ન ખમે વીર,*
*(પણ) આછાં આવજો નીર, જે દશ્ય ઊભો દેવરો.*

"આ મારો વીર વીરડો, બીજી સ્ત્રીઓનાં ખૂંદણ ખમી શક્યો નહિ, એનાં પાણીને ચોખ્ખા કરવાનું કોઈથી ન બન્યું. અને હવે એને કટલોક ખૂંદવો! હવે તો હે તો, વિધાતા, જે દિશામાં મારો પ્રિયતમ દેવરો ઊભો હોય તે દિશામાંથી આછાં નીરની સરવાણીઓ ચાલી આવજો."

એટલું કહીને જ્યાં આણલદેએ એક જ છાપવું ભરીને વીરડો ઉલેચ્યો, ત્યાં તો પોતાના પિયરની દિશામાંથી વીરડામાં આછી સેર્યો આવવા લાગી. દેવરાનો સંદેશો દેતી હોય તેમ સરવાણીઓ બડબડિયાં બોલાવી દેવરાના અંતર સરીખા ચોખ્ખા પરપોટા પાણી ઉપર ચડાવવા લાગી. ઘડીક વારમાં તો વીરડો જાણે મોતીએ ભર્યો હોય તેવી કાળી, વાદળી, લીલી, પીળી ને ધોળી કાંકરીઓ પાણીને તળિયે ચળકી રહી. આખી જાને આછું પાણી પીધું. જાનડીઓમાં વાતો ચાલી કે 'વાહ રે વહુવારુનાં હેત! ઢોલરો કેવો નસીબદાર!'

❁

વરઘોડિયાંનાં સામૈયાં થાય છે. ઢોલરાનું કળશી કુટુંબ કુળવહુવારુનાં પગલાં થયા જાણીને કોડે ઊભરાય છે, પણ વહુને તો એ હેતપ્રીતમાં ક્યાંય જંપ નથી:

*સામૈયાના સૂર, ફૂલ-દડો ફાવે નહિ,*
*દેવરો મારે દૂર, ઢોલરે મન ઢળે નહિ.*

વરઘોડિયાંને ફૂલદડે રમાડો: ગલાલની કોથળીઓ ભરાવો: ઢોલરાને લગનનો પૂરેપૂરો લહાવો લેવરાવો: કોડભરી લાડકીને ઓછું ન આવવા દેજો: પણ –

*મૂઠી ભરીને માર, ગલાલનો ગોઠે નહિ,*
*અંતરમાં અંગાર, દેવરા વણ દા ચું પડે.*

આણલદેનું શરીર ઢોલરાના હાથના ગલાલના માર શી રીતે ખમી શકે! એને તો એ ગલાલની મૂઠીઓ સળગતા અંગારા સરખી લાગતી હતી. દેવરા વિના બીજાના હાથનો ગલાલ શે સહેવાય?

❁

*થંભ થડકે, મેડી હસે, ખેલણ લગ્ગી ખાટ,*
*સો સજણાં ભલે આવિયાં, જેની જોતાં વાટ.*

એવા ઉછાળા મારતા અંતરે ઢોલરો અધરાતે દાયરામાંથી છૂટો પડીને પોતાના ઓરડા તરફ ચાલ્યો આવે છે. ચારેય ભીંતે ચોડેલ ચાકળા-ચંદરવાનાં આભલાં ઉપર દીવાનું તેજ ચળકારા કરતું હોવાથી ઓરડામાં કેમ જાણે નાનકડું આભામંડળ ગોઠવાઈ ગયું હોય તેવું દેખાય છે. મારાં પગલાંના અવાજ ઉપર કાન માંડીને આયરાણી ક્યારની આતુર હૈયે ઓરડાને બારણે ટોડલા ઝાલીને ઊભી હશે, એવું ચિંતવતો ચિંતવતો ઢોલરો જ્યાં ઓશરીએ ચડે, ત્યાં તો ઊલટું પોતાની નવી વહુ મશ-ઢળેલા મોઢે ઓરડામાં બેઠેલી દેખીને એના ઉતાવળે ડગલાં દેતા પગ ઢીલા પડી ગયા. માતાએ ઉલટથી શણગારેલ ઓરડામાં આણલદેને શું કાંઈ ઊણપ લાગી હશે? હસીને સામાં ડગલાં માંડવાને બદલે સૂનકાર હૈયે બેઠી કેમ રહી છે? માવતરની લાડકવાયી દીકરીને મહિયર સાંભરતું હશે? કે હું એને મનગમતો નહિ હોઉં?

એવી ચિંતાએ ચડીને, સ્ત્રી જેમ પોતાના સ્વામીને મનાવવા કોમળ ઇલાજો કરે તેમ, પુરુષ પોતાની પરણેતરને રીઝવવા માટે મહેનત કરવા મંડ્યો: "ચાલ આણલદે! તારો ચોટલો ગૂંથી દઉં. તારા માથામાં ફૂલેલ તેલનાં કચોળાં ઠલવું. ચાલ, મન ઉપરથી ભાર ઉતારી નાખ."

એમ કહીને ઢોલરો અડકવા આવ્યો, ત્યાં તો હરણી પારધીને દેખી ફાળ ભરે તે રીતે આયરાણી ખસીને આઘે જઈ બેઠી.

"કાં?"

"કાં શું?

*ચોટી ચાર જ હાથ, ગૂંથ્યો ગોરે માણસે,*
*(એના) ગુણની વાળેલ ગાંઠ, દોરો છોડે દેવરો.*

"આયર, આ ચોટલામાં તો બીજા હાથનો દોરો ગૂંથાઈ ગયો અને ક્યારની એ ગાંઠ વળી ગઈ. હવે તું આઘેરો રે'જે. સંસારને સંબંધે હું તારી પરણેતર ઠરી છું ખરી, ને મરીશ ત્યાં સુધી તારા ઘરમાં રહી તારાં ગોલાપાં કરીશ, પણ તારો ને મારો છેડોય અડવાના રામરામ જાણજે."

ઢોલરો સમજી ગયો, ઘૂંટડો ગળી ગયો, પણ માન્યું કે થોડી પંપાળીશ ત્યાં જૂની પ્રીત ભૂલીને નવા નેહ બાંધશે. એવું ચિંતવીને ફરી વાર ફોસલામણાં આદર્યાં: "આણલદે! મૂંઝા મા, ઉતાવળી થા મા. એમ કાંઈ આખો ભવ નીકળવાનો છે? આપણો તો આયર વરણ: જૂની વાતો ભૂલી જાવામાં આપણને એબ નથી. આવ, આપણે ચોપાટ રમીએ."

"ઢોલરા! તું જેવો ખાનદાન આયર આજ શીદ ચીંથરા ફાડી રહ્યો છે? તુંને ખબર નથી, આયર, પણ –"

*સાવ સોનાને સોગઠે, પરથમ રમિયલ પાટ,*
*(તે દી) હૈયું ને જમણો હાથ, દા'માં જીતેલ દેવરો.*

"કાંઈ નહિ. આણલદે, તારું ચિત્ત ચકડોળે ચડ્યું છે. આજની રાત તું નીંદર કરી જા. મનના ઉકળાટ હેઠા બેસી જશે. લે, તને ઢોલિયો ઢાળી દઉં. સુખેથી સૂઈ જા. બીશ મા, હું મરજાદ નહિ લોપું."

એમ કહીને ઢોલરાએ ઢોલિયો ઢાળીને તે પર મશરૂની તળાઈ બિછાવી. પણ આણલદેને તો એ ગોખરુની પથારી બરાબર છે:

*કિમ સોઉં સજણા, મું સૂતેય સખ નહિ,*
*પાંપણનાં પરિયાણ, ભાળ્યાં પણ ભાંગે નહિ.*

"મારે શી રીતે સૂવું? મારી બે પાંપણો નોખી પડી ગઈ છે, એ દેવરાનાં દર્શન કર્યા વિના તો ભેળી જ થાય તેમ નથી. પોપચાં બિડાવાની જ ના પાડે છે. જે દી એને જોશું તે દી જ હવે તો જંપીને સૂશું, નીકર જીવતર આખુંય જાગવાનું છે."

મનાવી મનાવીને ઢોલરાની જીભના કૂચા વળી ગયા, મનોરથ જેના મનનાં માતા નથી એવો ફાટતી જુવાનીવાળો આહીર આજ પરણ્યાની પહેલી રાતે પોતાની પરણેતરના આવા આચાર દેખીને અંતરમાં વલોવાઈ ગયો.

એનાં રૂંવાડાં બેઠાં થઈ ગયાં. એના શરીરમાં થરેરાટી છૂટી અને હોઠ કંપવા લાગ્યાં. ધીરેધીરે ક્રોધ ઊપડવા લાગ્યો, આંખો તાંબાવરણી થઈ ગઈ.

'અરરર! એક સ્ત્રીની જાત ઊઠીને આટલી હદ સુધી મને તરછોડે? પરણ્યા પછી પારકા પુરુષનું નામ ન છોડે? એમ હતું તો મને પ્રથમથી કાં ન ચેતવ્યો? મારી ફજેતી શીદ બોલાવી? મને ટળવળતો કાં કરી મેલ્યો? બળાત્કાર કરું? ચોટલે ઝાલીને બહાર કાઢું? કે આંહીં કટકા કરું?' થર! થર થર! થર! આખું અંગ ધ્રૂજી ઊઠ્યું. ધગધગતા શબ્દો હોઠે આવીને પાછા વળી ગયા.

'ના, ના, જીતવા! એમાં એનો શો ગુનો? જન્મનો જે સંગાથી હતો એના પરથી સ્ત્રીનું હેત શી રીતે ખસે? આખો ભવ બાળીને પણ આંહીં કુળમરજાદને કાજે મારાં વાસીદાં વાળવા જે તૈયાર થઈ રહી છે એ શું મારવા લાયક, કે પૂજવા લાયક? હું ભૂલ્યો. મારા સ્વાર્થે મને ભાન ભુલાવ્યું. આવી જોગમાયાને મેં દૂભવી!'

અંતરમાં ઊછળેલું બધુંય વિષ પી જઈને ઢોલરો બહાર નીકળ્યો, ઓશરીમાં પથારી નાખીને ઊંઘી ગયો. આણલદેએ આખી રાતનું જાગરણ કર્યું.

ભળકડું થાતાં તો આણલદે ઘરના કામકાજમાં સહુની સાથે વળગી પડી. છાણના સૂંડા ભરીભરીને ભેળા કરવા માંડી, વાળવા લાગી અને તેવતેવડી નણંદોની સાથે છાશનું વલોણું ઘુમાવવા લાગી. સાસુજીએ ઊઠીને નવી વહુને ધૂળરાખમાં રોળાતી દેખી.

"અરે દીકરા, આવીને તરત તે કાંઈ વાસીદાં હોય? મેલી દે સાવરણી. હમણાં તો, બેટા, તારે ખાવાપીવાના ને હરવાફરવાના દી કે'વાય."

"ના ફુઈ, મને કામ વગર ગોઠે નહિ. પાંચ દી વે'લું કે મોડું કરવું તો છે જ ને?"

વહુના હાથ અડ્યા ત્યાં ત્યાં જાણે મોતીડાં વરસ્યાં, સાસુ ને નણંદો તો હોઠે આંગળાં મેલીને ટગર ટગર જોઈ જ રહી કે કેવી ચતુર વહુ આવી છે!

પણ વચ્ચે વચ્ચે વહુના હાથમાં સાવરણી ને નેતરાં થંભી જાય છે. વહુને કોઈ બોલાવે તો એ સાંભળતી નથી. આંખો જાણે ક્યાં ફાટી રહે છે.

એ વાતનું ધ્યાન કોઈને નથી રહ્યું.

જમવાનું ટાણું થયું છે. સાસુએ હોંશેહોંશે જૂઈના ફૂલ જેવા ચોખા રાંધ્યા છે. "વહુ, દીકરા, થાકી ગઈ હઈશ, માટે બેસી જા ફળફળતા ચોખા ખાવા."

ચોખામાં તપેલી ભરીને ઘી રેડ્યું. દળેલી સાકર છાંટી, પણ કોણ જમે! વહુ તો બેઠી બેઠી લવે છે કે:

*ઊનાં ફળફળતાંય, ભોજનિયાં ભાવે નહિ,*
*હેતુ હૈયામાંય, દાઝે સૂતલ દેવરો.*

"અરેરે, ઊનાં ભોજન તો હું શી રીતે જમું? મારા અંતરમાં દેવરો સૂતો છે, તેની કોમળ કાયા એ ઊના કોળિયાથી દાઝી જાય તો?"

એવી વહાલાની વિજોગણ એક બાજુથી ખાતીપીતી નથી, ને બીજી બાજુ કુળધર્મનું જતન કરવાનું ક્યાંયે ચૂકતી નથી. પણ દિવસ પછી દિવસ વીતતા ગયા. અંતરના ઉત્પાત સંતાડવા આણલદે બહુ બહુ મથી, તોયે એનો ચિત્તભ્રમ ઉઘાડો પડવા લાગ્યો. મોતીની ઇંઢોણી ઉપર ત્રાંબાની હેલ્ય મેલી સૈયરોના સાથમાં પાદરને કૂવે પાણી ભરવા જાય છે. તોયે આણલદેની એક પણ હેલ્ય હજી ભરાતી નથી. પાણીમાં જાણે દેવરાનો પડછાયો પડ્યો હોય, એવી કલ્પના કરતી કરતી આણલદે ઊભી રહે છે. સીંચણ હાથમાં થંભી રહે છે. એમ ને એમ દિવસ આથમે છે. કૂવામાં પડછાયો દેખાતો બંધ થાય છે, પારેવાં ઘુઘવાટા છોડીને માળામાં લપાય છે, વાદળાં વીખરાય છે, ને દિશાઓ ઉપર અંધારાના પડદા ઊતરે છે, ત્યારે આણલદે ઠાલે બેડે ઘેર આવે છે અને સાસુના ઠપકાને સાંભળીને લવે છે:

*સીંચણ ચાળીસ હાથ, પાણીમાં પૂગ્યું નહિ,*
*વાલ્યમની જોતાં વાટ, દી આથમાવ્યો દેવરા.*

"હે બાઈજી, સીંચણ તો ઘણુંય ચાળીસ હાથ લાંબું હતું, પણ પાણીને પહોંચ્યું જ નહિ. મારો દિવસ તો દેવરાની વાટ જોવામાં જ આથમી ગયો."

નિસાસો નાખીને સાસુ બોલ્યાં કે "અરેરે! આ હરાયું ઢોર આંહીં ક્યાંથી આવ્યું? આનું તો ફટકી ગયું લાગે છે! આ તો મારું કુળ બોળવાની

થઈ!''

❁

*સાજણ ચાલ્યાં સાસરે, આડાં દઈને વન,*
*રાતે ન આવે નીંદરા, દીનાં ન ભાવે અન્ન.*
*દીનાં ન ભાવે અન્ન તે કોને કહીએં?*
*વાલાં સજણાંને વેણે વળગ્યાં રહીએં.*

સાંજનું ટાણું છે. દેવરો પોતાના ઘરની ઓશરીએ બેઠો છે. ડોશી આવીને પૂછે છે કે "ગગા, આજ તો તારા સારુ જારનો ખીચડો મેલું છું, ભાવશે ને?''

"માડી, મને ભૂખ નથી લાગી.''

"ભૂખ કેમ ન લાગે, બેટા? ફડશ રોટલો લઈને સીમમાં ગ્યો'તો, એમાં શું પેટ ભરાઈ ગ્યું?''

"પણ, માડી, હમણાં મને પેટમાં ઠીક નથી રે'તું.''

"બાપુ! ગઈ વાતને પછેં ભવ બધો સંભાર્યા જ કરાય? હવે તથ્યા મેલી દે ને એ વાતની!''

"ના, મા, એવું કાંઈ નથી.'' એટલું બોલતાં દેવરાને ગળે ડૂમો ભરાઈ આવ્યો.

દેવરાની બે જુવાન બહેનો ઓશરીના ખારણિયામાં ખીચડો ખાંડતી હતી; તેમની આંખમાં પણ ભાઈનું ગળેલું શરીર જોઈ જોઈને ઝળઝળિયાં આવી ગયાં.

"ઠીક, માડી, ખીચડો કરજો, સહુ ભેળાં બેસીને આજ તો ખાશું.''

"બસ, મારા બાપ!''

ડોશીને તો જાણે બારે મેઘ ખાંગા થઈ ગયા.

બરાબર એ ટાણે એક બાવો ને બાવણ એકતારો વગાડતાં ચાલ્યાં આવે છે, ને ભજનનાં વેણ સાંભળીને દેવરાના કાન ચમકે છે:

*પે'લા પે'લા જુગમાં, રાણી, તું હતી પોપટી ને*
*અમે રે પોપટ રાય, રાજા રામના.*
*ઓતરા તે ખંડમાં આંબલો પાક્યો ત્યારે,*
*સૂડલે મારી મને ચાંચ, રાણી પીંગલા!*
*ઈ રે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,*
*તોય નો હાલી તું મોરી સાથ, પીંગલા!*
*દનડા સંભારો ખમ્મા, પૂરવ જલમના સે'વાસના.*

દેવરાને ભજન બહુ પ્યારું લાગ્યું. એણે બાવા-બાવણને બોલાવી પોતાની ઓશરીએ બેસાડ્યા, ભજન આગળ ચાલ્યું:

*બીજા બીજા જુગમાં રે તું હતી મૃગલી ને,*
*અમે મૃગેશર રાય, રાજા રામના.*
*વનરા રે વનમાં સાંધ્યો પારાધીડે ફાંસલો ને,*
*પડતાં છાંડ્યા મેં મારા પ્રાણ, રાણી પીંગલા!*
*ઈ રે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,*
*તોય નો આવી તું મોરી પાસ, પીંગલા!*
*દનડા સંભારો ખમ્મા, પૂરવ જલમના સે'વાસના.*

સાંભળી સાંભળીને દેવરાની છાતી વીંધાવા લાગી:

*ત્રીજા ત્રીજા જુગમાં રે તું રાણી, બામણી ને,*
*અમે હતા તપેસર રાય, રાજા રામના.*
*કંડળિક વનમાં રે ફૂલ વીણવા ગ્યા'તાં મુને,*
*ડસિયલ કાળુડો નાગ, રાણી પીંગલા!*
*ઈ રે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,*
*તોય નો આવી તું મોરી પાસ, પીંગલા!*
*દનડા સંભારો ખમ્મા, પૂરવ જલમના સે'વાસના.*

*ચોથા ચોથા જુગમાં રે તું રાણી પીંગલા ને,*
*અમે ભરથરી રાય રે,*
*ચાર ચાર જુગનો ઘરવાસ હતો જી રે*
*તોય નો હાલી તું મોરી સાથ, રાણી પીંગલા!*
*દનડા સંભારો ખમ્મા, પૂરવ જલમના સે'વાસના.*

આડોશીપાડોશી તમામ ભજન ઉપર થંભી ગયા છે. દેવરા જેવો વજની છાતીવાળો જુવાન પણ આંસુડાં વહાવી રહ્યો છે, ઘરમાં ઘરડી મા રડે છે, ઓશરીમાં જુવાન બે બહેનો રુએ છે. પાલવડે આંસુડાં લૂછતાં જાય છે, 'તોય નો આવી તું મોરી પાસ –'ના પડઘા ગાજી રહ્યા છે, તે વખતે વેલ્યની ઘૂઘરમાળ રણકી, અને ડેલીએ જાણે કોઈએ પૂછ્યું કે "દેવરા આયરનું ઘર આ કે?"

પોતાનું નામ બોલાતાં તરત દેવરો ડેલીએ દોડ્યો અને કોઈ પરદેશી પરોણાને દેખીને, ઓળખાણ નહોતી છતાં, વહાલું સગું આવ્યું હોય તેવે અવાજે કહ્યું: "આવો, બા, આવો, આ ઘર રામધણીનું. ઊતરો."

ઠેકડો મારીને ગાડાખેડુ નીચે ઊતર્યો. બેય જણા ખભે હાથ દઈને ભેટ્યા. બળદનાં જોતર છોડી નાખ્યાં. મહાદેવના પોઠિયા જેવા રૂડા, ગરુડના ઈંડા જેવા ધોળા અને હરણ જેવા થનગનતા બે બળદોને અમુલખ ભરત ભરેલી ઝૂલ્યો ઉતારી લઈને દેવરે ગમાણમાં બાંધી દીધાં. નાગરવેલ જેવું અષાઢ મહિનાનું લીલું ઘાસ નીર્યું. ગળે ઘૂઘરમાળ બાંધેલી તે બજાવતા બેય બળદ ખડ બટકાવવા મંડ્યા. અને પછી હિંગળોકિયા માફાનો પડદો ઊંચો કરીને કંકુની ઢગલીઓ થાતી આવે તેવી પાનીઓવાળી એક જોબનવંતી સ્ત્રી નીચે ઊતરી. વેલ્યનો ગાડાખેડુ મોખરે ચાલ્યો, સ્ત્રીએ પાછળ પગલાં દીધાં. અજાણ્યો ગાડાખેડુ ઓશરીએ ચડ્યો અને ડોશીને ટૌકો કર્યો: "આઈ, આ અમારી બે'નને પોંખી લ્યો."

ચકિત થતાં ડોશી બહાર આવ્યાં. આ બે'ન કોણ? પોંખણાં શાનાં? આ ગાડાખેડુ ક્યાંનો? કાંઈ સમજાતું નથી. ગાડાખેડુએ પોતાની સાથેની સ્ત્રીને કહ્યું: "બોન, બાપ, સાસુને પગે પડ."

યુવતીએ ડોશીના પગમાં માથું ઢાળી દીધું. વગર ઓળખ્યે ડોશીએ વારણાં લીધાં. દેવરાની બન્ને બહેનો મહેમાનને ઘરમાં લઈ ગઈ, અને દેવરો તો ઓશરીએ આવીને ઢોલરા સામે ચકળવકળ તાકી જ રહ્યો.

"ઓળખાણ પડે છે?" ઢોલરાએ પૂછ્યું.

"થોડી થોડી! તાજા જ જોયા હોય એવી અણસાર છે."

"હું ઢોલરો, દેવરા! તારું હતું તેને હું ચોરી ગયેલો, તે આજ પાછું

દેવા આવ્યો છું."

"શું, ભાઈ?"

"તારું જીવતર: તારી પરણેતર."

"મારી પરણેતર?"

"હા, બાપ, તારી પરણેતર. હૈયાના હેતથી તને વરેલી ઈ તારી પરણેતર, મેં ભૂલથી વેચાણ લીધેલી. વહેવારને હાટડે માનવી વેચાતાં મળે છે; પણ માનવીએ માનવીએ ફેર છે, એની મને જાણ નહોતી, દેવરા!"

"આયર! ભાઈ!" એટલું જ બોલાયું. દેવરાની છાતી ફાટવા લાગી.

"દેવરા, જરાય અચકાઈશ મા, હું પરણ્યો ત્યારથી જ એ તો મા-જણી બોન રહી છે."

કપાળ ઉપર પરસેવાનાં ટીપાં બાઝ્યાં હતાં તેને લૂછતો લૂછતો દેવરો કંઈક વિચારે ચડી ગયો. પછી મનમાં નક્કી કર્યું હોય એવો અવાજે પોતાની માને સાદ પાડ્યો: "માડી! બેય બોનુંને પાનેતર પહેરાવો અને કટંબને બોલાવો; ઝટ કરો, સમો જાય છે."

ઢોલરો ચેત્યો. "અરે, ભાઈ, આ તું શું કરછ? હું આટલા સારુ આવ્યો'તો?"

"ઢોલરા, તેં તો એવી કરી છે કે મારું ચામડું ઊતરડી તારી સગતળિયું નખાવું તોય તારો ગણ ન જાય! અને તારા જેવા આયરને મારી બોનું ન દઉં તો હું કોને દઈશ?"

"પણ, ભાઈ બે –"

"બોલ મા!"

*દીકરિયું દેવાય, વઉવું દેવાય નહિ,*
*એક સાટે બે જાય, ઢાલ માગે તોય ઢોલરો.*

"ઢોલરા, ભાઈ, દીકરીઓ તો દેવાય, પણ પોતાની પરણેતરને પાછી આણીને સોંપી દેવી, એ તો મોટા જોગીજતિથીયે નથી બન્યું. હું બે આપું છું, તોપણ તારી ઢાલ (તારું લેણું) તો મારા ઉપર બાકી જ રહેલી જાણજે."

ઘડિયાં લગન લેવાયાં. થડોથડ બે માંડવા નખાયા. એકમાં દેવરા

અને આણલદેની જોડ બેઠી. બીજામાં ઢોલરો અને દેવરાની બે બહેનોની ત્રિપુટી બેઠી. જોડાજોડ વિવાહ થયા. અને પછી તો પાંચ છોકરાં ને છઠ્ઠી ડોશી છયે માનવીની છાતીઓમાં સુખ ક્યાંય સમાયાં નહિ, છલકાઈ ગયાં.

સહુએ સાથે બેસીને જુવારનો ખીચડો ખાધો.

# રતન ગિયું રોળ!

"**ભ**ણેં ચારણ્ય! જોઈ લે, આપડા મલકને માથે આષાઢની રીંછડિયું નીકળીયું! જો, જો, મોળો વાલોજી સાચાં મોતીડાં જ વરસેં છે હો! ખમા મોળી આઈને! હવે તો ભીંસું હાથણિયું થાશે, ચારણ્ય! હાલો આપડે દેશ."

આષાઢીલા મેહુલાને પોતાના મુલક પર વરસતો નિહાળીને દુકાળ ઊતરવા માટે ગુજરાતમાં ગયેલા એક નેસવાડિયા ચારણનું અંતર આવા કલ્લોલ કરી ઊઠ્યું, અને પડખે જ પોતાની પાડીની ખરીઓ ઉપર તેલ ચોપડતી જુવાન ચારણી મરક મરક હસીને મર્મ કરે છે: "ભણેં ચારણ, ક્યાંય તોળી ડાગળી ખસેં જાતી નંઈ!"

"સાચેસાચ, ચારણ્ય, માલધારિયુંનાં મનડાં થર્ય ન રે' ઈમો ભલો મે' ત્રાટકતો સેં, હો! મોરલાનાં ગળાં આમાં કીમાં ગુંજતાં હશે! આજ તો ગર્ય ગાંડી થે જાશે, હો!"

"જેવા ગાંડા મોરલા, એવી જ ગાંડી ચારણની જાત્ય. બેયનાં મન મે' દીઠ્યે ફટકે!"

"હાલો, ચારણ્ય, ઉચાળા ભરો ભીંસને માથે, હળુહળુ હાલતાં થાયેં."

ગુજરાતના અધસૂકા તળાવડામાં પડીને કાદવમાં નાહતી અને માથે લાકડીઓના મે વરસે છતાં પણ માંદણેથી ન ઊઠે તેવી મેંગલ ભેંસ ફક્ત ચારણીના મુખમાંથી 'બાપ! મેંગલ! હાલો બાપ! હાલો મલકમાં!' એટલી ધીરી ટૌકાભરી બોલી સાંભળતાં તો ભુંભાડ દેતી એકદમ બેઠી થઈ ગઈ, અને શરીર ઉપર ચમરી ઢોળે તેમ પૂછડું ફંગોળીને દોડતી દોડતી ચારણના ઝૂંપડા પાસે આવી ઊભી રહી. ઘંટીના બે પડ, બે ગોદડાના ગાભા, ને બે-ચાર ઠામડાં, એક સિંદૂરની ડાબલી વગેરે જે થોડીક ઘરવખરી હતી તે ભેંસની પીઠ પર લાદીને ચારણ-ચારણી સોરઠને માર્ગે ચડી ગયાં.

માથે કોઈક દિવસ ઝરમર ઝરમર, તો કોઈક દિવસ લૂગડાં બોળી નાખે એવો વરસાદ વરસતો આવે છે; અને વળી પાછો ઉઘાડ થતાં જ પોતાની ભીંજાયેલી ઓઢણી ને ધણીની પલળેલી પાઘડી વગડામાં સૂકવતાં સૂકવતાં બેય જણાં ચાલ્યાં જાય છે. વાયરામાં ચારણીના માથાની વાંભવાંભ લાંબી કાળી વાદળી-શી લટો ઊડી ઊડીને મોં ઉપર નાટારંભ કરે છે; અને એ ભીનલાવરણી વહુના ગાલ ઉપર, ગોરાં રૂપવાળી સ્ત્રીઓને પણ આંટે એવી સુખની લહેરો પથરાતી દેખીને ચારણ હાંસી પણ કરતો આવે છે કે "આવાં રૂપ ને આવાં હસવાં કાંઈ ચારણ્યને અરઘે?"

"સાચેસાચ, ચારણ! ન અરઘે. નેસમાં જાશું ત્યારે સોનાં ફુઈ ને જાનાં ફુઈ મને લાખ લાખ મેણાં મારશે."

"મેણાં વળી કીમાંનાં!"

"બસ, મેણાં ઈ જ કે આવડ્યા બધાં રૂપ તે કાંઈ ચારણીની દીકરીને હોય? વેશ્યાને હોય. અને આવડું ખડ! ખડ! તે ક્યાંય હસાય? ચારણ્ય જુવાનડી હોય તોય બીજાનાં ભાળતાં મોયેં કીં મલકાવાય! આવું આવું બોલી મારો જીવ કાઢે નાખશે."

"તે કટંબમા રિયા વન્યા હાલશે?"

"હુંયે કહું છું કે કટંબમાં રિયા વન્યા હાલશે? હું તો બીજું કીં કરું? મહેનત કરે કરેને મોઢું કરમાવે નાખશ, અને હસવું રોકવા સારુ ગાલે ડામ દેશ."

"અરરરર ભણેં ચારણ્ય! તું આ કીં ભણછ?" જાણે પોતાની તમામ માયામૂડી કોઈ ભૂત ભરખી જતું હોય તેમ ચારણ આંખો ફાડીને સ્ત્રીના મોં સામે જોઈ રહ્યો.

"બીજો ઉપા કીં, ચારણ?"

"ના, તો આપડે નેસમાં નસેં જાવું. આસે થડમાં કો'ક ગામ આવે ત્યાં જ કૂબો કરે ને પડ્યા રે'શું. ઈમા કટંબમાં મેલે ને તિખારો!"

ટૌકા કરતાં ચારેય જણા – બે માનવી ને બે ઢોર – ચાલ્યાં અને થોડા દિવસે ગીરની ઝાડીમાં ઊતર્યાં. રાયણાં, ઊંબરાં અને ટીંબરવાનાં ઝાડ ઉપર ફળફૂલ ઝળુંબે છે, વાંદરા ઓળકોળાંબો રમે છે અને જાંબુડાં ખરી

ખરીને નદીઓનાં પાણી જાંબુવરણાં કરી મૂકે છે. ડુંગરની ધારો ઉપરથી મોરલાને ગરદન ફુલાવીને ગહેકાટ દેતાં જેમ ચારણે જોયા, તેમ તો એનો પ્રાણ ગગન સુધી છલંગો મારીને છકડિયા દુહા ફેંકવા લાગ્યો:

*આષાઢ વરસે એલીએ, ગાજવીજ ઘનઘોર,*
*તેજી બાંધ્યો તરુવરે, મધુરા બોલે મોર.*
*મધુરા બોલે મોર તે મીઠા*
*ઘણમૂલાં સાજન સપનામાં દીઠાં,*
*કે' તમાચી સુમરો, રિસાણી ઢેલ ને મનાવે મોર,*
*આષાઢ વરસે એલીએ, ગાજવીજ ઘનઘોર.*

એમ છકડિયો પૂરો કરીને ચારણ પોતાની પડખે ચાલી આવતી 'ઢેલડી' સામે જુએ છે. બન્નેનાં મોં સામસામાં મલકે છે, અને સામેથી ચારણી દુહો ઉપાડે છે કે:

*મોર મારે મદૈ[1] થિયો, વહરાં કાઢે વેણ,*
*તેની ગહકે ગરવો ગજે, સૂતાં જગાડે સેણ.*
*સૂતાં જગાડે સેણ તે મોરલો ઊડી ગિયો,*
*વાલાં સાજણનો સંદેશો અધવચ રિયો,*
*પાંખો પીળી પોપટની ને કોયલ રાતે નેણ,*
*મોર મારે મદૈ થિયો ને વહરાં કાઢે વેણ.*

એવાં ગીત લલકારાય છે, ને ડુંગરાના ગાળા સામે ગાવા લાગતા હોય તેમ ગુંજી ઊઠે છે. ધણી ને ધણિયાણી બન્ને ચારણ: બન્નેની જીભે સરસ્વતી: બન્નેને મુખે કવિતાનાં અમૃત ઝરે છે.

"ચારણ્ય! કેમ જાણે અષાઢની રાતમાં આપણે વિખૂટાં પડીને ગાતાં હોઈએ, એવો રંગ મચ્યો છે, હો!"

"અરે ચારણ, આ તો પારકી વાણી: આમાં ઓલ્યો સાચો સવાદ ન આવે – હું મરી ગઈ હોઉં ને તું મરશિયા ભણતો હો, એવો સવાદ!"

"અરે, તું મરી જા તો તો હું ઝાડવાં રોવરાવું, ખબર છે? મરી તો જો એક વાર!"

---

1. દુશ્મન

"હું મરીને પછી ક્યાંથી તારાં ઝાડવાંનાં રોણાં જોવા આવવાની હતી?"

એવા કિલ્લોલ થઈ રહ્યા છે, ત્યાં એક પહોળા પટવાળી નદી આવી. નદીમાં આછો આછો પ્રવાહ ચાલ્યો જાય છે, કાંઠે હાંડા જેવું રૂપાળું ગામડું શોભી રહ્યું છે, અને સાંજને સમયે પનિહારીઓ પોતાને માથે અધ્ધરપધ્ધર પાણીની મોટી હેલ્યો માંડીને નદીમાં ઊંચા ઊંચા ભેડાનો ચડાવ ચડી રહી છે. એ ચડાવના થાકથી રાતાંચોળ થયેલા મોઢાં ઉપર આષાઢના આથમતા સૂર્યની કેસૂડાંવરણી છાયા છવાય છે, અને ભેખડો ઉપર કોઈ અજબ જાતનાં ફૂલઝાડ સીધે સોટે એકસામટાં ઊગી નીકળ્યાં હોય એવો ઠાઠ મચી જાય છે.

ભેંસ પાણી પીએ છે, ચારણી એના ભીનલા પગના પોંચા ધોઈને કાદવ ઉખેડે છે, અને ચારણ નદીના કાંઠાના લોકને પૂછે છે: "ભાઈ, ગામના દરબાર કોણ છે?"

જવાબ મળ્યો કે "બાપુ પોરસો વાળો."

"કેવાક માણસ છે?"

"ગુલાબી દિલના."

"વાસ રાખશે?"

"માલધારીને કોણ ના પાડે?"

"ઠીક, ચારણ્ય, તું આસેં વેકરામાં ઊભી રે'જે હો, ને ભીંસને સાચવજે. હું અબઘડી હડી કાઢતો ગામમાં જઈને દરબારને મોઢે થે આવું. જો હા પાડશે તો આપણે સહુ ગામમાં જિશું. નીકર સામે ગામ તોળાં માવતર છે તીસે પોગી જિશું."

"ઠીક ચારણ, હું ઊભી સાં."

"પણ જોજે હો, આસેં જ ઊભી રે'જે. આઘીપાછી થાતી નૈ, નીકર હું બોકાસાં દેને કિસેથી બોલાવીશ? અને વળી અજાણ્યું ગામ છે."

"ભલે, ચારણ, નઈ ખસાં."

ફરી વાર ચારણે પાછા વળીને ભેખડ ઉપરથી સાદ કર્યો: "ભણેં ચારણ્ય! ખસતી નૈ હો, અજાણ્યું ગામ છે."

"એ...હો! હો!"

"મોળા સમ છે!" એમ હળવેથી બોલતાં બોલતાં ભેખડેથી ચારણે પોતાની ગરદન ઉપર હાથની આંગળીઓ ફેરવી.

ચારણીએ ડોકું ધુણાવીને સોગંદ કબૂલી લીધા.

ચારણે દરબાર પોરસા વાળાની ડેલીએ જઈ છેટેથી દરબારને બિરદાવ્યા:

*જવ જેટલાં જાળાં, વાળા મું દ્યો વતન,*
*તો આણીએં ઉચાળા, પાદર તમાણે પોરસા.*

"હે પોરસા વાળા, મને બે-પાંચ વીઘાં જમીનનાં જાળાં કાઢી આપો તો હું આંહીં વતન કરીને મારી ઘરવખરી લઈ આવું."

"આવો, આવો, ગઢવી! ક્યાંથી આવો છો?"

"બાપુ, ગુજરાતમાંથી દુકાળ ઉતારીને આવતો સાં. બે માણસનાં મૂઠી મૂઠી હાડકાં માય ને એક બકરી જેવડી ભીંસ બંધાય, એટલી જગ્યા આપો તો ગામ દીધાં બરોબર માનીશ. અટાણે તો અંતરિયાળ સાં."

"ભલે, ઠાકર મા'રાજ દઈ રે'શે, ગઢવી! કસુંબાપાણી તો લ્યો."

ચારણના પેટમાં બે પ્યાલી લાલ કસુંબો પડ્યો, એટલે ચારણને ઇંદ્રાસન મળી ગયું લાગ્યું. દાયરામાં વાતોના ધુબાકા ઊપડ્યા હતા, એમાં ચારણ પણ ઊતરી પડ્યો. જાતનો દેવીપુત્ર: જીભમાં ભારી મીઠપ: કોઠામાં કવિતાના અખંડ દીવા બળે: આષાઢ જેવી મદમસ્ત ઋતુ: અને એમાં પણ પોતે રસભરી ચતુર સુજાણ ચારણીનો જોબનવંતો કંથ! પછી તો પૂછવું શું? ગીત-છંદોના ધમાકા મચ્યા. હોકાની ત્રણ ઘૂંટ લેતા ચારણને કેફ ઊપડ્યો. આંખો બન્ને ઘૂઘવતા પારેવાની જેમ લાલ ચણોઠી બની ગઈ. પોતાના ફૂલેલા ગળાને મોકળું મેલી ચારણે રાધા-કાનના વિજોગની બારમાસી ઉપાડી, અને દિશાઓ જેમ સજીવન બનીને સામા હોંકારા દેવા મંડી તેમ તો ચારણે, ભાંગતી રાતે કોઈ વિજોગી માનવી મરેલા કંથને સંભારી વિલાપનાં ગીત ગાતું હોય તેવાં સોરઠી ભેરુબંધોનાં વિરહ-ગીત ઉપાડ્યાં:

*ગરદે મોર જીંગોરિયા,*
*મો'લ થડક્કે માઢ,*
*વરખારી રીત વ્રણવાં,*
*આયો ઘઘૂંબી આષાઢ.*

[પહાડ પર મોર ટહુક્યા, મહેલો ને મેડીઓ થરથરી ઊઠ્યાં, ગર્જના કરતો આષાઢ આવ્યો, એવી વર્ષાની ઋતુ હું વર્ણવું છું.]

એટલો દુહો ઉપાડતાં તો સાચેસાચ દરબારની માઢ મેડી થર! થર! કાંપવા લાગી. અને 'આયો ઘઘૂંબી આષાઢ' આટલા આખરી વેણની દોઢ્ય વાળીને ચારણે આષાઢને આલેખ્યો:

*આષાઢ ઘઘૂંબીય લૂંબીય અંબર*
*વદ્દળ-બેવળ ચોવળિયં,*
*મહોલાર મહેલીય, લાડગેહેલીય,*
*નીર છલે ન ઝલે નળિયં,*
*અંદ્ર ગાજ અગાજ કરે ધર ઉપર*
*અંબ નયાં સર ઊભરિયાં,*
*અજમાલ નથુ તણ કુંવર આલણ,*
*સોય તણી રત સંભરિયા,*
*જીય સોય તણી રત સંભરિયાં,*
*મુને સોય તણી રત સંભરિયા.*

[આષાઢ ગાજે છે. આકાશ લૂંબીઝૂંબીને ઢળી પડ્યું છે. વાદળાં બેવડાં ને ચોવડાં થર બાંધી ગયાં છે, મહેલાતો જાણે કે લાડઘેલી થઈ ગઈ છે. નીર એટલાં છલકાય છે કે નળિયાંમાં ઝલાતાં નથી. ધરતી પર ઇંદ્ર ગાજ્યા જ કરે છે. સરોવરમાં નવાં પાણી ઊભરાયાં છે. તેવી ઋતુમાં, હે અજમાલ નથુના પુત્ર આલણ, તું મને યાદ આવે છે.]

એમ ત્રણ-ત્રણ ને ચાર-ચાર પલટા ખવરાવી છેલ્લા ચરણનું કલેજું ચીરનારું સંભારણું ગળામાં વારંવાર ઘૂંટે છે. અને ચારણની વાણી પર ફિદા બનીને દરબાર પોરસા વાળો પડકાર આપે છે કે "વાહ વા! વાહ વા, ગઢવા! પ્રાણ વીંધી નાખ્યા! હાં મારો ભાઈ! હવે શ્રાવણ ભલે થઈ જાય!

જો, સામા મોરલા ગહેકે છે! જો, છંદ હેઠો ન પડી જાય!"

એમ ભલકારા સાંભળતાં તો ચારણે શ્રાવણનું રૂપ બાંધ્યું:

*નવખંડ નીલાણીય પાવન પાણીય,*
*વાણીએ દાદૂર મોર વળે,*
*શવદાસ ચડાવણ પૂજાય શંકર,*
*શ્રાવણ માસ જળે સજળે,*
*પ્રષનાર કરે નત નાવણ પૂજાય,*
*શંકરરાં વ્રત સદ્ધરિયાં,*
*અજમાલ નથુ તણ કુંવર આલણ,*
*સોય તણી રત સંભરિયા,*
*મુને સોય તણી રત સંભરિયા.*

[નવેય ખંડ નીલા થઈ ગયા છે. પાણીથી પવિત્ર બન્યા છે. દેડકાં ને મોરને મુખેથી નવી વાણી ફૂટે છે. શિવના ભક્તો શંકરને પૂજા ચડાવે છે. શ્રાવણ માસ જળમય બની ગયો છે. પુરુષો ને નારીઓ નિત્ય નાહીને શંકરના વ્રત ઊજવે છે. તે વખતે, હે મિત્ર આલણ, તું મને સાંભરે છે.]

"રંગ ગઢવા! સંભરિયા! સંભરિયા! કેમ ન સાંભરે? ઋતુએ ઋતુના હિલોળા ભાળીને મરેલો ભેરુ ન સાંભરે તો બીજો કોણ સાંભરે? વાહ વા! હવે ભાદરવોય ભલે થઈ જાય! જો, દોર તૂટે નહિ. આભામંડળે સૂર સંધાઈ ગયા છે, હાં ગઢવા!"

અને ગઢવે ભાદરવાના રંગ આલેખ્યા:

*રંગ ભાદ્રવ શ્યામ ઘટા રંગ રાતોય,*
*રંગ નીલંબર શ્વેત રજે,*
*ફળફૂલ અપ્રબ્બળ, કમ્મળ ફેલીય,*
*વેલીય નેક અનેક વજે,*
*પરિયાં દન સોળ કિલોળમેં પોખત,*
*કાગરખી મુખ ધ્રમ્મ કિયા,*
*અજમાલ નથુ તણ કુંવર આલણ,*
*સોય તણી રત સંભરિયા.*

[ભાદ્રપદ મહિનાની શ્યામ ઘટા બંધાઈ ગઈ છે. આસમાન પર વીજળીના રાતા, આસમાની ને શ્વેત રંગો છવાતા જાય છે. અપરંપાર ફળફૂલ ફાલે છે. કમળો ખીલે છે. અન્ય વેલડીઓ પણ કોળે છે. શ્રાદ્ધના સોળ દિવસ સુધી પિતૃઓ પોષણ પામે છે. લોકો ઋષિઓના અવતારરૂપ કાગડાઓને શ્રાદ્ધનું અન્ન ખવરાવી ધર્મ કરે છે. તેવી ઋતુમાં તું મને સાંભરે છે, હે મિત્ર!]

"ભલે! ભલે! મારો ભાઈ! હવે ભેગાભેગો આસો માસ ગાઈને વિજોગીના ભેટા કરાવી દેજે, હો!"

"અરે બાપુ! મરેલાંના ભેટા તો થઈ રહ્યા! આ તો મરશિયા છે. આસોમાં તો વિજોગના દુઃખની અવધિ આવી રહી: સાંભળો –"

'સાંભળો' શબ્દ ચારણના મોંમાં રહ્યો, અને આસોના વિજોગનું પહેલું ચરણ ઉપાડવા જાય છે ત્યાં તો –

'પાણી આવ્યું! પાણી આવ્યું! ખસી જાવ! એ બાઈ, ખસી જા!' એવા ચસકા થયા, અને હડુડુડુ! પૂર આવ્યાની ગર્જના ચારણને કાને પડી. ચારણ ભરનિદ્રામાંથી ઝબક્યો હોય એમ એની જીભ થંભી ગઈ. ત્યાં તો બીજી વાર રીડિયા સંભળાણાં: 'ઓ જાય! ઓ ભેંસ, પાડી ને એક બાઈ તણાતી જાય... ઓ ચૂંદડી વરતાય! અરે હાય હાય! કોક બાપડાનું ઘર ભાંગ્યું!'

ચારણના મોં પર લોહીનો છાંટોયે ન રહ્યો. દાયરો ચારણની આ ઓચિંતી દશા જોઈ ચોંકી ઊઠ્યો અને 'મોળી ચારણ્ય! મારી ચારણ્ય તણાણી!' એવા ચસકા દેતો ચારણ દોટ દઈને પાદર પહોંચ્યો. નદીકિનારે જાય ત્યાં તો બેય કાંઠે આસમાન સામા છલંગો મારતા લોઢ ઊછળી રહ્યા છે. મોજાંની થપાટે થપાટે બેય કાંઠાની ભેખડો ફસકવા લાગી છે, અને અંતરનાં તોફાન ધરતી ઉપર નિતારીને આકાશ તો કોઈ અજામેલ સરખા સંતના આત્માની માફક ઉઘાડ કરતું કરતું ચાર મેઘધનુષ્યો ખેંચી રહ્યું છે.

"એ...ઓલી ભેંસને પડખે બાઈની રાતી ચૂંદડી તણાતી જાય! એ દેખાય!" કાંઠે ઊભેલ માણસોએ આંગળી ચીંધીને ઉત્તર દીધો.

"એ ચારણ્ય! એ જ મારી ચારણ્ય! ઊભી રે'! એલી ઊભી રે'! એકલી ક્યાં..."

એટલું કહેતો જ ચારણ દોટ કાઢીને પૂરમાં પડવા જાય છે ત્યાં તો માણસોએ એને બાવડે ઝાલીને રોકી રાખ્યો. સહુ સમજાવવા લાગ્યાં કે "ગઢવા, હવે તો એ જીવની ગઈ, હવે તું એને ક્યાં આંબતો'તો?"

"જાય ને! ચારણ્યને મેં ભેખડ માથેથી મોળા ગળાથ દીધા'તા અને ડોકું ધુણાવ્યું'તું! એમ તે કાંઈ મારી ચારણ્ય જાય? મેલે દ્યો મને! હમણાં આંબી જીસ. મેલો!"

માણસો સમજી ગયાં કે ચારણનું ચિત્ત ફટકી ગયું. કાંઠે એક બાઈ ઊભી હતી. એણે કહ્યું: "અરે! ભાઈ, તું સમ દઈ ગ્યો'તો એટલે જ એ બિચારી નદીના પટમાંથી ખસી નૈ!"

"નો'તી ખસી? સાચેસાચ નો'તી ખસી કે! એક ડગલુંય નો'તી ખસી ને, બો'ન?"

ચારણ એ રીતે લવારીએ ચડવા લાગ્યો. દરબાર પોરસા વાળાએ લોકોને પૂછ્યું: "શું થયું, ભાઈ? આ ગજબ શી રીતે થઈ ગયો?"

"જુઓ બાપુ! આ વટેમાર્ગુ ક્યાંકથી નદીમાં ઊતર્યાં. ચારણ્યને ભેંસ પાસે ઊભી રાખીને ચારણ તમ પાસે આવ્યો. ઠેઠ પાદર સુધી કહેતો ગયો કે 'ખસીશ મા! ખસીશ મા!' અને પછી હડેડાટ પૂર આવ્યું. રૂપાળી રાતીચોળ ચૂંદડીનો લાંબો ઘૂમટો તાણીને, ઊડ્ય ઊડ્ય થાતી લટે બાઈ તો બાપડી મલકતે મોઢે આ નદી અને આભની શોભા નીરખતી'તી. લીંબુની ફાડ્ય જેવી મોટી અને કાળી ભમ્મર તો બેય આંખ્યું હતી. અમે તો સહુ જોઈ જ રહ્યાં'તાં. ત્યાં તો પૂર આવ્યું. હડેડાટ ઢૂકડો સંભળાણો, અને ઉપરવાસથી ચહકા કરતાં માણસો દોડ્યાં આવ્યાં કે 'ભાગો! પાણી આવ્યું!' અમે સહુ તો દોડીને કાંઠે ચડી ગયાં, પણ બાઈ તો આરસની કંડારેલ પૂતળી હોય એવી એમ ને એમ રહી. અમે રીડ્યું દીધી કે 'હાલ્ય!' પણ એ તો જોગમાયા જેવી હસતી જ ઊભી રહી."

સાંભળીને સહુ શ્વાસ લઈ ગયા. દરબાર પોરસા વાળાએ ઊંડો નિસાસો મેલીને ચારણના ઉજ્જડ મોં સામે મીટ માંડી, પણ નજર ઠેરવી ન શકાણી. ચારણનું મોં તો જાણે પલકવારમાં ધરતીકંપથી દરિયો શોષાઈ ગયો હોય એવું થઈ ગયું હતું.

"ગળી ગિયું મારી ચારણ્યને, પોરસા! તારું કામણગારું પાદર જ ગળી ગિયું!" એવું બોલીને ચારણે બુદ્ધિ બુઝાયાનાં ચિહ્ન બતાવ્યાં.

ચારણે ચિત્તભ્રમમાં દુહા ઉપાડ્યા:

*મેં આવી ઉતારો કર્યો, જબ્બર વસીલો જોય,*
*(પણ) કામણગારું કોય, પાદર તારું પોરહા!*

[હે પોરસા વાળા, તારા સરખો મોટો આશ્રયદાતા જોઈને મેં ઉતારો કર્યો. પણ તારા ગામનું પાદર તો કામણ કરીને મારી સ્ત્રીને સંતાડી બેઠું છે.]

*હૂતું તે હરાવિયો, ખજીનો બેઠો ખોય,*
*(એવું) કામણગારું કોય, પાદર તારું, પોરહા!*

[હે પોરસા વાળા, તારું પાદર તો કામણગારું, એવું જાદુ કરનારું કે મુજ ગરીબની જે મૂડી હતી તે હું આંહીં ગુમાવી બેઠો. મારા જીવનનો ખજાનો ચોરાઈ ગયો.]

*હૂતું કામળની કોર, છેડેથી છૂટી ગિયું,*
*રતન ગિયું રોળ, પાદર તારે, પોરહા!*

[અરે પોરસા વાળા, મેં અભાગીએ મારા એકના એક રત્નને કામળીની કોરે ગાંઠ વાળીને બાંધ્યું હતું. પણ ઊનની કામળીની ગાંઠ કાંઈ વળે? ને વળે તો કેટલી ટકે? છેડે વાળેલ ગાંઠ છૂટી પડી, ને રત્ન રોળાઈ ગયું. મેં રત્ન જેવી ચારણીને કાળજી કરીને સાચવી નહિ. નદીના પટમાં ઊભી રાખી. મારી બેકાળજીથી હું એને આજ તારા પાદરમાં ગુમાવી બેઠો.]

*સાથે લે સંગાથ, વછિયાત આવ્યાં વરતવા,*
*રાખ્યાં રણમાં રાત, પાદર તારે, પોરહા!*

[અમે વિદેશી વટેમાર્ગુ, જીવતરની સંગાથી સ્ત્રીને સાથે લઈ તારે આંગણે ગુજારો કરવા આવ્યાં, ત્યાં તો, ઓ પોરસા વાળા, તારા પાદરમાં જ અમને તો અંતરિયાળ રાત રાખી દીધાં.]

*ઓચિંતાં આવે, મધરાતે વાદળ ગળ્યાં,*
*રતન ગયું રેલે, પાદર તારે, પોરહા!*

[જીવતરની અધરાત થઈ ગઈ છે, તે ટાણે ઓચિંતા જાણે વાદળ વરસ્યાં, ને મારું રત્ન તણાઈ ગયું.]

*કાયા કંકુની લોળ, સાચવતાં સોનાં જી,*
*પડ્યાં રાંકને રોળ, પાદર તારે, પોરહા!*

[કંકુની પૂતળી સરખી એ પ્રિયતમાની કાયાને હું સોના સરખી મહામૂલી ગણીને જાળવતો હતો. ત્યાં તો હું ગરીબ આદમી તારા પાદરમાં લૂંટાઈ ગયો. મારું સાચવેલું ધન રોળાઈ ગયું.]

*બેઠેલ બઢ્ય કરે, સાંસલેલ સાંસા જી,*
*(ત્યાં તો) ફડક્યું લે ફાળે, પાદર તારે, પોરહા!*

[હે પોરસા વાળા, શિકારીથી ત્રાસીને નાસેલ, શ્વાસભર્યું સસલું જેમ પોતાની નાની-શી બખોલ કરીને તેની અંદર શિકારીઓથી છાનું પડ્યું રહે, તેમ હું પણ મારી ચારણ્યરૂપ ગરીબ બખોલમાં છાનોમાનો વિસામો લેતો હતો. એમાં કાળરૂપી શિકારીની ફાળ પડી, મારું વિસામાનું ધામ છૂટી ગયું ને હું હવે એ કાળને મોખરે શિકારીની આગળ નિરાધાર સસલો દોડે તેમ દોડી રહ્યો છું.]

*દલને ડામણ દે, ઊભલ ઊંટ વારે,*
*રિયું રડ્યું દી, પાદર તારે, પોરહા!*

[હે પોરસા વાળા, બીજી તને ખબર છે? તેં ટોળામાંથી છૂટા પડી ગયેલા ઊંટડાને વિલાપ કરતું જોયું છે? બીજું કોઈ પશુ પોતાના સંગાથીઓથી વિખૂટું પડીને જે વેદના પામે તે તો વિખૂટા પડેલા ઊંટની વેદના આગળ કંઈ વિસાતમાં નથી. એનાં વલખાં ને એના વિલાપ તો દીઠાં ને સાંભળ્યાં ન જાય એવાં. એમાં પણ એને પગે ડામણ બાંધેલી હોય એટલે એ હાલીચાલી પણ ન શકે; ઊભું ઊભું અહોરાત ગાંગર્યા જ કરે. એવી દશા અત્યારે મારા અંતઃકરણની થઈ રહી છે.]

*કૂવાને કાંઠે, દલ મારું ડોકાય,*
*(પણ) જોયે તરસ્યું ન જાય, પીધા વિણની, પોરહા!*

[તરસ્યો માનવી કૂવાને કાંઠે ઊભો રહીને પાણીમાં ડોકિયાં કરે, તેથી એની તરસ કદી છીપતી નથી. તેવી રીતે, હે પોરસા વાળા, મારું હૃદય તરસે વલવલતું, એ પ્રિયાના સ્મરણરૂપી કૂવામાં ડોકિયું કરે છે; પરંતુ એના રૂપગુણનાં નીરને પીવાનો તો વખત તો હવે ચાલ્યો ગયો.]

*બાવળ ને ઝાડ જ બિયાં, વાધે નીર વન્યા,*
*કેળ્યું કોળે ના, પાણી વણ્યાની, પોરહા!*

[અરે હે પોરસ વાળા, બાવળ જેવાં બળવાન અને કઠોર ઝાડ તો પાણી વિના ઊઝરે. પણ કેળ જેવી કોમળ વનસ્પતિને તો અતિશય પાણીનું સિંચન જોઈએ. એવી રીતે અન્ય અનેક જોરાવર હૃદયનાં માનવી પ્રેમ સિવાય જીવી શકે, પણ હું કેળ જેવો કોમળ હૃદયનો જીવ મારી સ્ત્રી વગર શી રીતે જીવું? અથવા
તો – ]

*વવારીએં વાળા, તળિયે ટાઢક જોય,*
*(પણ) કેળ્યું કોળે ના, પાણી વણની, પોરહા!*

[હે વાળા દરબાર, તું કહે છે કે હું ફરી વાર પરણું. મારા સ્નેહરૂપી ઝાડને તું કાંઈ ટાઢું પાણીવાળું તળ જોઈને એટલે કે કોઈ સ્નેહભર્યું પાત્ર જોઈને, રોપવા માગે છે. પણ હે બાપ, મારો સ્નેહ તો કેળના રોપા સરીખો કોમળ છે. એને ઉપરથી પાણીના સિંચન વિના કોળાવી નહિ શકાય. એનો તો મરનાર એ ચારણીનું જ પ્રેમજળ પીવા જોઈએ.]

*સૂતલ સખ કરે, કણકણતું કુંજાં જી,*
*માર્યું મધરાતે, પાદર તારે, પોરહા!*

[હે પોરસા વાળા, કુંજ પક્ષીઓની રીત છે કે રાતે ક્યાંઈક આખું વૃંદ ઓથ ગોતી આરામ કરે અને ચાર કુંજડાં વારાફરતી ચોકી રાખે. સૂતાં સૂતાં કુંજડાં લહેરથી ઝીણું ઝીણું કણક્યા કરે. આવી લહેરથી મારું હૃદય-પક્ષી પણ પોઢ્યું હતું. ત્યાં તો બરાબર મધરાતની ભરનિદ્રામાં શિકારીએ માર્યું.]

*વાછરડું, વાળા, ભાંભરતું ભળાય,*
*(પણ) થર આતમ નો થાય, પરસ્યા વણનો, પોરહા!*

[હે પોરસા વાળા, ગાય પોતાના વાછરડાને પોતાની સન્મુખ જ બાંધેલું જોતી હોય, છતાં પણ એને પોતાની જીભથી સ્પર્શ કર્યા વગર માતાનો જીવ ઠરતો નથી, તેમ મારા હૃદયને પણ મારી પ્રિયાના સ્મરણમાત્રથી જ શાંતિ નથી વળતી.]

*ઊડી મન આંબર ચડે, ચકવાં જી સદાય,*
*કફરી રાત કળાય. પો' ન ફાટે, પોરહા!*

[સંધ્યાકાળથી જ વિખૂટા પડીને નદીના સામસામા કિનારા પર બેઠેલા ચક્રવાક પક્ષીનાં નર-માદા જેમ વારંવાર ઊડી ઊડીને ઝાડ પર ચડીને જોયા કરે કે સૂરજ ઊગ્યો છે? પ્હો ફાટી છે? એ રીતે મારું હૃદય-ચકવું પણ વારે વારે નજર કરે છે કે આ વિયોગ-રાત્રીનો અંત છે ખરો? પણ મારે તો મિલનનું પ્રભાત પડતું જ નથી.]

*અમારા ઊડે ગિયા, અધ્ધર ઉચાળા,*
*(હવે) વીસમશું વાળા, પેલા ભવમાં, પોરહા!*
*તરસ્યાં જાય તળાવ, (ત્યાં તો) સરોવર સૂકે ગિયાં,*
*અગનિ કીં ઓલાય, પીધા વિણની, પોરહા!*

[હે પોરસા વાળા, તરસ્યાં થઈને અમે તો સરોવર-તીરે આવ્યાં ત્યાં તો છલોછલ ભરેલું સરોવર અમારી આંખો સામે પલકવારમાં સુકાઈ ગયું. હવે પાણી પીધા વગર મારા અંતરની પ્યાસની જ્વાળા શી રીતે ઓલવાય?]

*દેયું દિયાડે, સાંચવતાં સોનાં જીં,*
*રોળાણી રાખોડે, પાદર તારે, પોરહા!*

[દિવસોદિવસ અમે જે પ્રિય દેહને સોનાની માફક સાચવતાં હતાં, તે આજ તારે પાદર રાખમાં રોળાઈ ગઈ. ઓ પોરસા વાળા! ]

*સુઘડ હેતાળી સુંદરી, સુખની છાકમછોળ,*
*(હવે) ધોખા ને ધમરોળ, પાદર તારે, પોરહા!*

[એવી ચતુર અને સ્નેહાળ સુંદરીના સાથમાં મારે સુખની છોળો છલકતી. પણ હવે સ્ત્રી મરતાં તો, હે પોરસા વાળા, તારા પાદરમાં મારે જીવતરભરના ક્લેશ અને કષ્ટના ધમપછાડા જ રહ્યા.]

*તરિયા ગઈ, તૃષણા રહી, હૈયું હાલકલોલ,*
*રતન ગિયું રોળ, પાદર તારે, પોરહા!*

[હવે તો હે પોરસા વાળા, જીવતરમાંથી જન્મસંગાથી સ્ત્રી ચાલી ગઈ. મનમાં સંસારસુખની વાંછના હતી તે અણપૂરી રહી ગઈ. અંતઃકરણ આ ભવસાગરમાં તૂટેલ નૌકા સરીખું ડામાડોળ સ્થિતિમાં પડી ગયું, કેમ કે તારા પાદરમાં મારું અમુલખ રત્ન રોળાઈ ગયું. હવે બાકી શું રહ્યું?]

બધીયે શૂધબૂધ ગુમાવીને ચારણ આવા દુહાઓ લવવા લાગ્યો. તે

દિવસથી પોરસા વાળાની ડેલીએથી ગાન, તાન અને ગુલતાન અટકી પડ્યાં છે. જટાધારી ચારણ ડેલીએ પડ્યો પડ્યો અને નદીના વેકરામાં ચારણીનાં પગલાં પડેલાં તે શોધતો શોધતો રોજ આવા છાતીફાટ દુહાઓ નવા નવા રચ્યે જાય છે, અને ચોધાર આંસુડે રોતો રોતો દુહા ગાયા કરે છે. દુહા સાંભળી સાંભળીને આખો દાયરો શોકમાં ડૂબી જાય છે, પણ ચારણના ચિત્તભ્રમ ઉપર કોઈ દવા કામ કરતી નથી.

દરબાર પોરસા વાળાને અચાનક એક દિવસ વિચાર આવ્યો. એણે દાયરામાં પૂછપરછ કરી કે "બા, આમાં કોઈ આ ગઢવાનાં સગાંવહાલાંનો જાણકાર છે?"

"હા બાપુ, અમે સહુ ઓળખીએ છીએ."

"બાઈનાં માવતર કિયે ગામ?"

"આ પડખેના નેસમાં."

"એને બીજી એકેય દીકરી છે?"

"હા બાપુ, જુવાન દીકરી છે. સારું ઠેકાણું ગોતાય છે."

"ત્યારે બોલાવો એ બાઈના બાપને."

ચારણનો સસરો હાજર થયો. દરબારે વાત કાઢી કે "જો ભાઈ, ભાણેજનું ચિત્ત ખસી ગયું તેનું કારણ તારી દીકરી ઉપરની એની પ્રીતિ છે. ગાંડપણ વિજોગનું છે. હવે જો એ વિજોગમાંથી ફરી વાર સંજોગ બને તો એના અંતરમાં પડી ગયેલી ગાંઠ કદાચ છૂટી પડે. મને એક જુક્તિ સૂઝે છે."

"બોલો, બાપુ! કહો એમ કરવા તૈયાર છું."

"તો હવે બરોબર આષાઢ મહિને તારી નાનેરી દીકરીને આંહીં લઈને આવજે."

"બહુ સારું."

એમ આસો મહિનો ગયો. કારતક માગશરની ટાઢો ગઈ, ઉનાળો પણ ઊતર્યો, અને જે ઘડીએ ઓતરાદી દિશામાં મેઘરાજાની શેડ્યો ફૂટવા લાગી ને ઉપરવાસ વરસાદ મુશળધારે ત્રાટકવા લાગ્યો, તે ઘડીએ ચારણ પોતાની દીકરીને તેડીને હાજર થયો.

દરબાર બોલ્યા કે "ઓલી મરનાર બોનનાં જેવાં જ લૂગડાં આને પહેરાવો." વસ્ત્રો પહેરાવ્યાં.

"હવે ઓલી તણાઈ ગઈ એવી જ ભેંસ ને હેઠ એક પાડી આપણા ખાડુંમાંથી દોરી લાવો. એને માથે ચારણની ભેંસ પર હતી તેવી ઘરવખરી લાદો. એ સહુને નદીના વેકરામાં ઊભા રાખો: જે જગ્યાએ પોર ઓલી ચારણી ઊભી'તી તે જગ્યાએ. અને હવે બાઈને કહી રાખો કે ચારણ દોડ્યો આવીને પૂછે ત્યારે પોતે જ એની પહેલી વારની પરણેતર છે એવા જ રંગઢંગ બતાવે."

દરબારે કહ્યા મુજબની બધી તૈયારીઓ થઈ ગઈ. બરાબર એક વરસ પહેલાંનો દિવસ આવ્યો અને બપોરનું એ જ ટાણું થયું તે વખતે દરબારે યુક્તિ ગોઠવ્યા પ્રમાણે પાદરથી રીડિયા પડ્યા કે "દોડજો! ભાગજો! પાણી આવે છે!"

રીડિયા સાંભળતાંની વાર જ ચારણના કાન ચમક્યા. 'મારી ચારણ્ય! મારી ચારણ્ય!' બોલતો નદીકાંઠે દોટ કાઢીને પહોંચ્યો. જઈને જુએ તો કાંઠે નીકળીને લાલ ચૂંદડીવાળી ચારણી ઊભેલી દીઠી: એ જ ભેંસ: હેઠ એ જ પાડી: ને એ જ અણસારની નમણા મોંવાળી ચારણ્ય: ચૂંદડીના છેડા ફરકી રહ્યા છે: છટાથી ઘૂમટો ખેંચ્યો છે: લટો ઊડઊડ થાય છે: અને ભીનલાવરણું મોં મરક મરક હસે છે.

દોટ મેલીને ચારણીનું કાંડું પકડ્યું. અને એના મોં સામે નીરખી ગઢવો પૂછવા લાગ્યો: "ચારણ્ય! આંસે જ ઊભી છો ને?"

"ઊભી જ હોઉં ને, ચારણ! તું ગળાના સમ દઈને ગ્યો'તો ને!"

"ત્યારની ઊભી જ છો?"

"ત્યારની એટલે ક્યારની? હજી તો હમણેં જ તું ગામમાં ગ્યો'તો!"

ચારણની ઘેલછા ઊડવા લાગી. પોતે જાણે કસુંબાના કેફમાં કાંઈક ઝોકે આવી ગયો હોય, એવું હૈયે બેસવા લાગ્યું: મોં મલકાવીને ચારણીએ પૂછ્યું: "કેમ, ચારણ! કાંઈ નીંદર કરીને ઊઠ્યા છો?"

"હા માળું! આંખ મળી ગઈ હતી ને મને કાંઈક સોણું આવી ગયું લાગે છે."

"શેનું સોણું?'

"અરે ભયંકર સોણું! જાણે તું તણાઈ ગઈ, ને હું વરસ-દીથી રોયા કરું છું!"

"કસુંબો કાંઈક વધુ લેવાઈ ગયો હશે!"

આંખો ચોળીને ચારણે દુનિયા ઉપર દૃષ્ટિ ફેરવી. ઉચાળા લઈને યુગલ ગામમાં ગયું. ગઢવીને દરબારે સારો જોઈને ઉતારો કાઢી દીધો.

પછીયે કોઈ કોઈ વાર ચારણ રાત્રિના ચાંદરડાંને અજવાળે ચારણીના મોં ઉપર મીટ માંડીને પૂછ્યા કરતો: "હેં ચારણ્ય! સાચેસાચ તું ત્યાં જ ઊભી'તી?"

# બાળાપણની પ્રીત

*વિજાણંદ આડો વીંઝણો, ને શેણી આડી ભીંત,*
*પડદેથી વાતું કરે, બાળાપણની પ્રીત.*

**મા**વતરે નાનપણમાંથી મૂકેલો એક અનાથ છોકરો પરાયો માલ ચારી ચારીને પેટવડિયે ઊછરતો હતો. ગીરના ડુંગરામાં આથડતાં એની અવસ્થા વધતી જતી હતી. પણ એ નમાયા છોકરાને ઘસીચોળીને નવરાવનાર-ધોવરાવનાર કોઈ નહોતું. એના માથામાં જુઓ પડતી અને રઝળુ છોકરો મોટો થાતાં થાતાં એ રીતે પોતાનાં ખરાં રંગરૂપ ખોઈ બેઠો હતો.

કોઈ ભેરુબંધ વિનાના એકલા આથડતા એ છોકરાએ આખરે એક સંગાથી હાથ કરી લીધું: ગીરની વનસ્પતિમાં ભમી ભમીને એક તૂંબડાના વેલા પરથી ગોળ મોટાં બે તૂંબડાં ઉતાર્યાં. પવનની લહેરે લહેરે જેના પોલાણમાંથી દિવસરાત કોઈ ગેબી સૂર વગડ્યા કરતા એવા એક વાંસની પાંચ કાતળીઓનો કટકો કાપી લીધો. વાંસને બેય છેડે તૂંબડાં પરોવીને છોકરાએ તે ઉપર તાર અને તાંત્યો બાંધ્યાં. કોઈ ઝાડવાના થડમાંથી ઝરતો રસ લાવીને એ જંતર (વાજિંત્ર) ઉપર ચોપડી દીધો. ઉપર મોરપિચ્છનો ગુચ્છો લગાવ્યો. એવું રૂપાળું બીન બનાવીને જ્યારે પહેલી વાર એ છોકરાએ જંતરના તાર ઉપર પોતાની આંગળીઓ ફેરવી, તે વખતે એ વાંસ અને તૂંબડાંના પોલાણમાં કોઈ જુગ જુગનું જૂનું સંગાથી બેઠું હોય ને સામા હોંકારા દેતું હોય, એવા સૂરો સંભળાયા. થોડા દિવસે તો છોકરાએ જંતરને ખંભે ઉપાડીને ફક્ત હૈયાની જ ઉકલત પ્રમાણે આંગળીઓ ચલાવી; ઝાડવે ઝાડવે, ઝરણે ઝરણે ને ગીરને ગાળે ગાળે ગીતો બેસાડવાનું આદરી દીધું. જંતર ઉપર અજબ ઝડપે એનો હાથ બેસી ગયો. છત્રીસે રાગરાગણીઓ એની સામે હાથ જોડીને ઊભાં રહ્યાં:

*જંતર મોટે તૂંબડે, બત્રીસે ગમે,*
*છત્રીસ લવણ રમે, વિજાણંદને ટેરવે.*

મોટાં તૂંબડાંવાળું એ બીન: એમાં બત્રીસ તો ગમા ગોઠવેલા: અને એમાંથી છત્રીસ જુદી જુદી રાગણીઓ વિજાણંદનાં ટેરવાંનો સ્પર્શ થતાં કલ્લોલ કરી રમવા લાગે છે.

ગીરથી થોડું ઢૂંકડું ગોરવિયાળી નામે એક ગામ આવેલું છે. કોઈ કોઈ વાર પોતાની ભેંસોને ઘોળીને વિજાણંદ આ ગોરવિયાળી ગામમાં આવતો. પહેલી વાર જ્યારે એ આવ્યો ત્યારે ગામને પાદરે કૂવાકાંઠે જઈને એણે પનિયારીઓને કહ્યું: "પાણી પાશો?"

બેમાંથી એક પનિયારી હજુ કુમારિકા હતી, કુમારિકાએ આ પાણી માગનારા છોકરાની સામે જોયું. જોતાં જ ઘડો સિંચીને કાઢ્યો હતો તે પણ એણે ઢોળી નાખ્યો. જરાક મોં મચકોડ્યું. પોતાની સંગાથણને કહ્યું: "બીન, ઈને પાણી પાજે. મું તો ઈનો વહરો રૂપ ભાળેને ફાટે મરાં, બાઈ!"

એટલું બોલી એ રૂપ-નીતરતી કુમારિકા પોતાના ગોરા અંગ ઉપરની કાળી કામળી મથરાવટીએથી મોખરે તાણી લઈ, માથે બેડું મૂકી, ઉતાવળે ગામ તરફ ચાલતી થઈ. પાછળથી બીજી પનિયારીએ સાદ દીધો, "ભણેં શેણીબા! તોળી ગાગર કાળમખો કાગડો બોટતો સે!"

વિજાણંદે તરત એ બાઈને કહ્યું: "અરે બાઈ! માણસ કરતાં કાગડો તો ચડિયાતા રૂપવાળો ખરો ને! કાગડો આખું બેડું બોટે છે પણ મને ખોબો પાણી પાતાંયે ઈનો જીવ નો હાલ્યો? હશે!"

તરસ્યો છોકરો પાણી પીને ગામમાં ગયો. ગામમાં વેદો ગોરવિયાળો નામે મોટો માલધારી પરજિયો ચારણ વસે છે. વેદાને આંગણે ત્રણસો ભેંસો દૂઝે છે. પ્રભુના ચારેય હાથ એ ચારણને માથે છે. એ વેદા ગોરવિયાળાની ડેલીએ જઈને વિજાણંદે પોતાનું જંતર ટીંગાડી વિસામો કર્યો. વેદા ગઢવીએ બાળકને આદરમાન દીધાં. રાતે વાળુ કરતાં કરતાં વિજાણંદે એરંડિયા તેલના દીવાને ઝાંખે ઝાંખે અજવાળે પીરસવા આવનારી કન્યાને ઓળખી: કૂવાને કાંઠે મને કદરૂપો કહીને પાણી પાયા વિના ચાલી નીકળેલી છોકરી તે આ પોતે જ: વેદાની સાત ખોટની એક જ દીકરી: બાપ એને વારે વારે

'શેણી! બેટા શેણી!' કહીને સાદ કરે છે. ઠીક, જીતવા! વેદાની દીકરી મને ભિખારીને પાણી ન પાય એનો ધોખો હોય કાંઈ! ક્યાં હું નમાયો, નબાપો, નિર્ધન ને ક્યાં બાદશાહી બગીચાની ડોલર કળી!

વાળુ કરીને સહુ ફળીમાં ચંદ્રને અજવાળે ખાટલા ઢાળી બેઠાં છે. ઉનાળાની રાત, એટલે આભ જાણે હીરે મઢાઈ ગયું છે. શીતળ પવન ઝાડવાંની ડાળીઓ સાથે ભાતભાતના ગેલ કરી રહ્યો છે. અને એમાં પોતાની પાંચ ભેંસોએ વીંટી લીધેલા ખાટલા ઉપરથી વિજાણંદે જંતરને ખંભે લઈ બજાવવાનો આદર કર્યો. વાજિંત્રના પોલાણમાં પોઢેલી કોઈ વનદેવી પોતાના ભેરુનાં સુંવાળાં ટેરવાં અડતાંની વાર જ જાગીને પોતાના વીતકોની વાતો કરતી હોય તેવા વિલાપના સૂર સંભળાવા લાગ્યા. દીકરા વિહોણી માતા રોતી હોય, પિયુ-વિજોગણ અબળા રોતી હોય, ભાઈવછોઈ બહેન ઝંખતી હોય, પ્રભુએ ત્યેજેલો ભક્ત વલવલતો હોય, અને ધણી વિનાનાં ઢોર ધા દેતાં હોય એવા ધ્વનિ નીકળવા લાગ્યા. વચ્ચે વચ્ચે વાજિંત્રના તારમાંથી મીંડના સૂર નીકળતા તો સાંભળનારા સહુને કલેજે ન કહેવાય, ને ન સહેવાય તેવું કંઈ કંઈ થાવા લાગ્યું. હાથમાં હોકા હતા તેની ફૂંકો લેવાતી બંધ થઈ, કૂતરાએ ભસવું છોડી દીધું, ભેંસો વાગોળતી અટકી ગઈ અને વેદાના ઘરની અંદરથી જાણે એક નિઃશ્વાસ નીકળ્યો હોય તેવો અવાજ સંભળાણો:

*[1]જંતર ઝાલ્યું હાથ, ભાંચળિયે ભાંગતી રાત્યનું,*
*સાથ લે સંગાથ, વાઢેલ સઢ વિજાણંદે.*

268392

[ભાંચળિયા શાખના એ વિજાણંદ ચારણે ભાંગતી રાતે બીન હાથમાં ઝાલીને બજાવ્યું. જાણે કે અમને પોતાની સંગાથે સંગીતના ઊંડા દરિયામાં લઈ જઈને પછી ત્યાં એણે અમારી નૌકાના સઢ છેદી નાખ્યા!]

વેદા ગઢવીને મોહ લગાડીને વિજાણંદ ચાલી નીકળ્યો. પણ પછી તો વારેવારે એને નોતરાં મળવા લાગ્યાં. જંતર લઈને વારંવાર વિજાણંદ

---

1. બીજો પાઠ:
*જંતર વાયું જે, આંગણિયે આવીને,*
*કાળજ કરવતીએ, વાઢી ગિયો વિજાણંદો.*

ગૂજરાત વિદ્યાપીઠ
ગ્રંથાલય
અમદાવાદ - ૧૪

ગોરવિયાળી આવ-જા કરવા લાગ્યો: એવી કંઈ કંઈ ભાંગતી રાતોમાં ભીંતની આડશે બેઠેલી કન્યા શેણીના જીવતરની નૌકાના સઢ ચિરાતા ગયા. અને –

*ગમે ગમે ગોઠડી, નવ તાંત્યુંમાં નેહ,*
*હૈયામાં હલકેહ, વિજાણંદનાં તૂંબડાં.*

એ વાજિંત્રનો પ્રત્યેક ગમો ગાતો ગાતો જાણે કે શેણીની સાથે ગુપ્ત ગોઠડી કરી રહ્યો હતો, નવે તાંતો જાણે શેણીની સાથે જ સ્નેહ બાંધતી હતી. ને બીનનાં તૂંબડાં ઘેરા પડછંદા પાડીને જાણે એકલી શેણીના હૈયામાં જ હલકાં દેતાં હતાં.

જેને કદરૂપો કહીને, અને જેનાં મોંથી બી જઈને કૂવાને કાંઠેથી શેણી ભાગી નીકળી હતી, તેનું ગુપ્ત સ્વરૂપ હવે શેણીએ એના ગુણભર્યા સંગીતમાં નીરખ્યું. નીરખીને ગાંઠ વાળી લીધી કે બીજા બધા તો ભાઈ-બાપ છે. ચારણની દીકરી મોંએ ચડીને કોઈને પોતાના મનની વાત કરી ન શકી. નેસડામાં કોઈ સરખી સહિયર નથી. ઘરમાં કોઈ બહેન-ભોજાઈ નથી. ગામમાં સ્ત્રી-પુરુષો શેણી આઈને જોગમાયાનો અવતાર કરી જાણતાં. શેણી આઈએ અખંડ કુમારિકા રહેવાનો નિરધાર કર્યો છે એમ સહુને ખબર હતી. બાપને તો સ્વપ્નેય ધારણા નહોતી કે આવા કદરૂપા જુવાન ઉપર પોતાની લાડકી દીકરીનું દિલ ચોંટી શકે. ફક્ત એક વિજાણંદે જ શેણીની નીચી ઢળતી આંખોમાં ને થરથર ધ્રૂજતા હોઠમાં પ્રીતની છાની વાત વાંચી લીધી હતી.

એવી એક રાતનો ચોથો પહોર ચાલે છે. વિજાણંદની વીણાના સ્વર-છંટકાવમાં આખો દાયરો નીતરી રહ્યો છે. જોરથી શ્વાસ લીધે પણ પાપ બેસે એવી રાગરાગિણીઓની ઊંડી જમાવટ રાતના હૈયા ઉપર થઈ ગઈ છે. ઓરડામાં દીવાની દિવેટે મોગરો ચડી ગયો છે, તેને ખેરવવા ઊઠવાને પણ એ ઓરડાની ઓથમાં બેસી રહેલી કન્યાનું મન નથી કબૂલતું. બગાસું પણ આવ્યા વગર આખી રાત નીકળી જાય છે. પ્રભાતે વેદા ગોરવિયાળાએ દાયરો ભરી, કસુંબો લેવરાવી, વિજાણંદને કહ્યું: "ભાણેજ! ઘણા દી તેં અમને મોજ કરાવી. આજ તો હવે તારી મોજનો વારો છે. આ

મારા ઘરમાં આટલી ગાયું-ભેંસુ છે, રિદ્ધિ-સિદ્ધિ છે, એમાંથી તને મોજ આવે તે ચીજ માગી લે, ભાણેજ!"

વિજાણંદે માથું ધરતી તરફ ઢાળી દીધું. ઓરડામાં શેણીના હૈયે શ્વાસ સમાતા નથી. કાળજું ફડક ફડક થાય છે. કોણ જાણે ચારણ શી ચીજ માગશે!

"કેમ ભા! કેમ માથું નીચું ઢાળી દીધું?"

"મામા! શું માગું? રિદ્ધિસિદ્ધિની અબળખા નથી રહી. ભેંસું પણ હું સાચવી શકું એટલી તો જગદંબાએ દીધી છે. હવે ભાર કોના સારુ વેંઢારું?"

"વિજાણંદ! માગી લે, હું કહું છું. મારી મોજ મારી જાય નહિ. મને અસદ્ગતિ મળે. માગી લે ઝટ."

"પણ હું માગીશ ઈ તમથી નહિ દેવાય, મામા!"

"હું મારી દેહ વેચીને પણ તારો સવાલ પૂરો કરીશ. આંચકો ખા મા. માગી લે, ન આપું તો દેહ પાડી નાખું."

"મામા! એક જ માગણી કરું છું: શેણીનો હાથ..."

સાંભળતાં જ વેદા ગઢવીના મુખ પરથી સોળે કળાઓ સંકેલાઈ ગઈ. હથેળીમાં કસુંબાની અંજલિ ભરેલી તે ધરતી પર ઢોળી નાખી. કપાળે પરસેવાનાં બિન્દુ બાઝી ગયાં. કોચવાઈને વેદાએ કહ્યું: "છોકરા, માગવાની રીતે માગવું જોઈએ. તેં આજ મારું મોત બગાડ્યું: વેદાની સાત ખોટની દીકરી તારા જેવા ભટકતા ભિખારીને મળે, જેને નથી માવતર, કે નથી એકેય કૂબો?"

"કાંઈ નહિ, મામા, મારી ભૂલ થઈ."

એટલું જ કહી, જંતર ખભે ઉપાડીને ગરીબડે મોંએ વિજાણંદ ખાધાપીધા વગર ચાલી નીકળ્યો, અને આખા ચારણ દાયરાએ વેદા ગઢવી ઉપર પીટ પાડવાનું આદર્યું: "વેદા ગઢવી, ભણેં વેણ પાળવો નૂતો તો વેણ દીધો કેવા સારુ? ચારણ તોરે આંગણે નિસાસો નાખેંને હાલે નીકળ્યો ઈ ખબર છે? તોળું ધનોતપનોત નીકળેં જીસે."

વિમાસણ કરીને વેદાએ કહ્યું: "પાછો વાળી લાવો એને."

પાદરથી વિજાણંદને પાછો વાળી આવ્યા. વેદો ફરી વાર બોલ્યો:

"ભણેં ભરવાડા, મોળી સાત ખોટ્યની શેણી ઈ [એમ] નો મળે; શેણીનું કાંડું જોતું હોય તો જા: નવચંદરિયું ભેંસ્યું એક સો ને માથે એક, ભેળિયું કરી લે આવ્ય; એક વરસની અવધ્ય દેતો સાં. પોર બરાબર આ જ તથ્યે જો નો પોગાય, જો એક દીનું મોડું થાય, તો જાણજે કે આ ભવમાં શેણીનું મોંયે જોવા નૈ મળે. નીકર એક વરસની અવધ્યમાં આવેંને એક સો એક નવચંદરિયું મોળે ખીલે બાંધે જાજે, અને ખુશીથી શેણીને હથવાળે પરણતો જાજે. છે કબૂલ?"

"કબૂલ છે, મામા!"

એટલું કહીને વિજાણંદ વળી નીકળ્યો. પોતાની પાંચ ભેંસો હતી તેને બચ્ચીઓ ભરી ભરીને કોઈક ઓળખીતા નેસમાં મોકલી દીધી. પાંચેયની સામે હાથ જોડીને બોલ્યો: "મારી માતાજિયું! ડુંગરામાં નિરાંતે ચરજો. હું હમણાં આવું છું. વરસને વીતતાં વાર નહિ લાગે, અને પછી તમારાં ખાણ નીરનારી, ગોરસડાં મેળવનારી, પાડરું પાળનારી ને વલોણાં ગજવનારી શેણી આપણે ઘેર આવશે. રૂડા ઘર બાંધીને નદી કાંઠે ક્યાંક રે'શું. કોચવાશો મા, હો!"

ભેંસોની આંખોમાંથી મોટે ટીપે આંસુડાં ચાલ્યાં જાય છે. વિજાણંદની પણ છાતી ભરાઈ આવી. પણ એ તો હિંમતભેર ચાલી નીકળ્યો. એને તો ખાતરી હતી કે 'મારું જંતર જે નેસડામાં જઈને વગાડીશ. ત્યાંથી પાંચ પાંચ નવચંદરી ભેંસો શું મને નહિ મળે? એવા વીસ નેસડાં તો પાંચ મહિનામાં ફરી વળીશ.'

*વિજાણંદ હાલી નીકળ્યો, પોઠીડા પલાણે,*
*ડાબો થાને ગણેશ, (તો) વિજાણંદ પાછો વળે.*

પોઠિયા પર સવાર થઈને વિજાણંદ ચાલી નીકળ્યો. ઝૂરતી શેણી જંગલના તેતરને વીનવે છે કે હે ગણેશ પંખી, તું મારા પિયુની આડો ડાબી બાજુએ ઊતરજે કે જેથી અપશુકન સમજીને એ પાછો વળે. ફરી વાર શેણીએ પોકાર કર્યો:

*હરણા તારી ડોકમાં, ઘડાવું ઘૂઘરમાળ,*
*સોને મઢાવું શીંગડી, વિજાણંદ પાછો વાળ્ય!*

[હે હરણ, તું ડાબી બાજુ ઊતરીને વિજાણંદને અપશુકન દે, તો હું તારે કંઠે ઘૂઘરમાળ પહેરાવીશ, તારી શીંગડીઓ સોને મઢાવીશ.]

નેસડે નેસડે જઈને વિજાણંદ ગળતી રાતનું જંતર બજાવે છે અને માનવીની આંખોમાંથી નીંદર ઉડાડી મૂકે છે. પ્રભાતે પ્રભાતે ભરદાયરામાં વિજાણંદને ભેટ આપવાની વાતો થાય છે. પણ નવચંદરી ભેંસોનું નામ પડતાં નેસવાસીઓ લાચાર બની જાય છે. ચાર ચાર પગ ધોયેલા: પૂંછડાને છેડે ધોળા વાળ: અક્કેક આંચળ ધોળો: લલાટમાં ધોળું ટીલું: મોં ધોળું: અક્કેક આંખ ધોળી: એવાં નવ નવ શ્વેતરંગી ચંદ્ર-ચિહ્નોવાળી ભેંસો તે નવચંદરી કહેવાય. એવી ભેંસો ક્યાંઈક મળે છે, ને ક્યાંઈક નથી મળતી. નવમાંથી એક પણ ઓછું ચાંદું તો ચાલે તેમ નથી.

વિજાણંદની ગણતરી ખોટી પડી. પાંચ-પાંચની ધારણા હતી ત્યાંથી એક-એક પણ માંડ માંડ નીકળી. મળી તેમ તેમ હાંકીને વિજાણંદ ભમવા લાગ્યો. આઘે આઘે નીકળી ગયો. કેટલો દૂર નીકળી પડ્યો છે તેનું ભાન ન રહ્યું. ખાવુંપીવું, બધું જ વિજાણંદ વીસરી ગયો છે. દિવસ ને રાત જંતર ઉપર જ ટેરવા ફરે છે, અને 'નવચંદરી ભેંસો' એટલો જ મોંમાંથી સવાલ પડે છે. ગીર વટાવીને વિજાણંદ બરડામાં, હાલારમાં, ઝાલાવાડમાં જ્યાં જ્યાં કોઈ નવચંદરીના સમાચાર મળે ત્યાં ત્યાં રઝળે છે. દિવસ પછી દિવસ અને પછી તો પહોર પહોરની ગણતરી કરે છે. એમ કરતાં એક વરસમાં થોડા જ દિવસ ઓછા રહ્યા. વેદાએ આપેલી અવધ ચાલી આવતી હતી.

અહીં ગોરવિયાળી ગામમાં શેણીના યૌવનની કળીઓ પણ ઊઘડી ગઈ હતી. પ્રેમનું ખેતર પાકી ગયું હતું. શેણીના તલસાટ શું બોલતાં હતાં? –

*ખેતર પાક્યું કણ ઝરે, મન બેઠું માળે,*
*વળ્ય વેલો વિજાણંદા, (મને) રોઝડાં રંજાડે.*

[હે વિજાણંદ, મારા જીવનનું ખેતર પાકી ગયું છે. યૌવનરૂપી દાણા નીચે ઝરી જાય છે. અંતઃકરણ તારી રાહ જોતું માળા પર બેઠું છે. હવે તું ઝટ પાછો વળજે, કેમ કે નાદાન ચારણ ઉમેદવારોરૂપી રોઝડાં મારા જીવન-ખેતરને

રંજાડે છે. (મને પરણવા પ્રયત્ન કરી રહ્યા છે.)]

*ખેતર પાક્યું પોંક થિયો, મન બેઠું માળે,*
*અધવચ મેલ્યાં એકલાં, હાલ્ય હૈડા હેમાળે.*

[જીવનનું ખેતર પાકી ગયું છે યૌવનરૂપી પોંક (લીલા દાણા) શેકાઈને ખાવા માટે તૈયાર થઈ ગયા છે. મારું મન માળા ઉપર બેઠું બેઠું વાટ જુએ છે. વિજાણંદે તો મને અધવચ્ચે રઝળાવી. માટે હે હૃદય, ચાલો હિમાલયે ગળવા.]

વાટ જોવાનો છેલ્લો દિવસ હતો. અષાઢ બેસી ગયો. જગત પર વર્ષાનો ઉગમ થયો.

*વરસ વળ્યાં વાદળ વળ્યાં, ધરતી નીલાણી,*
*(પણ) એક વિજાણંદને કારણે, શેણી સુકાણી.*

[વરસ પાછું વળ્યું. વાદળાં પણ બરાબર બાર માસની મુદતે હાજર થઈ ગયાં. પૃથ્વી એ સહુના પુનર્મિલન થકી નીલી વનસ્પતિનાં જોબનરંગે હસી-ઉલ્લસી ઊઠી. હાય! એ બધાં તો લીલુડાં બન્યાં, કેમ કે મિલનનું સુખ પામ્યા; સુકાઈ શોષાઈ સળગી ગઈ એક માત્ર શેણી, કારણ કે એને એકલીને જ વિયોગ રહ્યો, વહાલા વિજાણંદનો.]

તે દિવસે ગોરવિયાળી ગામને પાદરે પાણી સીંચતી પનિયારી શેણી ગામેગામ ભણીથી ચાલ્યા આવતા લાંબા લાંબા કેડા ઉપર મીટ માંડીને જોયા કરે છે કે ક્યાંય વિજાણંદ આવે! ક્યાંય એક સો એક નવચંદરીઓનું ખાડું ગોરજના ડમ્મર ઉડાડતું આવે! ક્યાંય જંતરના સંદેશા લઈને પવનની લહેરીઓ આવે!

જો આવે તો આજ આ કૂવાકાંઠે પેટ ભરી ભરીને પીએ એટલું પાણી પાઉં; એની એકસો ને એક નવચંદરીઓને પણ મારે હાથે બેડાં સીંચી સીંચીને પાણી ધરવ કરાવું; લાંબો પંથ કરીને આવતા પિયુડાને માથાબોળ નવરાવું; એનાં લૂગડાં આ ઓઝત નદીની ધોળી ધૂળમાં ઘસીને ઊજળાં દૂધ જેવાં કરી સુકાવું: તે દિવસે પાણી પાયું નહોતું એનો બદલો વાળી દઉં! પણ વિજાણંદ તો દિવસ રોળ્યકોળ્ય રહ્યો છતાં આવતો નથી. પાદરથી નીકળતી ઓઝત નદીને શેણી પોકાર કરે છે કે –

*ચડ ટીંબા ચડ ટીંબડી, ચડ ગુંદાળી ધાર,*
*ઓઝત, ઉછાળો લઈ, વિજાણંદ પાછો વાળ.*

[ઓ બહેન ઓઝત, તું ઊંચી ટીંબી ટેકરીઓ ચડનારી છે. તું વિજાણંદને ક્યાંઈક આઘે આઘે જોઈ શકતી હોઈશ. ભલી થઈને એક વાર ઉછાળો મારી, એનો પંથ રોકી, તું એને ઝટ પાછો વાળજે.]

દિવસ આથમ્યો, આશા ઓઝત કાંઠે મૂકીને શેણી બેડું ભરી ઘેર ગઈ. જઈને જુએ છે તો વેદો ચારણ હરખઘેલો થઈને બેઠો છે.

"બાપ શેણી!" વેદો બોલ્યો: "હવે અટાણે લાપસીનાં આંધણ મેલજે, હો ગીગી! ઈ કાળમુખો નસેં પોગ્યો ને આપણે ઊગર ગાં! અ ર ર ર! મોળી હંસલી જીમી ગીગી ઈ કાગડાને હાથ જાત, મોળો મોત બગડત! મૂક્ય, બેટા, ઝટ લાપસીનાં આંધણ મૂક્ય."

આંસુડે પલાળેલા લોટની લાપસી કરીને દીકરીએ બાપને ખવરાવી. ખાઈપીને બાપ તો ઘસઘસાટ ઘોંટ્યો, પણ શેણી શે સુખે સૂએ? આખી રાત પવનમાં કમાડ ભભડે તો ઝબકે છે કે ઓ વિજાણંદ આવ્યો! પવનના સુસવાટામાં જાણે કે વિજાણંદની વીણા રોતી લાગે છે, ને પલવાર ઝોલું આવતાં જ સ્વપ્નમાં વિજાણંદને ઠપકો દેવા લાગે છે કે અરે ભૂંડા! રસ્તે આટલો બધો ખોટીપો! કોણ કામણગારું તને મળ્યું'તું?

આખી રાત અજંપામાં ગાળી, પ્રભાતે ઊઠીને શેણીએ પોતાનું પોટલું બાંધ્યું. બાપુની પાસે હાથ જોડીને બોલી: "બાપુ! ડમણી જોડાવી દેશો?"

"કાં, બાપ? કીસેં જાવો છે?"

"હેમાળે ગળવા!"

"અરર! દીકરી! ગાંડી થે ગી! આવડી અવસ્થાએ વેરાગ કીસેથી આદો! ભણેં બાઈ, હવે તું બી મા. હવે આપણી ભે માતર ટળે ગી. હવે તોરા સાટુ હું સારો ઠેકાણો જોવા નીકળતો સાં. હેમાળે ગળવા તે જવાય, મારા ઓધાર?"

"બાપુ!' શેણીએ ધરતી ખોતરતાં ખોતરતાં સંભળાવ્યું: "બાપુ, હવે આ બધી આશા મેલી દ્યો. હવે તો –"

*વિજાણંદની વરમાળ, બીજાની બાંધું નહિ,*
*ચારણ હોય લખ ચાર, (એને) બાંધવ કહી બોલાવીએ.*

તે દિવસે બાપને જાણ થઈ કે દીકરી તો વિજાણંદના નામની જ માળા ફેરવે છે! બાપુએ બહુ સમજાવી. છેલ્લે જવાબ વાળી દીધો: "હવે તો, બાપુ, એ આવે કે ન આવે: હવે અવધ પૂરી થઈ. ને હવે તો મળશું હેમાળાના ખોળામાં, નીકર આવતે અવતાર. હવે મારો મારગ રોકશો મા."

ગામનાં માણસો હજાર-હજાર વાતો કરીને મનાવવા લાગ્યાં કે "બીન! રોકાઈ જા, હજી એ આવશે."

"આવી રહ્યો, બાપ! હવે આવીને શું મોં દેખાડે?"

કોઈ બોલ્યું: "અરે ગીગી, વાવડ કઢાવીએ."

સાંભળી સાંભળીને શેણીએ કહ્યું:

*મત્યું શું દિયો માનવી, જણ જણની જૂજવી,*
*ડાહ્યપ એવડી હતી, (તો) વિજાણંદ કાં વાળ્યો નહિ?*

[અરેરે માનવીઓ, હવે આવી રીતે મને દરેક જણ જુદી જુદી શિખામણો શું મોં લઈને આપો છો? એટલું બધું ડહાપણ હતું ત્યારે વિજાણંદને તે દિવસે પાછો કાં ન વાળ્યો?]

"અરે બાઈ! વિજાણંદ જેવા મેલાઘેલા પર તું શું મોહી છે? બીજા ક્યાં નથી?"

"ભલે રહ્યા –

*ધોબી લૂગડ ધોય, રૂપાળાસે રાચું નહિ,*
*મર મેલડીઓ હોય, (તોય) વર વહાલો વિજાણંદો!*

[ધોબીનાં ધોયેલ સફેદ કપડાં પહેરનાર રૂપાળા કોઈ પુરુષ ઉપર હું નથી મોહતી છતાં એ વિજાણંદ જ મને વહાલો છે અને વળી – ]

*છાણાંનાં ચાટેલ, ખોરાં ઘી ખવાય ને,*
*મેયુંના મથેલ, વાલાં ઘી વિજાણંદનાં.*

[હે મારાં સલાહકાર માનવીઓ, બકરાંનાં ચાટેલાં એવાં બગડેલ ઘી મારાથી નહિ ખાઈ શકાય. મને તો વહાલાં છે વિજાણંદે ભેંસોનાં મહીમંથન કરીને ઉતારેલ શુદ્ધ ઘી. (વ્યંગ્યાર્થ એ છે કે અન્ય ચારણોનો મલિન સ્નેહ મારે ન જોઈએ.)]

ડમણીમાં બેસીને અઢાર વરસની શેણી ચાલી નીકળી. માર્ગે અલકમલકની સીમો વીંધતી જાય છે અને વિયોગે વલવલતી જાય છે:

*મારગકાંઠે મઢી કરું, લઉં જોગણના વેશ,*
*ગોતું દેશવિદેશ, (કોઈ) વાવડ દ્યો વિજાણંદના.*

[રસ્તાને કાંઠે હું મઢૂલી બાંધીને જોગણનો વેશ લઈ બેસીશ. દેશોદેશ હું વિજાણંદની શોધ કરીશ. અરે, મને વિજાણંદનો પત્તો આપો! ]

માર્ગે ભાલ પ્રદેશ આવ્યો. ગામડાની બજારે નીસરીને શેણી સાદ પાડતી જાય છે કે ઓ ભાઈઓ!

*(કોઈ) જંતરવાળો જુવાન, ભાલમાં ભૂલો પડ્યો,*
*(હું) સગડે પાંડું સાદ, (મને) વાવડ દ્યો વિજાણંદના.*

"હા, હા, બાઈ, થોડા દી પહેલા જ એવો એક જુવાન આંહીં નીકળેલો; નવચંદરી ભેંસોના વાવડ પૂછતો હતો." એમ માણસો પત્તો દેવા લાગ્યા.

"દેખાવ કેવો હતો?"

જવાબ મળે છે –

*લાલ સુરંગી ધોતિયે, કેસરભીને વાન,*
*હાલ્યો જાતો હાટડે, જંતરવાળો જુવાન.*

[માથા પર લાલ ફેંટો હતો. સહેજ શ્યામ રંગ હતો. હજી હમણાં જ ઓલી બજારમાં હાલ્યો જાતો હતો.]

"કઈ દશ્યે ઊતર્યો?"

"નવચંદરીની ભાળ લેતો આમ ઉપલા મલકમાં ચાલ્યો ગયો લાગે છે, બાઈ!"

સાંભળીને ત્યાંથી શેણી પગપાળી દોડવા લાગે છે. ઓ જાય! ઓ ચાલ્યો જાય! એમ માણસો એંધાણી દેતાં જાય તેમ તેમ તો જલદી એને ઝાલી લેવા માટે વેગથી આગળ વધવા દોડે છે, પણ એનાથી કેટલુંક દોડાય? વટેમાર્ગુના દેખતાં શી રીતે દોડાય?

*ચાલું તો ચૂંકું નીકળે, ધોડચે લાજી મરું,*
*વિજાણંદ વાગડ ઊતર્યો, ઊભી પોત્યું કરું.*

[હું ચાલું છું તો મોડું થવાથી પેટમાં શૂળ નીકળે છે. દોડતાં તો હું લજ્જા પામું છું. અને વિજાણંદ તો છેક વાગડમાં દીસે છે. લાકડી ઉપર મારી ધાબળી ચડાવીને હું વનરાઈમાં ફરકાવતી જાઉં છું (પોત્યું કરું છું), જાણે ક્યાંક દૂર ચાલ્યો જતો વિજાણંદ મારી એ નિશાની દેખીને ઊભો રહેશે.]

એમ અરધી ઘેલી બનીને પંથ કાપતી કાપતી સતી શેણી હિમાલયનાં ચરણોમાં પહોંચી, આશા છોડીને ઉપર ચડવા લાગી. તીર્થતીર્થ કરતી કરતી ઊંચાં શિખરોમાં દાખલ થઈ. ઋષિમુનિઓની ધૂણીઓ આઠે પહોર ધખી રહી છે; આલેક આલેક! અને ૐકારના અઘોર નાદ શિખરે શિખરથી પડછંદા બોલાવે છે: અપ્સરાઓ સ્નાનક્રીડા કરવા આવતી હોય તેવાં સરોવરો હિલોળા ખાઈ રહ્યાં છે: મઢીએ મઢીએ ભગવાંધારી ને કાં ભભૂતધારી તપસ્વીઓનાં પહોળાં ગળાં હોકારા દઈ રહ્યાં છે. એવા જાગતાજીવતા હિમાલયની લીલી, રાતી, પીળી ને ગુલાબી એવી અઢાર ભાર વનસ્પતિમાં થઈને વાઘ-વરૂની ત્રાડો સાંભળતી શેણી થાક્યા વિના ચાલી જ ગઈ. મઢીઓ મેલી; માનવી મેલ્યાં; વનસ્પતિ મેલી ને વાઘ-વરૂ મેલ્યાં; અને ક્યાં આવી?

જ્યાં ચારેય દિશાએ બરફના ડુંગરા છે: જ્યાં ઉપરથીયે બરફ વરસે છે: નીચેનાં નીર પણ જ્યાં ઠરીને હિમ થઈ ગયાં છે: સૂરજનો તાપ જ્યાં ડોકિયુંયે કરતો નથી: એવી અઘોર એકાંતમાં અઢાર વરસની કંકુવરણી ચારણ્યનાં પગલાં પડ્યાં. ત્યાં શેણી હેમાળો ગળવા બેઠી.

બેઠી, ઘણો સમય બેઠી, પણ શરીર ગળતું કાં નથી? પાંડવો સરીખાનાં લોખંડી હાડ જ્યાં ઓગળી ગયાં, ત્યાં આ માખણ જેવી નાની-શી દેહડી કાં લોઢાની માફક સાબૂત રહી છે?

"હે બાપ હેમાળા! હે મોક્ષપુરીના દ્વારપાળ! હે સતી પાર્વતીના પિતા! હુંય તારી દીકરી થઈને તારે ખોળે સમાવા આવી છું. મારાં એવાં તે શાં ઘોર પાતક દીઠાં કે મને તારા પાષાણોથીયે વધુ કઠોર હૈયાની માનીને તરછોડી? આવડી વેદના આ બરફ ચિતામાં બેઠી બેઠી ક્યાં સુધી ખમીશ? મને ઝટ તારા શરણમાં લે."

જવાબમાં જાણે હિમાલય સામા હોકારા દેવા લાગ્યો: "બેટા, તું

બાળકુંવારી કહેવાય. એકલું આંહીં કોઈ ઓગળી શકે નહિ, અને તારા અંતરમાં બીજું માનવી બેઠું છે! જા બાપ, પરણીને પછી બેલડીએ ગળવા આવજે.''

''હવે તો પાછી ફરી રહી! પાછી જઈને ક્યાં ગોતું? પંથભૂલ્યો એ જંતરવાળો હવે મને ક્યાં ભેટે? હે બાપ! રામચંદ્રજીએ જાનકીજીની પૂતળી કરીને જગન-ટાણે પડખે બેસાડેલી: તો હુંય મારા સંકલ્પના સ્વામીનું પૂતળું કરીને આંહીં જ પરણી લઉં છું.''

*હેમાળે શેણીનાં હાડ, ગળિયાં નવ ગાળ્યે,*
*(પછી) કાસનાં પૂતળ કરે, પરાણે પરણી ઊતર્યાં.*

'કાસ' અર્થાત્ દર્ભનું પૂતળું કરીને શેણીએ એમાં વહાલા વિજાણંદનો સંકલ્પ મૂક્યો. પૂતળાને પોતાની ગોદમાં બેસાડીને અગ્નિના કુંડ સરીખા એ શિખરને ચાર આંટા દીધા અને પછી પૂતળાને ખોળામાં લઈ શેણી બરફમાં બેસી ગઈ. આગ લાગી હોય તેવી રીતે અંગ ઓગળવા લાગ્યું. પગમાંથી લોહી શોષાય છે. ઘડી પહેલાં જે પગમાંથી કંકુવરણી કાંતિ ફૂટતી હતી, તે પગ શ્યામ પડી ગયા, પગમાંથી પ્રાણ જાતા રહ્યા. જોતજોતામાં તો ગોઠણ સુધીનાં હાડકાં પણ ગળીને પાણી થઈ ગયાં. ત્યાં તો ડુંગરનાં છેટાં છેટાં શિખરોમાંથી 'શેણી! શેણી! શેણી!' એવા શબ્દો સંભળાણા.

'અરે, આ મારા નામના સાદ કોણ દ્યે છે?'

'ફટ રે ફટ જીવ! હજુયે એના ભણકારા! હે અભાગિયા જીવ! હવે ચીંથરાં ન ફાડ.'

ત્યાં તો ફરી વાર 'શેણી! શેણી! શેણી!' એવા સાદ ઢૂકડા સંભળાણા.

''શેણી! શેણી! શેણી!'' – સાદ ઢૂકડા ને ઢૂકડા આવવા લાગ્યા અને સામે ડુંગરા પડઘા દેવા લાગી પડ્યાઃ 'શેણી! શેણી! શેણી!'

કામળી સંકોડીને શેણીએ બરફની ભેખડોમાંથી સામે જવાબ વાળ્યો: ''હાલ્યો આવ! હાલ્યો આવ! હાલ્યો આવ!''

અવાજને એંધાણે એંધાણે એક આદમી દોડ્યો આવે છે. પથરામાં ઠોકરો ખાતો, પડતો, લોહીલુહાણ થતો, ને છતાં પણ પાછો ઊઠીને કાયા

ખંખેરી દોડતો, ભર્યે શ્વાસે ચાલ્યો આવે છે. મોંમાં 'શેણી! શેણી! શેણી!' સિવાય બીજો શબ્દ નથી.

બરફની ઊંચી દીવાલોવાળા એ ગાળામાંથી, ઝાંખે ઝાંખે અજવાળે જેમ કોઈ બે ઓળા પડ્યા હોય તેમ બંનેએ એકબીજાને નિહાળ્યાં; જંતરવાળો જુવાન નીચે ભેખડ ઉપર: અને હાડગાળતી શેણી ઊંચે બરફના કુંડમાં.

દૂબળા પડી ગયેલા અવાજે શેણી બોલી: "ચારણ! આવી પહોંચ્યો?"

"પહોંચ્યો છું, મારા પ્રાણ! એક જ દિવસનું મોડું થયું. પણ તારા બાપને એકસો ને એક પૂરી નવચંદરિયું ગણી દીધી છે, શેણી! હવે હાલો હાલો, ઓઝતને કાંઠે ખોરડાં કરીએ."

"હવે તો વૈતરણીને કાંઠે ખોરડાં કરશું, વહાલા!"

"શેણી! ઓ શેણી! શું થયું?"

ઉપરથી પડછાયો બોલે છે:

*હાડાં હેમાળે, ગળિયાં જે ગૂડા લગે,*
*વિજાણંદ વળે, ઘણમૂલા જાને ઘરે.*

[હે મહામૂલા વિજાણંદ, મારાં હાડકાં ગોઠણગોઠણ સુધી તો આ હિમાલયમાં ઓગળી ગયાં. માટે હવે તો, હે મહામૂલા વહાલા, તું પાછો વળીને ઘેર ચાલ્યો જા.]

"પગ ઓગળી ગયા? ફિકર નહિ! –"

*વળવળ વેદાની, (તું) પાંગળી હોય તોય પાળશું,*
*કાંધે કાવડ કરી, (તને) જાત્રા બધી જુવારશું.*

[ઊભી થા, પાછી વળ, ઓ વેદાની પુત્રી, તું લૂલી થઈ ગઈ હોઈશ તોપણ હું તને કાવડમાં બેસારી, મારી કાંધ પર ઉપાડી, અડસઠે તીર્થોની યાત્રા કરાવીશ. પાછી વળ, ઓ પ્રાણાધાર, પાછી વળ!"]

"ના, વિજાણંદ! હવે પાછી નહિ વળું –

*વળું તો રહું વાંઝણી, મૂવા ન પામું આગ,*
*આલુકો અવતાર, વણસાડ્યો વિજાણંદા!*

[હવે જો હું પાછી વળું, તો મારે તારી સાથે શરીરસંબંધ ન થઈ શકે, ને પુત્ર વિના મને મરતી વેળા કોણ અગ્નિ મૂકે? એટલે આવતો જન્મ પણ બગડે, માટે હવે આ એક જ જન્મ વણસ્યો તેટલું બસ છે.]

"પાછી વળ! પાછી વળ!" એવા પોકાર ઊઠ્યા.

"હવે હું તારા કામની નથી રહી, વિજાણંદ! કેમ કે હવે તો –

*ગળિયું અરધું ગાત્ર, અરધામાં અરધું રિયું,*
*હવે મસળતા હાથ, વિજાણંદ, પાછા વળો!"*

[હે વિજાણંદ, હવે તો મારું પોણા ભાગનું શરીર ગળી ગયું છે. હવે તું ફોગટ મહેનત કર્યા વિના પાછો વળી જા.]

ફરી વાર એ ધુમ્મસઘેરી ભેખડ પરથી દૂબળો અવાજ આવ્યો: "પણ ચારણ! છેલ્લી એક ઝંખના રહી ગઈ છે. મરતાં મરતાં એક વાર તારું જંતર સાંભળવું છે.

*વિજાણંદ, જંતર વગાડ, હેમાળો હલકું દિયે,*
*મોહ્યા માછલમાર, માછલિયું ટોળે વળે.*

"એક વાર બજાવી લે."

ખંભેથી બીન ઉતારીને ચારણે ટેરવાં ફેરવ્યાં. ઝાંખે અજવાળે વાજિંત્રના સૂર રડવા લાગ્યા. અંધારું કંપી ઊઠ્યું. હિમાલય પહાડ હોંકારા દેવા લાગ્યો. દૂર દૂર નીચાણે સરોવરમાં જાળ નાખતા મચ્છીમારો થંભી ગયા, અને માછલીઓ એ ગીત સાંભળવા ટોળે મળીને પાણી ઉપર પોતાના ચળકતાં મોં રાખી ઊભી રહી.

વાજિંત્ર વાગે છે: અને ગીતને તાલે તાલે બરફમાંથી 'રામ! રામ! રામ! રામ!' એવા જાપ બોલાય છે. જાપ જપાતા રહ્યા ને જંતર બજતું રહ્યું. એક તરફથી રામનામના અવાજ ધીરા પડવા લાગ્યા. બીજી તરફથી જંતરના તાર વધુ ને વધુ જોરથી ઝણેણાટી દેવા લાગ્યા. આખરે રામનામના ઉચ્ચાર અટકી ગયા ને ભેખડ ઉપરથી એક ધડાકો થયો. બેભાન જંત્રીના હાથમાંથી જંતર નીચે પછડાયું.

જંતર ભાંગ્યું જડ પડી, ત્રૂટ્યો મોભી ત્રાગ,
વેદાની શેણી હલ ગઈ, જંત્રી ન કાઢે રાગ.

[વાજિંત્ર પટકાઈ ગયું. અંદર ચિરાડ પડી ગઈ. એનો મુખ્ય તાર તૂટી પડ્યો. વેદા ચારણની પુત્રી શેણીના પ્રાણ ચાલી નીકળ્યા; એટલે હવે વીણાનો બજાવનાર પણ સૂર કાઢતો અટકી ગયો.]

અને –

ભૂખે ખાધું ભાત, પેટ ભરી પામર જીં,
શેણી જેવો સંગાથ, મેલીને વિજાણંદ વળ્યો.

[શેણી જેવા સંગાથને હિમાલયમાં વળાવી વિજાણંદ ચારણ ખાલી હાથે પાછો વળ્યો. અને જીવતર ટક્યું ત્યાં સુધી પામર માનવીની પેઠે પોતાના ભૂખ્યા પેટને ભરતો રહ્યો.]

❁

*[કેટલાક ચારણો એમ કહે છે કે શેણીને વિજાણંદ ઉપર પ્રીતિ હોવાની વાત બનાવટી જ છે, શેણી તો જોગમાયાનો અવતાર હતી અને એણે તો પોતાના પિતાને બાલ્યાવસ્થાથી જ કહી રાખેલું કે 'મારો સંબંધ કરશો જ નહિ' તેથી પોતે વિજાણંદથી બચવા માટે જ હિમાલય નાસી ગયેલી.*

*મેં તો આ વાર્તામાં બંને પક્ષનો પ્રેમ હોવાની હકીકત સ્વીકારી છે, તે આ પ્રાચીન દુહાઓ પરથી. ન પરણવાનો નિશ્ચય હોવા છતાં પણ શેણીને વિજાણંદ પર વહાલ ઊપજ્યું, એ તો ઊલટું એની પ્રીતિની ઉત્કૃષ્ટતા સિદ્ધ કરે છે. અને આવા પરમ પવિત્ર પ્રેમાવેશથી તો એનું સતીપણું અથવા જોગમાયાપણું ઊલટું વધુ ઉજ્જ્વળ બને છે. બીજી અનેક ચારણ સતીઓ પણ પરણેલી હતી જ.*

*ભાંચળિયા ચારણોને આજે પણ ભરવાડોના વિવાહ વખતે કોરી (પાવલી) મળે છે. તેઓ ભરવાડને જ માગે છે. લોકકથા એવી છે કે હિમાલયમાં વિજાણંદ પોતાની જોડે મરવા ન બેસી શક્યો તેથી શેણીએ શરાપ્યો કે "જા, ભરુ ભડકાવતો રે'જે." બીજી લોકકથા એવી છે કે શેણીબાઈ સાથે હિમાલયમાં જવામાં ભેગો ખીમડ નામનો રાવળ હતો. તે પણ પાછો ફરી ગયો. એટલે શેણબાઈએ એને કહ્યું કે હે હૈયાફૂટા! ત્યારથી રાવળ બહુ ભુલકણા હોય છે. તેમનાં લગ્નોમાં 'શેણી-ખીમડની ઘઉંની ઘૂઘરી' વહેંચવાનો રિવાજ છે.]*

*[આ કથાના બધા દુહાઓ લેખકના પુસ્તક 'સોરઠી ગીતકથાઓ'માં આપ્યા છે.]*

# દેહના ચૂરા

નીચે પેટાળમાં માટી ને નાનાં નાનાં ઝાડવાં: અને ઉપર મથાળે જાણે કોઈ માનવીએ ચડાવી ચડાવીને ગોઠવી હોય તેવી સો-સો મણની કાળી શિલાઓ: એવી જાતનો ડુંગરો સિહોર ગામની પાસેથી શરૂ થાય છે. અને ત્યાંથી ચાલતો થઈ વચ્ચે વચ્ચે ક્યાંક ધરતીનાં પડો નીચે સમાતો, ક્યાંક થોડો બહાર દેખાતો, ને ક્યાંક આકાશની વાદળીઓ સાથે રમવા ઊંચે ઉછાળા મારતો એ ડુંગરો લોંચના ડુંગરાની નજીકમાં જઈ રસ્તાને રામ રામ કરતો, રાજુલાનો ડુંગર, સોમનાથનો ડુંગર, કાતરધાર અને ધુંવાસનો ડુંગર, એવાં એવાં નામ ધારણ કરતો ગીરની સરહદ ઉપર સાણા ડુંગરને નામે રોકાઈને ઊભો રહ્યો છે. ત્યાં આવીને ગીરની અનેક ટેકરીઓ એને વીંટળાઈ વળે છે. એ આખીય શિખરમાળાએ મોટાં ફળ-ઝાડ કે બહોળી નદીઓનાં નીર નિપજાવ્યાં નથી. માત્ર બાવળ અને કેરડાની ઝાડીમાં થોડો ગુંદર ને ગરીબોનું અથાણું જ ઉત્પન્ન કરેલ છે. છતાં એણે જોગીદાસ બહારવટિયાને ઓથ દીધી છે અને ચારણો, આહીરોની ગાયો-ભેંસોને અખૂટ ઘાસનું અક્ષયપાત્ર દીધું છે.

એ આખી ડુંગરમાળનો સાણા નામે ઓળખાતો છેલ્લો ડુંગર આશરે એંસી વીઘાની જમીન પર પલોંઠી વાળીને બેઠો છે. આખોય ડુંગર 'પોલો' કહેવાય છે, કેમ કે એની અંદર અનેક ભોંયરાં છે. અંધારા, સાંકડાં, હિંસક પ્રાણીઓને છુપાવવાનાં ભોંયરાં નહિ, પણ સરખેસરખા કંડારેલા ઓરડાઓ, જેમાં આજે પણ માલધારીઓ ઢોર લઈ જઈને ઉતારા કરે છે. એક પણ ગુફા અણસરખી કે અણઘડ રીતે કોરેલી નથી. તમામને કોઈ પ્રવીણ કારીગરે શોભીતા, પ્રમાણસરના ઘાટમાં ઉતારેલી દેખાય છે. ફક્ત બારણાં જ ચડાવવાં બાકી હોય એવાં સરખાં તો પથ્થરનાં બારસાખ છે. ત્રણ –

ત્રણ ઓરડે અક્કેક મીઠા પાણીનું ટાંકું છે. એ ટાંકાં કેટલાં ઊંડાં છે તે આજે પણ કોઈએ જાણ્યું નથી. ગુફાએ ગુફાએ બંદૂકો માંડવાના મોરચા છે. એ બધુંયે પથ્થરોમાંથી કંડારી લીધેલું છે. કહે છે કે આંહીં પાંડવો વસતા. સાચેસાચ તો એ પુરાતન બૌદ્ધ સાધુનો વિહાર છે. પણ આપણે એટલા ઊંડા ભૂતકાળમાં આજે જવું નથી. આપણે તો દોઢસો-બસો વરસ પૂર્વેની એક પ્રેમકથાને આ સાણાની ગુફાઓમાં બેસીને સંભારીએ છીએ. આપણને નથી માલૂમ કે અક્ષર ન લખી જાણનારી એ કોટાળી કુંવરે આમાંથી કઈ ગુફાની ભીંતો ઉપર એકાંતે બેઠાં બેઠાં પોતાના પ્રેમીજન રાણા રબારીની આકૃતિ આલેખવા માટે કોયલાના કાલાઘેલા લીટા કર્યા હશે!

ચભાડ આહીરની એ જુવાન દીકરી કુંવર એક દિવસ મોટે પરોડિયે ભરનીંદરમાંથી જાગીને કાન માંડી સાંભળી રહી છે. ધુંવાસના ડુંગર ઉપરથી ટાઢે પહોરે કોઈ મીઠા ગળાની સરજુઓ ચાલી આવે છે. ગીતનાં વેણ તો હો...હે...હૂ...હે... સિવાય બીજાં કોઈ સમજાતાં નથી, પણ શબ્દોની જરૂર ન પડે એવી એ રાગણીઓમાંથી જ આપોઆપ અર્થ ઊઠે છે. એકાંતે વગડામાં આવીને કોઈક માતાનો ભક્ત દેવીની સ્તુતિના ઘોરતા સૂરો કાઢી અડખે-પડખેની ચારેય દિશાના સીમાડાને ભીંજાવી નાખે છે. એક માનવી ગાય, અને લાખોને શ્વાસ વિના સાંભળવાનું મન થાય, એવી સરજુઓ ગવાય છે. ચાંદરડાં હજુ આથમ્યાં નથી. નવરંગી ઝગારા કરતાં નક્ષત્રો પણ નૃત્ય કરતાં કરતાં ધરતીની સરજુ સાંભળે છે.

સાંભળતી સાંભળતી આહીર-કન્યા કુંવર કાગાનીંદરમાં ઢળે છે. ઊઠવાનું મન થાય છે, પણ ઉઠાતું નથી. સરજુના સૂર હવામાં તરે એવાં હળવાં છતાં કુંવરનાં પોપચાં ઉપર ચડીને સીસા જેવા વજનદાર લાગે છે. આંખડીઓ ઊઘડી ઊઘડીને ઘેરાય છે. આભમાંથી બે તારલા તૂટીને નીચે પડ્યા હોય એવી આંખો દીસે છે.

પ્રભાતે ટાંકાને કાંઠે પાણી ભરતી પનિયારીઓની વચ્ચે વાતો થતી હતી, તે કુંવર મૂંગી મૂંગી સાંભળે છે: ''આટલું બધું વહેલું ઈ કોણ આરડે છે?''

''ઓલ્યો વાંગરનો રબારડો રાણો: આંહીં ધુંવાસને ડુંગરે ભેંસું લઈને

આવ્યો છે.''

''અધરાતુંનો ઊંઘવા જ દેતો નથી.''

''અને દીએ જોયો હોય તોય બી મરીએ એવો છે. વરોળ ભેંસ માથે બેસીને નીકળે છે ત્યારે બરાબર જમરાજા જોઈ લ્યો!''

સરજુઓ સાંભળવાનું તો કુંવરને વ્યસન વળગ્યું. રોજ ભાંગતી રાતે એની નીંદર ઊડી જાય છે. અને ધુંવાસના શિખર ઉપર લાકડીનો ટેકો લઈને છત્રપતિ જેવો ઊભેલો એક શ્યામવરણો જુવાન રબારી હીરે મઢેલા આભ સામે નજર રાખી ફુલાવેલી છાતીએ માતાનાં અકળ અગમ ભજનો ગાતો હોય, એવું રૂપાળું ચિત્ર કુંવરની કલ્પનામાં ખડું થાય છે. સરજુના સૂર જાણે કોઈ રૂડી આકૃતિ આલેખી રહ્યા છે. પ્રથમ પ્રીતની ગાંઠ એ રીતે સરજુઓના સૂરથી બંધાઈ.

પછી એક દિવસ કુંવરે એ સરજુ ગાનાર રબારીને નજરોનજર જોયો. પોતાના ભાઈ-બાપ પણ ખાડું ઘોળીને સાણાના ડુંગરમાં ધુંવાસ તરફ ચારવા ગયા. ત્યાં સરજુ ગાનાર જુવાન રબારી રાણો પણ ભેળો થયો. સહુની ભેંસો ભેળી થઈને ચરે છે. માંદણાં ખૂંદે છે, મૂંગી મૂંગી જાણે રાણા-કુંવરની સામસામી ઓળખાણો કરાવે છે. નાનાં ઝાડવાંની ઘટામાં ચલમો ભરી ભરીને પીનાર ભાઈ-બાપ માટે કુંવર રોજ બપોરના ભાત લાવે છે. રાણો રબારી પણ પોતાની ફાંટેથી બે રોટલા છોડીને ભેળો બેસી જાય છે. ગાડાના પૈડા જેવા બે રોટલા પચાવી જનાર જુવાનને કુંવરે નિહાળી નિહાળીને જોઈ લીધો, પણ જાણે જુગ જુગ સુધી જોયા જ કરું એવી મીઠાશ એની આંખોમાં છવાઈ ગઈ. રબારીના મોંની કાળપ એના ગળાના ગાનની મીઠપમાં બૂડી ગઈ. કાળો મેહુલો, કાળી કોયલ, ધોળાં અમૃત દેનાર કાળી ભેંસો, કાળો વાસુકિ નાગ, કાળો ભમરો એવી એવી એક આખી ટીપ કુંવરના મનમાં લખાઈ ગઈ. એમાં શ્યામસુંદર રબારી રાણો પણ મળી ગયો.

કુંવરને જોઈ ત્યારથી રોજરોજ રાણો વરોળ ભેંસ ઉપર સવારી કરીને પોતાનાં ખાડુંને મોખરે ચાલ્યો આવે છે. અને રોજ ભાત આવવાનો વખત થતાં તો ભેળા થવાના મુકામ ઉપર પહોંચી જાય છે. આવતો આવતો આજુબાજુ કોઈ નથી ને, એટલી નજર કરીને દુહા રેલાવ્યે જાય છે:

*રાણો કે' આ રાનમાં, માઢુ ટોળે મળ્યાં,*
*આગે અમરત ઊજળાં, ભેરાઈનાં ભળ્યાં.*

[આ જંગલમાં માનવીઓ ટોળે વળ્યાં છે, પણ એની અંદર ભેરાઈ ગામનું સુંદર માનવી ઉમેરાઈ ગયું.]

*કુંવર કાળી નાગણી, સંકેલી નખમાં સમાય,*
*(એનું) કરડ્યું ડગ નો ચાતરે, કુંવર ચાભાડ્ય કે'વાય.*

[કાળી નાગણી જેવું એનું રૂપ-ઝેર છે. જેને એના પ્રેમરૂપી દાંત વડે એ કરડે તે એક ડગલું પણ ભરી શકે નહિ, એને વશ થઈ જાય, એવી કુંવર સાખે ચાભાડી કહેવાય છે.]

*બાળે બીજાંની ચાલ્ય, ડગમગતાં ડગલાં ભરે,*
*હંસલા જેવી હાલ્ય, કોટાળી કુંવર તણી.*

[બીજી સ્ત્રીઓની ચાલ્ય તો ધડા વગરનાં ડગલાં ભરતી હોય છે પણ મારી કુંવર તો હંસ-ગતિએ ચાલે છે.]

*બાળે બીજાના વાળ, ઓડ્યેથી ઊંચા રિયા,*
*ચોટો ચોસરિયાળ, કડ્યથી હેઠો કુંવરને.*

[આગ ઊઠજો બીજી સ્ત્રીઓના માથામાં, જેમના વાળ ગરદન સુધી પણ ન પહોંચે એવાં જીંથરકાં (નાના) હોય છે. અને મારી કુંવરને માથે તો જુઓ! કેવો રૂપાળો ચોટલો કમ્મરથી પણ નીચે ઢળકતો શોભે છે!]

*બાળે બીજાંની આંખ્ય, ચૂંચિયું ને બૂચિયું,*
*મૃગના જેવી આંખ્ય, હોય કોટાળી કુંવરની.*
*બાળે બીજાનાં ઉર, હાલે ને હચમચે,*
*છાતી ચાકમચૂર, હોય કોટાળી કુંવરની.*

[બળજો બીજી સ્ત્રીઓનાં સ્તન કે જે ઢીલાંપોચાં પડીને હલબલે છે. મારી કુંવરની છાતી તો ભરાવદાર અને કઠિન છે.]

એવી કુંવરની કાયાનાં રૂપ ઉપર મોહ પામીને આંધળો બનેલો રાણો પોતાની કુંવરને આશિષ દેતો અને બીજી બધી સુંદરીઓને ઊતરતી માની તિરસ્કાર આપતો રોજ આવે છે ને જાય છે.

એ માયામમતા બાંધતાં બાંધતાં અબુધ પ્રેમીઓને એટલું પણ ભાન

ન રહ્યું કે બન્નેની જાતો જુદી છે: એક રબારી, ને બીજી છે ચભાડ આહીરની દીકરી: મીટેમીટ મિલાવી બેય જણાંએ મૂંગા મૂંગા મનોરથો બાંધ્યા હતા તે થોડા દિવસમાં જ છેદાઈ ગયા. રાણો જોઈ રહ્યો છે કે આજ કુંવર ઘરેણે-લૂગડે સજ્જ થઈને ભાત દેવા આવે છે. પોતાને રીઝવવા માટે જ જાણે કેમ કુંવરે અંગ શણગાર્યું હોય એવી ભ્રાંતિમાં પડેલ રાણાએ તે દિવસ ત્રણ રોટલા ચડાવ્યા, તોય જાણે ભૂખ રહી ગઈ. ઝરણાને કાંઠે જઈને કુંવર તાંસળીઓ ઊટકતી હતી ત્યાં જઈને પાણી પીવા માટે રાણો બેઠો. પાણીનો ખોબો ભરતાં ભરતાં રાણાએ પૂછ્યું: "આજ જનમગાંઠ લાગે છે, કુંવર!"

નીચાં નેણ ઢાળીને કુંવરે કહી દીધું કે "હવેથી મને બોલાવીશ મા, રાણા! કાંઈક રીત રાખતો જા."

"કાં?"

"મારું સગપણ થયું છે." એમ કહીને એણે અરધે માથે ગયેલ ઓઢણાને કપાળ સુધી ખેંચી લીધું.

"ઠીક, જીતવા!" એમ કહીને રાણો પાણીનો ખોબો ઢોળી નાખી ઊભો થઈ ગયો. તે દિવસથી કુંવરની સાથે પોતાને એક ઘડીની પણ ઓળખાણ નથી તેવી મરજાદ સાચવતો બીજે જ માર્ગે વળી ગયો. બેય જણાં એકબીજાનો પડછાયો પણ લોપતાં નથી.

થોડા જ દિવસ પછી ફાગણ મહિનામાં રાણાએ એક જાનને સાણા તરફ જતી જોઈ. બે દિવસ પછી જાનને પાછી પણ વળતી દેખી પૂછપરછ કરીને જાણી લીધું: ઓહોહો!

*રાણા, રાતે ફૂલડે, ખાખર નીંઘલિયાં,*
*સાજણ ઘેરે સામટે, આણાત ઊઘલિયાં.*

[જંગલમાં ફાગણ મહિને ખાખરાનાં ઝાડ રાતાંચોળ રૂડાં કેશૂડાંને ફૂલે ભાંગી પડે છે અને બીજી બાજુ એવી શોભીતી રાતી ચૂંદડીઓ ઓઢીને આ કોણ ચાલ્યાં? આ જાનડીઓના ઘેરા વચ્ચે વીંટળાઈને ચાભાડી કુંવર આણું વળી સાસરે જાય છે.]

ભલે જાય! ભલે જાય! ભલે કોઈ ભાગ્યશાળી આયરનું ઘર સુખી થાય! એ પરાઈ બને તોય શું? એવી રૂપગુણવાળી સુંદરી તો જ્યાં હોય

– આપણે ઘેર કે બીજાને ઘેર – એને ઈશ્વર સુખી જ કરજો!

*બહુ બોલે ને બહુ બકે, વલવલ કાઢે વેણ,*
*કરડજો એને કાળોતરો, (ભર) હોય પોતાનાં સેણ.*

[અરેરે, કોઈ બહુ બોલનારી, જીભ ઉપર કાબૂ ન રાખનારી નારી ભલે સ્ત્રી હોય; તોય એને કાળો નાગ કરડજો.]

પણ –

*થોડું બોલે ને થરહરે, મરકીને કાઢે વેણ,*
*(એને) કાંટો કે'દી મ વાગજો, (ભર) હોય પારકાં સેણ.*

[ઓછાબોલી, આંચકો ખાનારી અને મોઢું મલકાવીને જ શબ્દો ઉચ્ચારનારી સ્ત્રી ભલે અન્ય કોઈની ઘર-નારી હોય તોય એને કાંટો પણ ન વાગજો એવી દુઆ દઉં છું.]

અને વળી –

*કાળમુખાં ને રિસાળવાં, નીચાં ઢાળે નેણ,*
*(એને) કાળી નાગણ કરડજો, (ભર) હોય પોતાનાં સેણ.*

પણ –

*હસમુખાં ને હેતાળવાં, અમૃત વરસે નેણ,*
*(એને) કાંટો કે'દી મ વાગજો, (ભર) હોય પારકાં સેણ.*

હસતાં મોંવાળી, હેતભરી અને અમૃત-ઝરતી આંખોવાળી નારી ભલે ને પારકી પ્રિયતમા હોય, તો પણ એને કદી કાંટોય ન વાગજો!

❀

*મેલ્યું વાંગર ને માઢિયું, મેલી મવાની બજાર,*
*ડગલાં દી ને રાત, ભરવા પડે ભેરાઈનાં.*

રાણાએ જાણ્યું કે કુંવર તો ભેરાઈને નેસ પોતાના સાસરિયામાં રહે છે. પોતાને અને કુંવરને તો હવે ચાર નજરું એક કરવાને પણ વહેવાર નથી રહ્યો, છતાં પણ કુંવર ન જાણે તેમ એને નીરખી લેવાની લાલચને રાણો દબાવી શક્યો નહિ. એણે સદાને માટે પોતાનાં ગામ વાંગર[1] ને માઢિયું[1]

1. ભાવનગર જિલ્લાનાં ગામ.

તજી દીધાં. મહુવા[3]ની બજારે હટાણું કરવાનું ધુંવાસને ડુંગરથી છેટું થઈ પડ્યું. એટલે વારે વારે ઘી વેચવા ને કપાસિયા લેવા રાણો ભેરાઈ[1] બંદરે જવા લાગ્યો.

*રાણો કે' રહિયું નહીં, તનડું ટેક ધરી,*
*કફરા જોગ કરી, હાથેથી હળવું પડ્યું.*

મનની ટેક ન રહી શકી. કુંવરને જોવામાં પણ પાપ છે એવો નિરધાર કરી બેઠેલ પ્રેમી પાછો નબળો પડી, વિટંબણાઓ વેઠી કુંવરને મળવા ગયો, અને પોતાની મેળે જ હલકો બન્યો. અને થોડા વખત પછી એક દિવસમાં ભેરાઈ જઈને રાણાએ શું જોયું?

*જીવ ઢંઢોળે ઝૂંપડાં, જૂને નેખમ જાય,*
*ખોરડ ખાવા ધાય, મન વાર્યું વરે નહિ.*

જઈને જુએ ત્યાં તો ઉજ્જડ પડેલાં, જૂના નેસડામાં રહેનારાં ભેરાઈવાળાં આહીરિયાં ત્યાંથી ઉચાળા ભરીને ઊપડી ગયાં હતાં. કોઈએ કહ્યું કે આખો કબીલો ઉચાળા ભરીને સાણાને ડુંગર ગયો છે. રાણો પોતાની થાકેલી ભેંસોને ફોસલાવી-પટાવી હાંકતો હાંકતો સાણાના ડુંગરની ગાળીએ ગાળી ગોતી પથરે પથરે ભમ્યો પણ –

*કાગા જમત હે આંગણે, ખનખન પથારા,*
*સાણા, સાજણ ક્યાં ગિયાં, મેલીને ઉતારા?*

ત્યાંયે એ છિન્નભિન્ન થઈ ગયેલા ઝૂંપડાને આંગણે કાગડા ચણી રહ્યા છે. બાકી બધું ઉજ્જડ, નિર્જન છે. રાણો સાણા ડુંગરને પૂછે છે, 'હે ભાઈ, આ ઉતારા છોડીને મારાં સ્વજનો ક્યાં ચાલ્યાં ગયાં?'

સામે મશ્કરી કરતો હોય તેમ સાણો ડુંગર પડઘો કરી બોલ્યો: 'ચાલ્યાં ગયાં!'

રાણો ત્યાંથી આગળ ચાલ્યો. વિકરાળ મધ્યગીરમાં પેઠો. રૂપેરી પાલવને જંગલમાં ફરકાવતી રાવલ નદી વાંકા-ચૂંકા વળાંક લેતી, ગીરના ભયંકર ડુંગરાની વચ્ચે થઈને ચાલી જાય છે. એને રાણો પૂછે છે:

1. જૂનાગઢનું ગામ.

*ચોસર જેનો ચોટલો, નાક ભાતીલાં નેણ,*
*રાણો પૂછે રાવલને, કોઈ દીઠાં મુજાં સેણ.*

[હે રાવલ નદી, જેનો ચાર સરે ગૂંથેલ ચોટલો છે અને નાક તથા નેણ ઘાટીલાં છે, એવી મારી સજનીને તેં ક્યાંય જોઈ?]

કોઈએ જવાબ આપ્યો નહિ. રાણો રઝળતો બંધ થયો. થાકેલી ભેંસોનું અંતર સાણામાં જ ઠર્યું. જે જૂનાં ભીંતડાં ખાલી કરીને કુંવર ચાલી ગઈ છે, તેની ઓથે જ રાણાએ ઉતારો કર્યો.

❀

કુંવરને ક્યાં લઈ ગયા હતા? નાંદીવેલાને ડુંગરે. રાણો રબારી કુંવરની પાછળ ને પાછળ પત્તો મેળવીને ચાલ્યો આવે છે એવા સમાચાર કુંવરનાં સાસરિયાંને મળ્યા જ કરતા હતા, અને કોઈ ભયાનક દૈત્ય આવતો હોય એવો ભય પામીને એ બધાં નાંદીવેલે નિરાંત કરીને રહ્યાં.

*સાણે વીજું સાટકે, નાંદે અમારા નેસ,*
*કુંવર બચ્ચું કુંજનું, બેઠી બાળે વેશ.*

સાણા ડુંગર ઉપર વીજળી ચમકારા મારે છે, અને કુંવરની નજરો ત્યાં લાગી ગઈ છે. એને રાણાના સમાચાર મળ્યા કરે છે. એ કહેવરાવે છે કે રાણા, અમારા નેસડા હવે નાંદીવેલા ઉપર છે, ને કુંજડીના બચ્ચા જેવી કુંવર તારા સિવાય પોતાનો સુહાગણનો વેશ સળગાવી રહી છે. તું કદી કદી નાંદીવેલે આવજે.

એમ થાતાં થાતાં તો –

*આભે ધારાળા કાઢિયા, વાદળ ચમકી વીજ,*
*રુદાને રાણો સાંભર્યો, આવી આષાઢી બીજ.*

[આસમાનમાં મેઘની ધારાઓ નીકળી. વાદળમાં વીજળી ઝબૂકી. કુંવરના હૃદયમાં રાણો સાંભર્યો, કેમ કે આષાઢ મહિનાની બીજ આવી.]

*કોટે મોર કણુકિયા, વાદળ ઝબૂકી વીજ,*
*રુદાને રાણો સાંભર્યો, આવી આષાઢી બીજ.*

[ગામડાના ગઢકોટ ઉપર અને ડુંગરાની ટોચ ઉપર મોરલા ટહુક્યા. અષાઢી

બીજ આભમાં દેખાણી. આજ મારો રાણો પણ સાણા ડુંગરના શિખર પરથી બીજનાં દર્શન કરતો હશે; અત્યારે અમારી બન્નેની નજરું ચંદ્રમા ઉપર ભેળી થઈ હશે; હાશ! આજ એ રીતે તો રાણાનો મેળાપ થઈ શક્યો! એવું ચિંતવી ચિંતવીને બીજચંદ્રનાં દર્શન કરે છે.]

*રીંછડિયું, રાણા, ભેળી થઈ માથે ભમે,*
*ચડિયું શેલાણા, કાળજ કાઢવા કુંવરનાં.*

[હે રાણા, વર્ષાની આ ભૂખરી વાદળી (રીંછડી) આજ વિરહ-વેદનાનું ઉદ્દીપન કરીને મારાં કલેજાંને કાપી નાખવા આભે ચડી છે.]

રાણાને પણ થોડા દિવસમાં સમાચાર પહોંચ્યા કે કુંવર નાંદીવેલામાં બેઠી છે. વટેમાર્ગુઓની સાથે રાણો કુંવરને બીજું કાંઈ નહિ, ફક્ત રામરામ કહેવરાવે છે. જવાબમાં કુંવર સંદેશો મોકલે છે કે –

*રામરામિયું રાણા, (મને) પરદેશની પોગે નહિ,*
*છેટાની સેલાણા, વસમી વાંગરના ધણી!*

[હે વાંગરના ધણી રાણા, તારા રામરામ મને આઘેથી પહોંચતા નથી. દૂર દૂરથી કહેવરાવેલી એ સલામો ઊલટી બહુ વસમી લાગે છે. માટે તું આવ! એક વાર આવ!]

અને –

*રાખડિયું રાણા, બળેવની બાંધી રહી,*
*છોડને સેલાણા, કાંડેથી કુંવર તણે.*

[ઓ રાણા, ગઈ બળેવે તેં આવીને સીમમાં પીપળાને છાંયે મારે કાંડે રાખડી બાંધી હતી. તેં કહ્યું હતું કે 'ભગવાન તારી રક્ષા કરશે.' પણ આ રાખડીથી રક્ષા તો થઈ શકી નથી. ઊલટું સાસરિયાં ભાળે છે એટલે મને સંતાપે છે. માટે હવે તો તું આવીને તારી રાખડી છોડી જા.]

આવાં કહેણ સાંભળી સાંભળીને રાણાનો જીવ ઊચક થઈ ગયો. સાણે સુખ લાગ્યું નહિ. કુળલાજ ઘણીય વારે છે કે 'રાણા! ન જવાય.' પણ વાસના બોલે છે કે 'એક વાર ફક્ત દર્શન કરી આવીએ!' રાણો ઊપડ્યો:

*સાણે મન સૂતું નહિ, ધુંવાસને ધડે,*
*આવ્યું આંટો લે, રોતું મન રાણો ભણે.*

સાણામાં દિલ જંપ્યું નહિ. ત્યાંથી બે ગાઉ ધુંવાસનો ડુંગર આવ્યો. ત્યાં પગ થંભી ગયા, અને કુળલાજ વારેવારે આડી આવીને ઊભી રહેવા લાગી. છેવટે એની ચેતવણીનું પણ ઉલ્લંઘન કરી, રાણાનું રડતું હૃદય, સીધેસીધું નહિ પણ આંટા લેતું, અચકાતું અચકાતું, જોરાવરીથી ખેંચાતું ખેંચાતું, આખરે નાંદીવેલામાં આવ્યું.

આહીરોએ રાણાને નાંદીવેલે રઝળતો દીઠો. મારી મારીને ડુંગર ઉપરથી ઉતારી મૂક્યો, અને કુંવરનું ઓઢણું પણ દેખ્યા વગર રાણો ફરી સાણે ચાલ્યો ગયો.

રાણો 'કુંવર!', 'કુંવર!', 'કુંવર!' એવા જાપ જપે છે, અને ચોમાસાનાં વાદળાં ડુંગરા ઉપર ઘેરાઈને ગડગડાટ મચાવે છે. પ્રીતિના તૉરમાં ને તૉરમાં રાણો એમ સમજે છે કે મારી નિરાધાર હાલત દેખીને સાણો ડુંગર હાંસી કરતો કરતો ઉછાળા મારે છે. એટલે રાણો કહે છે –

*કુંવર ઊછળે તો મર ઊછળ, (તું) શીદ ઊછળછ સાણા,*
*કુંવરને કાલ્ય મનાવશું, (તું) પડ્યો રે'ને પાણા!*

[હે પથ્થર, હે નિષ્ઠુર, કુંવર મારાથી રિસાઈને આમતેમ કૂદકા મારતી નાસે છે. એને તો કાલે જ મનાવી લેશું, પણ એમાં તું શીદ ઉછાળા મારે છે?]

❁

કુંવરના સંતાપ મનમાં જ સમાઈ ગયા છે. ક્યાંયે અંતર ઠાલવી શકાતું નથી. વેદના બધી ભીતરમાં ને ભીતરમાં સડસડી રહી છે. એમ કરતાં કરતાં કુંવરનાં આહારપાણી પણ ઓછાં થઈ ગયાં. પરણીને આવ્યા પછી ધરાઈને ધાન કદી ખાધું નથી, એટલે શરીર ગળીને પીળું પડવા લાગ્યું.

સ્વામી પૂછે છે: "આ શું થયું?"

કુંવર કહે છે: "શી ખબર?"

સ્વામીએ શરીર તપાસ્યું. અબુધ માણસે રોગ પારખ્યો: વહુને સારણગાંઠ થઈ છે!

સાંભળીને મનમાં કુંવર બોલી:

*સારણગાંઠ્યું, સગા, કાળજની કળાય નૈ,*
*(એનાં) ઓસડ અલબેલા, રાણાની આગળ રિયાં.*

[હે મારા નાદાન સ્વામી (સગા), એ સારણગાંઠો તો કાળજાની અંદર થઈ છે. તને એ નહિ દેખાય, અને એની દવા પણ કોઈ પાસે નથી. એ ઓસડ તો અલબેલા રાણાની પાસે જ રહ્યું.]

પ્રગટપણે તો કાંઈ ન બોલી શકાયું: એટલે ઊંટવૈદો હતા તેણે ભેળા થઈને મત બાંધ્યો કે "દ્યો વહુના પેટ ઉપર ડામ!"

અગ્નિમાં લોઢાના સળિયા ધગાવીને લાલચોળ કરવામાં આવ્યા. પછી વહુના હાથપગ દાબી રાખી, એના પેટ ઉપર સળિયા ચાંપવામાં આવ્યા. ચંપાવરણું સ્વરૂપ કાળું કદરૂપ બની ગયું. ડામ પાક્યા, તેમાંથી રસી વહેવા લાગી, કુંવરની કાયા હાડપિંજર જેવી થતી ગઈ.

❀

સાણાનો વસવાટ વસમો થઈ જવાથી રાણાએ મધ્યગીરમાં ભેંસોને હાંકીને કુંવરથી જેટલું બને તેટલું અંતર પાડી નાખવા માટે મજલ આદરી દીધી. અંતે એણે ચાચઈના ડુંગર ઉપર જડીને આશરો લીધો.

ભાતભાતની વનસ્પતિનાં મૂળિયાં વાટે થઈને વહ્યાં જતાં ગીરનાં પાણી પી-પીને રાણાને શરીરે 'ગર લાગી' એટલે કે ગીરનાં હવા-પાણીથી હાથપગ ગળતા ગયા ને પેટ ફુલાતું ચાલ્યું. હાલીચાલી શકાતું નથી. પોતાની ભેંસને શરીરે ઓથ લઈને એ રોગી પડ્યો રહે છે. એવે એક દિવસ એક કાગડો ઊંચે ઝાડની ડાળી ઉપર બેસીને, જાણે કોઈક કાસદિયો આવ્યો હોય તેવી રીતે કા! કા! કરવા લાગ્યો. ભાનભૂલ્યા પ્રેમીએ માન્યું કે કાગડો કુંવરનો મોકલ્યો આવ્યો હશે!

*ક્યાંથી આવ્યો કાગ, વનરાવન વીંધે કરે,*
*કે'ને કેડાક પાર, કિયે આરે કુંવર ઊતરી?*

[હે કાગડા, તું આ વન વીંધીને ક્યાંથી આવે છે? તેં કુંવરને ક્યાંય દીઠી? કઈ નદીને આરે કુંવર જઈને ઊતરી છે, હે કાગારાણા? મારી કુંવરને તું પિછાને છે?]

*પાતળપેટાં, પીળરંગાં, પસવને પારે,*
*કુંવર કુંપો કાચનો, ઊતર્યાં કિયે આરે?*

[પાતળી સોટી સરખી એના શરીરની કાઠી છે; રંગ તો ચંપકવરણો પીળો છે; પસવ નામના પ્રાણી જેવી સુંવાળી તો એની કાયા છે; કાચના શીશા સરખી નાજુક છે; એવી કુંવર કયે કાંઠે ઊતરી છે, હે કાગારાણા?]

અને, હે ભાઈ, કુંવરને આટલો સંદેશો દેજે –

*ગર લગી ગૂડા ગળ્યા, પેટે વધ્યો પિયો,*
*કાગા ભણજો કુંવરને, રાણો ચાચઈએ રિયો.*

રાણાને તો ગીરનું પાણી લાગ્યું છે. એના હાથપગ ગળી ગયા છે એનું પેટ વધી ગયું છે અને હવે તો રાણો સદાનો ચાચઈને ડુંગરે જ રહી જશે. હવે મેળાપ નહિ થઈ શકે. માટે છેલ્લા જુહાર સમજજો!

કૉ! કૉ! કૉ! કરતો કાગડો જાણે રાણાનો ટપાલી બનીને ઊડી ગયો, અને હવે કુંવરને પોતાનો સંદેશો પહોંચશે એવી આશાએ રાણો રાહ જોતો પડ્યો રહ્યો. દિવસે દિવસે એનો દેહ પણ હાડકાંનું માળખું હોય તેવો બનતો જાય છે. રાતે પણ પોપચાં બિડાતાં નથી. સદાય જાગે છે. નીંદર વેરણ બની છે.

*રાણા જોને રાત, પૃથવીને પોરો થયો,*
*(પણ) ન સૂવે નીંદરમાંય, હૈયું કાંકણહારનું.*

[હે રાણા, આ રાત્રિ તો પૃથ્વી આખીને વિશ્રામ લેવાનો સમય છે. તમામ જીવજંતુ ને માનવી પોઢી જાય છે. નથી સૂતું એક કંકણહાર નામનું પક્ષી. એને એકને જંપ નથી. એની માફક આ મારા હ્રદયને પણ ઉજાગરા કરવા સરજાયા છે.]

અને હાય રે! આ બધાં વીતકો ક્યાંથી વીત્યાં? મેં શા માટે ડાંગર, માંઢિયું ને ડોળિયું જેવાં વતનનાં ગામડાં મૂકીને આ ગીરના મારગ લીધા?

*આછર પાણી આંબડે, ચરવા કંકોળેલ કાસ,*
*મેયુંને નો મેલાવિયેં, ડોળેસરનો વાસ.*

[આંબડા કૂવાનાં આછાં તેલ જેવાં પાણી અને ચરવા માટે મીઠું ધ્રોનું ઘાસઃ એવો ડોળિયા ગામનો વસવાટ મારી ભેંસોને મેં શીદ છોડાવ્યો?]

હાડકાંના માળખા જેવું સુકાયેલું શરીર લઈને એક રાત્રે રાણો સૂતેલો

છે. હવે પોતાના પ્રાણ ઝાઝા દિવસ ટકશે એવી એને આશા નથી. પોતાની પથારી વીંટીને બેઠેલી ભેંસોને પોતે હાથ જોડીને વારંવાર વીનવે છે કે 'માતાજિયું! હવે તમે તમારે માર્ગે ચડી જાઓ, કોઈ ઘરધણીનો આશરો ગોતી લ્યો. હું તો હવે તમને સાચવી નહિ શકું.'

પણ ભેંસો તો આઘેરી ચરવા પણ નથી જાતી. એનો ચારનારો પથારીએ પડ્યો છે. એને કોઈ ગીરનું પશુ ઈજા ન કરી જાય તે માટે તો ભેંસો આઠેય પહોર ચોકી કરે છે.

રાત પૂરી થવા આવી છે. ચાંદરડાં હજુ આથમ્યાં નથી. રાત્રિ જાણે કોઈ જુગજુગની વિજોગણ હોય અને એના કાળાભમ્મર કેશ વીખરાઈ પડ્યા હોય એવું અંધારું આખી ગીર ઉપર પથરાયું છે. એવે પરોડિયે જાણે તારોડિયા, ઝાડવાં ને ડુંગરા એ સૂતેલા રબારીના કંઠની સરજુઓ સાંભળવા માટે ટાંપીને બેસી રહ્યાં છે. પણ સરજુના સૂર તો સુકાઈ ગયા છે. કુંવર! કુંવર! કુંવર! એવા ઉચ્ચાર ચાલે છે, અને સૂતેલા રાણાને કાને કાગાનીંદરમાં ભણકારા આવે છે: 'રાણા! રાણા! રાણા!'

ઝબકીને જાગ્યો: "કોણ ઈ?"

સામે હાડપિંજરે જવાબ દીધો: "હું કુંવર!"

બન્ને જણાં સપનામાં હોય તેમ સામસામાં મીટ માંડી રહ્યાં. જુએ છે, પણ મનાતું નથી: અર્ધ અજવાળે અને અર્ધ અંધારે બે હાડપિંજરો સૂમસામ ઊભાં રહ્યાં.

પરોઢની કિરણ્યો ઊઘડી. બે ઓળા હતા તે અજવાળે ચોખ્ખા દેખાણા. રાણાએ કુંવરનું ઉઘાડું, ઓઢણા વિનાનું અંગ દીઠું.

"અરર! કુંવર, આ શું!'

*(તારી) દેહડી ઉપર ડામ, ચાભાડી કોણે ચોડિયાં?*
*કિયા વેરીનાં કામ, કાયા બગાડી કુંવરની.*

[તારા ફૂલ સમા દેહ ઉપર, ઓ ચભાડ જાતના આહીરની દીકરી, આ ડામ કોણે દીધાં? એવો કયો વેરી વૈદ્ય મળ્યો કે તારી કાયા બગાડી?]

"અને રાણા! તારે શરીરે આ શું થયું?" આંસુભરી આંખે કુંવરે પૂછ્યું.

"કાંઈ નહિ, કાંઈ નહિ, આપણા બેયનાં કાળલગ્નની આ તિથિ આવી. બેયને વિધાતાએ પીઠી ચોળી દીધી છે. વાહ આપણાં રૂપ! જગતનાં કયાં જોડલાં આવાં રૂપાળા હતાં!"

"રાણા! ભાગીને આવી છું. પણ મરવા આવી છું. લગન કરીને ઘરસંસાર માંડવા નથી આવી હો!"

"હું સમજું છું, કુંવર! આ ભવમાં ઘરસંસાર હવે મંડાઈ રહ્યા. હવે છેલ્લે ક્યારે પાણી છે. જીવવા સારુ ભેળાં થવાય નહિ. આવ, બેસ, બથ ભરીને મરવા દે."

"હાં! હાં! રાણા! હાડકાં ખડખડી પડશે."

*રાણા આજુની રાત, ભીંસી બથ ભરીએં નહિ,*
*હૈયા કેરાં હાડ, કુંવરનાં કચડાઈ ગિયાં.*

બંનેએ પરસ્પર આલિંગન લીધાં. થોડી વારે બન્નેનાં ખોળિયામાંથી ભીંસાઈને પ્રાણ બહાર નીકળી ગયા. સળેખડાં જેવાં બે શરીરો સામસામાં બથમાં ભીંસાઈને વળગી રહ્યાં.

❀

આ રીતના મૃત્યુની બીનાનો, મહુવા પંથકના ચારણ ભાઈઓ વગેરે ઘણા લોકો મક્કમ ઇન્કાર કરે છે. તેઓ આ ઘટનાનો અંત એની રીતે બતાવે છે કે –

રાણો સોડ્ય તાણીને સૂતેલો તે વખતે કુંવર નાસીને આવી. એણે ચૂપચાપ રાણાનો ચોફાળ ખેંચવા માંડ્યો. પોતાની ભેંસો આ તોફાન કરતી હશે એમ સમજીને રાણાએ સૂતાં સૂતાં જ કહ્યું: "હવે રેવા દ્યો ને, માવડી!"

'માવડી' શબ્દ સાંભળતાં જ કુંવરથી બોલાઈ ગયું: "એ તો હું કુંવર છું, રાણા!"

"તું કુંવર? બસ, થઈ રહ્યું, મેં તને માવડી કહીને બોલાવી. હવે મારી માબહેન થઈ ચૂકી."

પોતાના સ્નેહને એવો પલટો આપીને રાણાએ કુંવરને બહેન કરીને રાખી. એના દાઢીવાળાને (પતિને) બોલાવ્યો. કુંવરને મોટો કરિયાવર કર્યો

અને પાછી ઘેર વળાવી.

ત્યાર પછી રાણો વાંગર ડોળિયામાં ચાલ્યો ગયો ને કુંવર વગેરે સહુ ભેરાઈ ગયાં. કુંવરે રાણાને કહેવરાવ્યું: "ભાઈ, હવે આંહીં આવીને તું રહે, તો મારું કાળજું ઠરે."

રાણાએ જવાબ કહાવ્યો:

*આછર પાણી આંબડે, ચરવા કંકોળેળ કાસ,*
*મેયુંને નો મેલાવીએં, ડોળેસરનો વાસ.*

[હે બહેન, આ ડોળિયા ગામમાં આંબડા કૂવાનાં મીઠાં પાણી અને ચરવા માટે મીઠું ઘાસ; એવું પ્યારું સ્થાન છોડાવીને હું ભેંસોને દુઃખ નહિ દઉં. વળી,]

*મેયું, દાદર ને માછલાં, (એને) પાણી હુંદો પ્યાર,*
*રાણો કે' રેઢાં ન મેલીએ, જેને અમૃત તણા આહાર.*

[ભેંસો, દેડકાં અને માછલાં: એ ત્રણેયને પાણી સાથે જ પ્રીતિ હોય છે. માટે એવાં પ્રાણીઓ જેને અમૃતનો જ આહાર છે તેને રેઢાં ન મેલાય.]

# ભૂત રૂવે ભેંકાર

નેસડામાં રાતે વાળુ કરીને સહુ માલધારી બેઠા હતા. આઘેથી ભૂતના ભડકા સળગતા લાગે તેવી રીતે ચલમો ઉપરનો દેવતા ફૂંકે ફૂંકે ઝબૂકતો ને વળી ઝાંખો પડી જતો હતો. વરસાદ મોટે મોટે ફોરે ઠમ! ઠમ! ઠમ! પડતો હતો, અને નીચાં ઘરનાં નેવાં ટપકતાં હતાં. તેનાં ટીપાં નીચે ખાબોચિયામાં પડીને ટપક! ટપ! ટપક! ટપ! એવા ભાતભાતના સૂર કાઢી કાંઈક વાતો કરતાં હતાં. આખી ગીર ઉપર અંધારું પથરાઈ ગયું હતું. વાત તો એમ ચાલતી હતી કે –

"ભાઈ, હમણાં એક ચમત્કાર બની ગયો."

"શું ચમત્કાર?"

"કંટાળે ગામેતીને ઘેર એક ચારણ આવેલો. ચીંથરેહાલ ચારણ, વાર્તા-કવિતા તો કાંઈ આવડે નહિ, પણ ગામેતી જેવો આયર તે ક્યાંઈક થાવો છે, બા? સહુને આપે તેમ એને પણ શીખ આપી: ચારણ બંધાણી માણસ, પણ કંટાળે અફીણ રે'તું નહોતું: અને ચારણને ઉતાર આવી ગયેલો: એટલે દી આથમી ગયો હતો તોય રજા લઈને પડખેના ગામડામાં ઝટ પહોંચી જવા માટે રવાના થયો: ઝોલાપરી નદીને કાંઠે ચડ્યો અને માંગડાને ડુંગર આવ્યો ત્યાં ભાન ભૂલીને રસ્તો ચૂકી ગયો. અંધારું ઠીકઠીક જામી ગયું: અને નાડ્યું ત્રુટતી હતી, એટલે ચારણ તો ડુંગર ઉપર ઢગલો થઈને પડી ગયો: થોડી વાર થઈ ત્યાં અંધારામાં પણ ઉજાસ મારે તેવાં ધોળાં બાસ્તા જેવાં લૂગડાં પહેરેલો એક માનવી ત્યાં આવ્યો અને ચારણના હાથમાં છેટેથી અફીણનો એક ગોટો નાખીને કહ્યું: 'લ્યો ગઢવા!'

ગઢવો: 'આ ક્યાંથી, બાપ?'

આદમી કહે: 'કંટાળેથી ગામેતીએ મોકલાવ્યું છે.'

ચારણે તરત જ અફીણ ખાધું: જિંદગીમાં કદી નહોતું ચાખ્યું તેવું અફીણ: શરીરમાં કાંટો આવ્યો એટલે ચારણ એ જ ટાણે પાછો વળીને કંટાળે આવ્યો: ગામેતીને પગે પડીને બોલ્યો: 'બાપ, ક્રોડ દિવાળી તારો વૈભવ ટકજો! મને આજ નવું જીવતર દીધું.'

ગામેતી અચંબો પામીને કહે: 'કેમ ભાઈ?'

'બાપ! મારી વાંસે ડુંગરામાં અફીણ પોગતું કર્યું, એ તો તું વિના બીજો કોણ કરે?'

'ના, ભાઈ! અમને તો ખબર પણ નથી. ગઢમાં તો ચણોઠી જેટલું પણ અફીણ નથી ને! કોણ આવ્યું'તું?'

'અરે, બાપ! ધોળે લૂગડે જુવાન આદમી આવીને મને હાથોહાથ આપી ગયો, ને તમારું નામ લીધું!'

સાંભળીને સહુ એકબીજાની સામે સમસ્યાથી નીરખી રહ્યા. ગામેતી આટલું જ બોલ્યા: 'નક્કી માંગડો વાળો!'

"આવો ચમત્કાર બન્યો, ભાઈ!"

❀

"ઓહોહોહો! હજીયે શું માંગડા વાળાનો છુટકારો નહિ થયો હોય?" માલધારીઓ એકબીજાને પૂછવા લાગ્યા.

બીજાએ વળી જવાબ દીધો: "એની વાસના ભારી જોરાવર હતી ને, ભાઈ! વાસના મટ્યા વિના નવું ખોળિયું ક્યાંથી લેવાય? ગજબની વાસના હતી માંગડા વાળાની."

અજાણ્યાએ સવાલ કર્યો: "એ શી વાત હતી, ભાઈ? માંગડો વાળો કોણ? ક્યાંનો?"

"માંગડો વાળો આપણી ધાંતરવડીને કાંઠે આવેલ ગામ ધાંતરવડના રજપૂત જેઠા વાળાનો દીકરો થાય. વાળાઓ હજી વટલીને કાઠી નહોતા થયા ઈ વખતમાં થઈ ગયો ને ભરજુવાનીમાં ભાલે વીંધાણો."

એમ થાતાં તો વાતચીતે વાર્તાનું સ્વરૂપ ધારણ કર્યું. રવાજ નામના વાજિંત્ર ઉપર ઝણેણાટી બોલાવતાં એ વાતડાહ્યા પરોણાએ દુહા આરંભ્યા:

*હુઇ હાકોહાક, દળ છૂટ્યાં દેશોતનાં,*
*શોભે આંબા શાખ, લખિયલ વણ લેવાય નહિ.*

દેવતાની બાંધેલી ઘૂમલી નગરીમાં હાકલો પડી; રાજકુળમાંથી દળકટક છૂટ્યાં; કાળવડ ગામનો કાઠી ચાડવો બાયલ ધણ વાળી જાય છે; મામા ભાણ જેઠવાએ કહ્યું કે 'સહુ ચડજો, પણ ભાણેજ માંગડાને જગાડશો મા. એ પારકી થાપણ છે, પરોણો છે.'

પણ માંગડાનાં તકદીરમાં આંબે લટકતી એ શાખ મેળવવાનું સરજાયું નહોતું, પાટણ[1]ના નગરશેઠની કન્યા પદ્માવતી પ્રારબ્ધમાંથી ખડવાનું માંડેલ હતું: ઊંઘમાંથી એ ઊઠ્યો. દરબારગઢ સૂનકાર દીઠો; જાણ થઈ કે મામા ફોજ લઈને ગયા: અરે, હાય હાય! હું ગા'ની વારે ન ચડું! એવી ઊંઘ!

*ભલ ઘોડો વલ વંકડો, હલ બાંધવા હથિયાર,*
*ઝાઝી ફોજુંમાં ઝીંકવા, મરવું એક જ વાર.*

[શોભીતો ઘોડો રાંગમાં હોય, શિર પર વાંકડિયા વાળ ઝૂલતા હોય, શરીર ઉપર હથિયાર ચકચકાટ કરે; આહા! સાચા વીરને એક જ વાર મરવાની – મોટી ફોજમાં ઝંપલાવીને ભલી ભાંતે મરવાની – ઝંખના હોય છે.]

અસવાર પાટણની બજાર ચીરીને સોંસરવો નીકળ્યો; કેમ કે જતાં જતાં એક વાર નજરું એક કરી લેવી હતી. છેલ્લી વારના રામરામ કરવા હતા.

*ઘોડો ઘોડાને ઘાટ, અસવારે ઊણો નહિ,*
*(એનું) ભાલું ભરે આકાશ; મીટે ભાળ્યો માંગડો.*

ઝરૂખામાં બેઠેલી નગરશેઠની દીકરીએ પોતાના પ્રીતમ માંગડાને દીઠો: ઘાટીલો ઘોડો, એવો જ લાયક અસવાર, આસમાનને માપતો ઊંચો ભાલો; એવા મનના માનેલા ક્ષત્રી કંથને વાણિયાની દીકરીએ દીઠો અને ચારેય નજરુંના તાર સંધાયા.

1. તે સમયમાં પાટણો ઘણાં હતાં. એટલે ઘૂમલી નજીકનું કોઈ શહેર પાટણ નામથી ઓળખાતું હશે.

*અમે વેપારી વાણિયા, તમે રાજાની રીત,*
*પૂરવ ભવની પ્રીત, મળિયાં તમસું માંગડા!*

[હે સ્વામી માંગડા, આપણી જાત તો જુદી છે પણ પૂર્વભવની પ્રીતિએ આ જન્મે નાતજાતનાં બંધન ભેદીને આપણને જોડી દીધાં છે.]

માટે –

*માઢ ઉપર માંડેલ છે, પીતળિયા પાસ,*
*(એની) સોગઠિયું સગા, મારતો જા તું માંગડા!*

[હે સગા, મેડી ઉપર ચોપાટ માંડી છે. પીતળિયા પાસા પડ્યા છે. સંકલ્પ કરી કરીને હું તારી સાથે એકલી એકલી બાજી રમી રહી છું. માટે તું એક વાર ઉપર આવી, દાવ નાખી સોગઠી મારતો જા, એટલે આપણું લગ્ન સફળ થાય.]

"ના, ના, પદ્માવતી! રજપૂતની એ રીત ન હોય. હું તો ગા'ની વા'રે ચડ્યો છું. રસ્તે રમત રમવા મુજથી રોકાવાય નહિ. પણ તું વાટ જોજે. હમણાં પાછો વળું છું. પછી રમી લેશું."

ઘોડો દોડાવી મૂક્યો. ગયો! ગયો! ત્રીસ-ત્રીસ ગાઉનો પંથ કાપી નાખ્યો. હીરણ નદીને કાંઠે મોટા વડલા હેઠળ ઘૂમલીનું ગૌધણ ઊભું છે ને લૂંટારો ચાડવો બાયલ ભાણ જેઠવાની ફોજ સાથે ધીંગાણું કરી રહ્યો છે. ત્યાં તો માંગડો દેખાણો.

*જીવતો પાછો જા, વઢિયાની વેળા નહિ,*
*રોશે તારી મા, તું પરદેશી પ્રોણલો.*

[ચાડવો કહે છે કે "એ જુવાન, તું પરગામથી પરોણો આવેલ કહેવાય. તારે હજુ લડવાની ઉમ્મર નથી થઈ. તું રોળાઈ જઈશ તો તારી મા રોશે. માટે જીવતો પાછો વળી જા!"]

પણ ત્યાં તો –

*કળકળતો કટકે, હાકોટે હબક્યો નહિ,*
*અહરાણ હૂકળતે, મચિયો ખાગે માંગડો.*

[ચાડવા કાઠીના હાકલા-પડકારા સાંભળીને માંગડો ન થડક્યો. એ હૂકળતા શત્રુઓની સાથે માંગડો તરવારથી ભેટવા દોડ્યો.]

વળી છે પાછી વાર, ભૂંડે મોઢે ભાણની,
(પણ) એકલડો અસવાર, મીટે ન ભાળું માંગડો.

[પદ્માવતી ઝરૂખે બેસીને વાટ જોતી હતી. એણે જોયું કે ઝાંખાં મોં લઈને ભાણ જેઠવાની ફોજ પાછી ચાલી આવે છે, પણ એકલવાયો ગયેલો અસવાર માંગડો કાં ન દેખાય?]

પાઘડિયું પચાસ, આંટાળિયું એકેય નહિ,
ઈ ઘોડો ને અસવાર, મીટે ન ભાળું માંગડો.

[આ પચાસ-પચાસ પાઘડીઓવાળા દેખાય છે. પણ રૂડી આંટીઓ પાડીને બાંધેલ પાઘડીવાળો મારો પ્રીતમ માંગડો નથી. એ ઘોડો ને એ અસવાર નથી દેખાતા. હોય તો સહુથી નોખો તરી રહે ને!]

કોણ જાણે, કદાચ પાછળ રહ્યો હશે – મારી પાસે આવવા માટે જાણીજોઈને પાછળ રહી ગયો હશે. કૉલ દઈને ગયા પછી પરબારો તે કેમ ચાલ્યો જાય?]

ત્યાં તો –

ઘોડો આવે ઘૂમતો, માથે સોનરી સાજ,
એકલડો અસવાર, મીટે ન ભાળું માંગડો.

[સોનેરી સાજ થકી શોભતો એકલો ઘોડો ઘૂમતો ઘૂમતો ચાલ્યો આવે છે. એની પીઠ ઉપર એ એકલડો અસવાર ન દીઠો. જરૂર મારો માંગડો રણમાં ઠામ રિયો!]

અસવારોએ અટારી સામે આવીને સંદેશો કહ્યો:

પદમાનો પ્રીતાળ, હીરણની હદમાં રિયો,
ઝાઝા દેજો જુવાર, મરતાં બોલ્યો માંગડો.

[હે સતી પદ્માવતી, તારો પ્રીતમ તો હીરણ નદીને કાંઠે રહ્યો, અને એણે મરતી વેળા કહ્યું કે પદ્માને મારા ઝાઝા કરીને જુહાર દેજો!]

વડલે વીંટો દેત, સોનેરી સિરપાવનો,
(ત્યાં) બાયલ બીજે દેશ, માર્યો જેઠાણી માંગડો.

*સોડ્યું લાવો સાત, માંગડાના મોસાળની,*
*કરશો મા કલ્પાંત, પારે ઊભી પદ્માવતી.*

માંગડાના મોસાળમાંથી સાત સોડ્યો લાવીને એના શબને દેન દેવાય છે, અને પદ્માવતી નદીને કાંઠે વિલાપ કરતી ઊભી છે તેને સહુ છાની રાખે છે.

પદ્માવતી શું બોલે છે? –

*મારા પંડ પર કોઈ, રાતા છાંટા રગતના,*
*રિયા જનમારો રોઈ, મીટે ન ભાળું માંગડો.*

[મારા અંગ ઉપર રક્તના છાંટા પડ્યા હશે! મને એવાં અપશુકન મળ્યાં હશે! એવી હું અભાગણી! એટલે મારે રોઈ રોઈને અવતાર ગુજારવો રહ્યો.]

ભૂતવડલાની ઘટામાં એક દિવસ સાંજે એક વાણિયાની જાન છૂટી છે. અઘોર જંગલમાં બળદની ડોકે ટોકરીઓ વાગે છે ને વાણિયા ભાતાંના ડબરા ઉઘાડી ઉઘાડીને ટીમણ કરે છે. ભેળો વાંકડી મૂછોવાળો રજપૂત ગામધણી અરસી વાળો વોળાવિયો બનીને આવ્યો છે. વડલાની ડાળ નીચે અરસી વાળો બેઠો છે, તે વખતે ટપાક! ટપાક! ટપાક! વડલા ઉપરથી કંઈક ટીપાં પડ્યાં!

અરે! આ શું? આકાશમાં ક્યાંય વાદળી ન મળે ને મે' ક્યાંથી? ના, ના, આ તો ટાઢા નહિ, બરડો ખદખદી જાય એવા ઊનાં પાણીનાં છાંટા: અરે, ના રે ના! આ પાણી નો'ય! આ તો કોઈનું ધગધગતું લોહી!

વોળાવિયો ક્ષત્રિય અરસી વાળો ઊંચે નજર કરે, ત્યાં તો ડાળી ઉપર બેસીને કોઈ જુવાન રુદન કરે છે. એનું મોં દેખીને અરસીને અનુકંપા વછૂટી: "કોણ છો?"

"ભૂત છું!"

*સૌ રોતો સંસાર, (એને) પાંપણીએ પાણી પડે,*
*(પણ) ભૂત રૂવે ભેંકાર, (એને) લોચનિયે લોહી ઝરે.*

[હે રજપૂત, સંસારનાં માનવીઓ રૂવે છે, છતાં એ રૂવે ત્યારે એની પાંપણે પાણી પડે, પરંતુ આ તો ભૂતનાં રુદન; ભયંકર રુદન; હૈયાનાં લોહી નીતરી

નીતરીને એનાં લોચનમાંથી ઝરે. ભૂતના અંતરની વેદના કેવી વસમી! ઓહો, કેવી દારુણ!]

"ભૂતડો છો? કોનો ભૂત?"

"ન ઓળખ્યો, કાકા?"

*હું બેટો તું બાપ, અરસી, કાં ઓળખ નહિ,*
*પેલા ભવનાં પાપ, આ ભવમાં આવી નડયાં.*

"હે કાકા અરસી, તારા સગા ભાઈ જેઠા વાળાનો હું દીકરો એટલે તારો પણ દીકરો: ને તું મારો બાપ: છતાંય હજુ ન ઓળખ્યો? આ ભૂતની દશાને પામ્યો એ મારાં પૂર્વજન્મનાં પાપનું ફળ છે. મેં પૂર્વ ભવે પ્રીતિ બાંધેલી હતી."

"અરે તું, માંગડો? બેટા, તું અહીં ક્યાંથી? તને એવાં શાં દુ:ખ મરણ પછી પણ રહી ગયાં?"

ભૂતડો ભેંકાર વિલાપ કરતો બોલે છે કે –

*માયલિયું મનમાંય, દાખીને કેને દેખાડીએં,*
*વીંધાણાં વડમાંય, પદમાસું પરણ્યા વિના.*

"હે કાકા, ભીતરની વેદના કોને ઉઘાડી કરી બતાવું? પદ્મા સાથે પરણ્યા વિના જ મારે આ વડલાની ઘટામાં વીંધાવું પડ્યું. અને, કાકા, હવે તો –

*ભેળાં થાયીં ભૂત, આડી ગયું ઓળંગવા,*
*તને સળગે તાબૂત, અરસી વણ ઓલાય નૈ.*

આંહીં ભૂતાવળના વૃંદમાં અમે બધાં આ ગીરને ઓળંગી બહાર નીકળવા તલખીએ છીએ, પણ અમારાં અંગો વાસનાની આગથી સળગી ઊઠ્યાં છે, તે તારી મદદ વગર નહિ ઓલવાય, હે કાકા!"

"તે હવે હું શું કરું, બેટા?"

"મને પાટણ તેડતો જા. મારી પદ્માવતી સાથે પરણવા દે. મારી પરણેતર આજ બીજાને જાય છે, એ વિચાર મને સળગાવી મેલે છે, કાકા!"

"અરે ગાંડા! તું પ્રેત છો. તને કેમ કરીને લઈ જાઉં?"

"બસ, કાકા?"

*સરણ્યું ત્રુટિયું સગા, નેરણ નોધારાં થિયાં,*
*વાયેલ વા કવા, અળસી જળ ઊંડાં ગિયાં.*

"હે સગા, આજ તારા સ્નેહની સરવાણીઓ કેમ તૂટી ગઈ? એવા તે કેવા ઝેરી પવન વાયા કે તારી પ્રીતિનાં નીર આટલાં બધાં ઊંડાં ઊતરી ગયાં?"

*જીવડો તલખે જંપ નહિ, જાય વાળાની જાન,*
*અરસી મેલ્યા એકલા, પદમા પાંસલ પ્રાણ.*

"ઓ અરસી, આ જાન જતી જોઉં છું ને અંતર ચિરાય છે, મારા પ્રાણ મેં પદ્માવતીની પાસે મૂક્યા છે –

*સખ હૂતું સગા, (તે તો) પદમાસું પાટણ રિયું,*
*અરસી આ વનમાં, ભૂતથી ભળવું પિયું.*

"હે સગા, સુખ તો બધું ત્યાં પદ્માવતી પાસે રહ્યું અને આ જંગલમાં ભૂતોની સાથે રહેવું પડ્યું છે. હવે હું સળગું છું. મને એક વાર પરણી લેવા દે."

"શી રીતે?"

"તમારી જાનનો વરરાજો કદરૂપો છે. ઓ કાકા! એને બદલે મને વરરાજો બનીને માયરે જાવા દે. ચાર ફેરા ફરવા દે."

"પછી?"

"પછી પાછો વળીને આંહીં વડલાને થાનક ઊતરી પડીશ. નદીને સામે કાંઠે જો હું ચડું તો મને ભૂતનાથની આણ છે."

કોઈ ગુફાના પોલાણમાંથી પવન સૂસવતો હોય તેવા ભૂતના વિલાપ સાંભળીને અરસી વાળાના શ્વાસ ઊંચા થઈ ગયા. વાણિયાને ભૂતની વાત કરીશ તો તો બીને આંહીં જ ફાટી પડશે! શું કરું? વિમાસણ થઈ પડી.

"કાકા!" ભૂતનો અવાજ આવ્યો: "વાણિયાને ભડકાવવા નથી. હું આંહીં મારી માઢમેડિયું ઊભી કરું છું. આજ મારી ડેલીએ હું વાણિયાની જાનને ઉતારો આપીશ."

*ઘોડાને માણું બાજરો, બળદને બો'ળા ખાણ,*
*જમાડે વાળાની જાન, ભલ ખાંતેથી ભૂતડો.*

ઉજ્જડ વનમાં હીરણ્યને કાંઠે મોટો દરબારગઢ ઊભો થઈ ગયો. જાનમાં ઘોડાંને માણું બાજરાનાં જોગાણ, વેલ્યના બળદને કપાસિયાનાં બહોળા ખાણ અને જાનૈયાને ભોજન દીધાં. શેઠ જાણ્યું કે કોઈક ગરાસિયાએ આંહીં અંતરિયાળ ગઢ બાંધ્યો હશે!

અરસીએ વાત ઉચ્ચારી: "શેઠિયા, આ કદરૂપો વરરાજો લઈને જાશું તો વેવાઈ ના પાડીને ઊભો રહેશે. માટે આ ગઢવાળા રૂડા રજપૂતને વર બનાવી તેડી જાયેં. વળતાં આંહીં ઉતારી મેલશું."

વાણિયા કબૂલ થયા.

❁

*ઊંચે સળગે આભ, નીચે ધરતીના ધડા,*
*ઓલવવાને આવ, વેલો ધાંત્રવડા ધણી!*

[પીઠીભરી કન્યા પદ્માવતી પાટણની મેડીએ બેસીને વિલાપ કરે છે કે હે ધાંતરવડના ધણી માંગડા, આજ પરપુરુષ સાથે મારાં લગન મંડાયેલ છે. હું કોઈને મોંએ મારું અંતર ઉઘાડી શકતી નથી. મારે એક ભવમાં બે ભવ થાય છે. ઊંચે આભ સળગ્યો છે; નીચે ધરતી ધખધખે છે. માટે, હે સ્વામી, તું વહેલો વહેલો મારી જ્વાળાઓ ઓલવવા આવજે.]

જાનની વેલ્યો ગાજી, વર પરણવા આવ્યો. હથેવાળો મેળવતાં પદ્માવતીએ સામા પુરુષને – પરપુરુષને નહિ, પણ ખુદ માંગડાને – દીઠો. વાતનો ભેદ સમજ્યા વગર કલેજે ટાઢક વળી ગઈ. આ મરેલું માનવી આંહીં ક્યાંથી? શું પરલોકમાંથી મને લઈ જાવા આવ્યો? કે શું કોઈ દેવતાએ એને માથે અમીનો કૂંપો છાંટી સજીવન કર્યો?

પરણી ઊતર્યાં અને જાન પાછી વળી. હીરણ્યને કાંઠે ભૂતવડલો આવ્યો અને સંધ્યાનાં ઘેરાતાં અંધારાંમાં, એ ભેંકાર જંગલની અંદર, વરરાજો ભડકારૂપે છલંગ મારી વડલાની ઘટામાં અલોપ થયો ને આંહીં વેલડામાં કન્યાએ પોતાની બાજુએ જોયું તો જેની સાથે ચાર ફેરા ફરવા ચોરીએ ચડી હતી તેને બદલે બીજો કદરૂપો આદમી દીઠો. છલંગ મારીને પદ્માવતી

પણ વેલ્યમાંથી નીચે ઊતરી પડી.

"અરે, હાં! હાં! વહુ દીકરા! શું થયું?"

"રામ રામ છે, વાણિયા! જ્યાં મારો પરણ્યો ત્યાં જ હું!"

"અરે દીકરી, એ તો બનાવટી હતો!"

"ગમે તે હોય! બીજાનાં મીંઢોળ ન બાંધું."

સમજાવી, પણ ન સમજી. ઘોર જંગલમાં એ અબળાને એકલી મૂકીને જાન ચાલી નીકળી. વેલડાનાં પૈડાંના અવાજ સીમાડા સુધી સંભળાઈને બંધ પડી ગયા, અને મોટી મોટી ખાવા ધાતી ભેખડો વચ્ચે વહી જતી હીરણ નદીનાં નીર પણ ટાઢે પહોરે વિલાપના સૂર બાંધી પુકારવા લાગ્યાં. ઝાડવે ઝાડવું પ્રેત જેવું બનીને બિવરાવવા લાગ્યું,અને 'માંગડા વાળા! માંગડા વાળા! માંગડા વાળા!' એવા ત્રણ સાદ કરીને જ્યારે પદ્મા પોતાના પિયુને બોલાવવા લાગી, ત્યારે ભેખડોમાંથી પડછંદા ઊઠીને ભયંકર બની જતી એ એક એક ચીસના જવાબમાં ઝડડડ! ઝડડડ! એવા ભૂતભડકા વડલાની ડાળે ડાળે ઊઠવા લાગ્યા.

*વડલા, તારી વરાળ, પાને પાને પરઝળી,*
*(હું) કિસે ઝંપાવું ઝાળ, (મને) ભડકા લાગે ભૂતના.*

[વડલા, તારે પાંદડે પાંદડે ભૂતની જ્વાળાઓ સળગી ઊઠી છે. હું દિવસરાત એ ભડકામાં સળગી રહી છું. હું આ આગને ક્યાં ઓલવું?]

એ રીતે અદૃશ્ય ભૂતના ભડકામાં રાત ને દિવસ આ એકલવાઈ સુંદરી સળગે છે. પોતાના નાથને ગોતવા એ વડલા ઉપર ચડીને ડાળે ડાળે ને પાંદડે પાંદડે જુએ છે.

*ડાળે ડાળે હું ફરું, પાને પાને દુઃખ,*
*મરતા માંગડા વાળો, સ્વપ્ને ન રહ્યું સુખ.*

એ ગોતાગોતમાં સળગવા સિવાય બીજું કાંઈયે નથી રહ્યું. એ મરેલા પિયુની અણછીપી વાસના જ જ્વાળારૂપે જંગલને સળગાવી રહી છે.

દિવસ બધો આવી આગ સળગે છે, ને રાતે એ ઉજ્જડ વગડામાં માયાવી દરબારગઢ ઊભો થાય છે. એ માંગડો ભૂત માનવીની કાયા કરીને

પદ્માવતી સાથે વસે છે. પરોઢિયે પાછી એ બધી માયા સંકેલાઈ જાય છે. પદ્મા એકલી સળગતી રહે છે.

❁

બે જુવાન ઘોડેસવારો ગીરમાં ચાલ્યા જાય છે. દિવસ આથમી ગયો છે ને અંધારા ઘેરાય છે. એ વિકરાળ ઝાડીમાં કોઈ માનવી કે પંખી દેખાતાં નથી. જુવાનો ભૂખથી ને મુસાફરીથી થાકીને લોથપોથ થઈ ગયા છે.

ઘાટા જંગલમાં રસ્તાની એક બાજુએથી માંદણામાં બેઠેલી એક ભેંસ ઊભી થઈ અને ચાલવા લાગી.

જુવાનો જોઈ રહ્યા. એક કહે કે "આજ તો આવડી આ જ ભેંસના દૂધે વિયાળુ કરીએ."

અંધારે અંધારે ભેંસનું પૂંછડું પકડીને અસવારો ચાલવા લાગ્યા. થોડી વારે ઉજ્જડ વગડામાં રૂપાળો દરબારગઢ દેખાણો ને ભેંસ એ ગઢની ડેલીમાં ચાલી ગઈ.

અસવારો પણ ડેલીએ જઈ, પલાણ છાંડી, ઊતરીને ચોપાટમાં બેઠા. ગઢ મોટો, પણ પ્રમાણમાં કાંઈ બોલચાલ સંભળાતી નથી. કોઈ દરવાન પણ હાજર નથી.

ઘડીક થયું ત્યાં સફેદ વસ્ત્રોવાળો ખૂબસૂરત જુવાન આવીને ઊભો રહ્યો. મૂંગો મૂંગો બાથ ભરીને એ મહેમાનો સાથે ભેટ્યો. જઈને એ ઘોડારમાં બેય ઘોડા બાંધી આવ્યો.

વાળુની વેળા થઈ. જુવાને ઓરડામાં ગાદલીઓ પથરાવીને બેય પરોણાને જમવા બેસાર્યાં. રૂપ જેનાં સમાતાં નથી, એવી એક સ્ત્રીએ આવીને રોટલા, શાક ને દૂધ પીરસ્યાં. રાતે ઓસરીમાં મહેમાનો માટે ઢોલિયા ઢળાણા. કોઈ કોઈની સાથે કાંઈ વાતચીત કર્યા વિના સૂવા ગયા.

મુસાફરો તો અજાયબીમાં પડ્યા છે; આંહીં અંતરિયાળ આ દરબારગઢ કોણે બંધાવ્યો? આવડા મોટા ગઢમાં સ્ત્રી-પુરુષ બે જ શી રીતે રહેતાં હશે? બોલતાં ચાલતાં કેમ નથી? આવાં રૂપાળાં બે મોઢાં ઉપર દુઃખની પીળાશ શા માટે?

ત્યાં તો અંદરના ઓરડામાં સૂતેલો એ પુરુષ કણકણતો હોય એવું સંભળાણું. કોઈ ભારી કારમી વેદના થાતી હોય એવી રીતે ઘરધણી કણકી રહ્યો છે. આખી રાત કણક્યા જ કરે છે; જંપ લેતો જ નથી.

મુસાફરો ચોંકીને સાંભળ્યા જ રહ્યા. બેમાંથી એકેયને ઊંઘ આવી જ નહિ. વિચારમાં પડી ગયા. ભળકડાટાણે કણકારા બંધ પડ્યા. પછી મુસાફરોની આંખો મળી ગઈ.

સવારે સારી પેઠે તડકા ચડી ગયા ત્યારે મુસાફરોની આંખ ઊઘડી. નજર કરે, તો ન મળે દરબારગઢ, કે ન મળે ઢોલિયા! બેય જણા ધરતી ઉપર પડેલા, ને બેયનાં ઘોડાં બોરડીના જાળાં સાથે બાંધેલાં, માથે વડલો છે, ને પડખે ઊંચી ભેખડો વચ્ચે ધોળે દિવસેય બિવરાવે તેવા અવાજ કરતી નદી ચાલી જાય છે.

તાજુબ થઈને બેય બહારવટિયા ચાલી તો નીકળ્યા; બેઉનાં કલેજાં થડકી પણ ગયાં, પણ સાંજ પડી ત્યાં બેમાંથી એક ભાઈ બોલ્યોઃ "ભાઈ, એ ગમે તે હોય, પણ આપણે એમનો રોટલો ખાધો, ને હવે શું એમનું દુઃખ મટાડ્યા વિના ભાગી જશું!'

"સાચું, ન જવાય. આજ પાછા પહોંચી પત્તો મેળવીએ."

રાત પડતાં પાછા એ જ ઠેકાણે જઈને ઊભા રહ્યાઃ એ જ દરબારગઢ, એ જ ચોપાટ, એ જ જુવાન, એ જ રાંધીને પીરસનાર રંભા, અને એ જ પથારી.

વાળુ કરી ઊભા થયા. એટલે બેય મુસાફરો એ જુવાનની આડા ફરીને ઊભા રહ્યા અને પૂછ્યુંઃ "બોલો, કોણ છો તમે? ને આખી રાત કણક્યા કરો છો કેમ?"

"તમને એ જાણીને શો ફાયદો છે?"

"અમે રજપૂતો છીએ. જેનો રોટલો જમ્યા એનું દુઃખ ટાળીએ નહિ તો જીવતર શા ખપનું છે?"

"જુવાનો!" ભાલા જેવી તીણી નજર નોંધીને ઘરધણી બોલ્યોઃ "જુવાનો! ડરશો નહિ ને?"

"ડર્યા હોત તો પાછા શીદ આવત?"

છાતી ચીરી નાખે એવો ભયંકર સ્વર કાઢીને જુવાન અંદરથી આંતરડાં કપાતાં હોય એવી વેદનાભરી વાણીમાં બોલ્યો: "જુવાનો! હું માંગડો વાળો!"

"માંગડો વાળો!!!"

મુસાફરોનાં મોંમાં ચીસ દબાઈ રહી.

"હા, હું ધાંતરવડીનો ધણી માંગડો: કમોતે મૂઓ. ભૂત સરજ્યો છું. પદ્માને લઈને આંહીં એનાં લોહી ચૂસતો વસ્યો છું. તે દી ચાડવા બાયલની બરછી ખાઈને હું પડ્યો. એ બરછીની કરચ મારી છાતીના હાડકામાં વીંધાઈને ભાંગી ગઈ. હજી હાડકું ને એ બરછીની કરચ છાતીમાં દિવસ ને રાત ખટકે છે. તેથી કણકું છું, ભાઈ!"

"એનો ઇલાજ શો?"

"તમારાથી બને તો હાડકું ગોતીને બરછીની કરચ કાઢો, ને મારાં હાડકાં દામા કુંડમાં પહોંચતા કરો. નીકર આ વાસના-દેહ ટકશે ત્યાં સુધી હું એના ખટકા ખમ્યા જ કરીશ."

એટલું બોલીને 'આહ! આહ!' કરતો જુવાન ઓરડામાં ગયો. મુસાફરો સૂતા, સવારે એ-ની એ દશા દેખી.

વડના થડમાં ખોદકામ કરીને ભૂતે કહેલું હાડકું ગોતી કાઢ્યું. બરછીનો ટુકડો જુદો પાડીને એ હાડકાં લઈ બેય બહારવટિયા દામે કુંડ ચાલ્યા ગયા.

❁

ભાદરવા મહિનાની મેઘલી રાતે એક નગરના દરબારગઢને ઝરૂખે પાદશાહ અને હુરમ જાગતાં બેઠાં છે. નદીમાં પૂર ઘૂઘવે છે. આસમાનમાં ગાજવીજ અને કડાકા થાય છે. વીજળીએ એવી તો ઘૂમાઘૂમ માંડી છે કે જાણે આકાશની જગ્યા એને ઓછી પડે છે. હુરમ બોલી: "ઓહોહોહો! કેવી કાળી રાત છે!"

પાદશાહે કહ્યું: "આવી રાતે કોણ ઘરની બહાર ભમતું હશે?"

"બીજું તો કોણ ભમતું હોય? બિચારા મારા ભાઈઓ, જેને માથે

તમ સરખા રાજાનું વેર તોળાઈ રહ્યું છે!"

"કોણ? જેસો-વેજો?"

"હા, ખાવિંદ! તમારા બા'રવટિયા, પણ મારા તો જીભના માનેલા સાચા ભાઈઓ!"

"બેગમ! અટાણે મને એનું શૂરાતન સમજાય છે. આવી ભયંકર રાતે શું એ વગડા વીંઝતા હશે? બખોલોમાં સૂતા હશે?"

"બીજું શું કરે, ખાવિંદ? તમે એને સૂવાનું બીજું ઠેકાણું ક્યાં રહેવા દીધું છે?"

"સુણો! અટાણે એ બેય ભાઈ હાજર થાય, તો માફી આપું, ગામડાં રહેવા પાછાં સોંપીને બા'રવટું પાર પાડું એવું મન થઈ જાય છે."

"અરેરે! અટાણે ક્યાંથી હોય?"

"સાદ તો કરો!"

"ખાવિંદ, મશ્કરી?"

"ના, ના, મારા સમ, સાદ તો કરો!"

ઝરૂખાની બારીએ જઈને હુરમે અંધારામાં સાદ દીધો: "જેસાજીભાઈ! વેજાજીભાઈ!"

નીચેથી જવાબ આવ્યો: "રાણી મા, હાજર છીએ."

"ઓહોહો! ભાઈ, આ ટાણે તમે આંહીં ક્યાંથી?"

"પાદશાહની રખેવાળી કરવા, બોન!"

"તમારા શત્રુની રખેવાળી?"

"હા, બોન!"

"કેમ?"

"અમારે માથે આળ ચડે તે બીકે."

"શેનું આળ?'

"કોઈ બીજો દુશ્મન આવીને પાદશાહનું માથું વાઢે, ને નામ અમારાં લેવાય! અમે રહ્યા બહારવટિયા! અમારી મથરાવટી જ મેલી, બોન! અમારા માથે જ કાળી ટીલી આવે! અમારું ખોટું નામ લેવાય એ કેમ સંખાય?"

"વાહ રે મારા વીરાઓ! રોજ ચોકી કરો છો?"

"ના, બોન. આવી કોઈ ભયંકર રાત હોય તે ટાણે જ."

પાદશાહે કાનોકાન આ વાતચીત સાંભળી. અટારી પરથી કૂદી પડીને એ રજપૂત વીરને ભેટી લેવાનું દિલ થયું. છાતી ફાટવા લાગી. પાદશાહ બોલ્યો: "જેસાજી! વેજાજી! સવારે કચેરીએ આવજો. કસુંબા પીવા છે."

"બાપુ! દગો તો નહિ થાય ને?"

"રાજાનો બોલ છે. ઇતબાર આવતો હોય તો હાજર થજો."

એ હોંકારા દેનાર કોણ હતું? માંગડા વાળાનું પ્રેત હતું. બહારવટિયા ભાઈઓ પોતાનું કામ કરવા દામે કુંડ ગયા છે, અને આંહીં પાદશાહની દેવડી હેઠળ બા'રવટું પાર પાડવાનો મોકો મળ્યો છે, એ જાણીને બા'રવટિયાનો ઓશિંગણ ભૂત જેસા-વેજાને નામે હાજર થયો હતો. પાદશાહનો કોલ મળતાં જ એણે જઈને બા'રવટિયાઓને જાણ દીધી.

કચારીમાં બા'રવટાં પાર પડ્યાં. સામસામાં કસુંબા પિવાણા.[1]

એ માંગડો વાળો ગીરમાં ઘણે ઠેકાણે રહ્યો હોવાનું કહેવાય છે, અને ડુંગર ઉપર એણે ચારણને અફીણનો ગોટો દીધો તે પણ એના વસવાટ ઉપરથી જ 'માંગડાનો ડુંગર' કહેવાય છે.

એટલું કહીને વાર્તા કહેનારે ચલમ હાથમાં લીધી. સગડીના ઓલવાઈ જતા અંગારામાં નવાં કરગઠિયાં નાખીને તાપણું સતેજ કર્યું અને ઝોકે આવેલા માલધારીઓ ભેંસોને પહર છોડતાં પહેલાંની નાનકડી નીંદરમાં પડ્યા.

1. જેસાજી-વેજાજીની સવિસ્તર બહારવટા-કથા 'સોરઠી બહારવટિયા'માં આપી છે.

## અન્ય પ્રાંતોની પ્રેમકથાઓ

સોરઠી લોકસાહિત્યની જે પ્રેમકથાઓ આપી છે, તેના જેવી જ કથાઓ અન્ય પ્રાંતોના લોકસાહિત્યમાં કંઠપરંપરા વડે જીવતી રહી ચાલી આવે છે. પ્રાંતપ્રાંત વચ્ચેની એ સુવર્ણ-કડીઓ જેવી જણાય છે. આંહીંની અને બહારની એ કથાઓ વચ્ચે કેટલીક સમાનતાઓ છે ને શા શા ભેદો છે તેના નિરીક્ષણ ખાતર આ બે કથાઓ આપી છે.

'સુહિણી-મેહાર' સિંધની અનેક કથાઓ માંહેની એક છે. એની અંદર જે દુહા મઢેલા છે તે ત્રણ-ત્રણ પંક્તિના બનેલા છે. આપણા ને એના દુહાની રચના લગભગ એક જ છે. માત્ર આપણી પહેલી પંક્તિને બદલે તેમાં બે પંક્તિ આવે છે. બે જ પંક્તિમાં આખા ભાવનો સમાવેશ કરવાની મુશ્કેલીનું આ રીતે ઠીક નિવારણ થાય છે, ને વળી રચના બગડતી પણ નથી.

'સુહિણી-મેહાર' તો લોકજીવનની સાચી બનેલી ઘટના છે, તેમ છતાં સિંધના સમર્થ કવિ-ફિલસૂફ શાહ અબ્દ લતીફને તો સ્થૂળ ઘટનામાં આધ્યાત્મિક અર્થનું દર્શન થયું. સુહિણી એટલે માનવ જીવાત્મા: મેહાર એટલે પ્રભુ: ને સુહિણીનો પરિણીત સ્વામી સાયર એટલે આ દુનિયા: એવા અર્થ ઘટાવી આ કવિએ પોતાના સુમિષ્ટ સુકોમલ પદ્યમાં, પ્રભુના મિલન માટે તલસતા આત્માના વલવલાટની ભક્તિભરી કથા રચી છે. એનું નામ પણ 'સોહિણી-મેહાર' છે, અને સિંધી વાઙ્મયમાં એ ઉત્તમ પંક્તિનું સાહિત્ય લેખાય છે. લોકકથાના સાહિત્યમાં એક અખંડ આધ્યાત્મિક રૂપક-કથાનું દર્શન થવું એ પણ સરસ વાત છે.

## સુહિણી-મેહાર

સિંધુ નદીના કિનારા ઉપર કેડ્ય કેડ્ય સમાણા ઊંચા ઘાસમાં ભેંસો ચરતી હતી ને ભેંસોનો જુવાન ગોવાળ ઝાડવાંની ઘટામાં બેઠો બેઠો વાંસળી વગાડતો હતો. એનું ખરું નામ સાહડ હતું.

એ ક્યાંથી આવ્યો છે ને એનાં મા-બાપ કોણ છે તેની ખબર કાંઈ પડતી નહિ. ગામનાં લોકો એને 'મેહાર' કહીને જ બોલાવતાં. મે-હાર એટલે ભેંસોનો ગોવાળ[1] તોલા કુંભારની જુવાન દીકરી સુહિણી એને 'નબાપો' કહીને ઘણી ઘણી વાર મેણાં દેતી. મેહારને એ મુખનાં મેણાં મીઠાં લાગતાં.

મોં દેખાય એવી ઊજળી ઊટકેલી તાંબડી હાથમાં ઉલાળતી ઉલાળતી સુહિણી એક દિવસ બપોરે આવીને સિંધુ નદીના કાંઠા ઉપર બંસીની મોજ માણતા મેહારને બૂમો પર બૂમો પાડવા લાગી: "મેહાર! ઓ મેહારડા!"

બેઘડી તો મેહાર સાંભળતો નથી. વાંસળીના તૉરમાં એ બેધ્યાન છે. ઝાડની ડાળીએથી મેહારના પગ લટકતા હતા તે સુહિણીએ ઝાલી લીધા. પગ ખેંચાતાં જ મેહારને ભાન આવ્યું. સુહિણી બોલી: "હેઠો ઊતરછ – કે ટાંટિયો ઝાલીને નીચે પછાડું?"

મેહાર શરમિંદો બની ગયો. કૂદકો મારીને નીચે ઊતર્યો. પોતે બરાબર કોઈ અડબૂત ભરવાડનો પાઠ ભજવવા મથતો હોય તેમ રુઆબ કરીને બોલ્યો: "શું છે તે અટાણે ચોરને કાંધ મારવાની વેળાએ સંતાપી રહી છો?"

"ઘેર પરોણા આવ્યા છે, એને માટે એકાદી ભેંસની બે શેડ્યું પાડી દે જલદી."

"પણ ભેંસું તો બહુ છેટી ગઈ છે. જા, તું એને પાછી વાળી આવ."

1. આજે પણ ચારણી ગુજરાતીમાં 'મેયુ' શબ્દ ભેંસોને માટે વપરાય છે.

"મારી તો જાય ભૂખરાત! હું પટલની દીકરી ભેંસો વાળવા જાઉં, એમ કે? તો પછી તને મારે બાપે શું પાટલે બેસારીને પૂજવા રાખ્યો છે? જા ઝટ ભેંસ વાળી આવ, નીકર રાતે વાળુ નહિ મળે."

મેહારે ચારે તરફ નજર કરી, પણ ભેંસો ઊંડા ઘાસમાં ગાયબ થઈ ગઈ છે. સુહિણી બોલી: "દે ને વાંભ! હમણાં નીકળી આવશે હશે ત્યાંથી."

માથું ખંજવાળીને મેહાર ઊભો રહ્યો: "વાંભ દેતાં તો મને નથી આવડતી!"

"ફટ્ય રે ફટ્ય, મેહારડા! વાંભ દેતાં નથી આવડતી ત્યારે મેહાર થયો જ શા સારુ? ડૂબી મરને!"

એટલું કહીને સુહિણીએ પોતે જ કાનમાં આંગળી નાખી સીમાડા સુધી સંભળાય તેવો લાંબો, મોરના ટૌકા સરખો સાદ દીધો. ઘડી વારમાં તો ઊંચા ઘાસમાંથી ભેંસો બહાર નીકળીને રણકા કરતી દોડી આવી.

"લે, હવે દોહી દે."

ખસિયાણો પડીને મેહાર ઊભો રહ્યો.

"અરર!" સુહિણીએ કહ્યું: "મેહાર થઈને દોતાં ન આવડે? ધૂળ પડી તારા જીવતરમાં!"

પોતાને હાથે જ સુહિણીએ સાજણી ભેંસને દોહી લીધી. એક જ આંચળની શેડ્યો પાડતાં તો તાંબડી છલોછલ ભરાઈ ગઈ. ફીણના ફગર ચડ્યા. તાંબડી માથા પર મેલીને મસ્તીખોર સુહિણી ગામમાં ચાલી ગઈ. ચાલતાં ચાલતાં બોલતી ગઈ કે "મેહારડો બોઘો! મેહારડો મૂરખો! એને ન આવડે વાંભ દેતાં કે ન આવડે દોતાં!"

સિંધી કુંભારની એ કદાવર કુમારિકાનો સાદ, એના હસવાનો અવાજ અને એનાં પગલાંનો ધમધમાટ, મેહાર નામધારી વિદેશી તાજુબ બનીને સાંભળતો સડક થઈ રહ્યો. સુહિણીની ગાળો તો સદા ઘીની નાળો જેવી જ લાગતી. સુહિણી જે દિવસ ગાળો દઈ જતી તે દિવસ મેહારને શેર લોહી ચડતું.

સુહિણીને મેહાર પર બહુ જ અનુકંપા આવતી, કેમ કે ગોવાળ તરીકેનાં તમામ કામકાજમાં મેહાર એટલી બધી કસૂરો કરતો કે સુહિણીનો

બાપ તોલો કુંભાર રોજ રોજ છેડાઈ પડતો. માલિકનાં આકરાં વેણ સાંભળીને ગમગીન થઈ જતા મેહારનું મોં વારે વારે ઓશિયાળું બની જતું, અને એ જોઈ જોઈ સુહિણી મેહારનો અફસોસ ઉતારવાના છાનામાના કંઈ કંઈ ઉપાયો લેતી. બાપ એ બધું જોતો અને સમજી લેતો કે દીકરીનું દિલ બહુ દયાળુ છે, તેથી મેહારની સારસંભાળ લેતી હશે. ચારસો ગધેડાંના અને પંદર ભેંસોના માલિકને એવો ખ્યાલ તો સ્વપ્નેય ક્યાંથી હોય કે પોતાની લાડઘેલી, ખોટ્યની દીકરી આવા અણઘડ ગોવાળ ઉપર પ્યાર કરતી હશે!

એક વાર સિંધુને કિનારે મેહાર બેઠો છે. પાંચ ગધેડાં ગુમ થવાથી તોલો કુંભાર એને સખત શબ્દોમાં વઢ્યો છે. મેહારના ગોરા મોં ઉપર અફસોસની છાયા પથરાઈ ગઈ છે. તે વખતે સુહિણીનાં પગલાં બોલ્યાં. આવીને તરત જ સુહિણી બોલી ઊઠી: "લેતો જા! કેવો ઠપકો ખાધો! હજુય સાન નથી, બેવકૂફ!"

મેણું સાંભળીને મેહારની આંખોમાં ધારાઓ ચાલુ થઈ. સુહિણી સમજી ગઈ. ભરવાડ કદી આવી રીતે રુએ નહિ. એણે મેહારનું કાંડું ઝાલીને કહ્યું: "મેહાર થઈને રોઈ પડ્યો? મેહાર આટલો પોચો હોય કદી!"

"સુહિણી! મેં તને છેતરી છે. હું મેહાર નથી."

"તું મેહાર નથી, તો શું શાહજાદો છે, નાદાન?"

"શાહજાદો તો નહિ, પણ શાહજાદા જેટલો જ લાડ પામેલો: તવંગર બાપનો બેટો છું."

"કોનો બેટો?"

"આજ એ બધું બોલવાનો સબબ જ શો છે?"

"ના, મેહાર! આજ ન કહે તો તને સુહિણીના કસમ છે. કહે, આવડું મોટું કપટ છુપાવીને શું કરીશ?"

"સાંભળ ત્યારે, સુહિણી! હું સિંધી નથી, હું તો બુખારાનો મોગલ છું. હું પરદેશી છું. મારા પિતાનું નામ મિર્ઝાઅલી બેગ છે. એને ઘેર દોલતની છોળો લાગી ગઈ છે. મારા પોણોસો વર્ષના બાપને ઘેર, એની જઈફી વખતે એક ઓલિયાના સખુનથી હું અવતરેલો છું. સુહિણી! હું અભણ ભરવાડ નથી. પણ બુખારાના મોટા આલિમને હાથે કાંઈ કાંઈ કિતાબોનો અભ્યાસ

કરીને આ હિન્દોસ્તાંની અંદર મોગલ પાદશાહની મુલાકાતે નીકળ્યો હતો. સફરમાં તકદીર મને આંહીં ખેંચી લાવ્યું. મુસાફરખાનામાં એક સાંજે અમે મુકામ કર્યો. તારા પિતાને ઘેર માટીના વાસણ લેવા આવતાં તને દીઠી. દેખતાં જ દીવાનો બન્યો. મારા પ્યારા સાથી હસનબેગનો વાર્યો ન વળ્યો. મારા જવાહિર ચોરાઈ ગયાં, ખરચી ખૂટી ગઈ, મારો સાથી બુખારમાં પડી મરી ગયો, મારું પવનવેગી ઊંટ પણ ચોરાઈ ગયું, ને હું તારા પ્રેમમાં ફના થઈ આજે સિંધનો મેહાર બન્યો છું. તારાં પિતાનાં ગધેડાં ચારું છું!''

પોતાની અજાયબી સંતાડી રાખીને સુહિણીએ ટોણો માર્યો : ''એ વાતનો શું તને પસ્તાવો છે, મેહાર? બુખારાની દોલત અને બાપના લાડકોડ ભોગવવા પાછા જવું છે? તો સુખેથી જા, પિંજરાનું બાર હું ખોલી નાખું છું.''

''ના, હવે ક્યાં જાઉં? પિંજરના પંખીને હવે જંગલનાં પંખીઓ સંઘરશે નહિ. હવે તો સિંધુને કાંઠે જ કબર કરવી છે.''

''ત્યારે આંખોમાં આંસુ શીદ આણ્યાં?''

તોલા કુંભારને કાને વાતો પહોંચી કે સિંધુને કિનારે ઘટાદાર વડલાને છાંયડે રોજ રોજ બપોરે સુહિણી ને મેહારના મિલાપ થાય છે. ધીરે ધીરે બાતમી પહોંચી કે બપોરનો સમય બદલાવીને મોડી રાતના અંધારામાં એ જુવાનિયાં મળે છે અને વડલાની ડાળીઓમાં પોઢેલ પંખી પણ ન સાંભળે તેવી ધીરી વાણીમાં પ્યારની વાતો ચલાવે છે.

તોલાએ બીજે દિવસ પ્રભાતે મેહારના હાથમાંથી ગધેડાં-ભેંસો હાંકવાની લાકડી ખૂંચવી લીધી અને કહ્યું કે ''શદાપુર ગામના સીમાડામાં જો પગ દીધો છે, તો જાનથી મારીને તારા ખૂનથી સુહિણીને નવરાવીશ! જા, નિમકહરામ! ચાલ્યો જા!''

સિંધુ નદીને સામે પાર જઈને મેહારે એક ઝૂંપડી બાંધી છે. આખો દિવસ ઈરાની, અરબ્બી કે સિંધી કવિઓની કાફીઓ ગાતો ગાતો ને વાંસળી બજાવતો એ આશક અન્નપાણી લીધા વિના બેઠો રહે છે અને રાત પડે ત્યારે એક મચ્છી તળીને તૈયાર કરે છે. અધરાતને પહોર એ મચ્છીને પોતાના માથા પર ઉઠાવીને. કછોટો ભીડી, સિંધુનાં અતાગ નીરમાં શરીરને પડતું મૂકે છે. હાથીને પણ ઢાળી નાખે એવા એ નદીના તાણમાં પોતાની

કૌવતદાર ભુજાઓથી પાણી કાપતો કાપતો મગરમચ્છની માફક શેલારા દેતો ઘનઘોર અંધારે કોઈ પણ માનવી યા જાનવરના ડર વગર, અરધા ગાઉનો પટ વટાવી સામે પાર પહોંચે છે; ને એ કિનારા પરથી સુહિણીનો પંજો લાંબો થઈ, મેહારના પંજાને પકડી લઈ, પાણીની બહાર ખેંચી લે છે. એ જ વડલાની ઘટામાં બન્ને જણાં બેસીને મચ્છીની મહેફિલ ઉડાવે છે. પ્યારનો એક પહોર ગુજારીને પાછો મેહાર સિંધુના મસ્ત પહોળા પ્રવાહને વીંઝતો પોતાની મઢૂલીએ પહોંચી જાય છે.

એવી તો કંઈક રાતો ગઈ છે. એક પણ રાત મેહારે ખાલી જવા દીધી નથી. સિંધુ નદીના ચાહે તેવા ભયંકર તૂફાને પણ મેહારને આ પાર આવતો અટકાવ્યો નથી. પણ એક અજવાળી રાતે મેહાર જે મચ્છી લઈ આવ્યો તેની મીઠાશ તો અદ્‌ભુત હતી. સુહિણી જમતી જાય છે ને કોળિયે કોળિયે મીઠાશની તારીફ કરતી જાય છે: "ઓહો! મેહાર, ભારી મીઠી મચ્છી! રોજ આવી લાવતો હો તો?"

મેહાર હસીને કહે છે કે "ભલે, રોજ લાવીશ. પણ થોડા દિવસમાં જ એ મચ્છીનો ખવરાવનાર કોઈ નહિ રહે તો?"

એમ વાતો કરે છે. વચ્ચે વચ્ચે મેહારના મોં પર બહુ દર્દ દેખાય છે. કંઈક છૂપી પીડાને પોતે મહામેહનતે દબાવી રાખતો હોય તેવું દેખાય છે, સુહિણી પૂછે છે: "તને શું થાય છે. પ્યારા?"

"કાંઈ નહિ, કાંઈ નહિ. ચલાવ, વાતો ચલાવ."

ત્યાં તો મેહારના ખોળામાં બેઠેલી સુહિણીને કંઈક ભીનું લાગ્યું. અજાયબ બનીને એ બોલી ઊઠી: "ઓહો! આંહીં પાણી ક્યાંથી?"

એની નજર મેહારના સાથળ પર પડી. એ સાથળમાંથી લોહીની ધાર ચાલતી હતી!

"એ તો આજની મીઠી મચ્છીનું લોહી છે, સુહિણી!"

સુહિણીને આખી વાતનો ભેદ સમજાયો: આજ મેહારને મચ્છી ન મળવાથી એ પોતાની જાંઘમાંથી માંસ કાપી, મસાલેદાર બનાવી, તળીને લઈ આવ્યો હતો!

"મેહાર! તુંને ખુદાના કસમ છે, કાલથી હવે મારો વારો શરૂ થાય

છે. તું ન આવીશ.''

''ત્યારે શું તું આવીશ?''

''હા, હું આવીશ.''

''તું ઓરત! તું સિંધુને પાર કરીશ? સુહિણી! તું શું દીવાની થઈ ગઈ?''

''એ તો કાલે રાતે નક્કી થશે. આજ તો અલ્લાબેલી! અને કસમ છે ખુદાના, તું ન આવતો.''

❁

*બારે કુન્ન બત્રિય તડ, તડ તડ હેઠભટ્ટ,*
*આધિય રાતજો ઊઠી, (સે) સૂહિણી કર સટ્ટ,*
*છડે ખીર ખટ્ટ, લૂંડે લોરીં વિચમેં.*

સિંધુ નદીના નીરની અંદર બે તીર વચ્ચે બાર તો પાણીનાં વમળ છે, બત્રીસ ટેકરા છે, ને એ હરેક ટેકરાની નીચે વીંછીઓ વસે છે. એવી વિકરાળ નદીને પાર કરવા માટે સુહિણી અધરાતને પહોરે અંધારામાં ઊઠીને ઘરથી દોટ કાઢે છે. માવતરના ઘરનું મીઠું દૂધ અને સુંવાળી ખાટલી તજીને સુહિણી પાણીની લહરીઓ વચ્ચે લોડણિયાં લે છે.

''કોણ છે તું, ઓરત?''

''મુસાફિર!''

''કોણ, સુહિણી?''

''હા, અધા! તું તો અલૈયો કે?''

''હા, અત્યારે મધરાતે ક્યાંની મુસાફરી?'

''સિંધુના સામા પારની!''

''અરે સુહિણી! તું સિંધુનાં પાણીને પાર કરી શકીશ? તું બચ્ચું છે. તારી તાકાત શી?''

''તાકાતનો દેનાર અલ્લાહ છે, અલૈયા! અને વળી મારે તરવા માટે મેં માટીનો પાકો ઘડો પણ સાથે લીધો છે, ભાઈ!''

''આટલી જહેમત કોના માટે?''

''મારા પ્યારને માટે.''

"યા અલ્લા! સુહિણી, લોકો તારી બદબોઈ કરે છે, તેનીયે તને પરવા નથી?"

"ઓ અધા! સાંભળ –

*અધા સુણ તું અલૈયા, અલા સુણે અચાર,*
*હિરડી ઘર ઘર ગિલા થિયે, પાડે પંધ પચાર,*
*આંઉં લિખ્યો તી લોડિયાં, ખલ્ક મિડેતી ખ્વાર.*

"ઓ ભાઈ અલૈયા, મારા આચાર ઊંચેથી એક અલ્લાહ જોઈ-સાંભળી રહ્યો છે. એટલે પછી મારા પડોશમાં, પંથમાં કે ઘર-ઘરમાં મારી જે ગિલા થાય છે તે છો થતી. મારા તકદીરમાં લખ્યું છે તે ભોગવી રહી છું. બાકી દુનિયા તો નાહકની મારી નિંદા કરીને ખુવાર મળે છે."

"અરે ઓ સુહિણી!" અલૈયો બોલ્યો:

*સારી ન થિંઈએ સુણી, તું નીજી નિમાણી,*
*વેંધે વહવટ વિસરે, હી જોર જુવાણી,*
*સે પછાડીધે પાણી, તારા કવિયેં તારમેં.*

"તું તારા કુળમાં સારી ન નીવડી. તું નાદાન અને નિર્માલ્ય નીવડી. આ નદીના પ્રવાહમાં તું કોઈ દિવસ તારું જોર ને તારી જુવાની ગુમાવી બેસીશ. આ પાણીમાં પછાડ મારતાં મારતાં તું કોઈ દિવસ આ પ્રવાહમાં આકાશના તારા ઉતારી બેસીશ – તું ડૂબી જઈશ. માટે રહેવા દે. આવી મુશ્કેલી શા સારુ ઉઠાવછ? આ મોતના કેડા તને કોણે બતાવ્યા?"

એવી એવી સલાહો સાંભળીને ખડખડાટ હસતી સુહિણી પાણીમાં ઝંપલાવવા તૈયાર થાય છે.

*ધિરી ધરો હથ કરે, ચેલ બધી ચોતી,*
*મન મિડચુ'સ મ્યાર સેં, પરલે પાર પોતી,*
*પો ગોતે મંઝ ગોતી, અરે મ વિઝે અજાણમેં.*

હાથમાં માટીનો ઘડો લઈને એ પાણીમાં પેઠી. માથા અને કમર પર કસકસાવીને એક કપડું બાંધી લીધું. ને હજુ પોતે તો પાણીમાં પડવાની તૈયારી કરીને તીરે ઊભી છે, ત્યાં મનડું તો સામે પાર પહોંચી પ્રીતમને મળી ગયું. ડૂબકીઓ પર ડૂબકીઓ મારી સુહિણી સિંધુનાં પાણી વીંધતી

જાય છે કે જેથી પોતે ચાલી આવે છે તે વાતની પિયુને અજાણ ન રહી જાય

એણે પ્રેમનું કવચ પહેરી લીધું છે. હવે એને ડર નથી રહ્યો. એના પ્યાર સામે તો પાણીનાં ભયાનક જંતુઓ અને મોજાંઓ પણ ગરીબડાં બની ગયાં છે. એ રીતે એક પછી એક રાત વીતવા લાગી છે.

કડકડતી ઠંડી વાય છે. કોઈ ઘરની બહાર પણ નીકળી શકતું નથી. સહુ બિછાનાની ગરમ સોડ્યમાં સંતાઈ ગયાં છે. રાત સૂનસાન છે. એવે ટાણે પણ સુહિણી તો પોતાનો ઘડો લઈને ઘેરથી ચાલી નીસરી છે. એને જોઈને વળી કોઈ અલૈયા જેવો બીજો ડહાપણદાર વારવા જાય છે કે "ઓ સુહિણી, આવી ટાઢમાં તું શીદ મરવા જાય છે?"

સુહિણી એને જવાબ વાળે છે:

*હિકડ્યું ન ઘિરે ઉનહારે, આંઉ સરૈ સિયારે,*
*તન વિઝાંતી તારમેં, ઓરહજે આરે,*
*મહોબત તી મારે, (નત) કેર ઘિર હિન કુંનમેં.*

"હે ભાઈ, અન્ય ઓરતો આ પાણીમાં બળતે ઉનાળે પણ ઊતરતી નથી, ત્યાં હું સૂસવતા શિયાળામાં પણ મારી રાજીખુશીથી આ પાણીમાં મારું તન વીંઝું છું. હું મરવાનું જોખમ ઉઠાવું છું, કેમ કે મારા પ્રીતમની મહોબત મને મારે છે. નહિ તો આવા ઊંડા વમળમાં કોણ પડે?"

"ઓ સુહિણી! તું મ જા, મ પડ, નદીના પથ્થરોના પોલાણમાં ઝેરી સાપો વસે છે, એ તને કરડશે."

સુહિણી જવાબ વાળે છે:

*બારાં કુન્ન બત્રિય તડ, તડ તડ હેઠ નાંગ,*
*મ્હાણું મુલાજો કરી, તિત મહોબતજો માંગ,*
*કેડો મુંહજો સાંગ, (જુડો) પાણીતાં પાછી વરાં.*

"મારા માર્ગમાં બાર તો પાણીના વમળ છે, બત્રીસ ખડકો છે, ને તે દરેક ખડકની બખોલમાં ઝેરી સર્પો રહે છે. એ બધું જ હું જાણું છું,

પણ જે માર્ગ પર જતાં બીજાં માનવી સંકોચ પામે છે, તે જ માર્ગ મહોબતનો છે. એટલે જો હું આ પાણીથી ડરીને પાછી ફરું, તો તો કીમત રહી મારા આ પ્રેમના પોશાકની! ધૂળ પડી મારા પ્યારના લેબાસમાં, આ ઇશ્કની કફનીમાં, જો હું ડરીને પાછી જાઉં તો."

એમ કહીને સુહિણી કછોટો ભીડે છે અને સિંધુનાં હિમ જેવાં નીરમાં ઝંપલાવી, આઘી આઘી નીકળી જાય છે. સામો પાર એટલો દૂર છે કે એના તરવાનો અવાજ પણ આ પાર ઊભેલા એ સલાહકારને સંભળાતો બંધ થઈ ગયો ને ડાહ્યો સલાહકાર ઘર તરફ ચાલતો થયો.

શિયાળો ગયો; ઉનાળો ગયો; પણ મધરાતના મેળાપ કરવા માટે સિંધુને સામે કિનારે પહોંચવામાં તો એક પણ દિવસ પડ્યો નથી. હવે તો ચોમાસું બેઠું છે. સિંધુ બે કાંઠે છલી રહી છે, મોજાં મોભારે અડે એટલે ઊંચે ઊછળવા લાગ્યાં છે. ભાળીને ભે ખાઈ જઈએ, એવા પ્રચંડ તોફાનમાં પણ સુહિણીને તો ઝંપલાવવું એ રમત-વાત થઈ પડેલ છે. ઘડો લઈને આવી રહી કે તરત જ કોઈ પાસે ઊભેલો માનવી બોલ્યો:

*સુણી સઠે તારમેં, (તો) સિયારો ને સી,*
*લગી લેહર લેહરતે, સે જુધા કરે જી,*
*થોડા વિરમી થી, મથેર પર તો કુન્ન કરે.*

"ઓ સુહિણી, આ પાણીની કડકડતી ઠંડીમાં તું કાં ઝંપલાવી રહી છો? અંદર મોજાં મોજાંને અથડાય છે. તે તારા જીવ ને શરીર જુદાં કરી નાખે તેવા કાતિલ છે. અને વળી તારા માથા ઉપર આ કિનારાની મોટી ભેખડ ફસકીને પાણીમાં પડું પડું થઈ રહી છે, માટે થંભી જા."

"અરે અધા! થોડી વાર પણ મારાથી કેમ થંભી શકાય? મારા મેળાપનો સમય ચાલ્યો જાય, તો મારો પિયુજી તરફડે."

એમ કહીને સુહિણી પાણીના લોઢમાં પડતું મૂકે છે. માછલી જેવી તરવરતી ચાલી જાય છે. જઈને પ્રીતમ સાથે સુખના બે પહોર ગુજારે છે. પાછલી રાતે રોજ પાછી વળી આ કાંઠે આવી ઊતરે છે

પોતાની ઇજ્જતના લોભી બાપે સુહિણીને એક ઊંચા કુંભાર કુળના બદસૂરત છોકરાની સાથે પરણાવી. સુહિણીએ નિકાહ વખતે છચોક પોતાને

આ શાદી મંજૂર નથી એવું જાહેર કરવા છતાં પણ એને જબરજસ્તીથી પરણાવી. પણ સુહિણી સાસરે ન ગઈ એટલે બાપે સુહિણીના વરને ઘરજમાઈ કરીને રાખ્યો. સુહિણીએ પહેલી જ રાતે વરને ચેતવી દીધો કે "તું મારે ભાઈ-બાપ છો! ફરી વાર મારી ખાટમાં આવતો નહિ."

સગાંવહાલાં સાથેની ભેળસેળ સુહિણીએ છોડી દીધી છે. દુનિયાનાં માનવી સાથે એના મનનો મેળ મળતો નથી. વાતોચીતો એણે કમતી કરી નાખી છે, પાંચ વખત નમાજ પઢવામાં, કુરાનનો પાઠ કરવામાં, અને રોજા રહેવામાં એના દિવસો જાય છે. રાત તો એણે સિંધુને સામે કિનારે બેઠેલ સ્વામીને સોંપી છે.

આ બધું એ પરણ્યા કુંભારથી ન જોવાયું. એણે સુહિણીને વસમાં મેણાં માર્યાં. એકલી પડીને સુહિણી વિચાર કરે છે:

*નાય ન નમાજું પડે, ગંધ ન ગંધ્યું ધોય,*
*સંઝે મિંઝ સૂમથી, (સે) પાસા ફેરે પોય,*
*ઊઠી આધિય રાતજો, (ઈ) કુનિય કાણ રોય,*
*કડવા વેણ કસાલા, ઈ મખે ને તો ચોય*
*એડો કાંધ સંધોય, (તડે) વર છડેતી વાણ તરાં.*

"આ મારો ધણી, જે નમાજ પણ પઢતો નથી, પોતાના દેહની દુર્ગંધ પણ ધોતો નથી, સાંજ પડતાં જ જે ઘોંટી જાય છે ને પરોડિયે જે પથારીમાં પાસાં ફેરવે છે, અરધી રાતે ઊઠીને જે હાંડલીને માટે (ખાવા માટે) રુએ છે, એવો પુરુષ મને કડવાં મેણાં મારે છે. એવા કંથ સાથે શીદ મારો સંબંધ બંધાયો? હું તો એવા વરને છોડીને પ્રવાહમાં તરવા ચાલી જાઉં છું."

એ રીતે વરનો ત્રાસ અને લોકોની બદબોઈ વધતાં જ ગયાં. માબાપને પણ એમ જ થયું કે સુહિણી મરે એ જ બહેતર છે. અને સાચોસાચ સુહિણીનું મોત આવી પહોંચ્યું.

રાત અંધારી છે, પણ વૈશાખ મહિના જેવો વસ્લનો મીઠો માસ ચાલે છે. વહાણના સઢ ચડ્યા હોય તેવી રીતે સુહિણીના આસમાની ઓઢણાના પાલવ પવનની લહેરોમાં ફુલાઈ ગયા છે, જાણે સિંધુને સામે કિનારે ઊડીને જવા માટે સુહિણીને કિરતારે બે પાંખો બક્ષી દીધી છે. સિંધુની છાતી

સુહિણીને રમાડવા માટે ઉછાળા મારે છે અને ગેબના તારલા સુહિણીને તરતી જોવામાં ટગર ટગર નજર કરે છે.

કિનારે ઊભી રહીને સુહિણીએ દસેય દિશામાં આંખો ફેરવી: આજ તૂફાન નથી. આજના જેવી રાત અગાઉ કદી આવી જ નથી. આજ આખી કુદરત સુહિણીનો સંગાથ કરે છે. દુનિયાએ દૂભવેલીને જાણે દેવતાઓ આદર આપે છે.

કછોટો ભીડીને સુહિણી સિંધુમાં પડી. જાણે ખમા! ખમા! કરતાં સિંધુનાં મોજાં એના ફૂલદડા સરીખા શરીરને ઝીલી રહ્યાં છે. પોતાના ચિતરામણવાળા રૂપાળા ઘડા ઉપર મોં ટેકવીને સુહિણીએ શેલારા દેવા શરૂ કર્યા: અને આજ તો પાણી ને પવન એવાં મીઠા લાગે છે કે જાણે તર્યા જ કરું! આજ તો જાણે જરા મોડું કરીને મેહારને ગભરાટ ઉપજાવું એવું થાય છે. આજ તો જાણે મેહાર તરવા આવે તો બેય જણાં આંકડા ભીડી દરિયામાં ચાલ્યાં જઈએ એવું દિલ થાય છે. દુનિયાની ગિલા જ્યાં ન પહોંચે એવા કોઈ રસાતલમાં રહેવા જવા મન ખેંચાય છે. આજ તો બહાર નીકળવું જ નથી: નદીમાં રહી રહી જ હું મેહારને બોલાવી લઈશ. બહાર નીકળીશ તો વળી ક્યાંઈક ધરતી પર જીવવાની લાલચ વળગી જશે!

આવા તરંગમાં સુહિણી ગરકાવ છે, ત્યાં તો ઓચિંતો એના હાથમાંથી ઘડો સરકવા લાગ્યો. અરે! આ ઘડામાંની માટી પલાળીને વેરાઈ કાં જાય? આ મારા પકવેલ મજબૂત ઘડામાં કોણે કામણ કર્યું?

*હજારનમેં હિકડો, મું ઠોકે ખયમ તે તે થાં,*
*કચેજો કુંભાર મું, કી ન કયો તેં કલામ,*
*ધણી લગ ધામ, તું મૌલા મન મેડિયેં.*

હજારો વાસણોમાંથી આ એક ઉત્તમ ઘડો મેં ટકોરા વગાડી વગાડીને ઉપાડ્યો હતો. અરેરે! એ કુંભારે મને આ ઘડો કાચો હોવાનો સખુન પણ કહ્યો નહોતો, છતાં આ કાચો ઘડો ક્યાંથી આવી ગયો? હે મૌલા! હવે તો તું જ મને મારા સ્વામી સુધી પહોંચાડી મેળાપ કરાવજે.

એટલું વિચારે છે ત્યાં તો ઘડો પાણીમાં ઓગળી ગયો. સુહિણીના

તરફડિયાં મારતાં હાથમાં માટી ન રહી. એને તરતાં આવડતું હતું, પણ મેહારને ટગવવાની મોજમાં ને મોજમાં પોતે એટલી ધીરી ધીરી જતી હતી કે સામો કિનારો બહુ છેટે રહી ગયો છે. પોતે થાકી ગઈ! એને તો અજાયબી જ થાય છે કે અરેરે! આ ઘડામાં શું જાદુ થયું!

*હજારનમેં હિકડો, મું ચિતાંમય ચઈ,*
*વહમેં વલી દાવદ ચેય, પિથુ થ્યો સે પઈ,*
*સુપક્ક ક્યો મું સઈ, કજા તેં કચો કિયો?*

હજારો પકવેલા વાસણોમાંથી આ એક મજબૂત ઘડાને વીણી કાઢીને એના ઉપર મેં ઝીણું ચિતરામણ કરાવ્યું હતું એવો ઘડો, [કવિ વલી દાઉદ કહે છે કે] આજ શી રીતે પાણીના પૂરમાં પડીને ટુકડા થઈ ગયો? મેં જેને પાકો કહ્યો હતો તેને શું મારા કૂડા કિસ્મતે જ કાચો બનાવી નાખ્યો?

આ શું થઈ ગયું? કંઈ મહિનાઓ થયાં મજબૂત રહેલો ઘડો કેમ પીગળી ગયો?

ઘડો બદલાયો હતો. સુહિણીનાં માવતરે જ એ કુળબોળામણ દીકરીને ડુબાડી દેવા માટે અસલ ઘડાને ઠેકાણે એવા જ ચિતરામણવાળો તદ્દન કાચો ઘડો ગોઠવી રાખેલો હતો. અજાણ સુહિણી તો પ્યારની આંધળી ઉતાવળમાં, દુનિયાની કપટબાજીની કંઈ ગમ વિના રોજની માફક રોજને ઠેકાણેથી ઘડો ઉપાડીને પાણીમાં કૂદી પડી હતી.

નિરાધાર સુંદરી પાણીમાં માર્ગ કાપવા માટે મથે છે. પણ એના બાવડામાં બળ રહ્યું નથી. અંધારી રાતમાં સામે પાર કંઈ દેખાતું નથી કે નથી સામા પારથી કોઈ સુહિણીને નિહાળી શકે તેવું. ફક્ત એ કિનારે પશુઓ ચરે છે. તેમના ગળાની ટોકરીના રણકાર સંભળાય છે. અને બીજી સંભળાય છે મેહારની મીઠી વાંસળી.

*કિથે ઘંટ વજન? કિથે પીરિયું પાર?*
*વીર વજાયતો વાંસલી, સાહડ સજી રાત,*
*કલમેંજી તવાર, લોરી સભેં લંઘયું.*

ઓ! આ ટોકરીના રણકાર ક્યાં બજે છે! મારા પ્યારાજીનો કિનારો કેટલે દૂર પડી રહ્યો! મારો બહાદુર સાહડ ગોવાળ [મેહાર] આજ આખી

રાત મારી વાટ જોતો વાંસળી વગાડતો દેખાય છે. એ વાંસળીમાંથી જે કલમાના સૂરો બજે છે, તે સૂરોને આધારે મેં દશ્ય સાંધીને આટલી બધી લહેરો તો ઓળંગી કાઢી, પણ હવે મારા હાથપગમાં કૌવત રહ્યું નથી.

વાંસળીના સૂર મીઠા લાગતા હતા. એ ગાનમાં ભંગ પાડવાનું સુહિણીને ગમતું નહોતું, પણ આખરે એનું શરીર પાણીની કબરમાં ઊતરવા તૈયાર થયું. મધવહેનનાં મસ્ત મોજાંમાં સુહિણી ખેંચાણી, અને ખેંચાતા ખેંચાતા એણે 'મેહાર! મેહાર! ઓ મેહાર!' એવી હૈયાફાટ ચીસો નાખી.

એ ચીસો પડતાં જ બંસીના સૂરો થંભી ગયા, અને 'આવી પહોંચું છું! આવું છું!' એવા અવાજની સાથે કોઈએ સામે કિનારેથી પાણીમાં શરીર પડતું મેલ્યું.

ડૂબતી, ગળકાં ખાતી, ને મોજાંની થપાટે ખેંચાઈ જતી સુહિણીએ ચીસ પાડતાં તો પાડી, પણ પછી તુરત એ પસ્તાણી. એને સાંભરી આવ્યું કે પોતાને મીઠું, ગોસ ખવરાવવા માટે મેહારે સાથળ વાઢેલ છે. તેનો જખમ હજુ તો રુઝાયો નથી. નક્કી મેહાર નહિ તરી શકે, મારે ખાતર એનો જાન જશે.

*ઘરો ભગો ત ગોરેઓ, શાલ મ ભજે ઘરી,*
*મુલાંટો મેઆરજો, ભિજી થ્યો અય ભરી,*
*તાંગો તાર તરી, માન ડિસાં મુંહ મ્યાર જો.*

ખેર, ઘડો ભાંગ્યો તો ઘોળ્યો ગયો, પણ હે અલ્લાહ, હવે મારા મેળાપની ઘડી મ ભાંગજો! સામે મેહાર પડ્યો છે તેની પાઘડી પણ હવે ભીંજાઈને બહુ ભારે થઈ પડેલ હશે. હવે તો છીછરું કે ઊંડું જે પાણી હોય તેને તરીને હું મેહારનું મુખ જોઈ શકું એટલી, ઓ ખુદા, તું મને સહાય કરજે!

પણ એ મુખ જોવાનું માંડેલ નહોતું. પાણીની પથારી પર એકલા પોઢવાનું જ સરજાયું હતું. થાકીપાકીને તાકાત ગુમાવી બેઠેલ એ અબળાને સિંધુના મધવહેનમાં જ આંખે તમ્મર આવવા લાગી:

*અખીમેં અઝરાયલ દીઠો, (તય) મન તણે તો મ્યાર ક્યાં.*

પોતાની આંખો સામે એણે મોતના ફિરસ્તા ઇઝરાયલને દીઠો. તે છતાં દિલ તો દોડીને મેહાર પાસે ચાલ્યું ગયું.

*ઘિરિ ઘરો હથ કરે, બોયાઁ ઈ બાઉં,*
*વેચારિય વડ્યું કિયું, વિચ ધરિયા ધાઉં,*
*વરજ સાડ, પાઉં, તાકું તકી આંહ્યાં.*

પ્રથમ ઘડો હાથ ધરીને પેઠી, પછી એ ફૂટી જવાથી બાંયો (ભુજાઓ) બોળીને તરી, છેવટે ડૂબતાં ડૂબતાં દરિયામાંથી (મોટી નદીમાંથી) એ બિચારીએ ધા દીધી કે ઓ વહાલા સાહડ! ઓ મેહાર! તું પાછો વળી જજે, કેમ કે મને પાણીનાં હિંસક પ્રાણીઓએ ઘેરી લીધી છે.

"ન આવીશ! ઓ મેહાર! તું ન આવીશ!" એવી છેલ્લી બૂમો સંભળાણી. પણ હવે મેહાર કોને માટે પાછો વળે? ઘણી ડૂબકીઓ મારી, ઘણા ઘૂના ડખોળ્યા, ભેખડો તપાસી, પણ સુહિણીનો પત્તો ન લાગ્યો. મેહારની જાંઘ પરનો જખમ ફાટીને લોહી વહેવા લાગ્યું. થોડી વારે એનું ખાલી થયેલ ખોળિયું પણ 'સુહિણી! સુહિણી!' એવા શબ્દે સાદ કરતું, જાણે સુહિણીની અનંત શોધમાં પાણીને તળિયે જઈ બેઠું.

સવાર પડ્યું. સિંધુ માતાએ બન્ને ડૂબેલા શરીરોને સાથે કરી કિનારા ઉપર કાઢી નાખ્યાં. ભેળાં થયેલાં કુટુંબીઓએ બન્ને જણાંને દફનાવી તે પર કબર ચણાવી.

શદાપુર ગામને પાદર આજ પણ આ કબર બતાવાય છે.

*[આ વાર્તાના વસ્તુ માટે તેમ જ તેની અંદર આવતા ત્રણ-ત્રણ પંક્તિના સિંધી દુહાઓ માટે, કચ્છી લોકસાહિત્યના સંશોધક સ્વ. જીવરામ અજરામર ગોરે સંગ્રહેલા સુહિણી-મેહારની કચ્છી જનકથાના દુહા ('ગુજરાતી': દિવાળી અંક, 1911)નો આધાર લીધો છે. પ્રસ્તુત દુહાઓના પાઠમાં ને તેના અર્થોમાં મને ઘણી ત્રુટિઓ દેખાઈ, તે શામળદાસ કૉલેજના સિંધી પ્રિન્સીપાલ પૂજ્ય શાહાણીજીએ અત્યંત મહેનત કરી તથા પીર શાહ અબ્દ લતીફના પુસ્તકમાંથી વીણી વીણી, સપ્રેમ સુધારી આપી છે. છતાં પ્રિ. શાહાણીનું માનવું છે કે અસલ સિંધી પાઠ આ પદોમાં અશુદ્ધ રહી જાય છે.]*

# મલુવા

*[કલકત્તા યુનિવર્સિટીના બંગ સાહિત્યના અધ્યાપક શ્રી દિનેશચંદ્ર સેને, ચંદ્રકુમાર દે નામના એક સંગ્રાહકની સહાયથી પૂર્વ બંગાળની પ્રાચીન લોકકથાઓ એકઠી કરાવી, એનાં ઘટના-સ્થળો, ઘટના બન્યાનો સમય, ઇત્યાદિ સામગ્રીઓ નક્કી કરી, ઉક્ત યુનિવર્સિટી તરફથી એ તમામ પ્રેમકથાઓ 'મૈમનસિંગ-ગીતિકા' નામક મોટા ગ્રંથમાં પ્રગટ કરી છે. એમાંની એક અત્રે સંક્ષેપમાં ઉતારી છે. એ કથા તો લંબાણથી સાંગોપાંગ પદ્યમાં જ ચાલે છે, અત્રે એમાંથી ફક્ત જરૂરી લાગતી પંક્તિઓ જ મૂકી છે. આ ગીતકથાઓ શુદ્ધ લોકવાણીમાં લોકકવિઓએ જ રચેલી છે. ભાષા જૂની ને ગ્રામ્ય છે. રચનારાઓનાં નામ માત્ર કોઈ કોઈ કથામાં જ મળે છે.]*

**સૂ**ત્યા નદીને કાંઠે એક ગામડામાં ખેડૂતની એક વિધવા ડોસી રહે છે, ને ડોસીને ચાંદવિનોદ નામે એકનો એક દીકરો છે. જમીનનો કટકો ખેડીને મા-દીકરો ગુજારો કરે છે.

આસો મહિનો ચાલ્યો જાય છે. ખેતરમાં પાણી ભરાઈ ગયાં છે. વાવણી કરવાની વેળા થઈ ગઈ છે. પરોડિયાને અંધારે મા ચાંદવિનોદને જગાડે છે:

*ઉઠ ઉઠ બિનોદ, આરે ડાકે તોમાર માઓ,*
*ચાંદ મુખ પાખલિયા, માઠેર પાને જાઓ.*

[ઊઠ રે ઊઠ, મારા બેટા ચાંદવિનોદ! તારી માતા તને સાદ કરે છે. ઓ ચાંદ! મોં પખાળીને ખેતરે જા!]

*મેઘ ડાકે ગુરુ ગુરુ, ડાક્યા તુલે પાનિ,*
*સકાલ કઈરા ખેતે, જાઓ આમાર જાદુમનિ.*

[મેહુલો ધીરું ધીરું ગરજીને નદીનાં નીરને જગાડે છે, માટે હે મારા પારસમણિ, તું ઉતાવળ કરીને ખેતરે જા!]

*આસમાન છાઈલો કાલા મેઘે, દેવાય ડાકે રઈયા,*
*આરો કોતો કાલ થાકબે જાદુ ઘરેર માઝે શૂઈયા.*

[આકાશ કાળાં વાદળાં વડે છવાઈ રહ્યું છે. મેહુલો વારંવાર સાદ કરે છે. હે મારા બેટા, હવે ક્યાં સુધી ઘરમાં સૂઈ રહીશ?]

ચાંદવિનોદ દાણા વાવવા ચાલ્યો. પણ ભારી વરસાદ પડવાથી ખેતરો ડૂબી ગયાં, અને સરસવનું વાવેતર એળે ગયું. ચાંદ માંદો પડ્યો, માએ બેઉ બળદ વેચીને એની દવા કરી. દેવોની દુઆથી દીકરો ઊગરી ગયો.

પણ ઘરમાં તો લક્ષ્મીની પૂજા કરવા જેટલાયે દાણા નથી રહ્યા. મા કહે, બેટા! ખેતરમાં ધાન લણવા જા.

*પાંચ ગાછિ બાતાર, ડુગલ હાતે તે લઈયા,*
*માઠેર માઝે જાઈ બિનોદ, બારોમાસી ગાઈયા.*

['વાત' નામના છોડવાની પાંચ ડાળખી હાથમાં લઈને 'બાર-માસા'નાં ગીતો ગાતો ચાંદવિનોદ ખેતરે જાય છે.]

જઈને જુએ છે તો ધાન ન મળે! આસો મહિનાની અતિવૃષ્ટિએ મોલને બગાડી નાખેલ.

જમીનનો કટકો વાણિયાને વેચી દઈ ચાંદવિનોદે જેઠ મહિને એક બાજ પંખીનું પીંજરું લીધું, અને બાજ પંખીને લઈને શિકારે નીકળ્યો. આઘે આઘે ચાલ્યો જ ગયો.

*કુડાય ડાકે ઘન ઘન, આષાઢ માસ આશે,*
*જમીને પડિલો છાયા મેઘ આસમાને ભાશે.*

[બાજ પંખી ઘેરા નાદ કરીને બોલવા લાગ્યું: અષાઢ મહિનો આવી પહોંચ્યો. ધરતી પર છાંયડા ઢળ્યા. આભમાં વાદળાં તરવા લાગ્યાં. પણ શિકાર મળતો નથી.]

ચાલતાં ચાલતાં વિનોદ અરાલિયા ગામને પાદર પહોંચ્યો.

પાદરમાં ઝાડની ઘટામાં વચ્ચે એક અંધારી તળાવડી છે અને તળાવડીમાં પાણી ભરવા જવાની એક જ નાની કેડી છે. તળાવડીના પાણીની શોભા અને કાંઠે ઊભેલાં કદંબ ઝાડનાં ફૂલની સુંદરતા નીરખીને ચાંદવિનોદ

બાજનું પીંજરું નીચે મૂકી છાંયડે વિસામો લેવા બેઠો. નીંદરમાં ઢળી પડ્યો.

*ઘુમાઈતે ઘુમાઈતે બિનોદ, અઈલો સંધ્યાબેલા,*
*ઘાટેર પારે નિદ્રા જાઓ કે તુમિ એકેલા,*

*સાત ભાઈયેર બઇન મલુવા જલ ભરિતે આશે,*
*સંધ્યાબેલા નાગર સૂઈયા, એકલા જલેર ઘાટે.*

[નીંદરમાં ને નીંદરમાં તો સાંજ નમી ગઈ. સાંજ ટાણે સાત ભાઈની બહેન મલુવા પાણી ભરવા આવી. પાણીના ઘાટ ઉપર સાંજરે એણે કોઈ માનવીને સૂતેલો દીઠો. કાંઠા ઉપર પોઢેલા ઓ એકલ પુરુષ! તું કોણ છે?]

*કાંદેર કલસી ભૂમિત થઈયા મલુવા સુંદરી,*
*લામિલો જલેર ઘાટે અતિ તરાતરિ.*

[કાખમાં ઉપાડેલ ગાગરને ભોંય પર મૂકીને મલુવા સુંદરી ઘાટનાં પગથિયાં તાબડતોબ ઊતરતી જાય છે.]

*એક બાર લામે કન્યા, આરો બાર ચાય;*
*સુંદર પુરુષ એક, અધુરે ઘુમાય.*

[ઘડીક ઊતરે છે, ને ઘડીક પાછી નજર કરે છે: અરે, આ કેવો રૂપાળો પુરુષ આંહીં ઘસઘસાટ ઊંઘે છે! ]

*સંધ્યા મિલાઇયા જાય રવિ પશ્ચિમ પાટે,*
*તબૂ ના ભાંગિલો નિદ્રા, એકલા જલેર ઘાટે.*

[સૂરજ આથમણી દિશાને આસને બેસી ગયો, સાંજ અંધારામાં મળી ગઈ, તોપણ તળાવડીને કાંઠે એકલ સૂતેલા પુરુષની ઊંઘ નથી ઊડતી.]

અરેરે! રાત પડ્યા પછી એની ઊંઘ ઊડશે તો? એ પરદેશી પુરુષ ક્યાં જશે? શું એને ઘરબાર નથી? શું મા-બાપ નહિ હોય? રાત રહેવા એને કોણ દેશે? હું સારા કુળની કુમારિકા એને કેમ કરીને પૂછું?

*ઉઠો ઉઠો નાગર! કન્યા ડાકે મોને મોને,*
*કિ જાનિ મનેર, ડાક શેઓ નાગર સોને.*

[મનમાં ને મનમાં એ કન્યા સાદ પાડે છે કે 'ઊઠો! ઓ પરદેશી પુરુષ, ઊઠો!' શી ખબર, કદાચ મારા મનનો સાદ એ માનવી સાંભળતો હોય! ]

મનમાં થાય છે કે એને જગાડીને મારા બાપના ઘરનો મારગ બતાવું, નહિ તો રાતે એને રસ્તો ક્યાંથી સૂઝવાનો?

*ઉઠો ઉઠો ભિન્ન પુરુષ, કોતો નિદ્રા જાઓ,*
*જાર વક્ષેર ધન તુમિ, તાર કાછે જાઓ.*

[જાગ રે જાગ, ઓ પરદેશી! કેટલીક નીંદ હજુ કરવી છે? જેના હૈયાનો તું હાર હોય તેની પાસે ચાલ્યો જા!]

અરેરે! અંતરનો સાદ એ શી રીતે સાંભળી શકે? મારી સાથે ભોજાઈ હોય તોય હું એને જગાડવાનું કહેત. પણ હું કોને કહું?

હાં! હાં! એને યાદ આવ્યું. એ સૂતેલા પરદેશીને જગાડે તેવી એક બહેનપણી પોતાની પાસે હતી તે તેને સાંભર્યું.

*શુનો રે પિતલેર કલસી કઈયા બુઝાઈ તોરે,*
*ડાક દિયા જાગાઓ તુમિ, ભિન્ન પુરુષેરે.*

[સાંભળ રે, ઓ પિત્તળની ગાગર! તને સમજાવીને કહું છું કે તું સાદ દઈને આ પરદેશીને જગાડ!]

એટલું કહીને એણે ગાગર પાણીમાં ઝબોળી.

*જલ ભરનેર શબ્દે કુડા ઘન ડાક છાડે,*
*જાગિયા ના ચાંદબિનોદ, કોન કામ કોરે.*

[પાણી ભરાવાનો ઢબ ઢબ અવાજ થયો. એટલે પીંજરાનું બાજ પંખી ઘાટી ચીસો પાડવા લાગ્યું, એ સાંભળીને ચાંદવિનોદ જાગી ઊઠ્યો. જાગીને એણે શું કર્યું?]

*દેખિલો સુંદર કન્યા, જલ લઇયા જાય,*
*મેઘેર બરણ કન્યાર, ગાયેતે લૂટાય.*

[જોયું તો રૂપાળી કુમારિકા પાણી ભરીને ચાલી જાય છે, અને વાદળાંની છાયા એ કન્યાના દેહ પર લેટી રહી છે.]

*એક બાર ચાઉ લો કન્યા મુખ ફિરાઈયા,*
*આરો એક બાર દેખિ આમિ આપના ભૂલિયા.*

[ઓ કન્યા! એક વાર મોં ફિરાવીને આ તરફ નજર કર. એક વાર હું ભાન ભૂલીને તને નીરખી લઉં.]

*ઉર રે જાઓ રે બનેર કુડા, કઈયો માયેર આગે,*
*તોમાર ના ચાંદબિનોદ, ખાઈ છે જંગલધાર બાઘે.*

[ઓ વનના બાજ પંખી! ઊડીને મારી મા આગળ જાજે! કહેજે કે તમારા ચાંદવિનોદને જંગલના વાઘે ફાડી ખાધો.]

ગાગર લઇને કન્યા ઘેર આવી. લાલ લાલ લોહી એના મોં ઉપર ચડી આવ્યું છે. પાંચ ભાઈઓની પાંચ વહુવારુઓ એને પૂછે છે કે "હે નણદીબા! તળાવડીને આરે તમે સાંજ સુધી એકલાં કેમ રોકાયાં? અંગનાં વસ્ત્રોનું કાં ઠેકાણું નથી? અંબોડો કાં વીખરાઈ ગયો છે?"

*આધા કલસી ભરા દેખિ, આધા કલસી ખાલિ,*
*આઇજ જે દેખિ ફોટા ફૂલ, કાઈલ દેખ્યાછિ કલી.*

["રે નણદી! આ ગાગર અરધી ભરેલી ને અરધી ઠાલી કાં? કાલ (તારી કાયા) જે કળી હતી: તે આજ ખીલેલું ફૂલ કેમ કરીને બની ગઈ?]

"તળાવડીને આરે શું બન્યું તે બોલો! સવારે અમારી સાથે પાણી ભરવા ચાલો. ત્યાં જઈ એકાંતે વાત કરજો."

"ના, ભાભી! તમે સહુ જજો, હું નહિ આવું. મને રાતે આકરો તાવ આવેલો. મારા પેટમાં ને કમરમાં વેદના થાય છે."

પાંચેય ભોજાઈઓ ઝીણી ઝીણી વાતો કરતી કરતી પાણી ભરવા ચાલી ને મલુવા પોતાના શયનમંદિરમાં ગઈ.

આ મલુવા કોણ છે? ગામના ખારવાની દીકરી છે. બાપનું નામ હીરાધર છે. ઘરમાં ધાનની કોઠીઓ ભરી છે. આંગણે દસ દૂઝણી ગાયો છે. સાંતીડે ચાર બળદ છે. પાંચ દીકરા ને છઠ્ઠી દીકરી છે. દુઃખમાં દુઃખ એટલું જ કે લાડકી દીકરીને લાયક કોઈ વર નથી મળતો.

સૂતી સૂતી મલુવા વિચારે ચડી છે:

ક્યાંથી આવ્યો એ પુરુષ? રાતે ક્યાં જઈને રહ્યો હશે? પોતાના બાજ પંખીને એણે ક્યાં રાખ્યું હશે?

*આમિ જદિ હોઈતામ કુડા, થાકતામ તાર સને;*
*તાર સંગે થાકિયા આમિ, ઘુરતામ બને બને.*

[હાય રે! હું જો બાજપંખી સરજી હોત, તો હું તેની સાથે જ રહી શકત. એની સાથે જ વનેવન હું ફરી શકત.]

*આસમાને થાકિયા દેઉવા, ડાકછો તુમિ કારે,*
*ઐના આષાઢેર પાનિ, બઈ છે શત ધારે.*

[આકાશમાં ઊભીને હે મેહુલા! તું કોને બોલાવે છે? આષાઢીલા મેઘ શતધારે વરસી રહ્યા છે.]

*ગાઁ ભાસે નદી ભાસે, શુકનાય ના ધરે પાનિ,*
*એમુન રાતે કોથાય ગેલો, કિછુઈ નાઇ જાનિ.*

[ગામ અને નદી જળબંબોળ છે. પાણી ક્યાંય સમાતાં નથી. આવી રાતે પરદેશી ક્યાં ગયો હશે?]

સવાર પડી ગયું, બપોર ગયા ને સાંજ પડી. ગાગર લઈને કન્યાએ તળાવનો માર્ગ લીધો.

કિનારે ચાંદ સૂતો છે. ઓશીકે પાંજરું પડ્યું છે. ગઈ કાલની પનિયારીને દેખતાં જ પીંજરામાંથી બાજ પંખી પુકારવા લાગ્યું. ચાંદે જાગીને આંખો ઉઘાડી.

તે દિવસ બેઉ જણાંએ સામસામી ઓળખાણ દીધી. મલુવા બોલી:

*આઁધુયા પુષ્કનિર પાડે, કાલો નાગેર બાશા;*
*એક બાર ડંશિલે જાઈ બે, પરાણેર આશા.*

[હે પરદેશી! આ અંધારી તળાવડીને પડખે કાળા નાગના વસવાટ છે. એક વાર ડંખ થતાં જ જીવ નીકળી જાય છે.]

માટે મારે ઘેર ચાલ. જો, આ સામે જ માર્ગ ચાલ્યો જાય છે. ઉગમણી બાજુ રૂડા અરીસા સરખું ચળકતું મારું ઘર આવશે.

✿

હીરાધરને ઘેર ચાંદ આવતો-જતો થયો. ઓળખાણ વધી. એક દિવસ ચાંદે વેવિશાળનું માગું મોકલ્યું. કન્યાનો બાપ બોલ્યો કે બધી વાતે તો ઠીક ઠેકાણું, પણ જેના ઘરમાં એક ટંકનું ખાવાનું ન મળે તેને મારી દીકરી શી રીતે દઉં?

માને રોતી મૂકીને ચાંદવિનોદ પરદેશ ગયો. એક વરસ સુધી શિકાર કરી કરીને ધન કમાયો. ઘેર જઈને ખેતીવાડી લીધાં, બળદ લીધાં, તળાવડીવાળું ઘર ચણાવ્યું.

હીરાધરે હવે પોતાની દીકરીને ચાંદ સાથે પરણાવી. દાયજો લઈને મલુવા સાસરે ગઈ. ઘરની લક્ષ્મીને સાસુએ ઘરમાં લીધી. ગંગાજળનો ઘડો ભરીને પાડોશની બાઈઓએ આશિષો દીધી. સોનુંરૂપું ભેટ કરીને સહુએ સારાં શુકન કરાવ્યાં. ચાંદનો ઘરસંસાર સુખે ચાલવા લાગ્યો.

❁

ગામમાં એક કાજી રહે છે; બડો બદમાશ કાજી!

*બોડોઈ દુરંત કાજી, ક્ષેમતા અપાર,*
*ચોરે આસરા દિયા દિયા, સાઉદેરે દેય કાર.*

[બડો દુષ્ટ કાજી: અપાર સત્તાવાળો: ચોરોને આશરો આપે ને શાહુકારોને કેદખાનું આપે: પરનારીનાં શિયળ હરે.]

એક વાર તળાવડીને આરે કાજી ઘોડે ચડીને નીકળ્યો છે. ચાંદની બાયડીને એણે પાણી ભરતી દીઠી છે. દેખીને એ દીવાનો બન્યો.

*ભૂઁયેતે બાઈયા તાર પરે લંબા ચૂલ,*
*સુંદર બદન જેમુન મહુઆર ફૂલ.*

[ધરતી ઉપર જેના લાંબા કેશ ઢળી પડે છે, જેનું મોં જાણે મહુઆનું ફૂલ જોઈ લ્યો, એવી મલુવાને દીઠી.]

*આનાગુના કઇરા કાજી, હોઈલો બાઉરાં;*
*રાખિતે ના પારે મન કોરે પંખી ઉડા.*

[બાવરો બનેલો કાજી રોજ આવ-જા કરે છે. પોતાના મન-પંખીને એ ઊડતું રોકી શકતો નથી. એના દિલમાં થયું કે અહાહાહા!]

*દેશેતે ભમરા નાઇ કિ કોરિ ઉપાય,*
*ગોલાપેર મધુ તાઇ ગોબરિયા ખાય.*

[દેશમાં ભમરા નથી એટલે જ ગુલાબનું મધુપાન કીડા કરી રહ્યા છે ને!]

ખલાસીની ઓરતને ભોળવવી એમાં શી મોટી વાત છે એમ સમજીને

કાજીએ ગામની કૂટણીને બોલાવી. ધનદોલતની લાલચ દેવા એને મલુવા પાસે મોકલી:

*તારાય ગાંથિયા તાર, દિયામ ગલાર માલા,*
*દેખિયા તાહાર રૂપ, હોઈયાછિ પાગલા.*

[હે કૂટણી! જઈને કહેજે કે આકાશના તારા પરોવીને હું તારા ગળામાં માળા પહેરાવીશ. તારું રૂપ નીરખીને હું એવો પાગલ બન્યો છું.]

તળાવડીના ઘાટ ઉપર મલુવાને એકલી દેખીને કૂટણીએ કાજીની લાલચો ઠલવી. પહેલી વાર તો ડરીને મલુવા નાસી છૂટી, પણ બીજી વાર જ્યારે કૂટણી એને ફોસલાવવા આવી ત્યારે રોષ કરીને મલુવા બોલી:

*સ્વામી મોર ઘરે નાઇ, કિ બોલિબામ તોરે;*
*થાકિલે મારિતામ ઝાંટા, તોર પાક્ના શિરે.*

[આજ મારો સ્વામી નથી, એટલે તને શું કહું? નહિ તો હું તારા ધોળા માથા ઉપર સાવરણીના માર મારત.]

*કાજીરે કહિઓ કથા, નાહિ ચાઇ આમિ,*
*રાજાર દોસર સેઇ, આમાર સોવામી.*

[કહેજે તારા કાજીને કે એની માગણી મારે નથી ખપતી. મારે તો મારો સ્વામી પોતે જ રાજા બરોબર છે.]

*આમાર સોવામી શે જે પર્વતેર ચૂડા;*
*આમાર સોવામી જેમુન; રણ દૌડેર ઘોડા.*

[મારો સ્વામી તો મારે મન પહાડના શિખર સમો છે. રણસંગ્રામમાં ઘૂમતા ઘોડા સમાન છે.]

*આમાર સોવામી જેમુન, આસમાનેર ચાન;*
*ના હોય દુશ્મન કાજી નઉખેર સમાન.*

[મારો સ્વામી તો આકાશના ચાંદ સરીખો છે. પીટ્યો કાજી તો એના નખ બરોબર પણ નથી.]

કૂટણીએ જઈને મલુવાનાં વેણ કાજીને કહી સંભળાવ્યાં. કાજીનો કોપ ભભૂકી ઊઠ્યો. એણે વેર લેવા માટે ચાંદવિનોદ ઉપર હુકમ લખ્યો કે તું

પરણવાનો વેરો નથી આપી ગયો. જો આઠ દિવસમાં વેરો નહિ ભરી જા, તો તારાં ઘરબાર જપ્ત થશે.

ઓચિંતાનો હુકમ આવતાં ચાંદ પાંચસો રૂપિયા ભેળા ન કરી શક્યો. મુદત વીતી ગઈ. એના વાડીવજીફા જપ્ત થયા. ચાંદે વિચાર કર્યો:

*આમિ રહિલામ ગાછેર તલાય તાતે ક્ષતિ નાઇ;*
*પ્રાણેર દોસર મલુવારે, રાખિ કોનો ઠાંઈ.*

[હું તો ઝાડની છાંયે રહીશ, તેમાં કાંઈ વાંધો નથી. પણ મારી પ્રાણતુલ્ય મલુવાને કયે ઠેકાણે રાખીશ?]

"મલુવા વહાલી! તું તારે પિયર જા. તું આ સંકટ નહિ સહી શકે. તું તારા બાપની લાડકી દીકરી છો, તું પાંચ ભાઈની બહેન છો."

મલુવા બોલી:

*બોને થાકો, છને થાકો, ગાછેર તલાય;*
*તુમિ બિને મલુવાર, નાહિ કો ઉપાય.*

[ભલે વનમાં રહેવું પડે, ભલે ઝાડ હેઠળ વસવું પડે, બાકી તમ વિના મલુવાને બીજો આશરો નથી.]

*સાત દિનેર ઉપાસ જદિ, તોમાર મુખ ચાઈયા;*
*બોડો સુખ પાઇબામ તોમાર ચન્નામિતિ ખાઈયા.*

[સાત દિવસની લાંઘણો પણ જો તમારા મોં સામે જોતાં જોતાં કરવી પડે, તો જરીયે ફિકર નથી. ફક્ત તમારું ચરણામૃત પીવાથી પણ હું મહાસુખ પામીશ.]

મલુવાએ અષાઢ માસે નાકની નથણી વેચીને ઘરનો ગુજારો ચલાવ્યો; શ્રાવણ માસે પગનાં કડલાં; ભાદરવે બાજુબંધ; આસો મહિને રેશમી સાડી: એમ પોતાનાં વસ્ત્રાભૂષણો વેચી વેચીને સહુનું પેટ ભર્યું. અંતે કાંઈ ન રહ્યું ત્યારે ચાંદ પરદેશ રળવા ચાલ્યો; કોઈને કહ્યા વિના અધરાતે છાનોમાનો નીકળી ગયો.

મલુવાના પિયરમાં ખબર પડી કે મલુવા તો બહુ દુઃખી છે. પાંચેય ભાઈઓએ બહેને તેડી જવા બહુ મહેનત કરી, ધાન ખાંડી સુખેદુઃખે મલુવા

દિવસ વિતાવે છે.

પાછું વર્ષ પૂરું થયું. કારતક માસે ચાંદ રળીને ઘેર આવ્યો. પરણ્યાનો વેરો ભરીને પાછાં ઘરબાર જપ્તીમાંથી છોડાવ્યાં અને ધણી-ધણિયાણીના મીઠા મેળાપ થયા.

*મેવા મિશ્રી શકલ મિઠા, મિઠા ગંગા જલ;*
*તાર થાકિયા મિઠા દેખો, શીતલ ડાબેર જલ.*

*તાર થાકિયા મિઠા દેખો દુઃખેર પરે સુખ;*
*તાર થાકિયા મિઠા, જોખુન ભરે ખાલિ બુક,*

*તાર થાકિયા મિઠા જદિ પાય હારાનો ધન;*
*શકલ થાકિયા અધિક મિઠા વિરહે મિલન.*

[મેવા ને મિસરી મીઠાંઃ એથી મીઠું ગંગાજળઃ એથી મીઠું શીતળ નાળિયેર-જળઃ એથી મીઠું દુઃખ પછીનું સુખઃ એથી વધુ મીઠાશ ખાલી છાતી ભરાય તેમાં રહી છેઃ એથી વધુ મીઠી ખોવાયેલ ધનની પ્રાપ્તિ છે; પરંતુ એ સહુથી વધુ મીઠું તો વિજોગ પછીનું મિલન છે.]

કાજીએ ફરી વાર ફાંસલો નાખ્યોઃ કહેવરાવ્યું કે તારા ઘરમાં પરી જેવી ઓરત હોવાના ખબર અમારા દીવાનસાહેબને કોઈ જાસૂસે દીધા છે. અને દીવાનસાહેબે ફરમાવ્યું છે કે આજથી સાત દિવસમાં જો એ પરી દીવાનસાહેબની હજૂરમાં નહિ હાજર કરે તો તને ગરદન મારવામાં આવશે.

સાત દિવસ પૂરા થયા. ચાંદવિનોદને કેદ પકડી ગયા. અને મલુવાએ શું કર્યું?

*કાંદિયા કાટિયા મલુવા કોન કામ કરે,*
*પંચ ભાઈયે લેખે પત્ર આડાઇ અક્ષરે.*

[રોતાં રોતાં એણે પાંચ ભાઈઓને ટૂંકો કાગળ લખ્યો.]

એ કાગળ એણે બાજ પંખીની ચાંચમાં મૂક્યો. ઘણા વખતનું ટેવાયેલું પક્ષી ઇશારામાં જ જઈને પાંચ ભાઈઓને ગામ ઊડી ગયું.

પાંચેય ભાઈઓ ડાંગો લઈને પરબારા ગરદન મારવાના મેદાનમાં ગયા. ચોકીદારનાં માથાં ભાંગીને બનેવીનો જીવ બચાવ્યો. છયે જણા ઘેર

જાય, તો ત્યાં મલુવા ન મળે!

*ખાલિ પિંજરા પઇડા રયે છે, ઉઈરા ગેછે તોતા;*
*નિબે છે નિશાર દીપ, કોઇરા આંધાઇરતા.*

[પિંજર ખાલી પડ્યું રહ્યું છે. અંદરથી પોપટ ઊડી ગયેલ છે. રાત્રિનો દીવો અંધારું કરીને ઓલવાઈ ગયો છે.]

*બુકેર પાંજર ભાંગે, બિનોદેર કાંદને;*
*જાર અંતરાય દુઃખ, સેઈ ભાલો જાને.*

[આક્રંદ કરીને વિનોદનું હૃદયપિંજર ભાંગી જાય છે. એ તો જેના અંતરમાં દુઃખ હોય તે જ બરાબર સમજી શકે.]

*પઇરા રયેછે જલેર કલસી, આછે સબ તાઇ;*
*ઘરેર શોભા મલ્લુ આમાર, કેવલ ઘરે નાઈ.*

[પાણીની ગાગર પડી રહી છે. બીજું રાચરચીલું પણ રહ્યું છે. કેવળ મારા ઘરનો સાચો શણગાર – મારી મલ્લુ – જ ન મળે! ]

રડી રડીને વિનોદ પીંજરા પાસે ગયો: અંદર બેઠેલા બાજ પક્ષીને પૂછ્યું:

*બનેર કોડા, મનેર કોડા, જનમ કાલેર ભાઈ!*
*તોમાર જન્ય જદિ આમિ, મલ્લુરે ઉદિશ પાઈ.*

[હે વનના પક્ષી! હે મનના પક્ષી! હે મારા જન્મબંધુ! તારી પાસેથી મને મલ્લુનો પત્તો મળશે?]

પક્ષીને તથા પોતાની માને સંગાથે લઈ, ઘરબાર મેલીને વિનોદ વિદેશે ચાલી નીકળ્યો.

*હાઉલાતે બોશિયા કાન્દે મલુવા સુંદરી;*
*પાલંક છાડિયા બોશે જમીન ઉપરી.*

[જહાંગીરપુરના દીવાનની હવેલીમાં બેસીને મલુવા સુંદરી રડી રહી છે. પલંગ છોડીને એ ભોંય ઉપર બેઠી છે.]

રંગીલા શણગાર સજીને દીવાન એ સુંદરીને મનાવે છે. મલુવા યુક્તિ કરીને જવાબ આપે છે:

"હે દીવાનસાહેબ! મારે બાર મહિનાનું વ્રત ચાલે છે. નવ મહિના થઈ ગયા છે, હવે ત્રણ જ મહિના તમે જાળવી જાઓ. પછી હું ખુશીથી તમને પરણીશ. ફક્ત મારી આટલી પ્રતિજ્ઞા પાળવા દેજો; હું કોઈનું રાંધેલું ધાન નહિ ખાઉં, ને કોઈનું અડકેલું પાણી નહિ પીઉં; પલંગે પથારી નહિ કરું; પરપુરુષનું મોં નહિ જોઉં; આટલું જો નહિ પાળવા દ્યો તો હું જીભ કરડીને મરીશ."

ત્રણ મહિના વીતી ગયા.

*મુખેતે સુગંધિ પાન, અતિ ધીરે ધીરે,*
*સુનાલી રૂમાલ હાતે દેઉઆન પશિલો અન્દરે.*

[મોંમાં સુગંધી તાંબૂલ અને હાથમાં જરી ભરેલ રૂમાલઃ એવો ઠાઠ કરીને દીવાન ધીરે ધીરે ઓરડામાં દાખલ થયો.]

"હે દિલારામ! પલંગ પર આવો!"

"હે દીવાનસાહેબ, પ્રથમ તો મારા ગરીબ ધણીને છોડી મૂકો. એ બિચારાનો શો ગુનો છે?"

દીવાને પરગણાના કાજી ઉપર એ પ્રમાણે હુકમ મોકલ્યો.

"હવે, હે ખાવંદ! બાજ પક્ષી લઈને શિકારે જવા માટે દિલ થાય છે. કેમ કે હું શિકારીની ઘર-ધણિયાણી હતી. હું એકસામટા સો સો બાજને પકડી દઉં. ચાલો નૌકા લઈને સે'લ કરવા જઈએ."

દીવાને નૌકા શણગારી. અને મલુવાએ શું કર્યું?

પોતાના બાજ પક્ષીની ચાંચમાં બીજો કાગળ દીધો, પાંચ ભાઈઓને છૂપા ખબર દીધા.

પાંચ ભાઈઓ અને છઠ્ઠો ચાંદવિનોદ પોતાનો મછવો લઈને છૂટ્યા. આઘે આઘે નદીમાં દીવાનની નૌકા સાથે ભેટો થયો. દીવાનના માણસોને મારીને મલુવાને છોડાવી પોતાના મછવામાં ઉઠાવી ગયા.

ચાંદવિનોદના નાતીલાઓએ નિન્દા શરૂ કરીઃ

*કેહો બોલે મલુવા જે, હોઈલો અસતી;*
*મુસલમાનેર અન્ન ખાઈયા ગેલો તાર જાતિ.*

[કોઈ બોલ્યું કે મલુવા સતી નથી રહી. કોઈ કહે છે કે મુસલમાનનું અન્ન ખાવાથી એ વટલાઈ ગઈ છે. ત્રણ ત્રણ મહિના સુધી કાંઈ દીવાનના ઘરમાં ચોખ્ખાં બનીને રહી શકાય જ નહિ!]

વિનોદનો મામો મોટો ખાનદાન હતો! એણે તો કહ્યું કે વિનોદ પણ ન્યાતબહાર! નીકર કરે પ્રાયશ્ચિત! અને બાયડીને કાઢે ઘરબહાર! વિનોદે તો બ્રાહ્મણ પાસે પ્રાયશ્ચિત કર્યું.

*પરાચિતિ કોરિયા બિનોદ, ત્યજે ઘરેર નારી,*
*આધારે લુકાઈયા, કાન્દે મલુવા સુન્દરી.*

[પ્રાયશ્ચિત કરીને વિનોદે પોતાની નારી પણ તજી. અંધારે છુપાઈને મલુવા વિલાપ કરવા લાગી.]

*કોથા જાઈ, કારે કઈ મનેર બેદન,*
*સ્વામીતે છાડિલો જદિ કિ છাડে જીબન.*

["ક્યાં જાઉં? મનની વેદના કોને જઈ કહું? સ્વામીએ છોડી, પણ કાંઈ જીવતર મને થોડું છોડવાનું છે!"]

પાંચેય ભાઈઓ બહેન પાસે આવ્યા : ચાલો, બોન, આપણે ઘેર. ત્યાં તને કોઈ જાતની તાણ નહિ આવવા દઈએ.

*બાપે બુઝાય, ભાઈયે બુઝાય, ના બુઝે સુન્દરી;*
*બાહિર કામુલી હોઇયા આમિ થાકિબો સોવામીર બાડી.*

[બાપે સમજાવી; ભાઈએ સમજાવી; પણ સુંદરી માનતી નથી. એ તો કહે છે કે હું સ્વામીને ઘેર બહારની ચાકરડી બનીને રહીશ!]

હે સ્વામી!

*અન્ન જલ ના, નિતે ના પારિબો આમિ;*
*ભાલો દેઇખ્યા બિયા કોરો સુન્દરી કામિની.*

[હું તમને અન્નજલ નહિ લાવી આપી શકું. માટે સારી સ્ત્રી જોઈને તમે પરણી લ્યો.]

નાતીલાઓએ મળીને ચાંદવિનોદને પરણાવ્યો.

મલુવા ધણીને ઘેર છાણવાસીદાં કરે છે, બુઢ્ઢી સાસુની સેવા-ચાકરી

કરે છે, અને શોક્યને નાની બહેન ગણી સંભાળે છે.

એક દિવસ ચાંદવિનોદ પીંજરું લઈને બાજ પક્ષીને શિકારે ચાલ્યો. ચાલતો ચાલતો ઘોર જંગલમાં નીકળી ગયો. લપાઈને બેઠો છે. ત્યાં એને કાળા નાગે ચટકાવ્યો. પલકમાં તો ઝેર તાળવા સુધી ચડી ગયું.

*ઉઈરા જાઓ રે પશુ પાખી કઈઓ માએર આગે;*
*આમિ બિનોદ મારા ગેલામ એઈ જંગલાર માઝે.*

[ઊડી જાઓ, વનનાં પશુપંખી! અને મારી માને જઈને કહો કે ચાંદવિનોદ આ જંગલમાં મરી ગયો.]

સમી સાંજે વટેમાર્ગુઓએ માતાને જાણ કરી. સગાંવહાલાં ચાંદના શબ માથે જઈને રોવા લાગ્યાં. ફક્ત મલુવા જ હિમ્મત કરીને બોલી: "ન રડો, ન રડો, ઓ ભાઈ! પ્રથમ પરીક્ષા તો કરાવીએ કે એની નાડમાં પ્રાણ છે કે નહિ!"

કાંઠે મનવેગી-પવનવેગી નૌકા ઊભી છે: મરેલા ધણીનું માથું ખોળામાં લઈને મલ્લુ નૌકામાં બેઠી. પાંચેય ભાઈઓ હલેસાં મારવા લાગ્યા. ગારુડી વૈદના ગામનો પંથ સાત દિવસનો હતો, તેને બદલે મલુવા એક જ દિવસમાં પહોંચી.

ગારુડી વૈદે મડદાનાં નાક-મોં તપાસી માથા પર થાપટ દીધી. વિષ કમ્મર સુધી ઊતરી ગયું. કમ્મરથી ગોઠણ સુધી ઊતર્યું. ગોઠણથી ઊતરીને વિષ પગના અંગૂઠામાં ગયું. અને પાતાળમાંથી કાળા નાગે આવીને અંગૂઠેથી ઝેર ચૂસી લીધું.

ચાંદવિનોદે આંખો ઉઘાડી.

ધણીને જીવતો કરીને મલ્લુ ઘેર આવી. ગામમાં તો જેજેકાર ઊઠ્યો. લોકોએ પોકાર કર્યો કે "અરે ભાઈ! આ બેહુલાના અવતાર સમી સતીને ન્યાતબહાર રખાય? એને ન્યાતમાં લઈ લ્યો. એના હાથમાં છાણવાસીદાં ન હોય!"

વિનોદનો મામો ન્યાતનો પટેલ હતો: એણે જવાબ દીધો: "જે કોઈ મલ્લુ વહુને ઘરમાં ઘાલશે, એ ન્યાતબહાર!"

દુખિયારી મલ્લુ એકલી પડીને વિચારે છે: હાય રે! હું જીવું છું ત્યાં સુધી મારા સ્વામીના કપાળે કાળી ટીલી જ રહેવાની. સદાય મારો સ્વામી દુ:ખી થયા કરશે. એ કરતાં મારી આવરદાનો જ અંત કાં ન આણું?

મનથી મરવાનું નક્કી કરીને મલ્લુ નદીને આરે આવી. મન-પવનવેગી નૌકા બાંધી હતી તેમાં બપોર વખતે મલ્લુએ પગ મૂક્યો. પગ મૂકતાંની વાર જ –

*ઝલકે ઝલકે ઉઠે ભાંગા નાઉ સે પાનિ;*
*કોતો દૂરે પાતાલપુરી આમિ નાહિ જાનિ.*

[એ તૂટેલા નાવડામાં ઝલક! ઝલક! ઝાલક મારતાં મારતાં નદીના પાણી દાખલ થવા લાગ્યાં. મલ્લુ બોલી કે "હે નદીનાં નીર! હું નથી જાણતી કે પાતાળપુરી આંહીંથી કેટલે દૂર છે. માટે – ]

*ઉઠુક ઉઠુક આર ઓ જલ, નાઉએર બાતા બાઇયા.*

[હે વાયરા! તમે ફૂંકો! અને ભલે આ નાવમાં હજુ વધુ પાણી ચડો! ]

નાવડું ખેંચાવા લાગ્યું. નીર ભરાવા લાગ્યાં, ત્યાં તો ચાંદવિનોદની બહેન ધા દેતી આવી:

"ઓ ભાભી! તૂટેલ નાવડું છોડી દે! ઘેર ચાલ! ઘેર ચાલ!"

નાવમાંથી મલ્લુ જવાબ વાળે છે:

*ના જાઇબો ઘરે આર, શુનો હે નનદિની,*
*તોમરા સબેર મુખ દેઇખ્યા, ફાટિ છે પરાની.*

[હે નણંદબા! હવે ઘેર નહિ આવું. તમારાં સહુનાં મોં દેખીને મારી છાતી ફાટે છે. માટે – ]

*ઉઠુક ઉઠુક ઉઠુક પાનિ, ડૂબુક ભાંગા નાઉં;*
*જન્મેર મત્ત મલુવારે, એકબાર દેઇખ્યા જાઉ.*

[આજ તો ભલે આ પાણીનાં મોજાં ઉછાળા મારે! મારવા દ્યો ઉછાળા! ડૂબવા દ્યો આ તૂટેલી નૌકાને! અને છેલ્લી વાર તમે સહુ સગાં તમારી મલ્લુને નીરખી જાઓ!]

નાવડું વધુ ને વધુ ડોલવા લાગે છે. પાણી વધુ ને વધુ ભરાતાં જાય

છે, હાથ જોડીને મલ્લુ સહુને પગે લાગી રહી છે. ત્યાં તો પોકાર કરતી સાસુ વીખરાયેલે વાળે દોડી આવે છે:

"ઓ મારી વહુ! મારા ઘરની લક્ષ્મી! પાછી વળ! એક વાર પાછી વળ!'

મલ્લુ બોલે છે:

*ઉઠુક ઉઠુક ઉઠુક પાનિ, ડૂબુક ભાંગા નાઉં;*
*બિદાય દેઓ મા જનની. ધરિ તોમાર પાઉ.*

[હે માતાજી! મને રજા આપો. તમારા ચરણે પડું છું. અને ઊછળો! ઊછળો! ઊછળો હે નદીનાં નીર! ભલે ડૂબે આ તૂટેલ નાવડી!]

*ભાંગા નાઉએ ઉઠલો પાનિ, કરિ કલ કલ,*
*પાડે કાન્દે હાઉડી, નાઉ અર્ધેક હોઈલો તલ.*

[તૂટેલ નાવડીમાં પાણી કલ! કલ! અવાજ કરતાં ભરાવા લાગ્યાં છે. કિનારે ઊભેલી સાસુ રડે છે. અરધીક નાવડી તો ડૂબી પણ ગઈ છે.]

પાંચેય ભાઈઓ દોડ્યા આવ્યા, એકેએક નાતીલો દોડ્યો આવ્યો અને ભાઈઓએ સાદ કીધો કે "ઓ બોન! શીદ મરવું પડે છે? ચાલો બાપને ઘેર. સોનાની નૌકામાં બેસારીને તને તેડી જશું."

પાણીમાં ડૂબતી બહેન બોલે છે કે "હે ભાઈઓ, હવે બાપને ઘેર જવાનું ન હોય. મને રજા આપો!"

*ઉઠુક ઉઠુક ઉઠુક જલ, ડૂબુક ભાંગા નાઉ!*
*મલુવા રે રાઇખ્યા તોમરા આપન ઘરે જાઉં.*

[ઊઠો! ઊઠો! ઊઠો હે નદીનાં પાણી! ભલે નાવડી ડૂબી જતી! અને, હે વહાલાંઓ! તમે હવે મલ્લુને વળાવી પાછાં વળો! ]

"એક વાર મારા ચાંદને બોલાવો. એક વાર એનું મુખ નિહાળી લઉં. એક વાર કોઈ એને તેડી લાવો!"

તૂટતે શ્વાસે ચાંદ દોડતો આવ્યો: એણે મલ્લુને મધનદીમાં ડૂબતી દેખી: કિનારેથી એણે ધા નાખી:

"ઓ મારી આંખોના તારા! ઓ મલ્લુ! આવું કરવું'તું?"

ડોલતી-ડૂબતી નાવડીમાંથી દૂબળો સૂર આવ્યો: "હે સ્વામી! હવે સંસારમાં મારું શું કામ છે? ન્યાતીલાઓને અને સગાંવહાલાંઓને હવે મારી જરૂર નથી. હવે મને સુખેથી રજા આપો!"

ન પહોંચાય તેટલે દૂર નીકળી ગયેલી સતીને સ્વામી પુકારે છે:

*તુમિ જદિ ડૂબો કન્યા, આમાંય સંગે નેઉ;*
*એકટિબાર મુખે ચાઇયા પ્રાનેર બેદના કઉ.*

[હે સ્ત્રી! તું ડૂબવા ચાહતી હોય તો મને પણ સંગાથે લઈ લે; એક વાર મારી સામે જોઈને મને તારા પ્રાણની વેદના કહે.]

*ઘરે તૂઇલ્યા લઇબામ તોમાય સમાજે કાજ નાઈ;*
*જલે ના ડૂબિયો કન્યા, ધર્મ્મેર દોહાઈ.*

[ઓ વહાલી! હું તને ઘરમાં દાખલ કરી લઈશ. મારે ન્યાતની પરવા નથી. તું ન ડૂબીશ. તને ધર્મની દોહાઈ છે.]

"ના, ના, સ્વામી!"

*આમિ નારી થાક્તે તોમાર કલંક ન જાબે;*
*જ્ઞાતિ બંધુજને તોમાય સદાઈ ઘાટિબે.*

[હું જીવીશ ત્યાં સુધી તારું કલંક નહીં જાય. ન્યાતીલાઓ તને સદાય નિંદ્યા કરશે. માટે ઓ નાથ!

*ઘરે આછે સુન્દર નારી, તારી મુખે ચાઈયા;*
*સુખે કર ગિરવાસ, તાહારે લઈયા.*

[તારે રૂપાળી સ્ત્રી છે, તેનું મોં નીરખીને તું સુખેથી તેની સાથે તારો ઘરવાસ ચલાવજે.]

ગળાબૂડ પાણી ચડી ગયું છે. મલ્લુનું રૂપાળું મોઢું જ હવે દેખાય છે, અને પાતાળપુરીની નાગકન્યાઓ જાણે મોજાંને રૂપે મલ્લુને વીંટળાઈ વળેલ છે. એ ગળાબૂડ પાણીમાંથી મલ્લુ શું બોલે છે?

"હે ન્યાતીલાઓ! વધુ દોષિત હોય તેણે જ ચાલી નીકળવું જોઈએ. મારા સ્વામીનો બિચારાનો કશોય દોષ નહોતો છતાંયે તમે એને સંતાપ્યો. હવે હું જાઉં છું. હવે એના ઉપર નિર્દય ન થાજો!"

પૂવેતે ઉઠિલો ઝડ, ગર્જિયા ઉઠે દેઉવા,
એઈ સાગરેર કૂલ, નાઇ ઘાટે નાઇ ઢોઉવા.

[પૂર્વ દિશામાં વાવાઝોડું ઊઠ્યું છે, વરસાદ ગર્જના કરે છે અને જે સાગરને કોઈ કિનારો ન હોય, જે ઘાટ પર નૌકા ન હોય ત્યાં જવા માટે મલ્લુ આતુર થઈ રહી છે.]

ડૂબુક! ડૂબુક! ડૂબુક! નાઉ આરો બાં કો તો દૂર;
ડુઇબ્યા દેખિ કોતો દૂરે આછે પાતાલપૂર.

[ડૂબી જા! ડૂબી જા! ડૂબી જા! ઓ નૌકા! હવે કેટલુંક દૂર છે? ડૂબીને જોઉં તો ખરી, પાતાળપુરી કેટલીક છેટી રહી છે!]

પૂવેતે ગર્જિર્જલ્લો દેઉવા, છૂટલો બિષમ બાઉ,
કોઇબા ગેલ સુન્દર કન્યા, મન પવનેર નાઉ.

[પૂર્વમાં વરસાદ ગરજ્યો. તોફાની વાયરા વછૂટ્યા. ક્યાં ગઈ એ સુંદરી? ક્યાં ગઈ એ મન-પવનવેગી નૌકા? કોઈનેય ખબર ન પડી.]

# સોરઠી બોલીનો કોશ

[શબ્દો અને રૂઢિપ્રયોગો]

## શબ્દો

અખાજ: અખાદ્ય

અખિયાત: આખું, સુવાંગ

અટવાવું: ગૂંચવાઈ જવું

અડવું (અંગ): ખાલી, અલંકાર વગરનું

અડાબીડ: સંખ્યાબંધ, ભરપૂર

અણખંડી: અખંડિત

અધગાળે: વચ્ચે

અનરાધાર, અંદ્રાધાર, ઇંદ્રાધાર: મોટી ધારે વરસતો વરસાદ. (ઇંદ્ર મહારાજ વરસાવે છે એવી લોકકલ્પના છે.)

અનિયા: અન્યાય

અમલ: અફીણનો કેફ

અરઘવું: ઓપવું, શોભવું

અસમદનાં પગલાં, અસમેરનાં પગલાં, અસમાનનાં પગલાં: આસમાનમાં પગલાં, મૃત્યુકાળે પગે ચાલીને સ્મશાનમાં જઈ ચિતા પર ચડવાની વિધિ

અસરાણપત: અસુરો (યવનો)નો પતિ

અંજળ: અન્નજળ, પરસ્પરની લેણાદેણી

અંતરિયાળ: નિર્જન પ્રદેશમાં, મુકામથી દૂર, નિરાધાર સ્થળે

અંબોડાળી (ભેંસ): જેનાં શીંગડાં આંટા લઈ ગયેલાં હોય છે તે. (સ્ત્રીના માથાના અંબોડાની કલ્પના છે)

આઈ: કાઠી કોમમાં સ્ત્રીઓને બે જ સંબોધન કરાય છે: વડપણના સ્થાને બેઠેલી સ્ત્રીને 'આઈ', અને યુવાન સ્ત્રી અને સાસુ વગેરેને 'ફૂઈ'.

આઉ: પશુઓને સ્તનપ્રદેશ

આકોટો: કાનની બૂટમાં પહેરવાનું ઘરેણું

આખાબોલો: ઉદ્ધત

આગેવાળ: ઘોડાના આગળના ભાગનો સામાન

આગોણ: ચૂલાનો આગળનો ભાગ

આછટવું: પ્રહાર કરવો

આછો ડાબો: ધીરાં પગલાં (ઘોડાનાં)

આડસર: મકાનના છાપરાની વચ્ચોવચનું મોટું લાકડું

આડહથિયાર: દૂરથી ફેંકીને નહિ, પણ હાથમાં રાખીને જ જેનો ઉપયોગ થાય તેવાં, તરવાર જેવાં, હથિયાર

આડું ભાંગવું: પ્રસવ થઈ જવો

આણાત: આણું વાળીને સાસરે ગયેલી સ્ત્રી

આણું: લગ્ન પછી પહેલીવાર પિયર આવેલી કન્યાને વિધિપૂર્વક સાસરે વળાવાય એ પ્રસંગ, ઓંજણું

આતો: કણબી અને ખાંટ કોમમાં વડીલને 'આતો' કહેવાય (મૂળ અર્થ: પિતા)

આથમણું: સૂર્યાસ્તની દિશામાં, પશ્ચિમે
આથેય: ગમે તે
આદો: આવ્યો (ચારણી શબ્દ)
આફળવું: અફળાવવું, લડવું
આભલાં: (1) અરીસા, (2) અરીસાના કાચનાં નાનાં ચગદાં (અસલ સ્ત્રીઓના ભરતકામમાં હતાં.)
આરદા: પ્રાર્થના
આરો: બચાવ (મૂળ અર્થ: કિનારો)
આવડ: એ નામની દેવી
આસેં: આંહીં
આંબવું: પહોંચવું, પકડી પાડવું
ઉગમણું: સૂર્ય ઊગવાની દિશા
ઉચાળા: ઘરવખરી
ઉતાર (અફીણનો): અફીણ વખતસર ન ખાવાથી અંગમાં આવેલું નિશ્ચૈતન્ય
ઉનત્ય: ઊલટી, વમન
ઉપરવાસ: નદીનું વહેણ આવતું હોય તે દિશા
ઊગટો: (ઘોડાનો) તંગ ખેંચવાની વાધરી
ઊજળે મોઢે: આબરૂભેર
ઊભા મોલ: તૈયાર પાક
ઊભે ગળે: સારી પેઠે
ઊંડવઢ: ઊંડો રસ્તો
એકલોયા: એક જ લોહીના, દિલોજાન
એન: સારી પેઠે
ઓઘો: કડબનો ઢગલો
ઓડા: અંતરાય, આડશ
ઓણ સાલ: આ વરસ, આ સાલ
ઓતરાદું: ઉત્તર દિશાનું
ઓથ: આશરો
ઓર: જન્મેલા બચ્ચાને શરીરે બાઝેલું ચામડીનું પડ
ઓરમાયો: સાવકો
ઓરવું: નાખવું
ઓરિયો: માટી
ઓલ્યા: પેલા
ઓસાણ (ઓહાણ): સ્મરણ
ઓળઘોળ: ન્યોચ્છાવર
ઓળીપો: ગારગોરમટી, લીંપણ
ઓંજણ: પિયરથી સાસરે આવતી ગરાસણીનું વેલડું
કગરુ: હલકા દૂધ (વર્ણ)ના ગુરુ
કટક: સૈન્ય
કટાબ: કોરેલ (કાપડું) જેના ઉપર ઝીકસતારાનું ભરતકામ થાય છે તે કપડું
કડાકા: લાંઘણ, ઉપવાસ
કડે કરવું: અંકુશમાં લાવવું
કઢીચટ્ટા: એંઠ ખાનાર, ઓશિયાળા, દાસ
કણરો: કોનો (ભારુ શબ્દ)
કણસવું: ખટકવું
કનેરીબંધ નવધરું: લાલ મધરાશિયાને લાંબું સંકેલીને વચ્ચે વચ્ચે કનેરી મોળિયું વીંટીને પાઘડી બંધાય છે; રાજા કે વરરાજા બાંધે રાજા પાઘડી ઉપર નવ ગ્રહથી ખચિત શિરપેચ ગુચ્છો લગાવે છે. આવી કનેરીબંધ (નવગ્રહના ગુચ્છપેચવાળી) પાઘડી
કબંધ: ધડ
કમણ (ચારણી શબ્દ): કોણ
કમોત: ખરાબ રીતે થયેલું મોત
કરડાકી: કડકપણું, સખતાઈ
કરમાળ: તરવાર
કરલ: કરચલી
કરાફાત: અજબ બલવાન
કરિયાવર: દીકરીને પહેરામણી

કરો: ઘરની બાજુનો ભાગ (પાછલી પછીત અને બાજુના કરા કહેવાય)
કવાળસ: કૈલાસ
ક'વાય: કહેવાય
કસટાવું: કષ્ટ પામવું, 'અરરર! અરરર!' કરવું
કસાયેલ: કસેલું, જોરાવર
કસુંબલ, કીડિયા ભાત: કાળા પોતમાં ગોળ ઝીણી ઝીણી ભાત, બોરિયું
કસુંબો: અફીણના ગોટાને ખરલમાં ઘૂંટીને, તેમાં પાણી નાખી પાતળું પ્રવાહી બનાવીને બંધાણીઓ પીએ છે. તેનો રંગ ઘેરો લાલ હોવાથી 'કસુંબલ' પરથી 'કસુંબો' કહેવાય છે.
કળવળથી: યુક્તિથી
કળશિયો: લોટો
કળશી: 20 મણ (અનાજનું વજન); કોઈક 16 મણ પણ ગણે છે.
કળાયું (સ્ત્રીના હાથની): કોણીથી કાંડા સુધીનો ભાગ
કાટકવું: હલ્લો કરવો
કાટલ: કટાયેલ
કાઠાની કદાવર: શરીરે પડછંદ
કાઠું: અસલના વખતામાં ઘોડા ઉપર માંડવાની લાકડાની બેઠક
કાતરા (દાઢીના): દાઢીની બેઉ બાજુએ વધારેલ લાંબા વાળ
કામવું: રળવું
કામળો (ગાયનો): કંઠે ઝૂલતું ચામડીનું પડ
કારસો: કળા, ઇલાજ
કાલી: ગાંડી
કાળકમો: કાળાં કામ કરનાર
કાળજ: કલેજું
કાળમીંઢ: કાળા કઠણ પથ્થરની જાત
કાળમુખી: અમંગળ
કાળો કામો: ખરાબ કૃત્ય, હલકું કામ
કાંકરી: સોગઠી (ચોપાટની)
કાંટ્ય: ઝાડી
કીડીઓનું કટક: હારબંધ એકી સાથે કીડીઓની જેમ ચાલવું તે
કીરત: કીર્તિ
કીસેથી: ક્યાંથી (ચારણી શબ્દ)
કુડલો: (1) ઘાડવો, (2) તેલ રાખવાનું ચામડાનું વાસણ
કુંખ: ગર્ભ, પેટ
કુંડળ્ય: કુંડળી, લાકડી જડવાની ભૂંગળી
કુંભીપાક: નરક
કુંવરપછેડો: રાજાઓના પુત્રના જન્મ વખતે થતી પહેરામણી
કૂડી કૂડી: વીસની સંખ્યાબંધ, અનેક
કૂબા: (1) ઢાલ ઉપરનાં ચાર ટોપકાં, (2) માટીનાં નાનાં ઘર
કૂમચી: ચાબુક
કેની કોર: કઈ બાજુ
કોકરવાં: કાનની વચ્ચે પુરુષને પહેરવાનાં ઘરેણાં
કોટિયું: મુખ્યત્વે પુરુષને પહેરવાનું ઘરેણું, ચોરસી, કાંઠલી
કોઠો: (1) કિલ્લાનો કોઠો, (2) હૃદય
કોલું: શેરડીનો રસ કાઢવાનો સંચો
કોળી: હાથના પંજામાં પકડી શકાય તેટલું માપ
ક્યડી: જે ઘોડીની કેશવાળી તથા પૂંછડાનો રંગ કાળો ને શરીર રાતું હોય, તેને ક્યડી કહેવાય

ખડકીના ઠેલ: બારસાખની અંદરના ભાગે બારણું ટેકવવાનું લાકડું
ખડાં છોગાં: મોટાં, ઊભાં છોગાં
ખપેડા: દેશી ઘરના છાપરામાં નળિયા નીચે વળીઓ ઉપર વાંસની ચીપોને સીંદરીથી બાંધી નળિયાં રહી શકે તેવો માળખો તૈયાર થાય તે
ખમૈયા: ક્ષમા
ખરચી: પૈસો
ખવીસ: ભૂતપ્રેત
ખળાવા (જમીન): પંદરેક ફૂટ ત્રિજ્યાની જમીન (જેના પર ખળું થઈ શકે)
ખળું: સીમમાં પાકેલાં ડૂંડાં લણીને ગામને પાદર લાવી ગાર લીંપી તેમાં ઢગલો કરી, તે પછી બળદનું હાલરું કરી ડૂંડાંમાંથી દાણા છૂટા પાડવાની જગ્યા
ખળું થઈ જવું: ઢગલો થઈ જવો
ખળેળવું: મૂત્ર કરવું
ખંડાવું: ખંડિત થવું
ખંપાળી: ખેડૂતોનું લાકડાનું દાંતાવાળું, પાવડાના આકારનું ઓજાર
ખાજલી, લેરિયું અને સાંકળી ભાત: ગોળગોળ જલેબીના ગૂંચળા જેવી ભાત, દરિયાનાં મોજાં જેવી તરંગિત લીટીની ભાત, સાંકળ જેવી ભાત (રોટલા ઘડનારના હાથનાં ઘરેણાથી રોટલામાં પડતી ભાત)
ખાડું: ભેંસોનું ટોળું
ખાબકવું: ઝંપલાવવું
ખાલ: ચામડી
ખાસદાર: ઘોડાનો રખેવાળ
ખાંપણ: કફન
ખુટામણ: વિશ્વાસઘાત
ખૂટલ: વિશ્વાસઘાતી
ખૂંટ: જમીનની સીમા દર્શાવતું નિશાન
ખૂંદણ: (ઘોડાં) પગ પછાડે તે
ખેપટ: ધૂળ
ખોઈ: પછેડીના છેડા સામસામે બાંધી બનાવેલી ઝોળી
ખોખરધજ: ઘરડું, જબ્બર શરીરવાળો પુરુષ ('કુક્કુટધ્વજ' પરથી ખોખડધજ)
ખોટીલાં (ઘોડાં): ખામીવાળાં (આંખ નીચે, દાઢી ઉપર, હૃદય ઉપર, ડોકના મૂળમાં, કાન પાસે, ઢીંચણ ઉપર, જમણે પગે વગેરે સ્થાને ભમરી હોય એ ઘોડાં ખોટીલાં ગણાય)
ખોભળ: કુંડલી, ભૂંગળી
ખોભળા: વઢિયારા બળદનાં શીંગડાંને પહેરાવવાનો ભરત ભરેલો શણગાર
ખોળાધરી: બાંયધરી, જામીન
ખોળો ભરવો: સ્ત્રીનું સીમંત ઊજવવું
ગજાદાર: ઊંચા કદનો
ગજાસંપત: યથાશક્તિ
ગડેડવું: ગર્જના કરવી
ગઢવો: ચારણ (અસલ ચારણને ગઢની ચાવીઓ સોંપાતી તે પરથી)
ગણ: ગુણ, ઉપકાર
ગદરવું: ગુજારો કરવો
ગબારો: આકાશ સુધી ઉછાળો
ગભરુડાં: ગરીબડાં
ગભૂરડા: નાના નિર્દોષ બાળકો
ગરજાં: ગીધ
ગલઢેરો: કાઠી દરબાર
ગલઢો: ઘરડો
ગસત: ગિસ્ત, ફોજ
ગહેકાટ: ટૌકાર

ગળ: ગોળ
ગળથૂથી: જન્મેલા બાળકને ગોળનું પાણી પાવાની વિધિ
ગળહાથ, ગળાત: ગળાના સોગંદ, ગળાથ, ગળે હાથ, સોગંદ (જે માણસના સોગંદ ખાવાના હોય તેની ગરદને હાથ મુકાય છે.)
ગળામણ: મિષ્ટાન્ન
ગળા સુધી: ઠાંસી ઠાંસીને
ગળ્યું: મીઠું
ગંગા-જમની તાર: હોકામાં મઢેલા સોના-રૂપાના તાર
ગાડાખેડુ: ગાડું હાંકનાર
ગાડાના ગૂડિયા: પૈડાં પાછળ રહીને, ગાડા નીચે રહીને
ગાડાંની હેડ્ય: ગાડાંની હાર
ગાભા જેવી: ઢીલી
ગાભો: લૂગડાંનો ડૂચો
ગામડી: ગામડું
ગામતરું: પ્રવાસ
ગામતરું થવું: મૃત્યુ થવું
ગામોટ: ગામનો બ્રાહ્મણ, જે સંદેશો લઈ જવા વગેરેનું કામ કરે છે.
ગાળ બેસવી: કલંક લાગવું
ગાળી: ખીણ, નળ્ય
ગાંદળું: પિંડો
ગિસ્ત: ફોજ
ગીગી: દીકરી
ગૂડી: ભેંશના ગોઠણ
ગૂઢાં: ઘેરાં, કાળા ભૂખરા રંગના
ગોકીરો: બૂમાબૂમ
ગોઠ: ઉજાણી, ગોષ્ઠી, આનંદ-પ્રમોદ
ગોબો: ગઠ્ઠાવાળી લાકડી
ગોરમટી: લીંપણ કરવાની ધોળી માટી
ગોલકીનો: ગુલામડીનો (કાઠીઓમાં પ્રચલિત ગાળ)
ગોલા: ગુલામ, રાજમહેલના ચાકરો
ગોવાતી: ગોવાળ
ઘર કરવું: લગ્ન કરવું
ઘાણ્ય: ગંધ
ઘારણ: ગાઢ નિદ્રા
ઘારણ વળી જવું: ગાઢ નિદ્રામાં પડવું
ઘાંસિયા: ઘોડાના પલાણ પર નાખવાની ગાદી
ઘુઘવાટ: ગર્જના
ઘેઘૂર: મસ્ત
ઘેરો: ટોળું
ઘોંકારવું: ઘોંચવું
ચડભડવું: બોલાચાલી થવી
ચડિયાતી આંખો: આંખના ગોખલામાંથી બહાર નીકળતી, મોટી આંખો
ચરણિયો: ઘાઘરો
ચસકાવવું: ત્વરાથી પીવું
ચંભા: તોપથી નાની બંદૂકોના મૂઠી જેવડા ગોળા
ચાડીકો: તપાસ રાખનાર
ચાડીલો: હઠીલો
ચાપડા ભરેલી (લાકડી): ત્રાંબા- પિત્તળના તારથી ગૂંથીને ચોરસ ભાત પાડેલી
ચાપવું: પુરુષના કાનની બૂટમાં પહેરવાનું સોનાનું ઘરેણું
ચારજામો: ઘોડા પરનું પલાણ
ચાળો: વિચિત્ર હાવભાવ
ચાંદરાત: બીજની તિથિ
ચાંદૂડિયાં: વાંદરા-નકલ
(ઘોડી) ચાંપવી: દોડાવી મૂકવી

ચિચોડો: શેરડીનો રસ કાઢવાનો સંચો, કોલુ
ચૂડાકર્મ: વિધવા થતાં સ્ત્રીની ચૂડી ભાંગવાની ક્રિયા
ચે: ચેહ, ચિતા
ચોકડું: લગામ
ચોથિયું: ચોથો ભાગ
ચોલટા: ચોર
ચોળિયું: પાણકોરું
ચોંપ: ઝડપ, સાવચેતી
છાપવું: પ્રવાહી વસ્તુની અંજલિ લેતાં હથેળીમાં પડે તે ખાડો
છાલકાં: ગધેડાં પર બોજો ભરવાનું સાધન
છૂટકો: નિકાલ
છોઈફાડ: લાકડામાંથી છોઈ ઊતરે તેટલો, લગાર
જગનકુંડ: યજ્ઞકુંડ
જડધર: શંકર
જનોઈવઢ ઘા: જનોઈનો ત્રાગડો પહેરાય તે રીતે, ડાબા ખભા ઉપરથી ગળા નીચે થઈને હૃદય સુધીનો ઘા
જબરાઈ: બળાત્કાર
જમણ: દિવસ
જરવું: પચવું
જવાસાની ટટ્ટી: સુગંધી વાળાનો પડદો
જંજરી: હોકો
જંજાળ્ય: મોટી બંદૂક
જીએરા: કચ્છના રાજાને લગાડવામાં આવતું સંબોધન (મૂળ અર્થ 'જીવો રાજા')
જાંગી: સીંચોડાનું મુખ્ય લાકડું
જીમી: કાઠિયાણીને ઘાઘરાને બદલે પહેરવાનું લુંગી જેવું છૂટું વસ્ત્ર
જુગતિ: યુક્તિ, જોવા જેવું
જુંબેદાર: જામીન, ખોળાધર
જેતાણું: જેતપુર
જોગટો: દંભી જોગી
જોગમાયા: દેવી
જોગાણ: ઘોડાને ખવરાવવાની ચંદી
જોડીદાર: સાથી, સરખી જોડીનો
જોધારમલ: અલમસ્ત
ઝડ: લૂંટ
ઝડવઝડ (દિવસ): સૂર્યાસ્તનો સમય
ઝંઝાળ: જુઓ જંજાળ્ય
ઝંટિયાં: વાળનાં જુલ્ફાં
ઝાઝી વાત: મોટી વાત
ઝાટકા: તરવારના ઘા
ઝાપટવું: ખંખેરવું
ઝાંતર: ગાડાની નીચેના ભાગમાં ચીજો મૂકવાનું ખાનું (ભંડારિયું)
ઝીંકવું: ઝંપલાવવું
ઝૂમણું: ડોકનો દાગીનો
ઝૂંપી: ચિતા
ઝોક: ઢોરને રાખવાનો વાડો
ઝોંટ: આંચકો
ટપારવું: પ્રશ્ન કરવો
ટપુડિયાં: નાનાં
ટશિયો: ટીપું (લોહીનું)
ટાટકવું: હલ્લો કરવો
ટંક: જમવાનું ટાણું
ટંટાળ: ઉપાધિ
ટાઢી છાશ: શિરામણ
ટાઢો: ઠંડો
ટાબરિયાં: છોકરાં
ટારડી: હલકી ઘોડી
ટીલડી: કપાળનું મધ્યબિંદુ
ટીંબી: ગામ ખંડિયેર થઈને દટાયા પછી ઢોરો થઈ જાય એ જમીન, ટીંબો

ટૂટજૂટ: તૂટેલી
ટૂંપાવો (જીવ): મૃત્યુ વખતે પ્રાણ દુઃખી થાય, જીવ જલ્દી ન નીકળે તે
ટેવવું: અનુમાન કરવું
ટોયલી: નાની લોટી
ટૌકો: અવાજ
ઠબવું: અડવું
ઠાણ: ઘોડાર
ઠામ: વાસણ
ઠુંગો: કસુંબો લીધા પછી ખાવામાં આવતો ગળ્યો નાસ્તો
ઠેરવવું: નિશાન તાકવું
ઠોંઠ ઠાપલી: તમાચો
ડણક (સિંહની): ગર્જના
ડમ્મર: વંટોળિયાની ડમરી
ડંકવું: વેદનાના સ્વરો કાઢવા
ડાટો: ઢાંકણ (બૂચ)
ડાઢવું: કટાક્ષ વચન બોલવું
ડાબા: ડાબલા, ઘોડાના પગની ખરી
ડાભોળિયું: ઘાસનો કાંટો
ડાલા: સૂંડલા
ડૂકવું: થાકી જવું
ડૂંઘો: હોકો
ડેરા: તંબૂ
ડોર: માળાનો મેર
ડોઢી: મકાનને દરવાજે બંને બાજુ રાખેલી બેઠક
ડોરણું: બોરિયું, બટન
ડોંચવું: ખેંચવું
ઢાળું: ઢળેલું – તરફ
ઢાંકેલ-ઢૂંબેલ: સહીસલામત
ઢીબવું: મારવું
તમુંહી: તમને (કાઠી શબ્દ)
તરકટ: કાવતરું
તરઘાયો ઢોલ: યુદ્ધ વખતનો ઘેરા અવાજે વાગતો ઢોલ
તરફાળ: ખભે રાખવાનું ઝીણા પોતનું ફાળિયું, ઉપવસ્ત્ર
તરિયા: તરનાર માણસો
તરિંગ: (ઘોડાની) પીઠનો પાછલો ભાગ
તળાજું: તળાજા ગામનું હુલામણું નામ
તા: ઉશ્કેરાટ
તાજમ: અદબ વ્યક્ત કરતી ચેષ્ટા
તાણ: આગ્રહ
તારવવું: માર્ગ બદલવો
તાશેરો: બંદૂકોના સામટા ભડાકા
તાંત: કપાળે પહેરવાનું ઘરેણું
તાંસળી: કાંસાનો મોટો વાટકો
તેરમું: મૃત્યુ પછી તેરમા દિવસનું જ્ઞાતિભોજન
તરેલું: બળદની જોડી
તોરીંગ: ઘોડા
તોળવી (બરછી): ઉગામવી
ત્રસકાં: ટીપાં
ત્રહકી રહી: નીતરી રહી
ત્રાટકવું: હલ્લો કરવો
ત્રાંબા જેવા: ત્રાંબાવરણી ભાત ઊપસે એટલા શેકીને કડકડા બનાવેલા (રોટલા)
થાનેલેથી: સ્તન પરથી
થાનેલું (-લો): સ્તન
થેપાડું: પ્રૌઢ વયની સ્ત્રીઓ ચણિયાને સ્થાને પહેરે છે તે લાલ રંગનું વસ્ત્ર, જેને નાડી નથી હોતી પણ ગાંઠ વાળવામાં આવે છે.
દખણાદું: દક્ષિણ દિશામાં
દડેડા: ધારાઓ
દવલું (દુ+વહાલું): અપ્રિય

દશ્ય: દિશા
દસ્તો: ભોગળ
દહાડી: રોજિંદી મજૂરી
દાખડો: મહેનત
દાગવું: પેટાવવું, સળગાવવું
દાણ: વેરો
દાણિયા: દાવ
દાણિગર: કરજ
દાળદર ભુક્કા: ગરીબીનો નાશ
દીમની: દિશામાં
દૂડદમંગળ: મોટી
દૂધમલિયું: દૂધ ખાઈ ખાઈને જોરાવર ને કાંતિવાન થયેલું
દૂધિયું: ઠંડાઈ (બદામ, તરબૂચનાં બી, ખસખસ, તીખાં, ગુલાબની સૂકી પાંખડી વગેરે વાટી-પલાળીને ખાંડ ઉમેરીને ઉનાળામાં પિવાતું દૂધનું પીણું)
દેકારા: શૌર્યોત્તેજક હાકલા
દોઢી: દરવાજાની ડેલીના નીચેના બંને ઓટલા
દોઢ્ય: વચ્ચેથી બેવડાવેલું
ધડકી: ગોદડી
ધડૂકવું: વાદળમાં કડાકા ધડાકા થવા
ધધડાવવું: ઠપકો દેવો
ધમાકા દેતી: વેગવંત ગતિથી
ધમેલ: ધગાવેલ
ધરપત: ધીરજ
ધરવવું: તૃપ્ત કરવું
ધરાવું: તૃપ્ત થવું
ધા: નિસાસો
ધા નાખવી: દુઃખ પડ્યાના પોકાર કરવા, ધાપોકાર કરવો
ધામોડા: અવાજ
ધાર: નાની ટેકરી
ધારોડા: ધારાઓ
ધીંગા: જાડા, મજબૂત
ધીંગાણું: લડાઈ
ધૂડિયું વરણ: ધૂળમાંથી અન્ન પકવે એ વર્ગ, ખેડૂતો
ધૂંધળો: ધૂલિ-ધૂસર, ધૂળ ઊડવાને લીધે ભૂખરો થયેલો
ધોખો: મનદુઃખ
ધોબો: એક હાથનો ખોબો
ધોમચખ: ખૂંખાર
ધોમ તડકો: સખત તાપ
ધોળી શેરડી: ભરૂચી દેશી શેરડી
ધ્રાગડિયું: મજબૂત
ધ્રાસકો: ફાળ
ધ્રોપટ: વેગથી
ધ્રોપટ: સોંસરવઢ, આરપાર
નખ્ખેદ: તોફાની
નગરનો ફાળિયો: વીસ હાથનું જામનગરમાં વણેલું માથાબંધણું; તેના વણાટવાળા કાળા છેડામાં સોનેરી તાર વણેલા હોય છે.
નરપલાઈ: હરામખોરી
નવઘરું: પાઘડી
નવા દી: નવરાત્રિથી માંડી દિવાળી સુધીના દિવસો
નળગોટાં: ગળાનો હરડિયો
નળો (હાડકાનો): પગનું હાડકું
નળ્ય: ઊંડો ને સાંકડો રસ્તો
નંદવાય (ચૂડલી): સધવા નારીની ચૂડલી તૂટે તેને ‘નંદવાય’ કહેવાય. (‘તૂટવું’ એ અ-મંગળ શબ્દ હોઈ વૈધવ્ય વખતના ચૂડીકર્મનું સૂચન કરે છે.)

નાડાછોડ: પેશાબ
નાતરું: પુનર્લગ્ન
નાનડિયા: નાની ઉંમરના
નામચા: નામના
નિવેડો: નિર્ણય
નેરું: નાની, ઊંડી નદી
નેવણ: ડામણ
નોખનોખા: જુદા
નોંધવું: તાકવું
પખતી: પહોળી
પખાળવું: પ્રક્ષાલવું, ધોવું
(કુળનાં) પખાં: (માતૃ-પિતૃ બંને) પક્ષો
પઘડાં: સોગઠાં
પછીત: ભીંતનું પછવાડું
પટાધર: થોભાદાર, શૂરવીર
પડઘિયાવાળું: નીચે છાજલીવાળું
પડધારા: ડુંગરની ઢળતી બાજુ, ઢોળાવ
પતીકાં: ટુકડા
(ત્રણ) પરજ: કાઠી કોમની ત્રણ શાખા: ખાચર, ખુમાણ ને વાળા
પરજેપરજા: ટુકડેટુકડા
પરડિયા: બાવળની શીંગો
પરનાળાં: પ્રણાલિકા, ધારાઓ
પરબોળિયા: વાડ પર ચડતી જાંબલી ફૂલવાળી વેલ થાય તેની શીંગો
પરમાણ: સાર્થક
પરવાળા: ઘેરા ગુલાબી, પ્રવાલ જેવા
પરિયાણ: પ્રયાણ, તૈયારી
પરિયાં: પૂર્વજો
પરોણાગત: મહેમાની
પરોણો: મહેમાન
પલાણ: ઘોડા ઉપરનો સામાન
પલાણવું: ઘોડે ચડવું
પહર: રાત્રિને પાછલે પ્રહરે ભેંસને ચરવા લઈ જવી તે
પળી બે પળી: પાશેર, અધશેર
પંગત: પંક્તિ, હાર
પંચાતિયા: વિષ્ટિકારો
પંથક: પ્રદેશ
પંડે: પોતે
પાકટ (ઉંમર): વૃદ્ધાવસ્થા
પાઘડું (પેંગડું): ઘોડે ચડવાની રકાબ
પાટકવું: ભટકવું
પાટિયો: અનાજ રાંધવાનું માટીનું વાસણ
પાટી: કાઠીઓમાં પુત્રોને વારસામાં જમીન વહેંચાય અને જે ભાગ મળે તે
પાટી (માથાની): સેંથાની બંને બાજુએ લમણા પર ચપટા ઓળેલા સ્ત્રીના વાળ
(લોહીનાં) પાટોડાં: ખાબોચિયાં
પાઠાં: ઘોડા પરના કાઠાની બે બાજુનાં લાકડાં
પાણકોરું: ધોયા વગરનું જીન નામનું કાપડ
પારખવું: ઓળખવું
પારેવડાં: કબૂતર જેવાં ગરીબડાં બચ્ચાં
પાલવડાં: વસ્ત્રો ('પલ્લવ' પરથી)
પાસાબંધી કેડિયાં: લાંબી બાંય, છાતી ઉપર કસો અને પેટ ઉપર ઘેરવાળું દેશી પ્રજાનું પુરુષ-વસ્ત્ર
પાળ: સૈન્ય
પાળ્ય: ગામના રક્ષણને બદલે અપાતું મહેનતાણું
પાંખા: આછા, છૂટાછવાયા
પાંદડી: કાનના ઉપલા ભાગમાં પહેરવાનું ઘરેણું

પાંભરી: 'ટાઈ એન્ડ ડાઈ,' બાંધણથી બનાવેલો રેશમી રૂમાલ, પુત્રજન્મ થતાં તેને પાંભરી અને પુત્રી જન્મ થતાં ચૂંદડી ઓઢાડાય
પાંસળ: પાસે
પિયાલા (જેવી તલવાર): પ્રિયાલ (વીજળી) જેવી ચમકતી અને ગતિમાં ત્વરિત ફરતી તલવાર
પીંગલે: ઘોડિયે
પીંછી: (તલવારની) અણી, પૂંછડાનો ભાગ
પુલકાવળ: રોમાંચ
પૂછ્યાનું ઠેકાણું: સલાહ લેવા લાયક
પેટ: સંતાન
પેટ પીડ: પેટનો દુ:ખાવો
પેટ સારુ: આજીવિકા માટે
પેડાં: દહીં જમાવવાનાં માટીનાં દોણાં
પેનીઢક: પગની પાની સુધી ઢળકતો (પહેરવેશ)
પેપડી: પીપરના ઝાડનાં કૂણાં ફળ
પો ફાટવાનો સમય: સૂર્યોદય પહેલાંનો સમય
પોગવું: પહોંચવું
પોટલીએ: કુદરતી હાજતે
પોડાં: પડ
પોતિયું: નાહવા માટેનું ધોળું ઝીણું પનિયું, ધોતિયું
પોથી: એ નામની વનસ્પતિ જેનાં બિયામાંથી દાંત રંગાય છે.
પોથીના લાલ રંગમાં રંગેલા દાંત: લાલ મજીઠ – પોથીના ગોળ રૂપિયા જેવડાં પતીકાં આવે છે. તેનાથી સ્ત્રીઓ દાંત રંગે છે. (રાત્રે મોંમાં આંબલિયા વિનાની આંબલી ઠાંસોઠાંસ ભરીને ઓટલા પર બેસીને સ્ત્રીઓ મોંમાંથી લાળ વહેતી મૂકે; સવારે આંબલી કાઢી નાખે ત્યારે દાંત અંબાઈને ખાટા થઈ ગયા હોય, તેના પર પોથીનાં પતીકાં મૂકી, મોઢું બીડીને સ્ત્રી સૂઈ જાય. સાંજે ઊઠે ત્યારે ખાટા દાંત પર મજીઠનો લાલચોળ રંગ બેસી ગયો હોય.)
પોરસ: ઉત્સાહ
પોરસ: હોંશ, ગર્વભર્યો આનંદ
પોરસીલો: ઉદાર
પોરો: વિસામો
પ્રજરાણ: ત્રણે પરજ (શાખા)ના કાઠીનો શિરોમણિ
પ્રલેકાર: પ્રલય, જળબંબાકાર
પ્રાગડના દોરા: પ્રભાતનાં કિરણ.
પ્રાગડ વાસી: પ્રભાત થયું
ફટકો: ધાસ્તી
ફટાયો: નાનો કુંવર (રાજ્યને બે કુંવર હોય તેમાં મોટો 'યુવરાજ' ને નાનો 'ફટાયો' કહેવાય. મોટાને વારસામાં ગાદી મળે, નાનાને ગરાસ મળે.)
ફડકો: બીક
ફડશ: અરધોઅરધ
ફણું (ભાલા-બરછીનું): ઉપરનો લોઢાનો મુખ્ય ભાગ
ફસફસવું: ખદખદવું
ફાટ્ય: અભિમાન, ખુમારી
ફાટી પડવું: મરી જવું
ફાળિયું: ખેસ, દુપટ્ટો
ફાંદ્ય: પેટ
ફાંફળ: લાંબો રસ્તો, જેમાં વચ્ચે ગામડું ન આવે
ફુઇયારું: ફોઈબાને આપવાની ભેટ
ફુલેકો: વરઘોડો (અસલ શબ્દ 'ફુલેકું')

ફૂટ્ય: જખમ
ફૂલ: પુરુષના કાનની ઉપલી ફાટકમાં પહેરવાનું ગોળ મોટું ઘરેણું
ફેરમાં (જવું): ફરીને લાંબે રસ્તે
ફેરો: લૂંટ
ફેંટા: ઉભડક સાફા
બખોલ: ભોંયરું
બગબગું: મોંસૂઝણું
બટકાવવું: બુકડાવવું
બટકાં લેવરાવવાં: સામસામા કોળિયા ભરાવી જમવું - જમાડવું
બઘડાટી બોલાવવી: ત્રાસ વર્તાવવો
બડૂકો: ધોકો
બતક: પાણી ભરવાનો બતક આકારનો કૂંજો
બથોડાં: તોફાનમસ્તી
બલોયાં: અસલી ચૂડલી (સંસ્કૃત 'વલય' પરથી)
બંકો: બહાદુર
બાઉઝત: બાઉના અથવા બાઉ કુળના પુત્ર
બાઘોલું: દિગ્મૂઢ
બાટકવું: લડવું
બાટાચૂટ: ઝપાઝપી
બાધી: બધી
બાનડી: બાંદી, દાસી
બાવળો: જેના ચારે પગ અને ગરદન સફેદ હોય, ને શરીરના શ્વેત રંગ પર રાતી ભાત હોય તે પ્રાણીનો રંગ 'બાવળો' કહેવાય
બાંઠિયો: ઠીંગણો
બીઠું: બેઠું
બુંબાડ: બુમરાણ, રીડિયામણ
બૂડી: ભાલાનો નીચેલો છેડો
બૂંગણ: પાણકોરામાંથી સીવીને તૈયાર કરેલું મોટું પાથરણું, મોદ
બેરખ: આરબની પલટન
બેરી, ફૂલમાળ, રેશમ, વાંદર્ય, તાજણ: ગુણ-સ્વભાવ પ્રમાણે કાઠીઓમાં ઘોડીને અપાતાં કેટલાંક નામ
બેલડી: યુગલ
બોકાસાં: ચીસો
બોખ: ડોલ, બાલદી
બોઘરાં: પિત્તળનાં બનેલાં દૂધ દોહવાનાં વાસણ
ભગદાળું: ખાડો
ભટકાવું: અફળાવું
ભરખ: ભક્ષ
ભરણ: આંખમાં આંજવાની ચિમેડની દવા
ભલકારા: 'ભલે! ભલે!' કહીને શાબાશી દેવી
ભલકી: ભાલું
ભળકડું: વહેલી સવારનો થોડોક ઉજાસ, મોંસૂઝણું
ભળકડું (મોટું): રાત્રિનો છેલ્લો પ્રહર
ભંભલી: પાણી રાખવાનો માટીનો મોટો ચંબુ
ભંભોલા: ફોલ્લા
ભાઠાળી: ભાઠાવાળી (ઘોડાની પીઠ ઉપર પલાણ ઘસવાથી જખમ પડે છે, તેને ભાઠું કહે છે.)
ભાઠો: પથ્થર
ભાણું: થાળી, વાસણ
ભાણું સાચવવું: કાળજીપૂર્વક જમાડવું
ભાતભાતના પારા: રંગબેરંગી મોટાં મોતી
ભાતલું: સવારનો નાસ્તો
ભાભી: ચારણ અને કાઠી કોમોમાં ભાઈની પત્નીને ભાભી ન કહે, નામથી બોલાવે. ભાભી સંબોધન અપમાનકારક ગણાય.
ભારથ: યુદ્ધ (મહાભારત પરથી)

ભાવેણું: ભાવનગરનું હુલામણું નામ
ભીનલો વાન: સહેજ શ્યામ રંગ
ભુજાની અંજલિ: હથેળી સંકોચીને છાપવું કરી તેમાં ભરેલો કસુંબો
ભૂખલ્યાં: ક્ષુદ્ર
ભે: ભય
ભેડા: નદીના કાંઠા
ભેરવ: એ નામનું પંખી જેની ડાબી દિશાની વાણી અમંગળ મનાય છે
ભેળવું: ખાઈ જવું, ઢોર ખેતરમાંથી છાનામાંના ચરી જાય, ત્યારે 'ખેતર ભેળ્યું' કહેવાય.
ભેળાવું: વધવું
ભેળું થવું: પહોંચવું
ભેંકાર: ભયંકર
ભોજપરા: કાળા કસબ ભરેલા છેડાવાળાં ધોતિયાં, જે માથા પર બંધાતાં
ભ્રૂકુટિ સામસામી ખેંચાઈ જવી: ભ્રમર ચડી જવી, અત્યંત આશ્ચર્ય થવું
મણીકું: એક મણ વજનનું તોલું
મમાઈનો મઢ: મહામાયાનું સ્થાનક
મરકવું: સ્મિત કરવું
મરફો: યુદ્ધનું નગારું
મરશિયા: મૃત્યુનાં શોકગીત
મરેલા ઢોરની માટી: મરેલા ઢોરનું માંસ
મલક: મુલક
મલીર: કાઠિયાણીનું ઓઢણું
મવાડું: માલઢોર અને ઘરવખરી સાથે દુષ્કાળમાં હિજરત કરી જતું માલધારીનું કુટુંબ, પેડું, ઉચાળો, ગવાળો
મસાણ: સ્મશાન
મસાલ: ભેટ
માગતલ: માગનાર
માટી: માંસ
માટીવટ: પૌરુષ, સ્વામીભાવ
માડુ: મરદ (કચ્છી શબ્દ)
માઢ: મેડી
માઢમેડી: દરવાજા પરની મેડી
માતમ: માહાત્મ્ય, મોટાઈ
માતેલી: મદોન્મત્ત
માત્યમ: મહિમા
માથાના ચોટલા (પુરુષના): માતાજીના ભક્તો અને કાઠી પુરુષો અરધા માથે ચોટલા રાખે છે.
માથાની પાટી: સ્ત્રીઓ જ્યારે માથાની વચ્ચોવચ સેંથો પાડીને માથું ઓળી બંને બાજુના વાળને હાથે દબાવી ઓળે તે બંને બાજુની પાટી
માદળિયાં: શેરડીના સાંઠાની છાલ ઉતાર્યા પછી પાડેલાં પતીકાં
માનખ્યો: મનુષ્યાવતાર
માપી લેવું: શક્તિનું પારખું કરી લેવું
માફો: રથ પરનો કાપડનો ઘુમ્મટ
માયરું: લગ્નમાં પોંખણા પછી વર-વહુને સામસામે બેસાડી હસ્તમેળાપ કરાવાય, કન્યાદાન અપાય એ પ્રસંગ
માયલીકોર: માંહેની બાજુ
મારતલ: મારનાર
મારું પેટ: મારું સંતાન
માલ: ઢોર
માલમી: વહાણનો સુકાની
માલધારી: ઢોર ઉપર નભનાર ભરવાડ, કાઠી, ચારણ વ.
માળીડાં: મુકામ
મિયાણા: સૌરાષ્ટ્ર-કચ્છના સીમાપ્રદેશમાં વસતી મુસ્લિમ જાતિ

મીઠો મહેરામણ: મીઠા જળથી ભરપૂર સમુદ્ર. મહેરામણ મહાર્ણવ
મીંડલા: માથાના વાળની બંને બાજુ ગૂંથેલા વાળના ગુચ્છ
મૂઠ: તલવારનો હાથો
મૂલ: મજૂરીના પૈસા
મૂંડકી: ઘોડાના કાઠાનો, મુગટ આકારનો મુખ-ભાગ
મેરનું ફૂમકું: મુખ્ય પારાનું ફૂમતું
મેરાબ: મસ્જિદમાં નમાજની જગ્યા સામેની ક-આ-બાની આકૃતિ
મેલા (દેવતા): અમંગળ દેવ
મેલાં પેટ: કૂડકપટ
મેલીકાર: લૂંટારાની ટોળી
મેંગળ: હાથી
મોકળા: છૂટા
મોડબંધો: વરરાજા – જેને માથે હજુ મોડિયો (લગ્નનો મુગટ) બાંધેલો હોય
મોટું ભળકડું: વહેલી પરોઢનો સમય
મોટેરા: વડીલ
મોઢા આગળ: મોખરે
મોતનાં પરિયાણ: મોત પ્રતિ પ્રયાણ, મોતની તૈયારી
મોરડો: ઘોડાના મોં પરનો શણગાર
મોરાં: આકૃતિ, છબી
મોર્ય: આગળ
મોવડ: ઘોડાના મોઢા પરનું ઘરેણું
મોસરિયું: દાબી લપેટી માથા પર બાંધી લેવાનું કપડું
મોસાળું: પરણનાર વર કે કન્યાના માતાના પિયરથી માતાને જે ભેટ આવે તે (માતાના મહિયરથી આવે એ મામેરું)
મોળપ: ફિક્કાશ
મોળો: નબળો
મોંસૂઝણું: મોં સૂઝે તેટલો જ પ્રકાશ હોય તેવો પ્રભાતનો સમય
રખેલિયો: સીમનો રખેવાળ
રજકો: પશુને ખવરાવવાનું વાડીમાં કરેલું ચારોલું
રજાઈ: ભાતીગળ ગોદડું
રણસગો: માણસ મૃત્યુ પામે એ જગ્યાએ એક-એક પથ્થર મૂકીને કરવામાં આવતો ઢગલો, પાળિયાનો એક પ્રકાર
રવાજ: રાવળ લોકોનું વાદ્ય
રંગાડા: કડાંવાળા, પહોળા મોંવાળા ચરુ (રંગેડા ઉપરથી)
રંડવાળ્ય: રાંડીરાંડ
રાચ: વસ્તુ, જણશ
રાજીપો: રાજીખુશીથી
રાઠોડી હાથ: જોરદાર ભુજાઓ
રાત રાખવો: અધવચ્ચે રખડાવવો
રાતબ: ઘોડાને ખવરાવવામાં આવતાં ઘી-ગોળ
રાતવળા મૉત: બીજા કોઈ ન જોઈ શકે એવું પોતાનું મૃત્યુ
રાતીચોળ ચટકી: લાલ રંગની ટશર. આંખના નાક પાસેના ખૂણામાં જે રતાશ હોય. એ નારીના સૌંદર્ય અને નરવાઈ સૂચવે છે.
રાબ: જુવારને ભરડી, પાતળી પાણી જેવી રાંધી, મીઠું નાખી પિવાય છે.
રામપાતર: માટીનું નાનું પાત્ર, શકોરું
રાશ: બળદની લગામ (સંસ્કૃત 'રશ્મિ' પરથી)
રાશવા: બળદની લગામ જેટલે દૂર

રાંગમાં: બે પગ વચ્ચે (ઘોડી ઉપર બેઠેલ માણસને માટે કહેવાય કે એની રાંગમાં ઘોડી છે.)
રાંઢવું: દોરડું
રાંપી: ચામડાં કાપવાનું મોચીનું ઓજાર
રીડિયારમણ: બૂમાબૂમ
રૂડપ: સુંદરતા
રૂપાના સરલ: પુરુષના હાથનું ઘરેણું
રૂંવે રૂંવે: રોમે રોમે
રેગાડા: ધારાઓ
રેણાક: વસવાટ
રોગી સોપારી જેવો: ગોળ સોપારી જેવો ઠીંગણો
રોંઢાટાણું: મધ્યાહ્ન પછીનો સમય
લકૂંબઝકૂંબ: ફળથી લચી પડેલું
લખણું: છૂટાછેડાનું લખત
લખી: વાંદરી જેમ શરીર વીંડોળીને ઠેકડે કૂદતી ઘોડીનું નામ
લટૂરિયાં: વાળની લટો
લબાચા: સરસામાન
લંગર: બેડી
લાલ કીડિયાભાતની પછેડી: લાલ ગવનની ચૂંદડી (કન્યા માહ્યરામાં બેસે ત્યારે પાનેતરની લાજ કાઢવી માથે મોડિયા મૂકે, મોડિયા ઉપર ગવનની ચૂંદડી ઓઢાડી તેની લાજ કઢાવે – આમ બે ઘૂમટા થાય છે.)
લાંપડિયાળ: લાંપડા નામના ઘાસવાળી
લીરો: કાપડનો ફાટેલો ટુકડો
લૂણહરામી: નિમકહરામી, દગાબાજ
લેરે જાતું જોબન: ખીલતી જુવાની
લોઢ: મોજાં
લોથ: મુડદું
લોંઠકા: બળવાન
વખાની મારી: દુઃખની મારી
વગદ્યાં: વિલંબ કરવાનાં બહાનાં
વગાડવું: ઈજા કરવી, મારવું
વગોવવું: નિંદવું
વજબાણ છોડવાં: મહેણાંટોણાં મારવાં
વટાવવું: ઓળંગવું
વડલી: વડ
વડારણ: દાસી
વડિયો: સમોવડિયો
વદાડ: કરાર
વધારવું: વધેરવું, કાપવું
વધાવાના: ચાંદલાના, હાથગરણાના
વરતાવું: જણાવું
વરૂડી: વરૂવડી દેવી (જુઓ વાર્તા "રા' નવઘણ")
વશેકાઈ: વિશિષ્ટતા
વસતીની વેલડી કોળાવી મૂકવી: સ્થળનો પુનર્વસવાટ કરાવવો
વસ્તાર: ઓલાદ
વહરું: કદરૂપું, બિહામણું
વળોટવું: ઓળંગવું
વાઈ (તરવાર): મારી
વાગડના ધણી: આહીર જાતિ અસલ કચ્છ-વાગડમાંથી આવેલી હોવાથી આહીરને 'વાગડના ધણી' કહી બિરદાવાય છે.
વાગડિયા બળદ: ઉત્તર ગુજરાતના વાગડ-વઢિયાર પ્રદેશના બળદ; એ ઓલાદ ઉત્તમ ગણાય છે.
વાઘ: ઘોડાની લગામ
વાઘિયા: લગામના બંને બાજુના બે પટ્ટા
વાજ: વેગથી

વાજાં: (1) ઘોડાં, (2) વાજિંત્રો
વાજોવાજ: વેગથી
વારણાં: મીઠડાં
વારવું: અટકાવવું
વાળાક: વાળા રાજપૂત અને વાળા કાઠીઓનો પ્રદેશ
વાંઢ્યો: દુકાળમાં ઢોરઢાંખર, ઘરવખરી સાથે સલામત પ્રદેશમાં હિજરત કરે તે
વાંધાળું: વાંધા-વચકાવાળું, તકરારી
વાંસળી: રૂપિયા રાખવાની સાંકડી થેલી કે જે કમરની આસપાસ બંધાય છે.
વાંભ: (1) ગાયભેંસોને બોલાવવાની ગોવાળોની બૂમ, (2) લંબાવેલા બે હાથ જેટલું માપ
વીજળી: તલવાર
વીયા: સંતાન
વેકરો: રેતી
વેઢ: ફેરવીને નાનું-મોટું થાય તેવું આંગળીનું ઘરેણું, ફેરવો (ભારતની તળપદ જાતિઓના પુરુષો વિશેષ પહેરે છે)
વેણ્ય: નાની નદી
વેધ વચકા: રિસામણાં, મનદુઃખ
વેન: હઠ
વેંતવા: વેંત જેટલું
વોડકું: પહેલી જ વખત વિંયાવાની તૈયારી હોય તે ગાય
વોળાવિયા: મુસાફરીમાં રખેવાળ
વોંકળો: નહેર, નાની નદી
વ્યાળું: વાળુ, રાત્રિનું ભોજન
વ્રહમંડ: બ્રહ્માંડ, આકાશ
શાદૂળો: સિંહ (શાર્દૂલ પરથી)
શામધર્મ: સ્વામી-ધર્મ, નિમકહલાલી
શેલાયું (નોંજણું): દોહતી વખતે ગાયના પાછલા પગ બાંધવાનું ટૂંકું દોરડું. પગ છોલાય નહીં માટે એ ગાયપુચ્છ કે બકરીના વાળમાંથી બનાવે (શેળાયું પરથી)
સગતળિયું: જોડાની અંદરનું પાતળું અસ્તર
સનકારા: આંખોના ઉલાળા, ઇશારા
સફરી: (સફર કરનાર) વહાણ
સમ વરળક: ભાલાના ચમકારાનું દૃશ્યાત્મક વર્ણન
સમણવું: વીંઝવું
સમસ્યા: સંકેત, યુક્તિ
સમો: સમય
સરગાપર: સ્વર્ગ
સંચોડા: કુલઝપટ
સંજળ: જળથી ભરપૂર
સાબદી: તૈયાર
સામધર્મ: સ્વામીભક્તિ
સાં: છાયા
સાંકળ: ડોક
સાંગ: ભાલાને મળતું શસ્ત્ર
સાંઢ્ય: સાંઢણી
સાંતી: એકસો વીઘાં જમીન, (25 વીઘાં = એક એકર), એક ખેડૂત એકલપંડ્યે, એક હળ ખેડી, વાવી, લણી શકે તેટલી જમીન
સિસકારો: દાંતમાંથી નીકળતો વેદના-સ્વર
સીરખ: (1) પરણતી વખતે કાઠિયાણી પહેરે છે તે પાનેતર, (2) બનાત
સીસાણો: સીંચાણો, બાજ, શકરો બાજ
સુખડી: ભાતું, ટીમણ
સુખડું: મીઠાઈ
સુગલો: આનંદ
સુરાપરી: સ્વર્ગાપુર

સુવાણ: આરામ
સૂરજ-દેવળ: થાન પાસેનું સૂર્યદેવનું મંદિર; કાઠીઓના ઇષ્ટદેવનું નામ
સૂરાપૂરાનું પતરું: કુળદેવતાઓની આકૃતિવાળું ચાંદીનું પતરું જે સ્ત્રીઓ ડોકમાં પહેરે છે
સેંસાટ: શરણાઈના સૂર
સોજીર: સોલ્જરને કાઠિયાવાડીઓ 'સોજીર' કહેતા, જેમ કે વાઘેરોને વિષે દુહો કહેવાય છે: માણેક સીચોડો માડિયો,/ધધકે લોહીની ધાર,/સોજીરની કીધી શેરડી,/વાઘેર ભરડે વાડ.
સોટી જેવા ગૂડા: પાતળા પગ
સોણું: સ્વપ્ન
સોતી: સહિત
સોપો: સુષુપ્તિ (તે પરથી રાત્રિએ સર્વ ગામલોકો સૂઈ ગયા હોય તે સમયને સોપો પડી ગયો કહેવાય છે.)
સોંડાવવું: સાથે તેડી જવું, નિમંત્રવું (લગ્નમાં)
સોંધો: કાળો, ચીકણો અને સુગંધી, હાથે બનાવેલો 'પોમેડ' જેવો વાળ માટેનો કાળો લેપ
સોંયરું: સૂરમો
સોંસરી: આરપાર
હડી: દોટ
હથાળો: દઢ
હથેવાળો: હસ્તમેળાપ, લગ્ન
હનો: ઘોડેસવારની ચીજો રાખવા માટેનું ખાનું (ઘોડાના પલાણમાં)
હરમત: હિમ્મત
હરામ: ત્યાજ્ય, અગરાજ
હરીસો: કાઠી લોકોનું એક જાતનું પકવાન
હલક્યા: ઊમટ્યા
હાકલો: હાકલ
હાથગજણું: હાથગરણું, લગ્નપ્રસંગે અપાતો ચાંદલો
હાથલા થોર: એક જાતનો થૂવર જેને હાથના પંજા જેવડાં પાંદડાં થાય છે
હાવળ: ઘોડાનો હણહણાટ
હાંસડી: ડોકે પહેરવાનો, રૂપાનો વાળો
હિલોળવું: ઝુલાવવું
હિંગતોળ: વાણિયો (તિરસ્કારમાં)
હીણું: નબળું, દૂબળું
હુલાવવું: ઘોંચવું
હઠવાસ: નદી જે દિશામાં વહેતી હોય તે દિશા, નીચો વાસ
હેઠળ: નીચે
હેડય (ગાડાંની): હાર્ય, સમૂહ
હેબતાવું: ચકિત બનીને અચકાવવું
હેમખેમ: ક્ષેમકુશલ
હેમવરણું: સુવર્ણરંગી
હેલ્ય: બેડું
હેયાફૂટું: ભૂલકણું

### પાળિયા-ખાંભી

ગામડાંના પાદરોમાં પથ્થરમાં કોતરેલાં મૃત્યુ-સ્મારકો જોવા મળે છે. તેમાં ઘોડેસવાર, પગપાળો, ઊંટ-સવાર, રથ-સવાર વગેરેનાં શિલ્પો કંડારેલાં હોય. કોઈમાં કાટખૂણા જેવો હાથનો પંજો કે કોઈ સ્ત્રી મૃત માનવીને બે હાથમાં ઉપાડીને લઈ જતી હોય. આ બધાને સામાન્ય રીતે પાળિયા કે ખાંભી કહીએ છીએ. પણ, આ મૃત્યુ-સ્મારકોમાં વિવિધ ભેદો છે. જેમ કે, ગામનું કે અબળાનું રક્ષણ કરતાં મૃત્યુ પામેલા શૂરવીરના સ્મારકને પાળિયો કહેવાય. યુવાન, સાજોસારો માણસ અકસ્માતથી, સર્પદંશથી કે આપઘાતથી મર્યો હોય તેના સ્મારકને સૂરધન કહે. કોઈ રાજા કે શ્રેષ્ઠી ગોચર માટે જમીન આપે કે બ્રાહ્મણને દાન આપે તેના માટેના લખાણવાળી શિલા ખંભ કે ખાંભી કહેવાય. ગામ બચાવવા કોઈ વીરાંગના ખપી ગઈ હોય તેનો પાળિયો, પતિની પાછળ સતી થાય તેની ખાંભી. આપઘાતથી મરેલી સ્ત્રીની શિકોતરની ખાંભી. મૃત્યુ-સ્મારકના આવા બાવીસેક પ્રકારો છે: પાળિયા, ખાંભી, શૂરાપૂરા, કેશ, પાવળિયા, દેવલા વગેરે. (ખોડીદાસ પરમાર).

## રૂઢિપ્રયોગો

અઢારે આલમ ટાંપીને બેઠી હતી: સમગ્ર પ્રજા રાહ જોઈ રહી હતી

અથર્યા થયા સિવાય: જરાય અધીરા થયા વિના

અર્ધે માથે કપાળ: ભાગ્યશાળી, આભકપાળો

અંગૂઠો દાબીને: સૂતેલ સ્ત્રી-પુરુષને જગાડવાં હોય તો તેને ઢંઢોળીને નહિ પણ જમણા પગનો અંગૂઠો પકડીને જગાડાય છે.

અંતરમાં ટાઢો શેરડો પડી જવો: હૃદયમાં સંતોષ કે શાંતિની શીતળ લાગણી થવી

'આ કાયા તારે કણે બંધાણી છે': તારા દીધેલા અન્નથી શરીર પોષાયું છે

આઉ મેલવું: પશુઓને જેમ જેમ સગર્ભાવસ્થાના મહિના વધે તેમ તેમ આઉનો ભાગ પ્રગટ થતો જાય તે.

આકડે મધ: સુલભ્ય કીમતી વસ્તુ (મધ હંમેશાં ઝાડની ઊંચી ડાળે હોઈ મુશ્કેલીથી મેળવી શકાય. પણ આકડાની ડાળે હોય તો તે સુલભ્ય થઈ શકે, આકડાનું ઝાડ નાનું હોય છે.)

આજના જેવી કાલ્ય નૈ ઊગે: ભવિષ્ય વધુ અનિષ્ટમય થશે.

આડી જીભ વાળવી: વિરુદ્ધ મત આપીને વિઘ્ન નાખવું – વાતને તોડી નાખવી.

આડી હોવી: ટેક હોવી

આડું આવવું: સ્ત્રીને પ્રસવ થતી વખતે બાળક આડું આવે છે તે

આડો આંક આવવો: હદ થઈ જવી, પરકાષ્ટા થવી

આતમો વાધવા માંડવો: ઈશ્વરપ્રતીતિ થવી

આદું વાવવા: સત્યાનાશ કાઢવું

આભ-જમીનનાં કડાં એક કરી નાખવાં: પૃથ્વી-આકાશને બળથી માપી લેવાં, અશક્યને શક્ય બનાવવું

આંખ ઠેરાવી: આંખ સ્થિર થવી

આંખ પારખવી: દૃષ્ટિનો ભાગ પારખવો

આંખ રાતી કરવી: ક્રોધ કરવો

આંખો ઠોલવી: આંખો ખાવી (શિકારી પંખી શિકારની આંખો ઠોલી નાખે જેથી શિકાર છટકી ન જાય. પણ લોકમાન્યતા પ્રમાણે મરેલા યોદ્ધાની આંખો ખંડક હોય તો કાણા કે બાડાને સ્વર્ગની અપ્સરા વરતી નથી. જૈન લઘુચિત્રમાં એકચશ્મી મુખને પણ બે આંખો ચીતરાય છે તેનું કારણ તેનું અખંડપણું જળવાય તે.)

આંખો ધરતી ખોતરે: લજ્જાથી આંખો નીચે ઢાળવી – આંખો નીચી ઢળીને જાણે કેમ ભોંયને ખોદતી હોય, એટલી બધી લજ્જા પામવી.

આંખોના તોરણ બંધાવાં: રસ્તાની બેઉ બાજુ હારબંધ ગોઠવાયેલી મેદની સ્થિર દૃષ્ટિથી નિહાળી રહે તે

આંધળો ભીંત: સારાનરસાનું ભાન ગુમાવી બેઠેલો

ઈન્દ્ર મહારાજ ગેડીદડે રમવા માંડ્યા: મેઘગર્જના થવા લાગી

ઉડામણી કરવી: ઉડાઉ જવાબ આપી છેતરવું

ઉત્તર દિશાનું ઓશીકું: માણસનું મૃત્યુ થાય, ત્યારે તેનું માથું ઉત્તર દિશામાં રાખી સુવરાવે છે કારણ યમનગર દખણાદું છે.

ઊભા મોલ ભેળવી દેવા: ખેતરમાં ઊગેલા મોલ ચારી દેવા

એક હાથ જીભ કઢાવવી: ત્રાસ આપવો

એકના બે થવું: હઠ છોડવી, નિશ્ચય ફેરવવો

'એકાદ પછેડી ફાડીશ': એકાદ પછેડી ચાલે તેટલું (ત્રણેક વરસ) જીવીશ

(ઘોડાને) એડી મારવી: ચાલવાના સંકેતરૂપે ઘોડાને ભાલાની બૂડી અથવા આર મારવી

એની છઠ્ઠીના લેખ લખનારી વિધાતા મોળા અક્ષર કાઢતાં કાંપી ઊઠી હશે: જન્મથી જ પ્રારબ્ધમાં મહત્તા આલેખાઈ ગઈ હતી

એને માથે કોણ બેઠા છે?: એના સહાયક કોણ છે?

એબ દેવી: કલંક ચોંટાડવું, અપશબ્દ કહેવો

એરુ આભડવો: સર્પદંશ થવો

ઓડા લગાવવા: મોરચા માંડવા

ઓઢણું (માથે) પડવું: ... ની સ્ત્રી હોવું. (આ સ્ત્રીને માથે અમુક પુરુષનું ઓઢણું પડેલું છે, એટલે એ પુરુષ એનો પતિ છે.)

ઓધાન રહેવું: ગર્ભ રહેવો

ઓરડા ચૂંથવા: ઘરની આબરૂ લેવી

કટકેય ન મૂકવો: પૂરેપૂરો ખતમ કરવો

કડે કરવું: પોતાના કાબૂમાં રાખવું, સાબૂત રાખવું

કઢારે લઈ જવું: ઉછીનું લઈ જવું (અનાજ)

કમળપૂજા ખાવી: શિવલિંગ પર પોતાનું મસ્તક તરવારથી કાપીને ચઢાવવું

કવિતા અને બધા અલંકારો ઘરની નારી પર ઢોળી રહ્યો છે: સ્ત્રીના રૂપગુણનાં વખાણ કરે છે

કસું તૂટવી: ઉમળકો આવવો (ઉમળકો આવે તે વખતે અંગરખો પહેર્યો હોય તેની કસો છાતી ફૂલવાથી તૂટી જાય)

કળાઈ આવવું: જણાઈ આવવું

કાપડાની કોર માગવી: ભાઈ પાસેથી બહેન વચન માગી લે તે

કામ આવવું: ધીંગાણે મરાવું

કામ રહેવું: અધવચ્ચે મુશ્કેલીમાં મુકાવું. અંતરિયાળ રહી જવું

કાયા ઉપર ગલ ઊપડતા આવે: શરીર ઉપર તેજસ્વી ભાત ઊપડતી આવે.

કાયાના કટકે કટકા કરી નાખવા: શરીરના પ્રત્યેક અવયવને અનેક રીતે મરડી મરડીને કસરત કરવી

કાળ ઊતરી: દુષ્કાળ પાર કરી જવાય

કાળજું ઠરીને હિમ થવું: હૃદયમાં ટાઢક થવી

કાળને અને હાથને એક વેંતનું છેટું: મૃત્યુ અત્યંત નજીક હોવું

કાળી આગ લાગવી: પેટમાં અસહ્ય બળતરા થવી

કાળી લાયનું કાપડું: કાળા રેશમી ગજકનું કાપડું

કાંડાં બાંધવાં: પ્રતિજ્ઞા લેવી

કાંધ મારવું: ગરદન કાપવી

કાંબી: સ્ત્રીના પગમાં પહેરવાનું રૂપાનું ઘરેણું

કીડી માથે કુંજરનાં કટક: નિર્બળ ઉપર બળવાનની ચડાઈ

કૂતરાના મોતે મરવું: રિબાઈને મૃત્યુ પામવું

કેટલી વીસે સો થાય: કેટલી મુશ્કેલી પડે

કોણીનો ગોળ: મુશ્કેલ કાર્ય (કોણી પર લાગેલો ગોળ જીભ વતી લઈ શકાતો નથી તે પરથી)

કોરે કાગળે સહીયું કરી આપવી: બધી છૂટ આપવી

ખડિયામાં ખાંપણ અને મોઢામાં તુળસી: મૃત્યુ માટેની તૈયારી. પૂર્વે વીર નરો ચાહે ત્યારે મરણ પામવાની સંભવિતતાને લીધે પોતાની થેલીમાં કફન અને મુખમાં તુલસીપત્ર લઈને જ નીકળતા.

ખાસડાં હોજો: ફિટકાર હજો

ખોરડું ઉજાળવા આવવું: વંશવેલો જાળવવા, કુળની આબરૂ સાચવવા આવવું

ગળત કરી જવું: અનધિકાર રાખી લેવું

ગળે ઘૂંટડો ઉતારવો: ખાતરી કરાવવી, સમજ પાડવી

ગા' ખા: ગાયનું માંસ ખા (એક જાતના હિંદુ શપથ)

ગા'ના ગાળા છૂટવા દે: પ્રભાત થવા દે (પ્રભાતે ગાયોનાં બંધન છૂટે છે.)

ગા વાળે ઇ અરજણ: ગાયોને છોડાવવાનો રાજપૂત ધર્મ બજાવવો (તેરમા વરસના છૂપા વનવાસ દરમ્યાન પાંડવોને પ્રગટ થઈ જવાની ફરજ પાડવા કૌરવોએ ગાયોને બળજબરીથી લઈ જવાનું ગોઠવ્યું હતું, જેથી અર્જુન પોતાનો ક્ષત્રિયધર્મ બજાવવા પ્રગટ થઈ જાય: ગાયોને બચાવ્યા વિના ન રહી શકે તે અર્જુન જ હોવાનો, એ યુક્તિ-પ્રસંગ પરથી)

ગાડાં ઠાંસી દેવાં: ગાડાં આડશરૂપે ગોઠવી દેવાં

ગાતરી ભીડવી: ઓઢણીને ગાંઠડી વાળવી, સાડલાના બંને છેડા ડોક પાસે લાવી, ગાંઠ મારી દેવી તે (ચારણ સ્ત્રીઓ આ રીતે ઓઢણું ઓઢે છે.)
ગૂડી નાખવું: હણી નાખવું
ગોટા વાળવા: બહાનાં કાઢવાં
ગોળા વાળવા: ગોળ ગોળ બોલવું
ગૌમેટ કરવું: ગૌમાંસની માફક હરામ ગણવું (અંગ્રેજી શબ્દ 'કાઉ-મીટ'નું અપભ્રંશ બની ગૌમેટ કે ગોમેટ તરીકે સૌરાષ્ટ્રમાં વપરાય છે)
ઘરણ ટાણે સાપ કાઢવો: પ્રતિકૂળ સમયે અમુક કાર્ય કાઢવું (ગ્રહણ સમયે આભડછેટ હોવાથી ઘરમાં કશી ચીજને અડકાય નહિ, તેથી સાપ નીકળતાં તેને પકડવાની મૂંઝવણ થાય)
ઘરેણે મુકાઈ ગયું: ગીરો મૂકી દીધું
ઘેશનાં હાંડલાં ફોડીશ મા: ગરીબને રંજાડતો નહિ
ઘોડાં ખૂંદવાં: ઉતાવળ કરવી
ઘોડાં ઘેર્યાં: ઘોડાંને પાણી પાયાં
ઘોડાં ફેરવવા: સેના ચલાવવી
ઘોડાં ભેડવવાં: ઘોડાંની શરત કરવી
'ચકલાંયે એના ઘરની ચણ નો'તાં ચાખતાં': એ વાંઝિયો હતો
ચડાઉ કરી: (ઘોડીને) પલોટીને સવારી માટે તૈયાર કરી
ચપટી ધૂળ નાખીને ધાન ખાવું: પાત્રમાં એક બાજુ ચપટી ધૂળ પ્રતીકરૂપે નાખીને ભોજન લેવાની ટેક (દા. ત. ચિતોડ ન મળે ત્યાં સુધી થાળીમાં ધૂળ નાખીને ભોજન લેવાની ટેક રાણા પ્રતાપે લીધેલી)
ચાડ કરીને: સામે ચાલીને, ચડસ કરીને
ચાર આંખો ન મળવી: રૂબરૂ ન મળી શકવું
ચાર પગ સંકેલીને: ચારે પગ ભેગા કરીને, શરીર બરાબર સમતોલીને (હરણ કૂદે ત્યારે છલંગ મારતા પહેલાં ચાર પગ ભેગા કરીને ઠેક મારે તેમ)
ચાર હત્યાનું પાપ: બ્રહ્મહત્યા, ગોહત્યા, નારીહત્યા, બાળહત્યાનું પાપ
ચીંટિયો લઈએ તો ધાર થાય: લોહીથી ભરપૂર, તંદુરસ્ત
ચીંથરાં ફાડવાં: પોતાનો બચાવ કરવા વ્યર્થ યત્ન કરવો
ચૂડલી નંદવાવી: ચૂડલી તૂટવી
ચૂડા સામું તો જુઓ!: સૌભાગ્યની વાત તો વિચારો!
ચોકડું ડોંચવું: લગામ ખેંચીને માર્ગ ફેરવવો
ચોરાસી સિદ્ધની પંગતમાં રાહ જોવાવી: મચ્છેન્દ્રનાથ, ગોરખનાથ વગેરે સિદ્ધોની સાથે બેસવા જેવું તપ કરવું
છાશ પીવાનું ટાણું: સવારે લગભગ અગિયારેક વાગ્યે થતો નાસ્તો, શિરામણ (ખરેખર તો શિરામણમાં દૂધ-રોટલા હોય, પણ લોકમાન્યતા પ્રમાણે 'દૂધ' શબ્દ અપશુકનિયાળ હોવાથી એ બોલાતો નથી. દૂધ પીરસનાર પણ 'છાશ આપું' બોલે છે.)
છૂટકો થઈ જવો: પ્રસવ થઈ જવો
છોડિયું છબે નહોતી રમી પણ મરદોએ કાંડાં બાંધ્યાં હતાં: ગમ્મત રૂપે નહિ પણ બહુ વિચારપૂર્વક પ્રતિજ્ઞાઓ લીધી હતી.
જણ્યો પરમાણ: જન્મ આપ્યો તે સાર્થક
જમણ ભાંગી જવાં: દિવસો વીતી જવા
જમણું અંગ ફરકવું: સ્ત્રીનું જમણું અંગ ફરકે એ અપશુકન ગણાય છે

જમીન લીંપવી: સાથરો તૈયાર કરવો. થોડો થોડો જીવ હોય ત્યારે મરતા માણસને ગાયનું છાણ, તુલસીપાન, જુવારદાણા લીંપીગૂંપીને સાથરે સુવડાવે છે

જમૈયો વાડે કરુ લે: જમૈયો મ્યાન કરી લે

જાગી જવું: ઉત્તેજિત થઈ જવું

જાડે માણસે હોવું: ઘણા માણસો સાથે હોવા

જાતવંત: ખાનદાન, કુલીન

જાતાં આભને ટેકો દેવો: મોટી આફતમાંથી બચાવ કરવો

જાત્રાનાં એંધાણ: જાત્રાની છાપ (દ્વારકાના જાત્રાળુને યાત્રાની યાદરૂપે ગરમ છાપ બાવડે છાપે છે; તે હંમેશ રહી જાય છે.)

જામગરી: અસલની બંદૂકોને આગ ચાંપવાની સળગતી દોરે, જે અત્યારના બંદૂકા ઘોડાની ગરજ સારતી

જીભ કચરવી: વચન આપવું, નિર્ણય કરવો

જીભ ખિલાઈ જવી: લાચાર બનીને ચૂપ થઈ જવું. જાણે કે જીભને સાંધી લીધી હોય

જીવ ઓળે ગરવો: જીવવાનો લોભ રહી જવો

જીવ ટૂંપાવો: દુઃખી થવું

જીવ નીકળવો: મૃત્યુની વેદના થવી

જીવ બગાડવો: લલચાવું

જીવતરની પોટલી બાંધવી: મૃત્યુને માટે તૈયાર થવું

જુવાની આંટા લઈ જાય: ફાટતી જુવાની

જેના વાંસામાં જોગમાયાનો થાપો પડ્યો છે: જે દેવીના આશીર્વાદ પામ્યો છે

જોતર છોડવાં: બળદ છોડી નાખવા

ઝડાફા દેતી ઝાળ ઊઠતી હતી: ભડાકા નાખતી જ્વાળા ઊઠતી હતી

ઝપટ કરવી: હુમલો કરવો

ઝરખિયાના ઝાંપા જેવી દાઢી: ગામડા ગામના દરવાજા કાંટાના બનાવેલા અને દાઢીના આકારના હોવાથી બરાબર દાઢીને ઉપમા દેવા લાયક દેખાતા

ઝોળી ક્યાંય તરતી નથી: બધાં વર્ણોમાંથી ભિક્ષા લે છે

ટલ્લાં દેતી: ઘીંઘી વળતી, અથડાતી જતી

ટીલડીમાં નોંધીને: કપાળની મધ્યમાં નિશાન તાકીને

ટીંબો બનવું: ઉજ્જડ થવું

ઠાણ દેવું: વિયાવું, પ્રસવ થવો (ઘોડીને માટે વપરાય છે)

ડાગળી ખસી જવી: ભેજું ચસકી જવું

ડાબલા ગાજવા: ઘોડા ઝડપથી દોડતાં આવે તેનો અવાજ સંભળાવો

ડૂઘાની ઘૂંટ લેવી: હોકાની ફૂંક લેવી

તડકા ગાળવા: તાપનો સમય વિતાવવો

તણાઈ જવું: પગમાં ભંભોલા પડવા

તમારી ઉપર અમારો હાથ ન હોય: અમે તમારી ઉપર પ્રહાર ન કરીએ

તમારે-મારે છેટું પડી જાશે: આપણા બંનેમાં ભેદ જણાશે

તરવાર આછટવી: તરવાર ફેરવવી

તરવાર પેટ નાખીને મરવું: તરવારથી આત્મહત્યા કરવી

'તારા હેતુને કોને સંભારી રહી છો?': તારા કયા પ્રેમીને સંભારી રહી છો?

તૂરી-ભેરી વગડી: રણશિંગાં વગડ્યાં

તેલમાં માખી બૂડવી: નિરુપાય બનવું

તોળાઈ રહે (આફત): માથે પડવાની તૈયારી

તોળી લેવો: ઉપાડી લેવો

ત્રણ તસુ ભરીને નાક કાપી લેવું: આબરૂ લઈ લેવી

ત્રણસો પાદરનો વાવટો: ત્રણસો ગામનું ધણીપદું

ત્રણે પરજું: ખાચર, ખુમાણ અને વાળા એ કાઠી કોમની ત્રણ મુખ્ય પરજ (શાખા)

ત્રસકાં ટપકવાં: (લોહીનાં) છાંટણાં ઊડવાં

ત્રીજી પાંસળીએ તરવાર પહેરવી: તરવાર કેડે બાંધવાને બદલે ઊંચી બાંધીને આપવડાઈ બતાવી

'થઈ જા માટી!': લડવા માટે તૈયાર થઈ જા! (માટી: 17થી 19 વરસનો યુવાન)

થાલમાં માંડી દેવું: ગીરો મૂકી આપવું

દક્ષિણ તરફ પ્રયાણ: યમની નગરી તરફ પ્રયાણ (મૃત્યુ પછી શબના પગ દક્ષિણ તરફ રાખવાનો રિવાજ છે.)

દડી ફેંકવી: જન્માક્ષર માંડવા માટે જોષી સૂતિકાગૃહની બહાર બેસે, દાસી જન્મેલ બાળકના હાથે કાચા સૂતરનો તાંતણો બાંધીને દોરાની દડી બહાર ફેંકે. તેના પરથી ઘડી-પળની જાણ થાય અને જોષી સૂત્રવિદ્યાથી જન્મનારની નાડીના ધબકારા પણ પારખે, અને તેના જન્માક્ષર માંડે એવી લોકમાન્યતા.

દાળોવટો નીકળી જવો: સત્યાનાશ નીકળી જવું

દાંતોમાં દઈને ગયો: ઘણા શત્રુની વચ્ચેથી થાપ દઈને ગયો

દિલનો દાતાર: ઉદાર દિલનો

દીવાની વાટ્યે ફૂલ ચડવાં: અધરાતનો સમય થવો

દેન દેવા: અગ્નિદાહ દેવા

દેવના ચક્કર જેવા: સમર્થ

દેવળવાળાની દુહાઈ: સૂર્ય મહારાજની આણ. કાઠીઓ સૂર્યપૂજક છે અને તેમનું દેવધામ થાન પાસે સૂરજદેવળ નામે ઓળખાય છે

દેહનાં ભાડાં દેવાં: શરીરને ટકાવવાની ખાતર ખોરાક લેવો

ધરતીઢાળું જોવું: ક્ષોભ અનુભવવો

ધૂધવા જેવો ખારો: અત્યંત ખારો

ધોળમંગળ ગાવાનો દિવસ: મંગલ પ્રસંગ

ધોળામાં ધૂળ ઘાલવી: (ધોળા વાળ પરથી) વૃદ્ધાવસ્થામાં અપકીર્તિ આવે તેવું કૃત્ય કરી નાખવું

નવ લાખ લોબડિયાળી: નવ જોગમાયાઓનો ઉલ્લેખ ચારણો આ રીતે કરે છે

નાડા-વા સૂરજ ચડે ત્યારે: સવારે નવેક વાગ્યે

નાડી ધોયે આડાં ભાંગે: બહુ ચારિત્ર્યવાન પુરુષને અપાતી ઉપમા. પૂર્વે જ્યારે કોઈ સ્ત્રીને પ્રસૂતિમાં બાળક અટવાઈ જતું ત્યારે શિયળવંત પુરુષની નાડી ધોઈને એ પાણી પાવાથી પ્રસૂતિનો છુટકારો થઈ જતો એવી માન્યતા છે.

નાડીમાં જીવ આવવો: નાડીના ધબકારા ચાલુ થવા, ચેતન આવવું

નામ મંડાવવાં: વહીવંચાના ચોપડામાં પોતાનાં નવાં જન્મેલ બાળકોનાં નામ લખાવીને બારોટને શીખ આપવી

નેજા ચડવા: યુદ્ધની ધજા ફરકવી

પગ તૂટી જવા: પગની શક્તિ હણાઈ જવી

પગ નીચે લા બળવી: ધરતી પર આગ લાગી હોય અને તેના પર ચાલવું પડે ત્યારે જેટલી ઉતાવળ થાય તેવી

પચીસનો પીર: અનેકનો આધાર

પડદે નાખવું: જખમી થયેલાને પરદેનશીન કરી દવા કરવી (કોઈનો પડછાયો પડે તો દર્દીનું અનિષ્ટ થાય માટે પરદો)

પડો વજડાવવો: ઢંઢેરો પિટાવવો, જાહેરાત કરવી

પલા ઝાટકવા: દાઢીના વાળના કાતરાને ગર્વથી ખંખેરવા (મૂછો આમળવાની માફક આ ક્રિયા પણ મરદાનગીની સૂચક છે)

પાકી અવસ્થાએ નવું ઘર: વૃદ્ધ વયે નવું લગ્ન

પાછો થયો: મૃત્યુ પામ્યો

પાટિયુંને મૂછો આવવી: ભેંસો નિર્ભય ચરી ખાય તેવી તેના માલિકની શક્તિ બનવી

પાટીએ ચડેલી (ઘોડી): પૂરપાટ દોડતી

પાડાના કાંધ જેવો ગરાસ: અત્યંત કાળી અને ફળદ્રુપ જમીન. પાડાની કાળી અને હૃષ્ટપુષ્ટ ગરદન એ ફળદ્રુપતાનો સચોટ ખ્યાલ આપે છે.

પાણી ઘેરવું: ઘોડાને પાણી પાવું

પાણી જોવું: જોમની પરખ કરવી

પાણીનો કળશિયો લઈ ઊભા રહેવું: દુશ્મનોથી ગામનું રક્ષણ કરવા યથાશક્તિ યુદ્ધ કરવું

પારણું કરવું: ઉપવાસ પછી આહાર કરવો

પારોઠનાં પગલાં: પીઠ બતાવીને ભાગવું

પાવલી પાવલી આપી વહેવાર કરવો: જેમ લગ્ન પ્રસંગે ચાંદલો અપાય તેમ ઉત્તરક્રિયા વખતે પાવલી આપવાનો રિવાજ, મેલણું

પાંજરામાં પોપટ પુરાયા જેવું: સાસરિયામાં સોનાને પાંજરે કેદ થયા જેવું

પેટ (તરવાર) નાખવી: પેટમાં ઘોંચીને મરવું

પેટમાં ટાઢો શેરડો પડવો: પેટમાં ઠારપ થવી, ગર્ભ રહેવો, ઓધાન રહેવું

પોણાસોળ આના ને બે પાઈ: લગાર પણ ઊણપ (એક રૂપિયામાં એક પાઈ ઓછી)

પોત પ્રકાશવું: સાચું સ્વરૂપ છતું કરવું

પોતાની થાળીમાંથી કોળિયો લેનાર: સગા ભાઈ જેવા, ગ્રાસિયા [એક થાળીમાંથી 'ગ્રાસ' (કોળિયો) લેનારા, તેના પરથી ગરાસિયો]

પ્રસવો મેલવો: દુધાળું ઢોર પોતાના આઉમાંથી દૂધને છૂટું મૂકે અને દોહવા આપે તે

ફટકી જવું: ચસકી જવું

ફાટીને ધૂંવાડે ગયેલ: બહેકી ગયેલ

(સ્ત્રીએ) ફૂલ સૂંઘવું: ફૂલનો પરિમલ લેવો, ગર્ભ ધારણ કરવો. (લોકજીવનમાં ફૂલ સૂંઘવાની ક્રિયા એ જાતીય સમાગમની ક્રિયાનું પ્રતીક છે.)

ફેર ભાંગવો: અંતર કાપી નાખવું; આગળ નીકળી ગયેલા હરીફને પકડી પાડવો

બથમાં ઘાલીને: બે હાથે બાથ ભીડીને

બબ્બે કટકા ગાળો કાઢવી: ઘણા જ ખરાબ અપશબ્દો કહેવા.

બહુ નો દાઢીએ: મરમનાં વેણ ન બોલીએ, દાઢમાંથી ન બોલીએ

બાન પકરડવું: બંદી બનાવી તેના સાટે બદલો માગવો

બાળો એનું મોઢું: એને બોલતો બંધ કરો

બાંધે એની તરવાર, અને ગા વાળે ઇ અરજણ: લડાઈ કરે કે ગૌરક્ષા કરે – બધાય ક્ષત્રિય સરખા

ગૂજરાત વિદ્યાપીઠ
ગ્રંથાલય
અમદાવાદ - ૧૪



બાંયોની કરલ ચડાવવી: કેડિયાની બાંયોને પહોંચા પાસે વળ ચડાવી ચડાવીને હાથની સાથે ચપોચપ ગોઠવી દેવી.

બેઠાંની ડાળ ભાંગે: જીવનનો આધાર તૂટે

બેલાડ્યે બેસાડવો: (ઘોડા પર) પાછળ જોડાજોડ બેસાડવો

ભાણે ખપતી વાત: ગરાસિયા, રજપૂત, આહીર વગેરે તેર વર્ણો કાંસાની એક જ તાંસળીમાં રોટી વ્યવહાર કરી શકે તે

ભાલાને માથે દેવચકલી આંટા મારે: યુદ્ધમાં જો શૂરવીરનો વિજય થવાનો હોય તો તેની મંગળ સાક્ષીરૂપે એ વીરના ભાલાની અણી પર એ વીરની કુળદેવી કાળીદેવી (દેવચકલી) પંખીના રૂપમાં આવીને બેસતી એવી લોકમાન્યતા છે.

ભાંગ્યા દળના ભેળવણ: હારેલા લશ્કરને ફરી લડાઈ માટે પ્રેરનાર

ભીંત ભૂલવી: મોટી ભૂલ કરી નાખવી

ભીંસ કરવી: દબાણ કરવું

ભુક્કા નીકળવા: ચૂરા થવા

ભૂતનાથના ભેરવ જેવો: શંકરના ગણ જેવો

ભૂંડી થઈ: આફત આવી

ભેળવી દેવું: ચોરીથી ખેતરનો પાક ઢોરને ચરાવી દેવો

ભેંસ્યું જે ઘડીએ માંદણામાં પડે તે ઘડી ડેડકાં બિચારાં ઓવાળે ચડે: મોટા લડે એની હડફેટે નાના નિર્દોષ ફેંકાઈ જાય (ભેંસ પાણીમાં પડે ત્યારે દેડકાં કાંઠે ફેંકાઈ જાય એ રીતે)

મલક છતરાયો: દુનિયા જાણે તેમ, ખુલ્લંખુલ્લા

મસાણમાં સોડ તાણવી: મૃત્યુ પામવું

મહારાજ મેર બેસે: સૂર્યાસ્ત (સૂર્ય મહારાજ અસ્ત થાય છે ત્યારે મેરુ પર્વતની પાછળ બેસી જાય છે, એવી લોકકલ્પના પરથી)

માણસ જાડું હોવું: ઘણા માણસ સાથે હોવા

માણું માણું મૂલ મળશે: લાણી કરનારને મજૂરીમાં જે પાકની લાણી થતી હોય તેના એક માણું (નવ શેર)ના માપે દાણા મળે છે, એના ઉપરથી.

માથા વગરનો ખવીસ: લોકમાન્યતા પ્રમાણે ખવીસ ખૂંધો હોય, ડાકણને વાંસો ન હોય, ભૂતને પડછાયો ન હોય

માથાબોળ નાહવું: માથું ભીંજવીને નાહવું

માથામાં ખુમારી રાખીને: મગજમાં ગુમાન રાખીને 268392 25

માથું દેહ પર ડગમગવું: મૃત્યુ નજીક હોવું

માથે પાણી નાખવું: ધીંગાણે ઘવાયેલ કે ભયંકર માંદગીમાંથી માણસ સાજો થાય ત્યારે અપાતું હર્ષનું જમણ

માથે માથું ન રહેવું: ધડ-માથું જુદાં થવાં, જીવતા ન રહેવું.

મારા હાથ ક્યાં અમથા અમથા ખાજવે છે?: મારે ક્યાં નકામી લડાઈ વહોરી લેવાનું મન છે?

મારે ને જમને વાદ થાય છે: નજીક આવેલા મૃત્યુને ઠેલી રહ્યો છું

માલ વાળવો: ઢોર લૂંટી જવાં

માવતરમાં કાંઈક ફેર પડ્યો હશે: માબાપના ચારિત્ર્યમાં કંઈક ખામી હશે

માંડી દેવી: (જમીન) થાલમાં મૂકવી

મીઠાં વાવવાં: ખેદાનમેદાન કરવું

મૂછે તાવ દઈ: મૂછ મરડીને, પોતે બહાદુર છે એવી જાહેરાત કરવી

મોજના તોરા છૂટવાઃ હર્ષાવેશમાં બક્ષિસો કરવાની ઇચ્છા થવી
મોઢા પર મશ ઢળવી: શરમિંદા બનવું
મોઢું કાઢવું: અણી બહાર નીકળવી, કુંભસ્થળ ભેદાઈ જવું
મોઢે થવું: રૂબરૂ મળવું
મોઢે લોટ ઊડતો આવવો: (અત્યંત જોશભેર દોડ્યા જતા માણસને મોંએથી જે ધસારાબંધ શ્વાસ નીકળે છે, તે જાણે કે લોટ ઊડતો હોય, એ પરથી) જોશભેર દોડ્યા જવું
મોણ ઘાલવું: અતિશયોક્તિના રંગ પૂરવા
મોળપ કહેવાવા ન દેવી: હીણું દેખાવા ન દેવું
મોં ભરાઈ જવું: સંતોષ થઈ જવો
મોં વાળવું: મોઢું ઢાંકીને રડવું
રજપૂતી આંટો લઈ ગઈ છે: રજપૂતાઈનો ધર્મ બરોબર પાળે છે
'રા' રખતી વાત કરજે': જે કરે તે, પણ રા' નવઘણને રાખીને કરજે (રખતી: રાખીને)
રાત ભાંગવી: અરધી રાત પછીનો સમય
રાતે પાણીએ રોવા લાગી: અંતર વલોવતી વેદનાપૂર્વક રડવા લાગી
રાબછાશે ડાહી: રસોઈ કરવામાં નિપુણ
રાંગ વાળવી: ઘોડા ઉપર ચડવું
રુંઝ્યું રડ્યે: સાંજે અંધકારની શરૂઆતની વેળા, ઝાલરટાણું
રૂંવાડું ધગવું: ઉશ્કેરાવું, ચાનક ચડવી
રૂવાડું પારખવું: સ્પર્શમાત્રથી ઇચ્છા સમજી જવી
રૂંવાડે રૂંવાડે કુળનું નામ લખાઈ જવું: રોમરોમમાં કુળનું લોહી ફરકવું
રૂંવાડે રૂંવાડે જુવાની: રોમરોમમાં યુવાનીનો તરવરાટ
રોળાઈ-ટોળાઈ જવું: વાતની ગંભીરતા ઉડાડી નાખવી
લબાચા વીંખવા: માલસામાન વેરવિખેર કરીને આબરૂ લેવી
લાખ વાતેય: ગમે તેટલે ભોગે
લાડ ઉતારવા: ખુવાર કરવો
લાપસીનાં આંધણ મુકાવાં: શુભ પ્રસંગની ઉજવણી થવી.
લાંબે ગામતરે: લાંબા સમય માટે બહારગામ જવું તે
લીલો કંચન જેવો: અત્યંત લીલો એટલે ઊંચી જાતનો (બાજરો)
લૂગડે બાંધી બાંધીને પાણી લાવવું: કપડું પાણીમાં બોળી નિચોવી લઈને પાણી ભેગું કરવું
લોઢે મોત: લડતાં લડતાં તલવારથી મૃત્યુ, સામે મોઢે મૃત્યુ
લોહી છાંટવું: પોતાનાં અંગ કાપી આપવાં, ત્રાગાં કરવાં
લોહી-માંસ વસૂલ કરવાં: પૂરેપૂરો બદલો લેવો
લોંચ ખવરાવવી: ઘોડાને બાજુ ઉપર વાળવો
વટક વળવું: બદલો લેવાઈ જવો, હિસાબ પતી જવો
વડ્યે વાદ: સરખી શક્તિવાળા માણસની સાથે જ વિવાદ શોભે
વડાને વકરા ન શોભે: મોટાને અભિમાન ન શોભે
વહાલાંમાં વેર કરાવવું: સ્નેહીઓમાં વિખવાદ કરાવવો
વહેતી મૂકવી: દોડાવવી

વળી રિયાં: ફરી રહ્યાં
વાટકીનું શિરામણ: ગજા પ્રમાણેની સંપત્તિ
વાડે કરવું (હથિયાર): મ્યાન કરવું
વાઢે તોય લોહી ન નીકળે: ભય કે શરમથી માણસના અંગમાંથી જાણે લોહી ઊડી જાય અને કાપવાથી લોહી ન નીકળે તેવું
વાતને પી ગયા: વાતને મનમાં જ રાખી
વિલાયતનાં ઝાડવાં છેટાં થઈ પડશે: વતન નહીં પહોંચો
વીંધાઈને નવરાતના ગરબા બની જવું: એટલી બધી ગોળીઓ વાગવી કે ગરબામાં જેટલાં છિદ્ર હોય છે તેટલાં દેહમાં પડી જાય
(ઘામાં) વેતરાઈ જવું: ખૂબ જખમી થવું
શિખામણ ન માગે: જીવતો ન રહે
શોક્યપણું ન પાલવે: અંતરાય ન જોઈએ
સત સરાણે ચડ્યાં: સત્ય કસોટીએ ચડ્યું
(સુદામડા તો) સમે માથે: સહુને સરખે ભાગે
સરખાં વદે: સમોવડિયા ગણાય
સવા ગજ પનાના કાંસાના થાળ: લગભગ બે ફૂટ વ્યાસના પંચધાતુના અને કાંઠાને અંદરના ભાગે વાળેલા ખૂમચા
સવાશેર માટી: સંતાન (ગર્ભનું માંસ અલ્પ હોવાથી 'સવાશેર' શબ્દ વપરાયો છે.)
સળાવા કરવા: ઝબકારો કરી અહીંથી ત્યાં નીકળવું
સંસાર વાસવો: ઘર માંડવું
સાવજને સાંકળીને પાંજરે નાખવો: બહાદુર પુરુષને બંધનમાં રાખવો
સાંકળના ત્રણ-ત્રણ કટકા: મોર ટહુકે ત્યારે તેની ડોકના ત્રણ વળાંક થાય તે.
સાંઠિયું સૂડે: કપાસ પાકી જતાં સુકાઈ ગયેલા છોડ – સાંઠીને ખોદવી તે
સૂડ કાઢવું: જડમૂળથી ખોદી કાઢવું
સૂડવું: જડમૂળથી ખોદી કાઢવું
સો સો ઘમસાણોમાં ઘૂમેલી: અનેક લડાઈઓમાં ગયેલી
સોગ ભાંગવો: મરેલા સ્વજનનો શોક ત્યજવાની ક્રિયા. એ થયા બાદ સારાં વસ્ત્ર-મિષ્ટાન્નનો પ્રતિબંધ પૂરો થાય.
સોનાની કુડળ્યે ભાલો: ધાર નીચેની લાકડીમાં સોનાની ગોળ કુંડળીઓ જડેલી હોય તેવો ભાલો
સોનાની વીંટી જેવા: નાના પણ કીમતી
સોમલ ઘોળવું: ઝેર વાટીને પીવું, આત્મઘાત કરવો
હમચી ખૂંદવી: (ઘોડાં) ડાબલા પછાડે એ
હલાલ કરવું: માંસ ખાવા માટે જીવતા પ્રણીને મારવું
હાથ તો જોયા ને?: હાથની શક્તિ જોઈને?
હાથની કળાયું: હાથના પહોંચાથી કોણી સુધીનો ભાગ
હાથમાંથી તીર છૂટી જવું: બાજી હાથથી જવી
હાથેપગે નાગફણિયું જડવી: ખીલાથી હાથપગ જડવા
હિસાબ ચોખ્ખો કરવો: લેણદેણ પૂરી કરવી
હે તોહેં ઘોડા લઉ જાય: તને ઘોડો ઉપાડી જાય (જાતવાનને ગાળ)
હેતનો કટકો: જેના પ્રત્યે અત્યંત પ્રેમ હોય તે
હેમાળો ગાળવો: આવતે જન્મે મનવાંછિત ફળ ફળે એવી પ્રચીન માન્યતાથી હિમાલયના બરફમાં જઈને દેહને પિગાળી નાખવો
હૈયામાં લખી લેવું: યાદ રાખી લેવું
હૈયું જોવું: હૃદયની ઉદારતા જોવી

# કાઠી અને ચારણી બોલીની ખાસિયતો

## 1. નામો

(ક) કાઠી બોલીમાં નાન્યતર જાતિ નથી; જુઓ:
ફુલેકું: ફુલેકો
ધીંગાણું: ધીંગાણો
પૂંછડું: પૂંછડો

(ખ) સર્વનામની માફક નામોમાં પણ બીજી વિભક્તિનો પ્રત્યય 'ને' નહિ, પણ 'હી' છે:
ગરીબને: ગરીબહી

## 2. સર્વનામ

| મૂળ ગુજરાતી શબ્દ | કાઠી પ્રયોગ | ચારણી પ્રયોગ |
|---|---|---|
| હું | હું | મું |
| મને | મોહે | મુંહેં |
| મારો | માળો | મોળો |
| અમારો | અમાણો | અમણો |
| તને | તોંહે | તુંહે |
| તમને | તમુંહેં | તમુંહેં |
| તારો | તાળો | તોળો |
| તમારો | તમાણો | તમણો |
| તેને | ત્યાંહી | ત્યાહેં |
| એને | યાને | યાહેં |
| એની | યાની | યાની |
| કોણ | કમણ | કમણ |
| કોણે | કમણે | કમણે |
| કોનો | કમણાનો | કમણો |
| શું | કાણું | કીં |
| શાનો | કાણાનો | કેવાનો |

## 3. ક્રિયાપદો

(ક) ખાસ પ્રયોગો:

| ગુજરાતી | કાઠી | ચારણી |
|---|---|---|
| આવ્યો | આદો | ઇદો |
| આવી | આદી | ઇદી |
| ગયો | ગો | ગો |
| દીધા | દીના | દીના |
| હતો | હુતો | હુતો |
| નથી | નથ, નસે | નસેં |

(ખ) વર્તમાનકાળનો પ્રત્યય 'છું' નહિ, પણ 'સાં' છે:

જાણું છું: જાણતાં સાં

લઉં છું: લેતો સાં

(ગ) કૃદંતમાં આવો નિયમ છે:

| | | |
|---|---|---|
| આવીને | આવુંને | આવેંને |
| ટાંપીને | ટાંપુંને | ટાંપેને |
| લઈ આવ્ય | લઉ આવ્ય | લે આવ્ય |

## 4. અવ્યયો

| ગુજરાતી | કાઠી | ચારણી |
|---|---|---|
| અહીં | આસેં – ઇસેં | આસેં |
| ત્યાં | તીસેં | તીસેં |
| ક્યાં | કીસેં | કીસેં |
| શા માટે | કેવાને – કાણા સાટુ | કેવા સાટુ |

ભણેં: આ શબ્દ સામાન્ય વાતચીતમાં વારંવાર ખાસ કોઈ અર્થ વિના યોજાય છે; એનો અર્થ 'ભણવો – કહેવો' એ ઉપરથી 'હું કહું છું કે' એમ થતો હશે. મેર લોકોની ભાષા પણ આ ભાષાને મળતી જ લાગે છે.

# કથા-સૂચિ

['રસધાર'ના પાંચેય ભાગની કથાઓની આ સંકલિત સૂચિ છે. કથાના નામ પછીનો આંકડો 'સૌરાષ્ટ્રની રસધાર'નો ભાગ દર્શાવે છે. દા.ત. 'અણનમ માથાં' ભાગ 4માં પાના 3 પર છે.]


અણનમ માથાં (4) . . . . . . . . . 3
અભો સોરઠિયો (3) . . . . . . . . 157
આઈ! (3) . . . . . . . . . . . . 102
આઈ કામબાઈ (1) . . . . . . . . 157
આનું નામ તે ધણી (1) . . . . . 93
આલમભાઈ પરમાર (2) . . . . . 69
આલેક કરપડો (3) . . . . . . . 64
આહીરની ઉદારતા (1) . . . . . . 28
આહીર યુગલના કોલ (1) . . . . 87
આંચળ તાણનારા! (2) . . . . . 98
એક અબળાને કારણે (2) . . . . . 54
એક તેતરને કારણે (2) . . . . . . 41
ઓઢો ખુમાણ (1) . . . . . . . . 139
ઓળીપો (4) . . . . . . . . . . 65
કટારીનું કીર્તન (1) . . . . . . . 162
કરપડાની શૌર્યકથાઓ (2) . . . . 107
કરિયાવર (5) . . . . . . . . . . . 3
કલોજી લૂણસરિયો (3) . . . . . . 13
કાઠિયાણીની કટારી (3) . . . . . 57
કાનિયો ઝાંપડો (3) . . . . . . . 137
કામળીનો કૉલ (2) . . . . . . . . 91
કાળુજી મેર (2) . . . . . . . . . . 133
કાળો મરમલ (2) . . . . . . . . . 123
કાંધલજી મેર (2) . . . . . . . . . 128
ખોળામાં ખાંભી (4) . . . . . . . . 148
ગરાસણી (1) . . . . . . . . . . 23
ઘેલોશા (1) . . . . . . . . . . . 52
ઘોડાંની પરીક્ષા (3) . . . . . . . 50
ઘોડી અને ઘોડેસવાર (3) . . . . . 3
ચમારને બોલે (3) . . . . . . . . . 145
ચારણની ખોળાધરી (2) . . . . . . 141
ચાંપરાજ વાળો (1) . . . . . . . . 148
ચોટલાવાળી (4) . . . . . . . . 143
જટો હલકારો (1) . . . . . . . . 10
ઝૂમણાની ચોરી (3) . . . . . . . 150
ઢેઢ કન્યાની દુવા (2) . . . . . . . 87
તેગે અને દેગે (4) . . . . . . . . 112
દસ્તાવેજ (4) . . . . . . . . . . 72
દીકરાનો મારનાર (5) . . . . . . . 26
દીકરો! (2) . . . . . . . . . . . 80
દુશ્મન (3) . . . . . . . . . . . 72
દુશ્મનોની ખાનદાની (4) . . . . . 116

દૂધ-ચોખા (4) . . . . . . . . . . 102
દેપાળદે (1) . . . . . . . . . . 97
દેહના ચૂરા (5) . . . . . . . . . 125
ધણીની નિંદા! (3) . . . . . . . . 110
ધૂંધળીનાથ અને સિદ્ધનાથ (2) . . . . 3
પરણેતર (2) . . . . . . . . . . 147
પાદપૂર્તિ (3) . . . . . . . . . . 30
પિંજરાનાં પંખી (3) . . . . . . . . 174
બહારવટિયો (5) . . . . . . . . . 19
બાપનું નામ (5) . . . . . . . . . 10
બાળાપણની પ્રીત (5) . . . . . . . 109
બોળો (1) . . . . . . . . . . . 125
ભાઈ! (3) . . . . . . . . . . . 132
ભાઈ-બહેન (3) . . . . . . . . . 169
ભાઈબંધી (1) . . . . . . . . . . 41
ભાગીરથી (4) . . . . . . . . . . 126
ભીમો ગરણિયો (5) . . . . . . . . 56
ભીમોરાની લડાઈ (1) . . . . . . . 130
ભૂત રૂવે ભેંકાર (5) . . . . . . . . 140
ભેંસોનાં દૂધ! (1) . . . . . . . . . 72
ભોળો કાત્યાળ (1) . . . . . . . . 80
મરશિયાની મોજ (4) . . . . . . . 109
મલુવા (5) . . . . . . . . . . . 170
મહેમાની (3) . . . . . . . . . . 106
માણસિયો વાળો (4) . . . . . . . 150
મૂળુ મેર (2) . . . . . . . . . . 137
મોખડોજી (1) . . . . . . . . . . 118
મોત સાથે પ્રીતડી (2) . . . . . . . 104
રખાવટ (5) . . . . . . . . . . . 69
રતન ગિયું રોળ! (5) . . . . . . . 93
રંગ છે રવાભાઈને! (1) . . . . . . . 3
રાઠોડ ધાધલ (3) . . . . . . . . . 81
રાણજી ગોહિલ (1) . . . . . . . . 114
રા' નવઘણ (2) . . . . . . . . . 15
વરજાંગ ધાધલ (4) . . . . . . . . 52
વર્ણવો પરમાર (2) . . . . . . . . 65
વલીમામદ આરબ (1) . . . . . . . 15
વાલેરા વાળો (4) . . . . . . . . . 133
વાળાની હરણપૂજા (1) . . . . . . . 143
વેર (3) . . . . . . . . . . . . 22
વોળાવિયા (4) . . . . . . . . . . 145
શૂરવીરની પહેલી મિલન-રાત (1) . 173
શેત્રુંજીને કાંઠે (5) . . . . . . . . 75
સંઘજી કાવેઠિયો (4) . . . . . . . 81
સાંઈ નેહડી (1) . . . . . . . . . 166
સિંહનું દાન (2) . . . . . . . . . 61
સુહિણી-મેહાર (5) . . . . . . . . 156
સૂરજ-ચંદ્રની સાખે (4) . . . . . . 105
સેજકજી (1) . . . . . . . . . . . 103
સેનાપતિ (4) . . . . . . . . . . 96
હજાર વર્ષ પૂર્વે (3) . . . . . . . 34
હનુભાઈ (3) . . . . . . . . . . . 114
હીપો ખુમાણ (5) . . . . . . . . . 32
હોથલ (4) . . . . . . . . . . . 23

**સા**દાં અને સીધાં શૌર્ય અગર સ્નેહ અને સત્યવાદીપણાની વાતો તો સહેજે પચી જાય છે; પરંતુ આ તો જીવનકથાઓ છે અને જીવન એટલું સાદું નથી હોતું. જીવનમાં અનેક પરસ્પરવિરોધી ભાવોના ઉછાળા આવે છે. અસલી યુગનાં તત્ત્વોને ન સમજી શકનાર માનવી એને ગપ્પાં કહે છે, ને કાં માને છે નાદાની. એ બધા માનવધર્મોનો મેળ સમજવો મુશ્કેલ થઈ પડે છે.

સોરઠી ઇતિહાસનો પ્રત્યેક આશક આ એક એક ઘટનામાં કેવળ પોતાના પ્રતાપી ભૂતકાળને વાંચશે એટલું જ નહીં, પણ દેશદેશના વીરત્વ વચ્ચેના સમાનતાના સંદેશ ઉકેલી વિશ્વપ્રેમનો ઉત્સવ માણી શકશે. એ માણવાની દૃષ્ટિ ખીલવવામાં જ આ યત્નની સાર્થકતા છે. અન્યને ઉતારી પાડનારું પ્રાન્તિક મિથ્યાભિમાન આપણને ખપતું નથી. ભૂતકાળની મગરૂબી એ જો પ્રતાપી ભવિષ્યનું બીજારોપણ ન હોય, તો એની કિંમત જ નથી. સૌરાષ્ટ્રના તરુણોની છાતી ફૂલો – એટલી પહોળી ફૂલો, કે એમાં વિશ્વભરના લોકજીવનનું માહાત્મ્ય સમાય; સૌરાષ્ટ્રનો નિવાસી હરકોઈ સંસ્કૃતિના ભક્તોની વચ્ચે જઈને હિંમતથી બોલી શકશે, કે ઇંગ્લન્ડ, ગ્રીસ અને રોમની તવારીખોની જોડમાં બેસે તેવી ઘટનાઓ મારી ભૂમિ પર બનેલી છે અને તેટલા માટે મારાં નાનાં ભાંડુઓના અભ્યાસક્રમમાં હું એ પ્રતાપી ભૂતકાળનું સ્થાન માગું છું – દૈન્યની વાણીમાં નહિ, પણ ગળું ફુલાવીને મારા હક તરીકે માગું છું.

**ઝવેરચંદ મેઘાણી**



## ઝવેરચંદ મેઘાણી

### સાહિત્યજીવન

1896 જન્મ: 28 ઑગસ્ટ, ચોટીલા (જિ. સુરેન્દ્રનગર).

1912 અમરેલીમાં શાળાશિક્ષણ પૂરું કર્યું. ત્યાં સુધીમાં સ્વદેશી ચળવળ, આર્યસમાજ અને થિયોસોફીનાં સંસ્કારબીજ વવાયાં.

1917 કૉલેજ-શિક્ષણ 1913માં આરંભી ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી બી. એ. થયા. ત્યાં સનાતન ધર્મ હાઇસ્કૂલમાં શિક્ષક થયા.

1918 કૌટુંબિક કારણે ઓચિંતા કલકત્તા જઈ ચડ્યા. શિક્ષકગીરી અને એમ. એ.નો અભ્યાસ રઝળ્યાં. ઍલ્યુમિનિયમના એક કારખાનામાં નોકરી સ્વીકારી. બંગાળી સાહિત્યનાં પરિચય-પરિશીલન આરંભાયાં. પહેલવહેલું ગીત 'દીવડો ઝાંખો બળે' રચાયું.

1921 વતનનો 'દુર્નિવાર સાદ' સાંભળીને કલકત્તા છોડીને કાઠિયાવાડ પાછા ફર્યા.

1922 રાણપુરથી પ્રગટ થતા શ્રી અમૃતલાલ શેઠના નવા અઠવાડિક 'સૌરાષ્ટ્ર'માં બે-ત્રણ લેખો મોકલ્યા કે તરત તંત્રી-મંડળમાં સ્થાન પામ્યા; પત્રકાર તરીકેની કામગીરીનો આરંભ. રવીન્દ્રનાથના 'કથા ઓ કાહિની'નાં બંગાળી કથાગીતો પરથી આલેખેલા સ્વાર્પણ અને ત્યાગના ભાવના-પ્રસંગોનો નાનો સંગ્રહ 'કુરબાનીની કથાઓ' આપીને લેખન-કારકિર્દીનું મંગલાચરણ કર્યું. લોકસાહિત્યની પ્રથમ પ્રસાદીરૂપે 'ડોશીમાની વાતો' પુસ્તક બહાર પડ્યું.

1923 'સૌરાષ્ટ્રની રસધાર'નો પહેલો ભાગ બહાર પડ્યો ને લેખક તરીકે જાણીતા થયા. હવે પછી લોકસાહિત્યનું સંશોધન-સંપાદન જીવન--ઉપાસના બની. 1927 સુધીમાં 'રસધાર'ના પાંચ ભાગ પૂરા થયા.

1928-29 બાલ-કિશોર ને નારી-ભાવને ઝીલતાં, પોતે 'પ્રિયતર' ગણેલાં ગીતોના સંગ્રહો 'વેણીનાં ફૂલ' અને 'કિલ્લોલ' આપ્યા.

1929 લોકસાહિત્યના સંશોધન બદલ પહેલો રણજિતરામ સુવર્ણચંદ્રક (1928) અર્પણ થયો. જ્ઞાનપ્રસારક મંડળીના આશ્રયે મુંબઈમાં લોકસાહિત્ય વિશે છ વ્યાખ્યાન આપ્યાં.

1930 સત્યાગ્રહ-સંગ્રામ નિમિત્તે રચેલાં શૌર્યગીતોનો સંગ્રહ 'સિંધુડો' બહાર પડ્યો, તે સરકારે જપ્ત કર્યો. તેની હસ્તલિખિત કાનૂન-ભંગ આવૃત્તિની સેંકડો નકલો લોકોમાં પહોંચી વળી. રાજદ્રોહના આરોપસર બે વરસના કારાવાસની સજા થઈ. અદાલતમાં 'છેલ્લી પ્રાર્થના' ગીત ગાયું ત્યારે મૅજિસ્ટ્રેટ સહિત સેંકડોની મેદનીની આંખો ભીની થઈ. સાબરમતી જેલમાં પ્રસિદ્ધ ગીત 'કોઈનો લાડકવાયો' રચાયું. બદલી પામતા કેદીઓ મારફત બીજી જેલોમાં અને છૂટનારાઓ મારફત બહાર પ્રજામાં એ જોતજોતામાં પ્રસર્યું અને લોકજીભે વસી ગયું. ગાંધી–અરવીન કરારને પરિણામે માર્ચ 1931માં જેલમાંથી છૂટ્યા.

1931 ગોળમેજી પરિષદમાં લંડન જઈ રહેલા ગાંધીજીને સંબોધતું 'છેલ્લો કટોરો' કાવ્ય લખ્યું, એ જોઈને ગાંધીજીએ કહ્યું: ''મારી સ્થિતિનું આમાં જે વર્ણન થયું છે એ તદ્દન સાચું છે.'' હવે પછી 'રાષ્ટ્રીય શાયર' તરીકે ઓળખાયા.

1934 'જન્મભૂમિ' દૈનિક મુંબઈથી શરૂ થયું તેના સંપાદક-મંડળમાં જોડાયા. રવીન્દ્રનાથ સાથે મુંબઈમાં મિલન; સૌરાષ્ટ્રના લોકસાહિત્યની પ્રસાદી એમને કંઠેથી કવિવરે સાંભળી; શાંતિનિકેતન આવવા આમંત્રણ આપ્યું.

1936 'જન્મભૂમિ' છોડીને સૌરાષ્ટ્રમાં 'ફૂલછાબ' અઠવાડિકના તંત્રીપદે આવ્યા. પત્રકારત્વમાં નવી ભાત પાડી.

1941 શાંતિનિકેતનમાં લોકસાહિત્ય વિશેનાં એમનાં વ્યાખ્યાનોએ દેશ-વિદેશના વિદ્યાર્થીઓ–અધ્યાપકોને મુગ્ધ કર્યા.

1942 સૂરતમાં સ્વ૦ કમળાશંકર પ્રાણશંકર વ્યાખ્યાનમાળામાં 'લોકસાહિત્ય: પગદંડીનો પંથ' એ જાણીતું વ્યાખ્યાન આપ્યું. અમદાવાદમાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં ચારણો અને ચારણી સાહિત્ય વિશે વ્યાખ્યાનો આપ્યાં.

1943 મુંબઈ યુનિવર્સિટીની ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળામાં લોકસાહિત્ય વિશેનાં પ્રસિદ્ધ વ્યાખ્યાનો આપ્યાં. વ્યાખ્યાનખંડ નાનો પડ્યો, બહાર બગીચામાં શ્રોતાઓની ભીડ થઈ, બેકાબૂ બની.

1945 'ફૂલછાબ'ના તંત્રીપદેથી મુક્ત થઈ 23 વરસના પત્રકારજીવનમાંથી નિવૃત્તિ લીધી. રવીન્દ્રનાથનાં કાવ્યોની અનુકૃતિઓનો સંગ્રહ 'રવીન્દ્ર-વીણા' પ્રગટ થયો. ગુજરાતમાં પરિભ્રમણો આદર્યાં. રવિશંકર મહારાજના જીવન-અનુભવોનું પુસ્તક 'માણસાઈના દીવા' લખ્યું.

1946 ગુજરાતી સાહિત્ય પરિષદના સોળમા અધિવેશનમાં સાહિત્ય વિભાગના પ્રમુખ. 'માણસાઈના દીવા'ને વરસની ઉત્તમ કૃતિ તરીકે 'મહીડા પારિતોષિક'નું ગૌરવદાન મળ્યું.

1947 ભજન-સાહિત્યના સંશોધનનું પુસ્તક 'સોરઠી સંતવાણી' પૂરું કર્યું. 'કાળચક્ર' નવલકથા લખાતી હતી. માર્ચની 9મીએ હૃદયરોગના હુમલાથી દેહ છોડ્યો.

*

# મેઘાણી-સાહિત્ય

[સમગ્ર મેઘાણી સાહિત્યના જે ગ્રંથમાં આમાંનાં જે પુસ્તકનો સમાવેશ છે તેની સાથે ક્રમાંક ① આવા અંકથી દર્શાવ્યો છે.]

## કવિતા ①

એકતારો
કિલ્લોલ
બાપુનાં પારણાં
યુગવંદના
રવીન્દ્ર-વીણા
વેણીનાં ફૂલ

## જીવનચરિત્ર

અકબરની યાદમાં
એની બેસન્ટ
ઠક્કરબાપા: આછો જીવનપરિચય
દયાનંદ સરસ્વતી
દરિયાપારના બહારવટિયા
નરવીર લાલાજી
પાંચ વરસનાં પંખીડાં
પુરાતન જ્યોત
બે દેશદીપક
માણસાઈના દીવા
વસંત-રજબ સ્મારક ગ્રંથ (સંપાદન)
સોરઠી સંતો

## નવલકથા

અપરાધી
કાળચક્ર (અધૂરી)
ગુજરાતનો જય (2 ભાગ)
તુલસી-ક્યારો
નિરંજન
પ્રભુ પધાર્યા
બીડેલાં દ્વાર
રા' ગંગાજળિયો
વસુંધરાનાં વહાલાં-દવલાં
વેવિશાળ
સત્યની શોધમાં
સમરાંગણ
સોરઠ, તારાં વહેતાં પાણી

## નવલિકા

કુરબાનીની કથાઓ ⑧
જેલ-ઑફિસની બારી ⑧
પલકારા ⑧
પ્રતિમાઓ ⑧
મેઘાણીની નવલિકાઓ (2 ખંડ) ⑨
વિલોપન અને બીજી વાતો ⑨

### નાટક ②

રાજા-રાણી
રાણો પ્રતાપ
વંઠેલાં અને બીજી નાટિકાઓ
શાહજહાં

### લોકકથા

કંકાવટી (2 મંડળ)
ડોશીમાની વાતો
દાદાજીની વાતો
રંગ છે, બારોટ !
સોરઠી બહારવટિયા (3 ભાગ) ④
સૌરાષ્ટ્રની રસધાર (5 ભાગ) ③

### લોકગીત

ઋતુગીતો
ચૂંદડી : ગૂર્જર લગ્નગીતો (2 ભાગ)
રઢિયાળી રાત (4 ખંડ) ⑦
સોરઠિયા દુહા
સોરઠી ગીતકથાઓ
સોરઠી સંતવાણી
હાલરડાં

### લોકસાહિત્ય સંશોધન-વિવેચન

ચારણો અને ચારણી સાહિત્ય ⑥
છેલ્લું પ્રયાણ
પરકમ્મા
લોકસાહિત્ય : ધરતીનું ધાવણ (2 ભાગ) ⑤
લોકસાહિત્ય : પગદંડીનો પંથ ⑥
લોકસાહિત્યનું સમાલોચન ⑥
સોરઠને તીરે તીરે
સૌરાષ્ટ્રનાં ખંડેરોમાં

### પ્રકીર્ણ

અજબ દુનિયા
આપણા ઘરની વધુ વાતો
આપણું ઘર
એશિયાનું કલંક
ધ્વજમિલાપ
પરિભ્રમણ (3 ભાગ)
ભારતનો મહાવીર પાડોશી
મરેલાંનાં રુધિર ને જીવતાનાં આંસુડાંઓ
મિસરનો મુક્તિસંગ્રામ
લોક-ગંગા
વેરાનમાં
સળગતું આયર્લૅન્ડ
સાંબેલાં
સાંબેલાના સૂર

## મુખ્ય સંકલન-સંપાદન

અંતર-છબિ: ઝવેરચંદ મેઘાણીનું સંકલિત આત્મવૃત્તાંત
સંપાદક: હિમાંશી શેલત, વિનોદ મેઘાણી

લિ૰ સ્નેહાધીન ઝવેરચંદ (મેઘાણીના પત્રો)
સંપાદક: મહેન્દ્ર મેઘાણી

લિ૰ હું આવું છું (2 ખંડ): ઝવેરચંદ મેઘાણીનું પત્રજીવન
સંપાદક: વિનોદ મેઘાણી

## સમગ્ર મેઘાણી-સાહિત્ય

[2002 સુધી બહાર પડેલા ગ્રંથો]

① સોના-નાવડી: સમગ્ર કવિતા
② મેઘાણીનાં નાટકો
③ સૌરાષ્ટ્રની રસધાર
④ સોરઠી બહારવટિયા
⑤ લોકસાહિત્ય: ધરતીનું ધાવણ
⑥ લોકસાહિત્ય અને ચારણી સાહિત્ય
⑦ રઢિયાળી રાત
⑧ મેઘાણીની સમગ્ર નવલિકા (ભાગ 1)
⑨ મેઘાણીની સમગ્ર નવલિકા (ભાગ 2)